2006 -Satpanthi Yagna Vidhi (26)


સત્પંથી યજ્ઞ વિધિ

પૂજાનાં મંત્રો



For Reference See Pages: 5, 18, 19, 20, 81, 85, 103, 104, 106, 107, 108, 109, 110, 111, 117.
For page numbers, see the page footer. Page numbers are in 'Page x of y' format

2006 -Satpanthi Yagna Vidhi (26)



करोड़ों लोगों को जीवनदृष्टि
देनेवाला क्या अवतार नहीं ?

हमनें दस अवतार माने हैं,
उन्हीं में आगे ग्यारहवाँ अवतार ईसा मसीह का और
बारहवाँ अवतार मोहम्मद पैगम्बर का मानना चाहिए




भगवान के लिये

Expectational Love और

Emotional Love की जगह

Intellectual Love होना चाहिये



હે ચિંતા આદિથી વ્યાકુળ ચિત્તવાળાઓ ! તમારા વિપરીત મનોને -

अहं गृभ्यामि मनसा मनांसि समचित्तसनु चित्त मिरेत ।
मम वशेमु हृदयानि वः कृणामि मम यातमनु वर्त्मान एता ॥६॥
अ.कां. ३ अ. २. सू. ९

સત્પથી યજ્ઞ વિધિ

અર્થાત્

વારિયજ્ઞ (પૂજા)નાં મંત્રો

આવૃત્તિ - ૧ લી સવંત - ૧૯૯૧ ઈ.સ. ૧૯૩૫

: આદ્ય પ્રકાશક :
પીરઝાદા સૈશદ બાવા સાહેબ અહેમદઅલી ''ખાકી''

: પ્રકાશક :
સત્પંથી પીરઝાદા સૈશદ શમ્મદ્દીન બાવા સાહેબ ''ખાકી''
પીરાણા ગુરૂકુળ એજ્યુકેશન ટ્રસ્ટ
મુ. **પીરાણા** પોસ્ટ : **ગીરમથા.** ડી. **અમદાવાદ**

આવૃત્તિ : પાંચમી **સંવત ૨૦૬૨** **ઈ.સ. ૨૦૦૬**

: મુદ્રક :
કિંગ ઈમેજ પ્રા. લી.
બેઝમેન્ટ, મહાકાન્ત કોમ્પલેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ.
ફોન (૦૭૯) ૨૬૫૮૫૫૯૬, ૨૬૫૭૭૧૫૫

દર્શન લાભ રૂ. ૨૫૦-૦૦

હું મારા મનથી સ્વાધિન કરૂં છું તથા તમો પણ મારા ચિત્તને અનુકૂળ થએલ ચિત્તોની-
સાથે (સત્પંથીઓની સાથે) આવો, મારા આધિન કામોમા -
તમે તમારા મનોને લગાડો, તથા મારા સ્વિકારેલા માર્ગ (સત્પંથ) ઉપર ચાલવાની ઈચ્છા રાખી તમો પણ આવો -

realpatidar.com

ॐ

પ્રસ્તાવના

પરમાત્માએ જગતની રચના અસંખ્ય કલ્પો પહેલાં કરી છે; કલ્પનામા પણ ના આવીશકે તેટલો સમય જગત રચનાનો છે.

જગત રચનાનો પ્રેમ પરમાત્માને થયો ! તેનો નિર્મિત સમયનો કાળ કોઈપણ દેવ, દાનવ, ઋષિ, મુનિ, બ્રહ્મા, પીર, પેગમ્બર, દેવી, દેવતા સ્પષ્ટ કરી ગયા નથી તેમ કોઈથી પણ એની ચોખવટ થઈ શકે તેમ નથી.

કેટલાક ધર્માવલંબીઓ સૃષ્ટિકાળ શ્રી આદમથી માને છે, તેમ તેઓના જ ધર્મ પુસ્તકોથી તે કાળ સ્પષ્ટ રીતે નિર્માણ થઈ શકતો નથી. શ્રી આદમ અને શ્રી સદ્ગોર બ્રહ્મા નબીમહંમદ સાહેબનાં સમયની શ્રી આદમ અને શ્રી સદ્ગોર બ્રહ્મા નબીમહંમદ સાહેબનાં સમયની વચમાં છ હજાર સાતસોને પચાસ જ વરસનું અંતર ગણે છે. શ્રી સદ્ગોર નબીમહંમદ સાહેબનો જન્મ કાળ ઈ.સ. ૫૭૦ સં. ૬૨૫ છે. સંવત ૧૯૯૧. ઈ.સ. ૧૯૩૫ ચાલે છે. તે પ્રમાણે જન્મ કાળને આજ સુધી વરસ તેરસોને છાંસઠ થાય છે. શ્રી આદમના સમયનો કાળ અને શ્રી સદ્ગોર બ્રહ્મા નબી મહંમદના સમયનો કાળ, એ બેનો સરવાળો એક કરતાં આઠ હજાર, એકસો ને સોળ વરસ થાય છે. એટલો કાળ જગત રચના માટે મનાય નહિ. તેમ શ્રી પરમાત્માનો ઉદયકાળ પણ એટલો મનાય નહિ ! તેની હયાતીને તો અસંખ્ય કલ્પો, અસંખ્ય વિષ્ણુઓના આયુષ્યના કાળ પણ પૂરતા નથી.

કિતાબી ધર્મ પુસ્તકોમાં શ્રી સદ્ગોર બ્રહ્મા નબીમહંમદ સાહેબના સમય પહેલાં તેર લાખ વરસ પહેલાંના લેખની કથા આવે છે, એ વિના બીજા ઘણા એવાં પ્રમાણો પણ છે. શ્રી સદ્ગોર બ્રહ્મા નબીમહંમદ સાહેબનું કથન છે, ''આ છેલ્લા શ્રી આદમ પહેલાં અસંખ્ય આદમો થઈ ગયા છે, આ છેલ્લા આદમના સમય કરતાં એથી પહેલાંના આદમોના સમયો સરખામણીમાં ઘણા જ મોટા હતા.'' એ સિદ્ધાંતને લઈ કિતાબી ધર્માવલંબી પણ પરમાત્માને અનાદિ કાળનો માને છે. એવા દાખલાઓ જોતાં સત્પંથ શાસ્ત્રોએ સમજાવેલો જ સમય સંપૂર્ણ છે.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા નબીમહંમદ સાહેબે એ જૂના જમાનાનો ઈતિહાસ ઘણા જુના પણ પ્રચલિત પુસ્તકોમાં પ્રાપ્ત હોવાથી, તે સમજાવવાની અગત્ય નહિ જોયાથી શ્રી આદમ પહેલાંની કથા કહી નથી, એવા કારણે કિતાબી ધર્માવલંબીઓ કદી શ્રી આદમ પહેલાંના ઈતિહાસ ઉપર પૂર્ણ વિશ્વાસ નહિ લાવતા હોય, અગર અજ્ઞાનીઓ તે વિષે ગમે તેમ બોલતા હોય, તેથી તેવાઓને ને સત્પંથિઓને કાંઈ લેવા દેવા નથી, સત્પંથે જે ઈતિહાસ માન્ય રાખ્યો છે, તે સત્પંથના સદ્‌ગોરોએ જ વર્ણવ્યો છે.

પરમાત્માએ જગતનો અનંતવાર વિવિધ અનેરી અનેરી યુક્તિએ, નવીન નવીન પ્રકારે, નાશ કરી, તેને તેવી જ રીતે ફરી નવીન નવીન વિધિઓ અનેક પ્રકારે અનેક વાર રચ્યું છે. જગત એકવાર જે યુક્તિએ રચ્યું અગર નાશ કર્યું હોય, તેવી જ વિધિએ ફરી બીજીવાર ઉપજાવ્યું કે નાશ કર્યો નથી.

સંત્પંથી શસ્ત્રોમાં જગતની ઉત્પત્તિ અને લયનાં ઘણાં પ્રકારો વર્ણવેલ હોઈ ઘણા અજ્ઞાનીઓ સત્પંથી શાસ્ત્રો ઉપર ખોટા આક્ષેપો મૂકી યદ્‌વા તદ્‌વા બોલી, શ્રી હરિને અણકારીગર સમજી પોતાની બુદ્ધિનું પ્રદર્શન કરી સ્વજ્ઞાનનું પોત ઉઘાડી જ્ઞાનની કિંમત અંકાવે છે.

શ્રી પરમાત્માને પૃથ્વીની રચના જેમ વિવિધ પ્રકારે રચી છે, તેવી જ રીતે મનુષ્ય રચના પણ સમયે સમયે વિવિધ યુક્તિઓથી શ્રીહરિએ રચી છે. મનુષ્ય તનને માટે પંચમહાભૂતો નિર્માણ કરી, એક કાળે એક તત્ત્વને પ્રધાનપદે રાખી બીજા કાળે બીજાને પ્રધાનપદ આપી બાકીનાને ગૌણ રાખેલા.

સત્ય (કર્તા) યુગમાં મનુષ્ય શરીરે પંચતત્ત્વમાં વાયુ તત્ત્વને પ્રધાનપદે રાખી અન્ય ચારે તત્ત્વ ગૌણ રાખેલા.

જીવનનો મુખ્ય આધાર વાયુ (શ્વાસ) છે. પ્રેમનો મુખ્ય પ્રકાર વાયુ છે. સૃષ્ટિનો મુખ્ય આધાર વાયુ છે, વાયુ વિના જગત રહી શકે જ નહિ. પ્રથમ વાયુ, તેની ઉપર જળ છે. પંચ મહાભૂતોમાં વાયુતત્ત્વ પ્રધાનપદને પામેલ છે.

વાયુતત્ત્વની પ્રધાનતાવાળા શરીરો વાયુમાં જ લય થાય તો જ મૃત શરીરની વ્યવસ્થા સુગમ થાય !

આજ પણ વાયુતત્ત્વની પ્રધાનતાવાળા શરીરો પક્ષીઓનાં છે. પક્ષી જ્યારે મરી જાય છે, ત્યારેતેનું શરીર રસ્તામાં અગર ગામમાં, સીમમાં કે ખેતરમાં પડેલું દેખાય છે, છતાં તે દુર્ગંધ જરાપણ ફેલાવતું નથી, ને એ મરેલા પક્ષીનો દેહ બે ચાર દિવસમાં વાયુમાં વિલય થઈ જવાથી જણાતો એ નથી. કોણ જાણે ક્યાંએ જતો રહે છે ?

એવી સુલભતા માટે એવાં સબળ કારણોનાં લીધે સત્ય યુગમાં મનુષ્યોના મૃત શરીરોને વાયુ દાગ (વનદાગ)ની યોજનાએ વગે કરતા, એ વિધિ સુલભ થવાથી સત્ય યુગમાં મનુષ્યોનાં મૃત શરીરો માટે વનદાગ નિર્માયેલો.

બીજા ત્રેતાયુગમાં વાયુ પછી જળતત્ત્વ પ્રધાનપદને પામ્યું. સૃષ્ટિનો મુખ્ય આધાર પાણી હોવાથી એ સમયે મનુષ્યોના શરીરોમાં પણ જળતત્ત્વ પ્રધાનપદે શ્રી હરિએ રાખ્યું. પૃથ્વી રચના પણ વાયુ ઉપર જળ રાખી તે ઉપર રચી છે. જળતત્ત્વના પ્રધાનપણાનાં કારણે જ જળ તત્ત્વના પ્રધાનપણાવાલા શરીરોને જળમાં જ વગે કરવાનું સુલભ થતું. એવા કારણોના અંગે તે યુગના મનુષ્યોના શરીરો માટે જળદાગ નિર્માયો, તે કારણએ મૃત મનુષ્ય શરીર માટે જળદાગ ધર્મ લેખાયો.

अ. कां. ११. अ. ४. सु. १० मं. १४

આજે પણ જળતત્ત્વ પ્રધાનવાળા શરીરોના જીવો માછલાં, દેડકાં, કાચબા આદિ ઘણા જળચર પ્રાણીઓ પાણીમાં રહી છેવટ પાણીમાં જ મરે છે, તળાવ, કુવા, આદિમાં મોટા મોટા પ્રાણીઓ હોય છે, તેઓ ત્યાં જ જન્મી ત્યાં જ મરે છે છતાં પાણી બગડતું કે ગંધાતુ નથી, કોઈ જાણતુંએ નથી કે એ પ્રાણીઓ ક્યાં ગયાં ? તળાવ સૂકાય, કૂવો ગળાય, ત્યારે જ કાચબાની જાતના પ્રાણીઓનાં કવચિત જ અસ્થિ દેખાય છે. ત્રેતાયુગમાં મૃત મનુષ્ય શરીરને પાણીમાં મૂકી દેતાં જ પાણીની તળેટીએ બેસી જતું, તે માંહેલી દુર્ગંધાદિ કાંઈપણ કોઈ ને નડતું નહિ.

ત્રીજા દ્વાપરયુગમાં અગ્નિ તત્ત્વનું પ્રધાનપણું નિર્માયું, અગ્નિ પાણીમાં મોટા પ્રમાણમાં હોય છે, જળમાં ફીણ થવું, એનું મુખ્ય કારણ અગ્નિ છે. નીચે વાયુ ઉપર અગ્નિ તેનાથી ફીણ થઈ તેની માટી બની, એવા ઉત્તમ સંજોગોનાં મહત્ત્વના કારણે જગતના બંધારણે મનુષ્ય શરીરોમાં અગ્નિતત્ત્વ પ્રધાનપદે પરમાત્માએ રાખ્યું.

અગ્નિ તત્ત્વના પ્રધાનપણવાળા પ્રાણીઓ. પતંગીયા, ફુદા, આદિ દીવા આદિ રોશનીના પદાર્થોમાં ઝંપલાઈ પડી બળી મરે છે, તેઓનાં શરીરો ઘણીવાર સામટા અગ્નિમાં બળતા હોય છે, છતાં જરા પણ દુર્ગંધ પ્રસરતી નથી, પણ માટી તત્ત્વ પ્રધાનવાળા શરીરોના એક મુવાળો જો બળતો હોય તો તેની દુર્ગંધ અતિ ફેલાઈ મગજ બગાડી મૂકે ! છેવટ ત્યાં સુધી કે એને બળતો અટકાવવો જ પડે છે.

અગ્નિ તત્ત્વનું પ્રધાનપણું મનુષ્ય શરીરોમાં હોવાથી તેને દ્વાપરયુગમાં અગ્નિમાં દાગ દેતા સુલભ થતું. જરા પણ દુર્ગંધ કે બીજી માથાકુટ હાલ વેઠવી

પડે છે તેમ નહોતું, એ સુતરના કાકડા કરી ઘીમાં પલાળી એક કાકડો માથાની ચોટલીએ બાંધી બીજો જમણા પગને અંગુઠે બાંધી પ્રજ્વલિત કરતાં જ આખુંએ શરીર મીણબત્તીની જેમ પોતે જ ભડભડાટ જ્વાળા રૂપે ભડકી ઊઠી શરીર ભસ્મ થઈ જતું, એવા સુલભ સંજોગોનાં કારણએ દ્વાપરયુગમાં અગ્નિદાગ નિર્માયેલો, અને એજ અગ્નિદાગ મૃત્યુ મનુષ્ય શરીરો વગે કરવા માટે ધર્મ લેખાયેલો. હાલ મૃત મનુષ્ય શરીરને અગ્નિદાગ માટે જેમ કાઠીના ઢગલા, તેલ, રાળ, ઘાસલેટ, ઘી આદિ પદાર્થોની જરૂર પડે છે, તે સાથે દુર્ગંધનો પરા રહેતો નથી, દાગ દેતાં. શરીર ઉંચુ, નીચું થઈ હેરાન કરે, અને તેની મર્યાદા ન જળવાય, એતો નોખી વાત. એ સર્વ પરાણે, કુદરતના નિયમ વિરૂદ્ધ વર્તવાની સજા છે.

વર્તમાન કલિયુગમાં સશાસ્ત્ર ''શ્રી બ્રહ્માએ માટીનો ગોળો હાથમાં લઈ આદિ .ષ. શ્ર.'' વિધ વિધ પ્રકારે જગત માટીના પ્રધાનપણાએ રચી, માટી જ આજે જગતનું અગત્ય ધરાવતું શ્રેષ્ઠ સાધન અને સ્થાન થઈ પડેલ છે. પ્રતિમાપૂજક મિત્રો પણ એજ વિધાનને વળગી લઈ લિંગાદિ પીતલ, સોના, રૂપા, આદિ ધાતુનાં તૈયાર હોવાં છતાં, તેમ મંદિરોમાં પધરાવેલા મૂકી દઈ માટીનાં બનાવી પુજવામાં અગાધ ફળ માની શિવપુરાણ પ્રમાણે પૂજવા મંડી પડેલ છે. સર્વ જગત આજ પૃથ્વીને પૃથ્વી માતા (મામા અર્જુલ્લાહ) કહી મહાન અદબથી પીજા કરે છે, એ સર્વ શુભ સંયોગોએ મનાએલ પવિત્ર માટી તત્ત્વને આજે કળીયુગનાં મનુષ્ય શરીરોમાં પણ (માટી તત્ત્વ) પ્રધાનપદે શ્રી હરિએ રાખ્યું.

માટી તત્ત્વનું પ્રધાનપદ આજનાં મનુષ્યે તનોમાં હોવાથી કલિયુગમાં દાગ પણ માટીનો જ નિર્માયેલો એજ દાગે મનુષ્યના મૃત શરીર વગે કરતાં સુલભ થતું, મનુષ્યનું મૃત્યુ શરીર પૃથ્વીમાં ખાડો ખોદી દાડી દીધાથી બધઈ પ્રકારની માથાકુટ મટી જાય છે, સુવ્યવસ્થાએ દાટવામાં આવે તો જરા પણ દુર્ગંધ નડતી નથી. ભૂમિદાગ દીવાથી અગ્નિ દાગે જે દુર્ગંધ રોગ ફેલાવવાના ભયાદિનો ભય તે પણ રહેતો નથી, મૃત્યુ શરીરની મર્યાદા, એબ વગેરે સર્વ સચવાય છે એવા ઘણા લાભો દાટવામાં હોવાથી આજ કલિયુગમાં ભૂમિ દાગ ધર્મ મનાયેલો છે. ભલે હઠ વાદીઓ પોતાના દુરાગ્રહે ન માને તેથી એ લોકો ભૂમિ દાગની અગત્યતા નથી સમજતા; એવું તો કોઈથી પણ કહી શકાશે નહિ, એટલું જ છે કે તેઓની જુની રૂઢીનો મોહ અનિવાર્ય થઈ પડ્યો છે.

''પરમાત્મા એક છે એજ જગતનો સૃષ્ટા છે'' એમ માનનારાઓ સર્વ મનુષ્યો સીધા રસ્તે રહેલા ગણાય, તેમાં ભરમના ભેદે દેશકાળના જગતનાં

સંજોગોએ તે ગમે તેવી વિધિએ કે યુક્તિએ પ્રભુને ભજતા હોય તો તેની સાથે દુરાગ્રહે યુદ્ધ મંડાયજ નહિ, એકજ પરમાત્માને માનનારા સર્વ આપસમાં ભાઈઓજ લેખાય, એથી દેશ, વેશ, જ્ઞાતિ આદિનો ભેદ રાખી શકાય નહિ.

પરમાત્માને જગત્ રચવા ઈચ્છા થતાં શક્તિ (કુદરત) ઉત્પન્ન કરી, શક્તિએ બ્રહ્મા (રજોગુણ દેવ), વિષ્ણુ (સત્ત્વગુણી દેવ) મહેશ્વર (તમોગુણી દેવ), એ ત્રણે દીવો ઉત્પન્ન કર્યાં.

શ્રી નારાયણે પોતાની નાભી કમલમાંથી બ્રહ્મા, હૃદયેથી વિષ્ણુ, મસ્તકેથી મહેશ્વર સજર્યા.

એક સમય આદિ કાળે શ્રી શક્તિને સૃષ્ટિ રચવાની અભિલાષા થવાથી બ્રહ્માને ઉપજાવી પોતાની સાથે વરવાની ઈચ્છા કહી દેખાડી, શ્રી બ્રહ્માએ આનાકાની (અનિચ્છા) દર્શાવતાં જ શક્તિએતેઓને બાળી ભસ્મ કરી. શ્રી વિષ્ણુને ઉપજાવ્યા, શ્રી વિષ્ણુને પણ એ જ યાચના પ્રદર્શિત કરી, શ્રી વિષ્ણુએ પણ અનીચ્છા દર્શાવતાં જ તેમને પણ બાળી ભસ્મ કરી શ્રી શંકરને ઉપજાવ્યા, શ્રી શંકરને પણ પોતાની સાથે વરવા આજ્ઞા કરી, શ્રી શંકરે શક્તિને આનંદના પ્રલોભને વિનવ્યા ! ''આ ભસ્મના ઢગલા કેવા ?'' શ્રી શક્તિએ સમજાવ્યું ''બ્રહ્મા, વિષ્ણુના શરીરોની ભસ્મના છે મેં એનોને પેદા કરી મને વરવા કહેલું ! પણ તેઓએ વરવાનો ઈન્કાર કરવાથી મેં ભસ્મ કરી દીધા છે !'' શ્રી શંકરે ક્ષોભવત થઈ શ્રી શક્તિને વિનવ્યા, ''આપે તેઓને ભસ્મ કર્યા છે ! તો પુનઃજીવિતદાન આપશો ? શક્તિએ સરળ ભાવે 'તું બિમાંનું જળસીંચન કરતાં જ' એ બન્ને દેવો જાગૃત થતા હોય તેવી દશામાં બેઠા થઈ ગયા. શ્રી શંકરે શ્રી શક્તિને વિનંતી કરી, અમો ત્રણ ને તમો એક, અમો તમોને કેવી રીતે વરીએ ? માટે આપ પણ આપના શરીરેને ભસ્મ કરી ત્રણ નવીન શરીરો ધારણ કરો ! જેથી આપનાં સાથે આજ્ઞા પ્રમાણે અમો ત્રણે તમોને વરી શકીએ. શ્રી શક્તિએ તુરત જ પોતાના ધારણ કરેલ શરીરને માયામયી અગ્નિએ લય કરી ત્રણ નવા શરીરો ધારણ કર્યાં, તે સાવિત્રી લક્ષ્મી, પાર્વતી, એવા ત્રણ શરીરો શક્તિનાં થતાં ત્રણ દેવો અનુક્રમે શક્તિની સાથે વર્યા.

કોઈ આદિ કાળે પરમાત્માએ બ્રહ્માને સૃષ્ટિ રચવા કહ્યું, એ સમયે ગાઢ અંધકાર (દિવો પણ પ્રકાશ ના આપી શકે તેવી સ્થિતિ) હોવાથી બ્રહ્માજીએ પ્રકાશની અગત્યતા દર્શાવી, 'પ્રકાશ વિના રચનાદિ સર્વ મિથ્યા અને નિરર્થક છે.' શ્રી પરમાત્માએ શ્રી બ્રહ્માજીને આજ્ઞા કરી.

''તમારે મારા વખાણ કરવાં. એ પ્રકાશનો મુખ્ય ઉપાય છે.'' બ્રહ્માજી મુંઝાવા લાગ્યા ! એ પ્રભુ નિરંજન નિરાકાર, નિર્ગુણ, નિરાવ્યય કાંઈ પણ ઉપમા આપી શકાય નહિ તેવો, તેનો વખાણ કેમ, કેવી રીતે કરી શકાય ? એવા સંકલ્પ વિકલ્પે બ્રહ્માજી ગોથાં ખાતા હોવાથી પરમાત્માએ આજ્ઞા કરી. ''પ્રજ્ઞાનમાનંદ બ્રહ્મ,'' (બુદ્ધિમાં જ્ઞાનરૂપી આનંદ આવી શકે તે જ બ્રહ્મ છે.) એનું વર્ણન જ મારા વખાણ (ગુણગાન) છે,'' શ્રી બ્રહ્માજીએ એ મહા વાક્યનું યશાશક્તિ વર્ણન ક્યાંથી, ગાઢ અંધકારમાં ઋગુપણુ (રાતાપણું) દેખાયું, એથી એ વર્ણનનું નામ 'ઋગ્વેદ' થયું.

રતાશમાં એટલો પ્રકાશ નહોતો, કે જેથી સૃષ્ટિનો કાર્યક્રમ ચાલે, એથી બ્રહ્માની પ્રકાશની ઈચ્છા અશાન્ત રહી જેથી પરમાત્માએ પુનઃ ફરમાવ્યું. ''અહં બ્રહ્માસ્મિ'' (છું તે બ્રહ્મ) શબ્દનું વર્ણન મારા વખાણ છે.

બ્રહ્માજીએ 'અહં બ્રહ્માસ્તિ'નું વર્ણન યથાશક્તિએ કર્યું. એથી રતાશમાં પીળાશ (યજુરતા) દેખાઈ, રંગ ફેરવાઈ ગયો, રતાશ કરતાં પીળાશમાં પ્રકાશનું તત્ત્વ કાંઈક વિશેષ દેખાવા લાગ્યું. એ વર્ણનનું નામ 'યજુર વેદ' પડ્યું. એ પીળાશમાં જોઈએ તેટલો પ્રકાશ ન હોવાથી શ્રી બ્રહ્માજીની અભિલાષા શાન્ત ન જ થઈ પુનઃ શ્રી બ્રહ્માજીએ પ્રકાશની ઈચ્છા શ્રી હરિને પ્રદર્શિત કરી, શ્રી પરમાત્માએ પુનઃ 'તત્ત્વમસિ' (છે તે તું) નુ વર્ણન કરવા ફરમાવ્યું !''

શ્રી બ્રહ્માજીએ 'તત્ત્વમસિ, નું યશાશક્તિએ યથાશક્તિએ વર્ણન કર્યું, એ મહાવાક્યના પ્રકાશના પ્રતાપે પીળાશમાં સામતા પ્રસરી. એ સામતામાં પ્રકાશનો આવિર્ભાવ કાંઈક અંશે પીળાશ કરતાં વધુ હોવાથી ઠીક ઠીક પ્રકાશ દેખાયો પણ પૂર્ણ પ્રકાશ તો નહિ જ; એથી એ વર્ણનનું નામ 'સામવેદ' પડ્યું. શ્રી બ્રહ્માજીએ પુનઃ પૂર્ણ પ્રકાશની અભિલાષા પ્રદર્શિત કરી.

શ્રી પરમાત્માએ બ્રહ્માજીને સંતોષવા ધારી 'અયંઆત્મા બ્રહ્મ' આ વિધાને 'આત્મા એ જ બ્રહ્મ છે.' એ મહાવાક્યનું વર્ણન કરવા આજ્ઞા કરી. શ્રી બ્રહ્માજીએ એ મહાવાક્યનું યશાશક્તિ વર્ણન કરતાં પૂર્ણ પ્રકાશ પ્રસરી જઈ અજવાળું થઈ ગયું. (સૂર્યનું તેજ જળહળી ઊઠ્યું) એથી સર્વ અથર્વ એટલે ધોળું દેખાઈ જવાથી એ વર્ણનનું નામ ''અથર્વવેદ'' એટલે ધોળોવેદ થયો.

એ પ્રકારે ચારે વેદોએ વિધાને કર્માનુસાર ઉત્પન્ન થયા; ઉત્પત્તિના ચારે રંગો આજ સુધી નિત્ય ઉદયાસ્ત સમયે દર્શન દીધાં જ કરે છે અને તે મહાપ્રલય સુધી એ જ પ્રકારે દર્શન દીધાં કરશે.

પહેલાં વેદ, પછી જગત સરજ્યું. શાસ્ત્રકારોએ દેશદેશની નોખી નોખી ભાષાએ એ મહાજ્ઞાનનો ઉપદેશ સત્ય બ્રહ્માંશી મહાપુરુષોએ પૂર્ણ રહસ્યભરી શૈલીએ આપી શ્રી આદિ બ્રહ્મની સમજણે શ્રી હરિની ઓળખ આપી; બાકી તો ટુંક બુદ્ધિવાળા સ્વાર્થીઓએ પોતાના મતવાદના યોગે એ મહાજ્ઞાનમાં સ્વાર્થે વિતંડવાદો ભેળવી ખોટા ભેદભરમો ઉમેરી સત્યને ડહોળી નાખી નોખા નોખા ધર્મને નામે ટોળા વધારી વિષવાદનો સમુદ્ર જગતમાં ઝોળા ખાતો કરી દીધો, એથી જ પૃથ્વીની પીઠ ઉપરથી સંપ, દયા, ક્ષમા, પ્રેમના નામોનિશાન ન રહેતાં ઈર્ષા, વેર, ખાર ધર્મને નામે કોમીવાદ બહાને વપરાતા થઈ ગયા. કોમીવાદ એક વિષીલો નાગ છે; જે દેશ, ગામ જ્ઞાતિમાં પડ્યો હોય, તેને તો પાયમાલ કરી મૂકે છે. કોમીવાદમાં ધર્મ નથી, ધર્મ તો શાસ્ત્રધારે જ રહેલો છે. સત્ય શાસ્ત્ર યુગના સ્વામીને ઓળખાવતા હોય, તેજ છે.

એક જ બાપના સંતાનો (એકજ પરમાત્માનાં સર્જેલાં એક જ ઈશ્વર ને ઈચ્છનારાઓ)માં મતવાદ હોય જ નહિ, પરમાત્માએ જગતને સર્જાવી સૃષ્ટિ રક્ષણાર્થે પોતે અનેક પ્રકારે અનેક વાર જ્ઞાન દેવા પધારી રક્ષણ કર્યું. શ્રી પરમાત્મા કેવી કેવી રીતે, ક્યારે ક્યારે, કેમ પધારશે ? પધાર્યા છે, પધારે છે ! એ ભેદો વેદોમાં પોતે અને શાસ્ત્રોમાં બ્રહ્માદિ દેવોએ વર્ણવેલ, દશે અવતારોની મુખ્ય કથા જાહેર રીતે યુગો યુગથી વર્ણવાતી આવે છે.

જગત ઉત્પન્ન થયાને અસંખ્ય કલ્પો વહી ગયા છે. શાસ્ત્રકારોએ બ્રહ્માની આયુષ્યનો ભેદ એવી રીતે વર્ણવ્યો છે. સત્ય તેત્રા, દ્વાપર ને કલિયુગ એ ચાર યુગનો એક મહાયુગ (કલ્પ) કહેવાય, એવા એક હજાર મહાયુગોનો બ્રહ્માનો એક દિવસ, તેટલા જ યુગોની એક રાત્રી, એવા એક રાત્રી દિવસના ત્રીસ ગણા ભાગનો એક માસ, એવા જ બાર માસનું એક વરસ એવા સો વરસનું શ્રી બ્રહ્માજીનું આયુષ્ય કહ્યું છે. બ્રહ્માજીના આયુષ્યથી ઘણું મોટું આયુષ્ટ શ્રી વિષ્ણુનું કહ્યું છે, શ્રી વિષ્ણુના આયુષ્ય કરતાં મોટું આયુષ્ટ શ્રી શંકરનું કહેવાય છે. શ્રી શંકરના આયુષ્ય કરતાં શ્રી શક્તિનું આયુષ્ય ઘણું જ મોટું વર્ણવ્યું છે.

જગત કાળની ગણનાં કલ્પ અને યુગોના હિસાબે ગણાય છે. જગત્‌ની ઉત્પત્તિ અને લય પરમાત્માએ અનંતવાર નવીન નવીન કળાએ એ મહા

કળાધિપતીએ કરી છે, તે માંહેલા અમુક ભેદોનો પ્રકાશ સત્પંથના યજ્ઞના મંત્રોમાં દેખાય છે, છેવટનો ઉત્પત્તિ કાળ આ, ચાર કલ્પ (જાએલા, ફાએલા, અર્જલા, ખલીફા (સ્વેતવ્યારાહ)થી થયો છે.

ખલિફા (સ્વેતવ્યારાહ) કલ્પમાં ચાર યુગો. ૧. સત્ય. ૨. ત્રેતા. ૩. દ્વાપર. ૪. કળિયુગ છે. સત્યયુગમાં શ્રી પ્રભુના ચાર અવતાર, ૧ શ્રી મત્સ્ય. ૨. શ્રી કર્મ. ૩. શ્રી વરાહ. ૪. શ્રી નૃસિંહ, ત્રૈતાયુગમાં શ્રી પ્રભુના ત્રણ અવતાર. ૧. શ્રી વામન. ૨. શ્રી પરશુરામ. ૩. શ્રી રામ. દ્વાપરયુગમાં શ્રી પ્રભુનાં બે સ્વરૂપ, ૧. શ્રીકૃષ્ણ. ૩. શ્રી બુદ્ધા ભગવાન. વર્તમાન કળિયુગમાં શ્રી હરિનો એક જ અવતાર શ્રી નિષ્કલંકી છે. આજ કળિયુગનું આયુષ્ય ચાર લાખ બત્રીસ હજારનું છે. કળિયુગ પહેલા નવ અવતાર રમત કરી ગયા છે. આજ સંવત ઓગણીસોને એકાણું છે, કળિના વરસ એના આયુષ્યમાંથી આઠ હજાર એકસો ચૌંવાલીસ વીતી ચૂકેલા છે. કળિયુગના વીતેલ કાળની ગણના ઘણા વિદ્વાનોએ નોંખી નોંખી વિધિએ મતાંતરોએ વર્ણવેલી છે. સત્પંથ શાસ્ત્રાધારે એ જ સમય સંપૂર્ણ છે. પાપથી, ગ્રહણોથી આદિ ભૂકંપાદિ વિઘ્નોથી કળિનું આયુષ્ય કપાય છે તે હિસાબ નોંખો.

ઐત્તરી ઉપનિષદ્ પ્રમાણે જ્યારથી માટીની સૃષ્ટિનું માહાત્મ્ય પ્રદર્શિત થયું ત્યારથી કળિયુગનો પદસંચાર ગણ્યો છે. એ વાતને સર્વ શાસ્ત્રોએ એક મતે કબુલેલ હોવાથી વર્ણવેલ સમય જ પૂર્ણ છે.

વેદો યુગોના ભેદોને લઈ નોંખા નોંખા સમયે પ્રચાર પામેલા, આજ કળિયુગના સમયે અથર્વવેદ યુગ પતિ છે.

ગતયુગોમાં થયેલ ગત અવતારોનાં આયુધો શંખ ચક્ર, ગંધા, પદ્માદિ લેખાતાં, તેમાં ચક્ર મુખ્ય હતું. આજ કળિયુગમાં શ્રી નિષ્કલંકી નારાયણનું આયુધ ખડગ મુખ્ય વર્ણવ્યું છે. ચક્રમાં ચમત્કારો જેવા હતા તેવા જ અને તેથી પણ વિશેષ ચમત્કારો એ ખડગમાં હોવાનું વર્ણ માંહેથી બાહેર પડે તો તે સાત હાથ લાંબુ થાય, દઈત્યને હણવા ઉંચું કરે ત્યારે સિત્તેર હાથ લાંબુ થઈ જાય. હણતી વેળાએ જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધી ખડગ પહોંચી જઈ વીંધી નાખે, વધુમાં પણ ચમત્કાર, જેનો વધ શ્રીહરિ હસ્તે એ ખડગે થાય તેના બે ભાગ સરખા સમતોલ થઈ જાએ, ના રતી વધે કે ના રતી ઘટે.

કળિયુગમાં વેદોએ કળિયુગને મલેચ્છ ગુણી વર્ણવ્યો છે. ભવિષ્ય પુરાણાદિમાં ઘણું ભવિષ્ય કહેલું છે; ભવિષ્ય પુરાણ ઉત્તરાર્ધમાં કળિયુગમાં 'નુહ' મહાત્માના વંશમાં શ્રી વિષ્ણુ નારાયણ જન્મશે, 'શ્રીનુહનો' વંશ વિષ્ણુ ભક્ત થશે, મલેચ્છ ગુણી હોશે પણ આર્ય કહેવાશે. વેદાદિમાં શ્રીહરિને આ યુગના સર્વ દેવોને યુગનાં રૂપેજ કહ્યા છે.

કાન્હડદે પ્રબંધ આવૃત્તિ ૧. સં. ૧૯૧૩ પા. ૧૬ પ્રસ્તાવનામાં મારવાડના સમિયાણ ગઢનો રાજા સાતળસિંહના ઈતિહાસમાં શ્રી શંકર માટે લેખ છે. 'સમિયાણ ગઢ ઉપર અલાઉદ્દીન ખુનીને ચઢાઈ કરેલી, સાતળસિંહનો વિજય વેગળોને વેગલો પલાયન કરતો જોઈ, સાતળસિંહ ઉપર માતા આશાપુરી પ્રસન્ન થઈ, સાતળસિંહે 'વિજયની પ્રાર્થના કરી,' આશાપુરીએ વિજય પોતાની શક્તિ બહારનો વિષય કર્યો; જેથી સાતળસિંહે 'અલાઉદ્દીનના નિદ્રાના સમયે અલાઉદ્દીનના તંબુમાં પોતાને લઈ જવાની યાચના કરી.' શક્તિએ સાતળસિંહને 'અલ્લાઉદ્દીન નિદ્રામાં ગયા પછી તેના તંબુમાં લઈ જઈ ઊભો રાખ્યો, સાતળસિંહના તે સમયના વિચારો અલાઉદ્દીનનાં વધના હતા, પણ જ્યં તંબુમાં જુએ છે તો, 'પંચમુખ, ત્રણ આંખો, માથે કપિલ જટા, ગલે રુંઢમાળા, હાથમાં તુંબી, બ્રહ્મ કપાળમાં જટા જૂથ, એજ જૂથમાં ગગાજી બિરાજી રહ્યા છે, પડખામાં પાર્વતીજી, શંકરનું શરીર ભભુતિથી ધોળું શોભે છે.' સાતળસિંહ આ જોઈ છક થઈ ગયો, એણે જોયું કે સુલતાન રુદ્રનો અવતાર છે. એમ સમજી પગે લાગી પાછળ હઠ્યો. 'એ કળિયુગમાં શંકર સ્વરૂપ.' એવેજ પ્રકારે ઘણા દેવોની કથા કળિમાં મલેચ્છરૂપે હોવાથી ઘણા પુસ્તકોમાં છે.

એજ વિધાને શ્રી આદ્યશક્તિનું વર્ણન છે, આજ કળિયુગમાં આદ્ય શક્તિ, મહામાયા, મહાકાળઈને શાસ્ત્રો જગત જનની તરીકે ગાઈ રહ્યા છે, તેઓશ્રીનું ચરિત્ર સ્થાન પાવાગઢ જગપ્રસિદ્ધ હોઈ રહ્યું છે. પાવાગઢી તળેટીમાં એ ચાંપાનેર નામનું શહેર હતું, તેનો રાજા પતઈરાવળ જયસિંહ ગંગાસિંહ હતો. તે સમયની લીલાની કથા જગતમાં ગરબાઓમાં ગવાય છે."

સનાતન સત્પંથ શાસ્ત્રોમાં એક મુખ્ય સિદ્ધાંત વર્ણવેલો છે, કે શ્રી વિષ્ણુ નારાયણ એક જ હરિવંશમાં અનાદિ કાળથી અવતાર દ્વારા આવ્યા જ કરે છે, જે વંશમાં શ્રી વિષ્ણુ આવતા હોય તેજ હરિ વંશ કહેવાય છે,

અનાદિ કાળથી ચાલતો આવેલો આ એકજ વંશ ઉત્તમ છે. આ એકજ વંશમાં દશે અવતારો શ્રી હરિના થાય છે, ને શ્રી હરિ એજ વંશમાં હવે પછી પણ આવશે. તેની સંકળના શાસ્ત્રોને શોધેથી એક કરી શકાય છે. એ હરિ વંશમાં વંશ પલટા, કુળ પલટા, કુટુંબ પલટા અવાર નવાર ઘણીજ વાર થયા કરે છે. એ ભેદનો ઉકેલ ન કરી શકનાર ભૂલવણીમાં પડી પાછળ ખાલી પડી રહેલા ખોખામાં વળગી પડી ઢોંગીઓના ભોગ થઈ ધર્મ ખોઈ દે છે. આમ પલકમાં પલટા એ શ્રી હરિની માયાની રમત છે, એણે લીલા કરી જગતને ભૂલ થાપ દઈ જગતની કસોટીનો યોગ સાધ્યો છે. એવા યોગો સાધારણ જનો ન સમજવાથી ગોથાં ખાયા જ કરે છે, તે વગર સમજે ગમેતેમ ભરડી મારી હરિને બદલે હથોડાને પૂજે છે.

શ્રી હરિને જ્યારે વંશ બદલવો હોય છે, ત્યારે બીજી પોતે વિષ્ણુ, બ્રહ્મા શક્તિ અને રાક્ષસ એ ચારે પ્રગટપણે લીલા કરી પછી જ વંશ કે કુલ પલટે છે, એ અનાદિકાળન સિદ્ધાંત, તે અંતકાળ સુધી રહેશે.

કારણ વગર કાર્ય થાતું નથી. એ નિયમાનુસાર જેમ શ્રીયોગમાયા, જાનકીજી, રાવણને ભિક્ષા દેવા, અતિતિ ધર્મ સાચવવા મદોન્મત બ્રાહ્મણ કુળનો નાશ કરવા જાણ્યા છતાં, જવું હતું તો જ ગયાં, કારણસહ માયા, શ્રી મહાકીલીએ પણ સ્વછંદી, લંપટ રાજયનો નાશ કરવા પોતે નોરતાના નવ દિવસનાં ગરબા ઉત્સવમાં પતઈજયસિંહ રાવળના દરબાર ગઢના 'રા' આંગણા'માં ગરબા ગાવા નિમિત્તે પધાર્યા. રાજાના ગોકળ નામના વાળંદની દૃષ્ટિએ શ્રી માતાજી આવ્યા. અને તેણે દિવી લઈ શ્રીમાતાજી સાથે પ્રકાશ આપવાના બાને ફરવા માંડ્યું, શ્રી માતાજીનું સ્વરૂપને ઓજસ વાણંદ જોઈ શક્યો નહિ, પણ શ્રી માતાજીના વખાણ પતાઈ આગળ કહેવાની અભિલાષા પણ રોકી શક્યો નહિ. સવારે પતાઈની હજુરમાં એકાંત સમયે એ શ્રી માતાજીના ઘણા ગુણગાન કરી રાણીઓની હરિફાઈમાં ગયો; કે આપનાં દરબારમાં આટલી રાણીઓ છે, પણ એકે એ બાઈના પગરખાંને તોલે પણ આવી શકે નહિ."

વાળંદની સજાવટથી રાજાએ આવતી રાત્રીએ જરૂર શ્રી માતાજીને જોવાં એ નક્કી કર્યું. વાળંદે દિવી લઈ એ રૂપાળી બાઈ (શ્રી માતાજી)ની પડખે જ રહેવું ! એવી આજ્ઞા મળી ગઈ. બીજી બાજુ રાત્રીએ રોજના કોઈ પણ કામના અંગે, અગર ગમે તે કોઈપણ કારણે

રાજા ગરબાની ભૂમિએ આવી શક્યો નહિ, પણ વાળંદ ગરબાનું સાજન વિખેરતાં પોતે શ્રી માતાજીની પડખે દિવી લઈ ચાલ્યો ! વાળંદને સાથે આવતો જોઈ શ્રી માતાજીએ તેને પ્રશ્નો કર્યો; કેમ આવે છે ?'' વાળંદે જવાબમાં કહ્યું, ''આપને પ્રકાશ આપવા નિમિત્તેજ !'' શ્રી માતાજીએ પોતાનો હાથ લાંબો કરી નખ લેવા વાળંદને આજ્ઞા કરી. તુરત વાળંદે નખ લેઈ પાઘડીને છેડે બાંધી દીધા.

વાળંદની શીખવણી પૂરતી ન હોવાથી 'શ્રી માતાજીએ નખ આપ્યા. એ માયાવી ભેદો બીજો શું જાણી શકે ? 'શ્રી માતાજીના નખ ચંદ્રમણિ સમ પ્રકાશિત હોવાથી વાળંદ ગાંડા સમ બેભાન બની ગયો. શ્રી માતાજી ક્યાં પધારી ગયા ? તેનું ય ભાન ન રહ્યું. ભાન આવતાં હોંશમાં ને હોંશમાં રાજમહેલ તરફ ધસી ગયો ! પણ વેળા થઈ જવાથી દ્વારા બંધ હોવાના લીધે વિલે મોંઢે સ્વઘરે પાછું વળવું પડ્યું; એ રાત ગોકળને શ્રી માતાજીનાં સ્મરણમાં જ વીતાવવી પડી !.' ''શ્રી માતાજીને પતાઈ,'' એ વિના બીજી એકે સૂઝ પડી નહિ. સવાર થતાં સેવાના ટાઈમે નોકરી માટે પતાઈની હજુરમાં જઈ લાગ્યો, એકાંત સમય જોઈ રાત્રીની વિતક વાર્તા કહી, ચંદ્રમણિ સમ નખ સમક્ષ મૂકતાં રાજા પણ દિગ્મૂઢ બની અવાચ બની જોઈ રહ્યો, આવતી રાત્રીએ જરૂર મુલાકાત લેવાની પ્રતિજ્ઞા પણ લેવાઈ ગઈ.

નોરતાની સાતમી રાત્રીએ પતાઈ ગરબાનું સાજન વિખેરાતાં મહેલેથી ઉતરી દરવાજા પાસે રસ્તો રોકવા જઈ ઊભો, વાળંદ દિવી લેઈ શ્રી માતાજી સાથે આવ્યો. પતઈ, વાળંદ અને શ્રીમાતાજી એ ત્રિપુટી દરવાજા પાસે ભેળી થઈ ગઈ, રાવળે રસ્તો રોકી શ્રીમાતાજીનો છેડો ઝાલવા મિથ્યા ફાંફાં માર્યાં. શ્રીમાતાજીએ રાવળને તરછોડી કહ્યું શા માટે મને રોકે છે ? 'માગ જે માંગવું હોય તે' મતિભ્રષ્ટ રાજાએ બીજું કાંઈ ન માંગતા માગ્યું ! કે 'મારે મહોલે પધારો.' એ મતિ ભ્રષ્ટ રાજાને એ સમયે શ્રીમાતાજીએ ગીતાજી જેવો ઘણો ઉત્તમ ઉપદેશ કર્યો ! પણ કામીને નિરર્થક ! હઠાગ્રહી રાજો શ્રીમાતાજીનો હાથ ઝાલવા મિથ્યા પ્રયત્નો કર્યા ! ત્યારે શ્રી માતાજી ક્રોધિષ્ટ થઈ રાજાને આ પ્રમાણે શાપ દીધો !' 'રાજા ! તારો પાવો પ્રલય થશે, તારૂં રાજ્ય નાશ પામશે, આ પાવાની ભૂમિ તારી ટળી મ્લેચ્છોની થશે.' એટલું બોલી પોતે પાવાગઢ ડુંગરની ચોટીએ પધારી ગયા. રાજા હાથ ઘસતો વિલે મોંઢે ઉભો રહી ગયો. શ્રીમાતાજી પાવાગઢની ચોટીએ જઈ સ્નાનાદિથી પરવારી પતઈ ઉપરનાં ક્રોધના કોપે પાતાળમાં સમાવાની ઈચ્છાએ પ્રયત્ન કરે તે સમયે

શ્રીસજ્જન શાહે પધારી શ્રીમાતાજીને અટકાવી ઉભા રહી વિનવ્યા, હે આજ મહા પ્રલયનો દિવસ નથી, તમારા પાતાલગમને પૃથ્વી રસાતાલ જશે ! બ્રહ્માંડ આખુંએ રમણ ભમણ થઈ જશે ! હજુ પ્રભુને કલિની ઘણી રમતો કરવાની બાકી છે, રાજાની અધમ સ્થિતિ અંગે આપનો ક્રોધ હોય તો તેને સજા કરો ! એવા શુલ્લક કારણએ પહેલાંના દીધેલ વાયદા ભૂલી ન જવાય ! વસુંધરાનો કોલ હજુ પુરો કરવાનો છે, પતઈને સજા દેવી હોય તો અમદાવાદના સુલ્તાન મહંમદને ત્યાં જાઓ ! તેનો પાવાગઢ લેવા માટે આજ્ઞા આપો, દિવ્ય સહાય વિના એનાથઈ પાવાગઢ નહિ લેવાય ! આપ સુલ્તાનની પુત્રી થઈ ત્યાં અવતરો. આપની સેવા ત્યાં સારી થશે, અને શ્રીશાહોજી પણ ત્યાં પધારી આપને મળશે ! એવાં સર્વ કાર્યો આપના વિના કેમ બનશે ! એ સિવાય પણ ઘણા કાર્યો યુગ-નિમિત્તના બાકી છે, તે તમારા ગયા પછી કોણ પૂર્ણ કરશે ?

શ્રીમાતાજીએ સજ્જનશાહની શિખામણ સ્વીકારી પાતાળે ન જતાં અમદાવાદના સુલતાન મહંમદ (બેગડા) ને પાવાગઢ પર ચઢાઈ લઈ જવા આજ્ઞા ફરમાવવા પધાર્યા ! રાત્રે એકથી બે વાગ્યાના વચ્ચેના સમયે 'ઉઠ જા, પાવાગઢ મેં તને આપ્યો ! લઈ લે લે !' એવી સ્વપ્ને આજ્ઞા કરી. સુલતાન આજ્ઞા સાંભળતાં સફાળો બેઠો થઈ તરત દરબાર ભરી સલાહકારોને સ્વપ્નની સર્વ વિતક સમજાવી પાવાગઢે ચઢાઈ લઈ જવાની ઈચ્છા જાહેર કરી. દરબારીઓએ. 'પાવાગઢ ચઢાઈ લઈ જવામાં કેટલા સંકટો છે ! એ માટે ખાસ તૈયારીઓ વિના બની શકે નહિ, એ ગઢ એવો કથોડો ને રક્ષિત છે કે તેના માલીકને તાત્કાલિક કોઈથી પણ કબજે કરી શકાય જ નહી ! ત્યાં આપણે ચઢાઈ લઈ જવી હોય તો ખાસ તૈયારી કરવા માટે બાર વરસ જોઈએ ! આપ શૂરવીર હોવાથી આપને એવી ચઢાઈ કાંઈ વિસાતમાં નહિ હોય પણ સમજ્યા વિચાર્યા વિના પાછળ હાંસી થાય તેમ કોઈ પણ ડાહ્યો માણસ કરે નહિ, સવારથી એ તૈયારીઓનો પ્રબંધ ખાસ કરશું, જેમ વહેલી ચઢાઈ લઈ જવાય તેવા ઉપાયો યોજવામાં આવશે !' એ પ્રમાણે તેજ દિવસથી ખાસ તૈયારીની સગવડો થવા લાગી, દરબારીઓ એટલું સમજાવી રજા લઈ રવાના થયા.

બે ત્રણ માસ એ વાતને નહિ થયા હોય, કે સુલતાનને ફરી એજ સમયે સ્વપ્ને શ્રીમાતાજીએ એજ આજ્ઞા કરી, સુલતાને પણ તરત દરબાર ભર સ્વપ્ન

સમજાવી તૈયારી માટે ઘણી જ ઉતાવળ કરી, દરબારીઓએ પણ ધીરજ માટે વિનંતી કરી ! એ વાતને છ માસ નહિ વિત્યા હોય ! કે શ્રીમાતાજી રાત્રે એજ સમયે પોતે આઠ નવ વરસની બાળકી સ્વરૂપ લઈ નિદ્રામાંથી સુલતાનનો હાથ ઝાલી પલંગ ઉપર એક આંચકા સાથે બેઠો કરી દઈ ફરમાવ્યું ! 'ઉઠ મેં તને પાવાગઢ આપ્યો છે, છતાં કેમ લેવો ચઢાઈ લઈ જતો નથી ! ચિંતા ન કર, હું તારે ઘર તારી દીકરી થઈ આવું છું." એ વેળા સુલતાનની બેગમ હીરાબા સાહેબ સૂતા હતા. તેમના માથા ઉપર સુલતાન જુએ તેમ હાથ ફેરવી પલંગ પાસે ઊભા ! સુલતાન કંઈ બોલવા જાય તે પહેલાં શ્રીમાતાજી પલંગથી વેગળા થઈ સામી ભીંત તરફ રવાના થઈ અલોપ થઈ ગયા ! સુલતાને તુર્ત પહેરેગિરોને બોલાવી ફર્માવ્યું ! કે મારા મહેલમાં અપરિચિત આઠ નવ વરસની બાલકી કેવી !' પેહેરેદાર દિગ્મૂઢ બની ગયા, અચરત થઈ વિનંતિ કરવા લાગ્યા. 'ખુદાવિંદ ! આપની આજ્ઞા વિના પવન પણ મહેલમાં ના આવી શકે ! તો ત્યાં અપરિચિત બાળકી કેવી ?' સુલતાને ફરમાવ્યું, 'આ દિશાએ જતા મેં નજરે જોઈ છે ! જાઓ ! લશ્કરના વડાને આજ વેળા પાવાઘઢ ચઢાઈ લઈ જવાની મારી આજ્ઞા સંભળાવી દો !' તે જ સમયે લશ્કરનો વડા અધિકારી હજુરમાં આવ્યો ! અને હુકમનો અમલ પણ તેજ સમયે થઈ ગયો.

શ્રી માતાજી તેજ દિવસે મહંમદ બેગડાનાં બેગમ હીરાબા સાહેબના ગર્ભે આવી ગયા ! હીરાબા સાહેબ મહીકાંઠાના મહારાણા 'નાકા' ના પવિત્ર કુંવરી હતા. સુલતાનના લગ્ને બંધાઈ તે જ દિવસે સુલતાનના મહેલમાં આવ્યાં હતાં.

સુલતાનની માતા ઘણા રાજના કાવાદાવામાં પાવરધાં હોવાથી સુલતાનના જન્મ સાથે તેમને સોમલ (વિષ) ખાવાનો બંધાણી કરી દીધેલ, કે કોઈ સુલતાનને વિષનો દગો કરી શકે નહિ.

આપણે જે સમયની કથા કહીએ છીએ, તે સમયે સુલતાન એકથી બે તોલાં સોમલનો નિત્યનો બંધાણી થઈ ગયો હતો ! સોમલના બંધાણે તેનો નિત્યનો ખોરાક પણ પાણ્ડવી ભીમથી ઓછો ન હતો ! સુલતાનને સવારનું શીરામ કર્યા પછી નિત્ય એકસો કેળાં મોઢું સ્વચ્છ કરવા ખાવા જોઈતાં ! રાત્રે પણ સુતાં સુતાં બેમણ ખોરાક નિત્ય ખવાઈ જતો. તેમનાં આયુધો તે સમયના યોદ્ધાઓના કરતાં ઘણાં જ ભારે અને વિષમ હતાં. દાખલા તરીકે 'તેમના કમાનના તીરનું ફળ (ભાલોડું) સાડા પાંચ શેરનું હતું, એ પ્રમાણે સર્વ હથિયાર સમજવાં.

સુલતાનનું શરીર સોમલના બંધાણે એટલું વિષિલું (ઝેરીલું) થઈ ગયું કે, માંખ એમના શરીર ઉપર બેસતાં જ ફુલી જઈ, મરી જઈ હેઠીજ પડતી. સ્ત્રી તો બીજી રાત માટે જીવવા પામતી જ નહિ ! એક રાત સુલતાન સંગે બીજી રાત્રે તો કબર ભેગી થવા કબરસ્તાનમાં પહોંચી જતી. આવા સંજોગોમાં સુલતાનનો વંશ દૈવી સહાય વિના કોઈપણ વિધઇએ રહી શકે તેમ નહોતું.

શ્રીમહાકાળી યોગમાયા શ્રી આદ્ય નારાયણીજ સુલતાનની બેગમ હીરાબા સાહેબના ઉદરે આવવાથી જ હીરાબા સાહેબ જીવી ગયા ? ને સુલતાનનું વિષ તેમને અસર કરી શક્યું નહિ.

પનોતા શ્રીહીરાબા સાહેબના ઉદરેથી શ્રીમાતાજી મહાકાળી પુત્ર રૂપે જન્મ્યા, તેમનું નામકરણ ક્રિયા માટે ઉત્તમ શાસ્ત્રીઓ બોલાવેલા, શાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે 'શ્રીમાતાજીનાં યોગાદિ બહુ જ ઉત્તમ બતાવી, એ મહાદિવ્ય શક્તિરૂપ છે તેમનું નામ 'બુઝુર્ગ બેગમ' રાખ્યું.

(બુઝુર્ગ બેગમ = બુઝુર્ગક બેગમ બુઝુર્ગ = મોટા, ઘરડા શ્રેષ્ઠ. કે બેગમ = સરદાર, મહા મોટી પદવીવાળા, માયારૂપ શક્તિ, સ્ત્રીઓના સરદાર, બુઝુર્ગ બેગમ = મહામાયા.) તેઓશ્રીના જન્મદિવસ પછી ત્રણ વરસે પાવાગઢ ચઢાઈનું લશ્કર કાંકરીઆ તળાવથી રવાના થઈ પાવાગઢ સુધી ગયું, ને પાવાગઢનું યુદ્ધ ત્યારપછી ચાલુ થયું તે બાર વરસ સુધી ચાલ્યું.

શ્રીમાતાજીના બાળકાળમાં તેઓના માતા, પિતા દાસ, દાસીઓને બાળચરિત્રો વિચિત્ર જ લાગતા; સુલતાન એ ચરિત્રો જોઈ મહાચિંતામાં મૂંઝાયા કરતો, 'આવી દૈવી વાળવાળી પુત્રીને માટે દૈવી પુરૂષ ક્યાંથી લાવવો ? શ્રીમાતાજી ગુઠવણીએ ચાલતાં શીખ્યાં ત્યારથી સુલતાનના સર્વ આયુધો રમતનું સાહિત્ય માની એની જ રમત કર્યા કરતા ! કદિક હસતાં મુખમાંથી ફુલડાં ખરી પડતાં ! કોઈક વેળા પગે ચાલતાં તો કંકુનાં પગલા પડતાં ! રડતાં ત્યારે આંખમાંથી પાણી ઢળી પડતં તે ગુલાબજળ જેવું સુગંધી હોતું એવા ઘણા ઘણા ચમત્કારો દેવી દેખાડવા જ કરતાં ને માતા પિતાની મૂંઝવણ વધાર્યા જ કરતાં.

ભવિષ્યમાં નિર્મેલું સિદ્ધ કરવા શ્રી સદ્ગોર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ ગુર્જરની ભૂમિને પાવન કરી દશમા સ્થાનનું મંડાણ માંડવા ગંગાતટે (સાબરકાંઠે) આસન જમાવવા પધારેલા. પ્રથમ ગિરિમથા ગામે પધારી, સાત દુષ્કાળી કાળ ટાળી, પટેલ પુત્રને સજીવન કરી, સિંહનો કોલ પૂરો કરી તેને છૂટો કરી રવાના કરી દીધો.

આ કથા સુલતાન મહંમદના જાણવામાં આવવાથી શ્રી સદ્ગોરજીનાં દર્શનની આકાંક્ષા વધી, શ્રી ઈમામશાહ બાવાના દર્શન કરવાની ઈચ્છા પૂર્ણ કરવા સુલતાન પોતાના દરબાર સહિત પધારેલો. એ મુલાકાતમાં સુલતાનનો ગૂઢ આશય સમાએલો હતો, જેથી કરી ઘણી જ ધામધૂમ સાથે સવાર લઈ આવ્યો.

શ્રી સદ્ગોરજીની કસોટી કરવાજ આવેલો હોવાથી પીરાણાની બાજુએ મુકામ કર્યો, અને શ્રીજી દૈવી ગતીની પરીક્ષા ઘણા ઘણા પ્રયત્નોથી વિધવિધ પ્રયોગોએ કરી. પણ શ્રીજીની લીલાનો છેડો ન લઈ શકાયાથી શ્રીજીને આધીન થઈ પોતાની એ લાડીલી પુત્રી મહામાયાને તેને લાયકના પતિ શ્રી સદ્ગોરજીના પુત્ર શ્રી નરઅલી મહંમદશાહને ઓળખી તેઓને અર્પી પોતાની મૂંઝવણનો છેડો લાવ્યો.

શ્રીજીથી સિંહનું પતન એ જ દિવ્ય ચમત્કાર થઈ પડ્યો હતો ! તેનું મુખ્ય કારણ એવું હતું કે ઘણા કાળથી સિંહ એ સ્થાને રહેતો હતો, પ્રથમ દક્ષિણ પ્રદેશના જનોને કાશીએ જવાનો એજ સુલભ માર્ગ હતો, અને દ્વારકા જવા માટે પૂર્વના પ્રદેશવાસીઓને પણ એજ માર્ગ હોવાથી, સિંહ એ સ્થાને સ્થાયી થયાથી માર્ગ બંધ પડી ગયો ! એથી એ સર્વ પ્રદેશમાં સામટો-હા-હા-કાર પથરાઈ ગયો હતો. તે ઉપરાંત એ સિંહનો નાશ કરવા ઘણા ગણા રાજા, મહારાજાઓ, યોદ્ધાઓ ચઢી આવી નિષ્ફળ પ્રયત્નોએ પાછા ગયેલા, તેમજ સુલતાનને પણ એ યાતના વેઠવી પડેલી. એમ મિથ્યા પ્રયત્નોએ ઘણી વેળા એ સિંહનો નાશ યોજવા ફાંફાં સર્વે મારી ચૂકી, હતાશ બની રહેલા હોવાથી સર્વ લોકોની દ્રષ્ટિ એ સિંહ ભણી મીટ માંડી રહેલી; પણ કોઈથી તેના મુકાબલામાં જવા હિંમત ચાલતી જ નહિ. પણ એ કાર્ય શ્રી સદ્ગોરજીએ એક દષ્ટિ માત્રમાં કરી દેવાથી શ્રીજીની ખ્યાતિ એ સર્વ દેશોમાં પ્રસરી રહેલી.

એ સિંહ માટે એમ કહેવામાં આવે છે કે ! દ્વાપરયુગમાં પાણ્ડવો ગુપ્ત વેશે વિરાટનગરમાં બાર માસ રહેલા, સતી દ્રૌપદીને કૈયાના ત્રાસથી મુક્ત કરવાને પ્રેરાયેલા ભીમે કાર્ય આદરી; કૈયા નામનું કાસળ કાઢવા નિમિત્તે શ્રી હરિએ પ્રેરેલ ભીમ શ્રી હરિની માયા આધિન મંડાયો કૈયો વિરાટના રાજાનો દિવાન, તે પોતાના એક સો ભાઈના જુથે મહા બળવાન યોદ્ધો વિરાટની સેનાનો અધિપતિ, વિરાટ રાજાનો સાળો થતો હોવાથી નિર્ભય

હોવાથી તેની કુદ્રષ્ટિ સતી દ્રોપદી ઉપર થઈ રહેલી હોવાથી નિત્ય સતીને છંછેડ્યા કરતો, ભીમે તેનો નાશ કરી તેની ચે પાલડી કાંકજ ગામ આગળ નદી કાંઠે કરવા એ ઠેકાણેના આખા જંગલના સુકાં ઝાડોનો એકત્ર ઢગલો માંડી મહાપ્રલય સમ અગ્નિ પ્રગટાવવો હોય તેમ કરી પ્રજ્વલિત કરી દઈ મૃત કૈયાના શરીરને તેમાં મૂકી; અગ્નિ ભભૂકી ઉઠતાંજ બાકીના નવ્વાણું ભાઈઓને બળવાન હાથે બાથમાં લઈ લઈ અગ્નિમાં ઉપાડી ઉપાડી ઝોખવા માંડ્યાં, તેમાં એક હાથમાં ચેમા પડ્યા પછી ભીમનો પગ આવી ગયો ! ભીમે પગ છોડાવવા ગણા પ્રયત્નો કર્યાં; પણ તે નિષ્ફળ જતાં બળવા લાગ્યો; ભક્ત વત્સલ ભગવાન શ્રીકૃષ્ણે ભીમની લાચાર સ્થિતિથી ભીમને મુક્ત કરવા વારે ધાઈ આવી છોડાવી દીધો. પછી પોતે શ્રી પ્રભુ કુમારીકા પૃથ્વીએ પધાર્યાં.

'થોડાકજ સમયમાં દ્વાપરયુગ પૂર્ણ થઈ કળિયુગ આવશે, કલિમાં મહા દુષ્ટ કાર્યોના પ્રચારકો અતી (ઘણા) હોવાથી શ્રીમતી કુમારીકાનું રક્ષણ કેમ કરવું ? એ ચિંતામાં શ્રીજી વિચારતાં માથઆના સ્વેદને શ્રીજી પોતાના હાથે સ્વચ્છ કરતાં મેલની બત્તી જેવી સ્થિતિએ દ્રષ્ટે પડતાંજ તેનોજ સિંહ ઉપજાવી તેને રક્ષણ સોંપવાનું ઠીક લાગ્યું, એટલે સિંહને એ કુમારીકા પૃથ્વીનું રક્ષણ કરવાનું સોંપ્યું ! અને ફરમાવ્યું ? કે 'મારા આવ્યા વિના તારે અહીંથી જવું નહિ. હું આવી રજા આપીશ ત્યારે તારે જવાનું છે.' સિંહે વિનંતી કરી, 'હે દીનાનાથ ! આપ ક્યારે પધારશો ? મારે અહીં ક્યાં સુધી રહેવું ?

'શ્રી કૃષ્ણ સિંહને સર્વ રક્ષણનાં પ્રયોગો સમજાવી, અજીત, અમર દેવગતી આદિથી સંરક્ષિત કરી ફરમાવ્યું ? કે 'કળિયુગમાં હમો શ્રી નિષ્કલંકીરૂપે આવીશું, ત્યારે તમો આ કુમારીકા પૃથ્વી ભણી માથું કરી એવી વિધિએ સૂતા હશો કે તમારો જમણો કાન આ કુમારીકાને ઢાંગી દેશે, તેવે ટાણે અમારૂં તીર આવશે, તે તમારા કાનને વિંધી કુમારીકા માટે પાતાળમાં ઉતરી જશે ! ત્યારે તમારે સમજવું કે અમો આવ્યા ! ત્યા સુધી સાચવજો.' એ સિંહના પતનનાં પ્રયોગો શ્રી સદ્‌ગોરના આગમ સમય નિષ્ફળ થયાજ કર્યા હતા.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈન્દ્ર ઈમામદીન બાવાના પિતાશ્રી કબીરદીન બાવાએ અમરલીલી સ્વીકારયા પછી, પોતે ઈરાન શ્રી નર ઈસ્લામશાહના પુત્ર નરશ્રી ★ નુરઅલી મહંમદશાહ, ઉર્ફે નુરશાહ વલીજીના બોલાવ્યાથી, નરશ્રી

★ નુરશાહવલીજી, તેમજ નુરઅલી મહંમદશાહ, એજ શ્રી શાહોજી

નરઈસ્લામના પુત્ર અત્રે નરની કળા શ્રી સદ્‌ગોર પીર ઈમામશાહને ઈસ્લામશાહનું વચન શ્રી પીર કબીરદીન બાવાને આપેલું તે પૂર્ણ કરવા ગએલા.

નર શ્રી નુરમહમંદશાહે શ્રી ઈમામદીન બાવાને બોલાવી નરઈસ્લામ-શાહનો કોલ પૂરો કર્યો, ને નરનો જામો (નરની કળા) શ્રી ઈમામશાહ બાવાને હમેંશને માટે સોંપી દીધો.

નર શ્રી ઈસ્લામશાહે પીર શ્રી કરબીરદીન બાવાને અનંત કરોડીના ભરણનો કોલ આપેલો. તે ટાંણે શ્રી પીર કબીરદીન બાવાએ પોતાના બળા બળનો નિર્દેશ કરેલો, જેથી શ્રી ઈસ્લામશાહે ફરમાવેલું કે, 'તમારે ઘરે મહાબ્રહ્મ ને પીર શ્રી ઈમામદીન રૂપે જન્મ લેળે, તેને ઘેર અમો નરઅલી મહંમદશાહ રૂપે જન્મ લેશું. 'એ કોલ અત્રે ગોર બન્નેએ મલી પૂરો કર્યો

શ્રી સદ્‌ગોર ઈન્દ્ર ઈમામશાહ ઈરાનથી નરની કળા લઈ આવી પોતે ગોરબ્રહ્મામાં ગોરને નરની કળા રાખી, પોતે ફરતા ફરતા ગિરિમથે પધારેલા. એ નરની કલા શ્રીજીનાં શરીરમાં સત્તર વરસ રહી, ત્યાં સુધી પોતેજ ગોર ને નરના રૂપે એકજ શરીરમાં બન્ને કળનાં ધણી હતા.

ગિરિમથે સાત દુકાળી કાળ હતો. ત્યં વરસાદ વર્ષાવ્યો, પટેલના પુત્રને જીવતો કર્યો, પાણી ઉપર તંબુ, બળદ, ધુણી સહીત તરતો રાખ્યો ! આદિ ઘણા પરચા પૂરી લોકોને શાન્ત કર્યા. જેની ગામલોકોએ શ્રીજીને ગિરિમથે રહેવા વિનવ્યા ! શ્રી સદ્‌ગોરે ફરમાવ્યું કે દશમાં અવતારનું છેલ્લું ક્ષેત્ર આટલામાં જ હોવાનું છે, છેલ્લાં દશમા ક્ષેત્રમા મંડાળ માટે જ મારે

મળવાથી તેમને પેટે નરઅલી મહંમદશાહનો જન્મ થઈ, શ્રી શાહની ગાદીના ખરા પુરૂષ પીરાણે હોવાથી અહીં નરઈસ્લામશાહના પુત્ર નુરઅલી મહંમદ શાહનું નામ પણ એવું જ હોવાથી પ્રપંચીઓને નરઈસ્લામના પુત્રનું નામ ગભરાટથી ફેરવ્યું ! (નુરમહંમદશાહના દિકરા) એવું લાંબુ નામ શ્રી શાહોજીના મૃત્યુ પછી એ ફેરવ્યું ! એટલી બીક હતી કે શાહોજી નુરમહંમદશાહના નામ સાથે એ નામ મળી જશે તો ! આપણા પ્રપંચી ટૂટી પડશે, હરિવંશની સંકળતા તોડી નહિ શકાય ! એમ કરેથી ખોટું બોલી બાનાં કાઢવાં ને પ્રપંચ કરતાં ઠીક પડશે ! ગોરનર અત્રે પધાર્યા પછી દશાંશાદિ સર્વ ગોર નરનો માલ પીરાણેજ આવતો. એ ન જોવાવાથી. એવી ખોડી ગડમથલ કરવી પડેલી.

અત્રે આવવું પડ્યું છે, એ શ્રી નિષ્કલંકીનું છેલ્લું સ્થાન મારી નિર્માણ કરેલી ભૂમિએજ રચાશે શ્રી નારાયણની આજ્ઞાએ ગંગા પણ સ્થળાંતર કરી સર્જર ભૂમિ પવિત્ર કરવા પધારેલા છે, શ્રીજીએ નામ ફેરવી હાલ સાબરમતી રાખ્યું છે, એવાં ઘણાં કારણોને લઈ મારે તીર પશ્ચિમ દિશાએ નાંખવ પડશે, અને જ્યાં પડશે. ! તે સ્થાને અમારૂં કાર્ય સ્થાન રચાશે.

શ્રીજીના આવા સરહસ્ય વચનો સાંભળી અતી આનંદિત થઈ પગે લાગ્યા, અને તીર નાખવા વિનવવા લાગ્યા, શ્રીજીએ તીર ને કમાન હાથમાં લઈ પૂર્વેનું પોતાનુ વચન પ્રતિપાલન કરતા પૂર્વ દિશાએ પૂંઢ કરી પશ્ચિમ દિશાએ સર સંધાન કરે, તે પહેલાં સર્વ ગામ લોકો 'નાં-નાં' કહેતાં શ્રીજીનાં ચરણે મસ્તક મૂકી દીધાં ! અને કહેવા લાગ્યા, કે 'આપ અન્ય ગમે તે દિશાએ તીર નાખો, પણ એ દિશાએ નહિ આ દેખાતી ઝાડીમાં એક મોટો ભયંકર અજીત સિંહ વસે છે. એનો ભય ભારે છે, એને કોઈ પણ રાજા, મહારાજાદિ વશ કરી શક્યા નથી. મિથ્યા પ્રયત્નો કરી નાસ-પાસ થઈ પાછા વળી ગયા છે, અમારાથી એક દાતણ તોડી શકાતું નથી ! તો આવી ગીચ ઝાડીમાં ઝાડ કાપ્યાં સિવાય રસ્તો કેમ કરાશે ?' શ્રીજીએ ફરમાવ્યું ! સિંહે તમારા ગામના મનુષ્યો, જનાવરાદિને કોઈ પણ સમયે ત્રાસ કે નુકશાન પહોંચાડ્યું છે ? પટેલ બોલ્યો, 'ત્રાસનું નામોનિશાન નથી. પણ અમારો ઢોરો કે ગાયો; બળદો, ભેંસો, બકરાં મેંઢાદી ચરવા માટે એ ઝાડીમાં જતા રહેતા, તો તે લેવા જવાની હમારી હિમ્મત ચાલતી નહિ, પણ પોતેજ ત્રણ ચાર દહાડે એ ઝાડીમાંથી એની મેળે પાછ આવતા અમોને એ જનાવરો બાબતની જરા પણ ચિંતા રહેતી નહિ. પણ કોઈ માણસ ભૂલે ચૂકે એક દાણ એ ઝાડીમાંથી કાપી શકતો નહિ, પડઘા જેવું સંભળતાંજ નાસી જવું પડતું, ત્યારે શ્રી સદ્દગોરજીએ વર્ણવેલું સિંહની સર્વ કથા સમજાવી શાન્ત કરી તીર નિશ્ચિત દિશાએ રવાના કર્યું. તીર ગયા પછી તે દિશાએ માર્ગ સ્વચ્છ કરવા નિર્ભય થઈ ઝાડ કાપવા ગામલોક વળગ્યા ! કે સિંહ શાન્ત મુખમુદ્રાએ સન્મુખ આવતો દષ્ટિએ પડતાજ એ લોકો શ્રી સદ્દગોરની સેવામાં દોડી આવ્યા ! શ્રી સદ્દગોર સિંહની દિશાએ આગળ આવી ચાલવા લાગ્યા, લોકોને નિર્ભય થવા આજ્ઞા કરી, શ્રીજીની પાછળ પાછળ ગામલોક ચાલવા લાગ્યું, સિંહ આગળને આગળ આવતો તોજ રહ્યો ! સિંહને લગભગ આવેલો જોઈ લોક બીકના માર્યા પાછા હરી ગયા ! શ્રીજી સિંહ,

સન્મુખ આવતાંજ સિંહની શ્રી સદ્દગોરના ચરણાવિંદમાં મસ્તક મૂકી દઈ ઉભો રહી ગયો ! આ દશ્ય જોઈ ગ્રામ્યજનો શ્રીજી પાસે આવી ઉભા ! શ્રીજીએ સિંહના મસ્તકે હાથ ફેરવ્યો ! સિંહ ગેલ કરવા લાગ્યો ! શ્રીજીએ પ્રેમથ ફરમાવ્યું ! 'જાઓ તમારો વાયદો પૂર્ણ થઈ ગયો !' આજ્ઞાધિન સિંહ કુમારીકા ભૂમિનું સ્થળ તજી દઈ પોતાના સ્થાને જે પ્રથમથી નિર્ધારિલ હતું ત્યાં પધારી ગયો, આજપર્યંત એ સ્થાન વાઘેશ્વર તલાવના નામથી પ્રખ્યાત છે. હાલ પણ એ સિંહ કોઈક કોઈક સમયે શ્રીજીના દર્શને આવે છે, કોઈક જ ભાગ્યશાળી જનને તેનાં દર્શન પ્રાપ્ત થાય છે.

સિંહના રવાના થયા પછી શ્રી સદ્દગોરજી માટે ગામલોકોએ રસ્તો સ્વચ્છ કરી દીધો, શ્રી ગ્રામજનોને લેઈ કુમારિકાએ પધાર્યા, રીતસર ગ્રામ્યજનોને એ પૃથ્વીમાં દર્શન કરાવી વિધિસર કુમારિકાના પૂજનાદિથઈ પરવારી પૂર્વથી નિર્માણ થયેલ સ્થાને વિધિપૂર્વક-દશમાં સ્થળનો પાયો નાખ્યો, ને કળિનાં છેલ્લા ક્ષેત્રનું સ્થાન જાહેર કરી દીધું.

એ આદિ શ્રી હરિનાં સર્વ કાર્ય સંજોગોવશાત કારણ અને કાર્ય સહિત સિદ્ધ થતા ગયા. સ્વાર્થી અને હઠાગ્રહીઓ પોતાના કલ્પિત જ્ઞાને અહંપણાના ક્ષેત્રમાં ગમે તેટલું વિસ્તારે એથી તેઓને સત્ય જ્ઞાનની ઝાંખી થાય જ નહિ, શ્રી આદ્ય નારાયણી અદ્યશક્તિ શ્રી મહામાયા મહાકાળી (બુઝુર્ગ બેગમ સાહેબ)ના લગ્ન શ્રી શાહોજી નિષ્કલંકી નાથ શ્રી નરઅીલ મહંમદ શાહ બાવા સાથે અતી આનંદ ઓચ્છવથી થયા ! લગ્નની પૂર્ણાહૂતિએ પાછા પગે કન્યાનો બાપ વરકન્યાને પોતાને ઘેર તેડે છે (દશૈયા ખાવા), તે સીરસ્તા મુજબ સુલતાને શ્રી શાહોજી સાહેબ તથા શ્રી આદ્યશક્તિ સાહેબને પોતાના ત્યાં અમદાવાદ બોલાવેલા, જ્યારે એઓશ્રીની સ્વારી સુલતાન દ્વારે પહોંચે, તેજ સમયે પાવાગઢની યુદ્ધ ભૂમિએથી મદદની માંગણી લઈ આવેલો કાસદ પણ આવ્યો ! 'યુદ્ધનાં લાંબાંકાળનાં પ્રવાહનાં કારણે સમરક્ષેત્રમાં યોદ્ધાઓની ત્રુટ વધતી જાએ છે, માટે મદદની જરૂર છે, 'એ સમાચાર સાંભળી સુલતાને પોતે ચઢી જવા નિર્માણ કર્યું.

સુલતાન પોતે જ્યારે યુદ્ધમાટે ચઢી જતો ત્યારે પોતાનું સર્વ અનામત સૈન્ય રાજ્યધાની સાચવવા જેવું રાખી સર્વ સાથે લઈ જતો ! તે સાથે ખજાનો, કુટુંબાદિ સર્વ લશ્કર ભેગાજ રહેતાં ! એવા સંગોજોમાં આ

યુદ્ધમાં સુલતાનને અનામત લશ્કર, કુટુંબાદિ સૈન્ય ભેગા લઈ તેજ દિવસે સમરક્ષેત્રે જવું પડ્યું જેથી શ્રીમાતાજીને ને શ્રી શાહીજને પાવાગઢ યુદ્ધની ભૂમિમાં જવું પડ્યું. આ છેવટનું પાવાગઢનું યુદ્ધ હતું, એ લડાઈમાં સુલતાનનું પાંચ લાખ માણસનું સૈન્ય હતું.

એ બનાવ પછી સૈન્યમાં દરોડાના દુષ્કાળ જણાયાથી મુખ્ય અમલદારે એક નાના સૈનિક અમલદાને થોડાક માણસની ટુકડી સાથે ભરૂચ દોરડાં લેવા મોકલ્યો, ત્યાં પીંજારાઓની વસ્તી ઘણી લેખાતી, અને એ પ્રદેશમાં કપાસની ઉત્પત્તિ ઘણી હતી, હિન્દુસ્તાનમાંના ઘણા ભાગોમાં સુતર તથા કપાસ ત્યાંથીજ પુરૂં પાડવામાં આવતું. પણ યુદ્ધના મંડાણ પાવાગઢણાં મંડાયા, ત્યારથી ખેડૂતો પાયમાલ થવાથી વાવેતર કરવાનું ખેડૂતોએ બંધ કર્યાથી, કપાસનો પણ એ પ્રદેશમાં દુષ્કાળ દેખાઈ રહ્યો. લશ્કરીઓએ પૂર્વની ખ્યાતિના આધારે ભરૂચ સુતરત લેવા માટે આવી, પીંજરાઓની એકત્ર કર્યા ! સુતર ભેળું કરવા શાહી ફરમાન સંભળાવી દીધું પીંજારોને અમલદારને અરજ કરી કે, 'પાવાગઢે બાર બાર વરસથી યુદ્ધ ચાલતું હોવાથી આ પ્રદેશમાં ઘોડા આદિની ખુંદણ હોવાથી ખેડુતો ખેતી કરી શકતા ન હોવાથી કપાસ થતું નથી ! કપાસ ન થાએ તો સુતર માટેના આપનો હુકમ અમો કેવી રીતે પાળી શકીયે !' લશ્કરીઓએ લશ્કરી કડક અમલનું ધોરણ ગ્રહણ કર્યું ! પીંજારા કોમમાં ત્રાસ વર્તાઈ રહ્યો ! ત્રાસ ન સહેવાયાથી જ્ઞાતિ એકત્ર થઈ લશ્કરી અમલદારથી મૂક્તિ મેળવવાનો માર્ગ શોધવા લાગ્યા ! કોઈ માર્ગ હાથ ન આવવાથી છેવટે થોડા ઘણાં વિરોધે એક ઉપાય ઉપર થોડાઘણાનો એકમત થયો.

ભરૂચની પીંજારા જ્ઞાતિમાં ભક્તજીવ મહંમદ ફાઝલ નામનો શ્રી સદ્‌ગોરનો શિષ્ય હતો, પરમાત્માનો પૂર્ણ ભક્ત હોવાથઈ આર્થિક સ્થિતિ જોવા માત્રમાંજ અતિ કંગાલ દેખીતી, ગામમાં રહેવા ઘર નહિ, ને સીમમાં ખેતર નહિ. પહેરવા વસ્રના તાગડા ન જે. દેખાતી આવી સ્થિતિ હોવા છતાં ગામે, પરગામે, જ્ઞાતિ પરજ્ઞાતિએ ગમે તે માણસ રોગી, દુઃખીસૃ નાગો, ભૂખ્યો, દીન દશામાં પડતાંજ તેની સુશ્રુષામાં વળગી પડતા, તેની સ્થિતિ કાંઈક સમજવા જેવી થતાં જ ભક્ત શાન્ત થતા તેમના મનમાં શત્રુ, મિત્ર એવું હતું જ નહીં. પોતાના નિત્યકર્મ સંધ્યા, પૂજાદિથી પરવારી દીન સેવા, એજ એમનું નિત્ય કર્મ હતું. ભક્તની દીન સેવાનાં કારણે ભરૂચના પીંજારાની જ્ઞાતિની ખ્યાતિ ચારે ગમ વિસ્તરેલી, એથી કેટલાક ઈર્ષાખોર, અહંભાવી, દુષ્ટ બુદ્ધિવાળા

પીંજારાઓ ભક્ત ઉપર ખારે બળતા, તેઓને આ સમય પ્રાપ્ત થતાં પોતાનો કીન્નો લેવાનો લાગ મળેલો જાણી ભક્તને લશ્કરી અમલદારને સોંપવા કેટલાક જ્ઞાતિલાઓને પોતાના વિચારમાં મળતા કરી પ્રપંચ રચ્યો ! લશ્કરી અમલદાર આગળ એક બનાવટી વાત મૂકી, કે અમારી જ્ઞાતિનો પટેલ મહંમદ ફાઝલ નામનો ગૃહસ્થ છે, તે પતઈ તરફનો પટેલ છે. તેણે અમોને એવી આજ્ઞા છે, 'મહારાણા પતઈના શત્રુ પક્ષના કોઈ પણ હોય ! તેને કાંઈ પણ મદદ કરવી નહિ ! એક સુતરનો તાર સરખોએ આપવો નહીં, જો મહારાણાના ફરમાનનું ઉલ્લંઘન કરશો, તો તમારા જણ બચ્ચાનો નાશ કરવવામાં આવશે.'' એથી અમો આપની સેવા કાંઈ પણ કરી શકતા નથી ! તેમ સુતર પણ આપી શકતા નથી.

'અમારો પટેલ મહંમદ ફાઝલ પોતે ગૃહસ્થ છે. તે એકલો જ જો ઈચ્છે તો આપનું સર્વ સુતર પુરૂં પાડે તેમ છે ! દેખીતો એનો વેશ ભિખારી જેવો કંગાલસમ લાગે છે' એ વાત સાંભળતાં જ અમલદારે ભક્તને પકડી મંગાવ્યો ! પતઈનો પટેલ, સુતરાદીનો મનાઈ હુકમ, અમારા કામમાં આડે આવનાર નાતનો પટેલ, ગૃહસ્થાદિનાં આક્ષેપોથી નિવાજી ધમકીથી ભક્તને વધાવી લીધા ! મારવામાં પણ પાચી પાની કરી નહિ ! એકતો શાહી લશ્કરી અમલદાર, બીજી શત્રુ પક્ષની દાખલગીરી આડે આવનાર એવા કારણોથી અમલદાર ઉશ્કેરાઈ ભક્તની પાયમાલી કરવા મંડી પડ્યો. બીજા પીંજારાઓને રજા આપી દીધઈ. ભક્ત અતિ ભારે લાચાર થઈ ગયાં ! સમજી ગયા કે 'આ કાર્ય મારી જ્ઞાતિનું છે. મને દુઃખમાં નાખનાર જ્ઞાતિજ નોજ છે !' ભક્તે જ્ઞાતિ દુઃખ દિલમાં વિચારી જ્ઞાતિ સંકટ ટાળવા દયાએ કરી પરમાર્થે અમલદાર આગળ આવી બોલ્યા. 'મને મારે મારથી આપ સુતર નહી મેળવી શકો ! જીવ કદી લઈ લેશો. એથી આપનું કાર્ય નહિ થાય ! મારા ચામડામાં કે પીઠમાં સુતર ભર્યું નથી ! મને છૂટો મૂકી મારી સાથે આવે તો સુતરની જોગવાઈ કરી આપું મારી જ્ઞાતિએ મારી સ્થિતિ બાબત જે આપને સમજાવ્યું તે તદ્દન સત્યથી વેગળું છે. મારી સ્થિતિ સત્ય રીતે સમજવી હોય તો ગ્રામ્યજનોને પૂછી ખાત્રી કરી શકો છો.

''પણ આપના અતી ત્રાસે મારે આ માર્ગ લેવો પડ્ય છે મારૂં ધ્યેય જ્ઞાતિજનો, મારી જ્ઞાતિની દયાની ખાતર આપને સુતરનો બંદોબસ્ત કરી આપું છું.'' એવું કહી ભક્ત આગળ ચાલવા લાગ્યા, પાછળ લશ્કરી અમલદાર ચાલ્યા.

મજકુર શેહરમાં જ પીંજારા જ્ઞાતિની મરિયમબાઈ નામની મહાન સાધ્વી ભક્તની ગુરૂબેન હતી, મરિયમ પણ ભક્તથી ભક્તિ, પરમાર્થાદિ ધાર્મિક કાર્યમાં જરા પણ ઉતરે તેવી નહોતી. આવતી બીજ એ શુક્રવારી હોવાથી બીજની પૂજા સામગ્રીના સાહિત્ય તૈયાર કરવા નાણાંની જરૂર હતી. પોતાની આર્થિક સ્થિતિ ભક્ત કરતાં જરાએ સારી નહોંતી, એ ચિંતા મૂક્ત થવા જંગલમાંથી અડાઉ વણ ઉગાડેલ છોડમાંતી કપાસ વીણી લાવી, તેની પૂણીઓ કરી કાંતતી હતી તે સમયે ભક્ત લશ્કરીઓ સાથે આવી બેનને સુતર અને માટીનો ઘડો હોવાનું પૂછ્યું ! બેને તે હા કહી કહ્યું કે 'બે ત્રણ કોકડાં સુતરના હાલ કાંતેલા પડ્યા છે. પિજા માટે જળ લાવવા માટીના બે ઘડા કુંભારને ત્યાંથી લાવી છું ! ભક્તે એક સુતરના કોકડાને એક ઘડાની માંગણી કરી, બેને લાવી હાજર કર્યા ! ભક્તે કોકડો લઈ ઘડામાં નાખી, એક છેડો સુતરના તારનો હાથમાં લેઈ સીપાઈયોને કહ્યું. કે ''લ્યો તાણો'' સીપાઈ આશ્ચર્યમૂઢ થઈ વિચારવા લાગ્યા, કે 'આ ભક્ત બાળ રમત સમજતો લાગે છે. એક કોકડે શું થાશે ?'' તે દરમ્યાન ભક્તે સુતર તાણી ઢગલો કરી દઈ લશ્કરી સિપાઈયોના હાથમાં સુતર સમટી દોરડા માટે તૈયાર કરવા બીજી મદદ માટે પીંજારાઓને એકત્ર કરવાનું કહી પોતે રવાના થઈ ગયા, લશ્કરી અમલદારે તરત પીંજારોને એકત્ર કરી પોતાનું કાર્ય સમેટવા માંડ્યું. દોરડાં પોતાની અગત્ય કરતાં ડબલ વણાવી લઈએ ટૂકડી પાવાગઢ તરફ રવાના થઈ ગયું.

નિર્મીત કાળ કરતાં ભરૂચમાં લશ્કરી ટુકડીએ ઘણો સમય વ્યતીત કરેલો હોવાથી અમલદારે તેનું કારણ પૂછ્યું, ટુકડીના અમલદારે ભરૂચની સર્વ વિતક મહંમદ ફાઝલની કારકીર્દિ સર્વ કહી સંભળાવી ! ''સુતરના એક કોકડામાંથી આ સર્વ દોરડા થયા છે. આદિ'' લશ્કરના વડાને આશ્ચર્યજનક લાગવાથી એ ટુકડીના અમલદારને હજુર પાસે લઈ ગયા, ને સુલતાન સમક્ષ મહંમદ ફાઝલની કથા સંભળારાવી. છેવટે ત્યાં સુધી કહ્યું કે ''આ સર્વ દોરડા એક સુતરના કોકડામાંથી થતા એ કોકડો અકબંધ પાછો સોંપ્યો છે.'' સુલતાન દિગ્મૂઢ બની જીએ મહંમદ ફાઝલને હજુરમાં બોલાવી લાવવાની આજ્ઞા આપી ! 'જાઓ એ મહંમદ ફાઝલને ઘણા માનમરતબા સાથે એમની ઈચ્છીત સ્વારીમાં બેસાડી લઈ આવો, એમનું મન જરાપણ કચવાવા દેશો નહિ. બળજબરાઈએ જરાપણ એને લાવવાના પ્રયત્ન કરતા નહિ, છેવટ વિનવતાં વિનવતાં નાજ આવો. તો આ પ્રશ્નનું સ્પષ્ટિકરમ કરવા વિનંતી કરી જવાબ જરૂર લેતા આવજો ભલે ગમે તેટલા દિવસ થાય. એમની રાજી રાજાએ કામ કરજો,'' સુલતાને પાવાગઢે ચઢાઈ કરી છે તે જીતાશે કે નહિ ?

જીતાશે તો તે ક્યારે ? બાર બાર વરસના યુદ્ધે ઘણા નિર્દોષ માણસોના વધ અને સેવાઓનાં દુઃખો જોઈ સુલતાન હતાશ થઈ, યુદ્ધથી કંટાળી ગયો છે, વહેલો પાર લાવવાનાં વિચાર ઉપર આવી ગયો છે, આ પાર કે એ પાર જોવા અધિરો થઈ રહ્યો છે. માટે આપ તેનો પૂર્ણ રીતે જવાબ આપવા દયા કરો.'' આનો જવાબ લઈ વહેલા આવો.

મજકુર અમલદાર પુનઃ ભરૂચ આવી ભક્તની સેવામાં હાજર થઈ પગે લાગી. અગાઉ આપેલા ત્રાસની માફી માંગી. સુલતાનની આભારી લાગણી પ્રદર્શિત કરી, હજુરમાં પધારવા વિનંતી કરી, નિઃસ્પૃહી ભક્ત સ્પષ્ટ સંભળાવી દીધું. હજુર ! બકરી સિંહની સમક્ષ કેમ જઈ શકે ? મારાથી કોટી ઉપાયે પણ સુલતાન સમક્ષ નહિ જ આવી શકાય. ઘણાં ઘણાં અદબથી હજુરમાં મારા સલામ કહેજો !' અમલદારે જોયું કે કોઈપણ ઉપાયે ભક્ત હજુરમાં નહિ જ આવે, ત્યારે સુલતાનનો છેવટનો નિર્દેશ સંભળાવી દીધો ! ''સુલતાને પાવાગઢ ઉપર ચઢાઈ કરી છે, તો તે જીતશે કે કેમ ? અને જો જીતશે તો ક્યારે ?'' આદિ પ્રશ્નો સાંભળી ભક્તે ટુંકો જવાબ દઈ દીધો કે ''પાવાગઢ આપનારી પોતે જ તમારા લશ્કરમાં છે તેને પૂછો ! તે કહેશે.'' અમલદારને ભક્તનાં કથનો હાસ્યજનક ભાસ્યા ! પણ અદબની ખાતર કાંઈ પણ બોલ્યા વિના પુછ્યું ''અમો એમને ઓળખતા નથી'' ઓળખાણ આપો તો આપનો આભાર ભક્તે શ્રીમાતાની ઓળખ આવી રીતે થશે ! તેણે કહ્યું. ''તમો છાવણીમાં જશો પછી પહેલો ગુરૂવાર આવે તેજ રાત્રે મધ્યના સંધ્યા પછી એક તુફાની પવન ભયંકર સપાટાથી આવશે. એ પવનના સપાટાથી નાના મોટા સર્વ તંબુઓ પૃથ્વી ભેળા થઈ જસે, આખીએ છાવણીમાં નામનોએ અગ્નિ નહિ રહે. દીવાની તો વાત જ ક્યાં રહી ? તે સમયે એક તંબુ ઊભો હશે. તેમાં દિવો પણ બળતો હશે, તે તંબુમાં શ્રી માતાજી બિરાજતા હશે.'' એટલા શબ્દો બોલી ભક્ત રવાના થઈ ગયા. સરદાર ટુકડી સાથે પાવાગઢ હજુરમાં આવી ભક્તે કહેલી સર્ષ બીના કહી સંભળાવી. સુલતાનાદિ ગુરૂવારની રાત્રી ઝંખતા રહ્યા, એ વાર આવેથી મધ્યરાત્રી આવી, પવન સૂસવાટા ભેર જોસમાં ફૂંકાવા લાગ્યો, તંબુ માત્ર રાવટીયો સુદ્ધાં પણ ભોંય ભેગા થઈ ગયા, ધૂણીનો ચુલાનો દેવતા પણ રહેવા ન પામ્યો, દીવાની તો એંધાણી પણ રહેવા ન દીધી. સુલતાનનો ખાસ દરબાર ભરવાનો મોટો તંબુ જેને એક હજાર ચોબો લગાડવામાં આવતી તે પણ પડી ગયો. તુફાનની શાંતિ

થયા પછી સુલતાને લશ્કરમાં તપાસ કરાવી તો એક જ તંબુ ઉભો દીઠો, તે તંબુ સુલતાનની પુત્રી શ્રી બુઝુર્ગ બેગમ સાહેબા (મહામાયા)નો હતો. સુલતાને તંબુમાં જવા આજ્ઞા મંગાવી, આજ્ઞા મળતાં જ સુલતાન તંબુમાં દાખલ થઈ જુએ છે તો એક બાજુ શ્રીમાતાજી મહામાયા, તેની સામીબાજુએ શ્રી શાહોરજી નરમહંમદશાહ વચમાં ઘીની જ્યોત ઝગમગ એક જ શિખાએ પ્રકાશી રહી છે, સુલતાનના હૃદયમાં જામી રહેલી પૂજ્ય ભાવનાના પ્રભાવે શ્રીમાતાજીનાં ચરણ સરોજમાં ઢળી પડ્યો, એમ કહેતાં કહેતાં ઢળ્યો કે ''આમ મોટા જનો દગો દઈ રખડાવી મારે એ ક્યાંનો ન્યાય ?'' ''જા તને પાવાગઢ આપો, ચઢાઈ કરી જીતી લે, !'' આમ કહી ચઢાઈ કરાવી બાર બાર વર્ષ સુધી રખડાવી મારી, મારી નિર્દોષ રૈયતની પાયમાલી કરાવી ! એ શું આપને ઉચિત છે ? પાવાગઢ આવી રીતે અપાતો હશે' આવા લક્ષણે દિવ્ય જનોનો ભરોસો કોણ રાખશે ?'' એવાએવા ઘણા મેણા ટોણા સુલતાને શ્રી મહામાયાને સંભળાવી દીધા.

સુલતાન માતાજી, માતાજી કહેતાં જેવા પગે લાગવા જાય છે ! તેવાં જ માતાજી હાં ! હાં ! પિતાજી, પિતાજી આ શું ? એમ કહેતાં કહેતાં ઊભાં થતાં જવાબ આપ્યો !'' ''આ બેઠા ! એઓશ્રીની આજ્ઞા જ મેં આપને સંભળાવેલી, તેમને પૂછો !'' એમ કહી શ્રી શાહોજી ભણી સાન કરી, પોતે સુલતાનને પગે લાગ્યા.

સુલતાન શ્રી શાહોજી તરફ ફર્યા. શ્રી શાહોજી પણ સુલતાનના સ્વાગત ખાતર ઊભા થઈ ગયા. સુલતાનને આશ્વાસન આપી, સુલતાનની મનોવેદના શાન્ત કરવા ફરમાવ્યું. ''પરમાત્માએ સર્વ કાર્ય માટે તેનો સમય નિર્માણ કરી રાખ્યો છે. કાર્ય તેનો સમય આવ્યા વિના પૂર્ણ થતું નથી. દૈવની ગતિ ન્યારી છે, તમારા હાથથી જેટલા દુષ્ટોનો નાશ થવા લખ્યો હસે
તેટલાનો તેટલે વખતે થઈ રહેશે ! ત્યાર પહેલાં તમારું ધાર્યું કેમ થાય ! મહાજનોના ભાખ્યા મિથ્યા થતા જ નથી, પાવાગઢનો તમોને આપ્યો તે સાચો છે. તમો જીતશો, નિશ્ચિત રહો ! ઉતાવળા ના થાઓ શ્રીમતી મહાકાલીનું નિર્માણ પૂર્ણ થયા વિના નહિ જ રહે !''

સુલતાને કહ્યું, ''તમોને હજુ ઉતાવળ લાગે છે ! બાર બાર વર્ષના વહાણલા વાયા, જગતમાં નિર્દોષ પ્રાણીઓનો કેટલો સંહાર થઈ ગયો ? આપની આંખ હજુ ઉઘડતી નથી ! ઝટ વહેલો પાર આવે તે માર્ગ લો.'' શ્રી

શાહોજી નરમહંમદશાહ બાવાએ ફરમાવ્યું, ''સાંભળો ! આજથી સાતમો દિવસ બુધનો આવશે, એ દિવસે પતઈનો મામો ઉદયસિંહ માળવે અફિણાદિ લશ્કર માટે ખોરાકીનો માલ લેવા ચાર હજાર પોઠો સાથે ગયો, તેના પાછા પહોંચી વળવાનો નિર્મિત દિવસ ઘણા દિવસ થયા વહી ગયો છે, હજુ સુધી એ આવી શક્યો નથી, પતઈ ઘણા ખરા દરબારીઓ સહિત પોતે અફીણનો બંધાણી છે. આઠ દિવસથી અફીણ કોઈને મલ્યું નથી. જેમ તેમ વલખાં મારી ચલાવે છે, ખાસ પતઈ પણ ચાર દિવસથી અફીણ માટે ફાંફાં મારે છે, દરબારીઓ પતઈ સત તેના ઉપર ઘણા જ ઉશ્કેરાયેલા વહેમનાં વિચારોએ એ સર્વની બુદ્ધિ નષ્ટ કરી દીધી છે;

ઉદયસિંહ એક બહાદુર, વિશિક્ષણ, પ્રવીણ યોદ્ધો છે, યુદ્ધનાં સર્વ કાવા દાવાથી ને નિયમોમાં તો પારંગત હોવાથી માળવેથી માલ લઈને આવતાં વાટમાં લૂંટારાઓના એક મોટા સૈન્ય સાથે મુકાબલો થયો છે, પોતા પાસે લૂંટારાઓને પહોંચી વળે તેટલા સૈનિકો ન હોવાથી લૂંટારાઓના મુકાબલામાં અમુક સૈન્ય રાખી, આજુબાજુએથી હુમલાઓ કરાવી હંફાવતો માલ કોઈ એકાંત સ્થળે રક્ષણમાં રાખી લૂંટારાઓને થાપ દઈ મહા યુક્તિ અને બહાદુરીથી 'ઈનામ'ની આશા અને આશાએ આવી પહોંચશે, લૂંટારાઓ હાંફી પાછા જતા રહેશે ! જાન, માલ, આબરૂ, બહાદુરીથી સાચવી આવી પોતા માથે વીતેલી વિતક વધાઈ સહ કહેવા પતઈના દરબારમાં ઈનામની આશાએ હાજર થશે ! પતાઈ આદિ દરબારીઓનું સર્વ મંડળ પ્રથમથી અફીણનાં ઉતારમાં અક્કલ ખોઈ બેઠેલા ક્રોધાતુર થઈ બેઠા હશે, ઉદયસિંહને જોતાં જ મુર્દા ઉપર જેમ ગીધડાં ટૂટી પડે, તેમ ઉદયસિંહની સ્થિતિ થઈ જશે, પતઈને પગે લાગવા જતા ઉદયસિંહના માથામાં પતઈ જોડા સહિત પાટું મારશે, ઉદયસિંહનો માથાનો મુગટ માથામાં પતઈ જોડા સહિત પાટું મારશે, ઉદયસિંહ માથાનો મુગટ માથઆ ઉપરથી ઊડી ચોપદારના પગમાં જઈ પડશે, ઉદયસિંહ એક કાળા નાગની પેઠે પતઈનાં નાશની પ્રતિજ્ઞા લઈ લેશે, ક્રોધમાં આમળો ખાઈ અગ્નિમાં બળતા સર્પની જેમ ક્રોધને કાબુમાં રાખી વખત વિચારી દરબારમાંથી કામના બાના હેઠે નીકળી જઈ આપની હજુરમાં આવશે આપની છાવણીમાં ઉદયસિંહને આવતાં અડચણ ન પડે તેવો પ્રતિબંધ કરી રાખશો, એ આવે તે સમયે આપ તેનું સન્માન કરી વિશ્વાસ રાખી ભરોસો રાખી લાવેલ સર્વ પોઠોનો માલ ખાલી કરાવી લઈ ચારે હજાર પોઠમાં તમારા લશ્કરનાં આઠ હજાર માણસો ભરી દઈ ઉદયસિંહને સોંપી દેજો, એ આપણું લશ્કર ઉપર કોટ લઈ જશે, તે વાર ગુરૂવારનો હશે.

પતઈ અને દરબારીઓએ આપના નિત્યનાં હલ્લાઓથી કંટાળી આવી મંત્રણા કરી છે, કે 'મુસલમાનો દર શુક્રવારે દિવસના બપોર પછી એક બે ઘડીએ નમાજ પઢવા એકત્ર થઈ પ્રભુ પ્રાર્થના વાંચી રહ્યા પછી વાદો વગડાવી, બંદુકાદિનાં અવાજો કરી નિઃશસ્ત્ર થઈ નામ પઢવા સર્વ એક ઠેકાણે ઊભા થઈ જાય છે ! એ ટાણે આપણે તૈયાર રહી નિઃશસ્ત્રોનાં માથા તે જ ટાણે કાપી લેવા, એ નિઃશસ્ત્ર હોવાથી આપણે ફાવી જશું !' એ મંત્રણાએ ગુરૂવારની રાત્રીએ પોતાની ગુપ્ત હીલચાલ ઉપર કોટનું સર્વ અનામત સૈન્ય નીચે લાવી રાખશે, તે સમયે ઉપર કોટે આપણું ગયેલું સૈન્ય ઉપર કોટનો કબજો લઈ સજ્જ થઈ જશે એની ખબર કોઈને નહિ રહે, ઉદયસિંહની રસતની પોઠ અને તેના માણસો સમજી તે તરફ લક્ષ્ય રાખશે જ નહિ.

આપે તે દિવસે એટલે શુક્રવારે હંમેશની પેઠે નમાજ માટે માણસો પ્રથમના સમયે એકત્ર કરી લેવા ! ઢીલ કરવી નહિ. એ આજ્ઞા સર્વને આપી દેવી, મસીદમાં ભેળા થયા પછી ઉપદેશ (ખુતબો) ભણી રહી વાજીંત્રાદિનાં અવાજ કરો છો તે ન કરતાં નમાજ પઢી રહ્યા પછી શસ્ત્ર સજી બંદુકાદિ, વાજીંત્રોના શબ્દો કરવા ! એ ટાણે તમારો સમય વાદેનો આવી લાગશે. જેથી શત્રુ પક્ષને કાંઈ પણ સમજ નહિ પડતાં મુસલમાનો હવે નમાજ પઢવા ઊઠ્યા છે, એવી ખાત્રી જણાયાથી તમારા ઉપર ઓચિંતો હુમલો લાવશે, ઉપર કોટનું આપનું સૈન્ય નીચે ઉતરી આવી તે પતઈના સૈન્યની જગ્યા રોકી લેશે, તમો તૈયાર રહેલા હોવાથી એ લશ્કરનો મુકાબલો કરવા આગળ ધસસો જેથી ધાર્યા કરતાં વિપરિત પરિણામ આવવાથી એ લશ્કર આંચકો ખાઈ જશે ! તમારો પ્રહાર ન સહવાથી પાછાં હઠવા જતાં તમારા પાછળના સૈન્યનો મારો ચાલુ થાશે ! ગઢમાં માર્ગ નહિ મળવાથી કંટાળી પતઈના સૈન્યમાં ભંગાણ પડી છિન્ન છિન્ન થઈ જશે ! રહેશે તે તમારે શરણે આવશે. આ વિધિએ પાવાગઢ તમો એક જ દિવસમાં જીતી લેશો.''★

★ પાવાગઢનો આ ઈતિહાસ વડોદરા રાજયના ઈતિહાસિક દફતરમાં છે, સત્પંથના પુસ્તકોમાં છે, પાવાગઢનું વર્ણન પલ્લીકમાં મહાકાળીનાં ગરબાઓમાં, ગુર્જરીના ગરબામાં ગઢવી બારોટાદિ ઘણે ઠેકાણે જરા તરા પાઠા ફેરથી વર્ણન જ્યાં ત્યાં મલી આવે છે. સમાજના મત ભેદે સત્ય હકીકત સ્પષ્ટ ન થતા ભળતા ભેદે ને મળતા અર્થે જગતમાં ગવાઈ રહ્યું છે.

વેદ, ભવિષ્ય પુરાણ, કાગ ભુસંડી રામયણાદિ શાસ્ત્રોમાં કળિયુગ મલેચ્છ ગુણી કહ્યો છે, કળિયુગ માંહેના દેવોને ને બ્રાહ્મણોને પણ તો જ કહ્યા છે. તે આવા દ્રશ્યોથી સંપૂર્ણ સિદ્ધ થયેલ છે. માનવું ના માનવું તે પોતાની મનની વાત છે ! શાસ્ત્રો હંમેશા સાચા જ હોય છે, સત્યને પાખંડીઓ ત્યજાવે ! ભોળા સહવાસે તેની લાગી મૂકી દે, તેથી શાસ્ત્રને કાંઈ લાગતું વળગતું નથી ! માનનારાઓને જ્ઞાતિ, કુળ, મોટાઈ, મોભો, પદવી આદિ કાંઈ આડે આવતું નથી ! સત્પંથ માનનારાઓ શ્રીહરિની આજ્ઞા સમક્ષ એ સર્વ વિટંબણાઓ કાંઈ વિસાતમાં ગણાતા જ નથી ! સાત્ત્વિક વૃત્તિવાળાઓ જ કળીના દેવોનું રૂપ મ્લેચ્છ હોવા છતાં પુરા પ્રેમથી માની રહ્યા છે.

વૈદિક, પૌરાણિકાદિ સર્વ હકીકતો આજ કલિ રૂપે દેવો હોવાની હકીકત ''સત્પંથ ઈતિહાસ'' નામના ગ્રંથમાં શ્રીહરિની ઈચ્છા હશે તો આપશું. અત્રે એ સર્વ એકત્ર કરવા સમય સ્થળ નથી.

અનાદિ કાળથી સત્પંથ ઊપર આવરણો તથા પડળોના પડદા અવાર-નવાર પડ્યા જ કર્યા છે ! શ્રી હરિના હરિફો બની પોતે ભગવાન થવાના હોંસિલાઓ ભોળાઓને ભરમાવી ઘણા પ્રપંચે સત્પંથને ગુપ્ત (અલોપ કરી દેવા, અગર તેને ઢંકી દેવાની આશામાં ને આશામાં પોતાનો નાશ વહોરી લઈને પણ એ દુષ્ટ પ્રયત્નો મૂકતા નથી. શંખવે વેદ ચોર્યા, મધુકૈટભે રત્નો ચોર્યા, મૂરે પૃથ્વી પીડી, કોઈ શક્તિ શૃંગારનો ચોર, હિણ્યાકંશે પ્રભુ થવાની હોંસ સેવતા પોતાના દીકરાઓનો નાશ યોજતાં સ્વનાશ વહોરી લીધો, વળી ભક્તને ગર્વના માટે પાતાળે જવં પડ્યું ! સહસ્ત્રાર્જુનના પાપે એકવીસ વાર પૃથ્વી નક્ષત્રી થઈ, રાવણે બ્રાહ્મણ વંશનો નાશ કરાવ્યો, બ્રઆહ્મણો શ્રીહરિથી વિમુખ થઈ અસંખ્ય વાર શ્રાપિત બન્યા, તેનું પરિણામ આજ જગજાહેર ભોગવી રહ્યા છે, છતાં શ્રી હરિ સામેનું વેર ભૂલવા ઈચ્છતા નથી ઊલટા અતિ ઘણા બળે દ્વેષ વધારી શ્રી નારાયણની હયાતીનો લોપ કરવા મથી રહ્યા છે. એવા વિદ્વાનો હો છતાં ગર્વના અંધારામાં પોતાની વિદ્યા ઉપર વાટ ઉડાડી છે, સત્ત્વગુણ વિના વિદ્યા ભક્તિ જ્ઞાન કાંઈપણ સફળ થતું જ નથી, પણ એથી વિપરીત ભ્રમની જાળમાં પડી ભૂલવાણીઓ વધારી શ્રી હરિથી વિમુખ થવાય છે.

સત્પંથમાં મોક્ષ માટેનો સિદ્ધાંત યુગો યુગથી સનાતન એક જ છ, તે શ્રી પરમાત્માના (આદ્ય પુરૂષ) સમયે સમયે સૃષ્ટિના રક્ષણાર્થે મનુષ્યા તેને પ્રગટ અગર ગુપ્ત સંજોગાધિન આવ્યા જ કરે છે. તેને શોધી, ઓળખી, તેનાં

નામનો જાપ જપવો, અને તેના સ્વરૂપનું ધ્યાન ધરવું એ એકજ છે, વર્તમાન કળિયુગે શ્રી નારાયણ જ આદ્ય પુરુષ છે, તેને સહશાસ્ત્રે ખોળી, ઓળખી, ભજવું, તેની જ ધ્યાનાદિ સેવા કરવાની છે. એ વિના મોક્ષ માટે બીજો કોઈપણ માર્ગ નથી. ભલે એ માર્ગમાં ''ગર્વિતજનો'' ગમે તેમ; ગમે તેટલા કાંટા પાથરે ! એવી એ ફીટવાનો નથી, પણ વિમુખો પોતાનો જ માર્ગ શોધે છે.

ત્રેતાયુગમાં બળિરાજાની પુત્રી રત્નમાલાનું તપ પૂર્ણ થતાં શ્રીનારાયણે એ જ સિદ્ધાંત દર્શાવ્યો હતો, તે પૂર્ણ કરવા શ્રી વામનરૂપે ભગવાને બલિ દ્વારે આવવું પડ્યું ! રત્નમાઆળનું તપ સફળ થયું, હઠાગ્રહીઓને કોઈપણ દેવી, દેવતા સમજાવી શકતા નથી.

મહાઋષિ કાગભુશુંડીજીએ ગરુડજીના પ્રશ્નના જવાબમાં શ્રી ભગવાનના દશે અવતારોનાં ચરિત્રો સમજાવતાં જણાવેલું ! કે ''કલિયુગમાં દશો અવતાર વિક્રમના સાતમા સૈકામાં (સંવત ૬૫૫ કે ૬૫૬)માં ચાર ભાઈઓ સાથે મક્કલેસ્વરના મંદિરમાં જન્મ લેશે. તેઓનાં મુખ્ય આયુધ ખડગ ત્રેધારૂં હશે. તે ચમત્કારોથી ભરપુર, પ્રથમના મુખ્ય શસ્ત્ર ચક્ર સમાન જ હસે. એ સ્થળ સમયાદિનાં ઇતિહાસાદિ ગ્રંથો શોધતાં એવો પુરૂષ શ્રી અલી વિના બીજો કોઈ જડતો જ નથી. ભલે હઠાગ્રહીઓ મમતા કરે, પણ સત્ય પુરુષો તો એને ક્યારનાએ ખોળી ઓળખી ભજતા થઈ ગયા હશે. કબીર પંથી, માર્ગી પંથી, બીજ પંથી મેએરાજ પંથી તથા ગુરૂ નાનકાદિ ઘણા મહાપુરૂષો કાંઈક કાંઈક હેરફેરથી કોઈક ગુપ્ત, કોઈક પ્રગટ રીતે પૃથ્વીની પીઠ ઉપર બીજીને સેવી રહ્યા છે. કેટલાક બીકથી, કેટલાક સમજ વિનાની ખોટી લાજના મોહમાં મુકીને બહાર જાહેરમાં આવવા દેતા નથી.

અનાદિકાળની હરિવંશની સંકલના શ્રી અલીથી જોડાઈ છે. કલિયુગના યુગપતિ શ્રી નિષ્કલંકી નારાયણ શ્રી અલી દીપી રહ્યા છે, સત્પંથ શ્રી (સનાતન) સિદ્ધાંતાનુસાર પ્રગટ ગાદીએ બિરાજતા હોય ત્યારે બ્રહ્માનું શરીર બાર કળાયુક્ત, ને શ્રી શાહોનું શરીર સોળ કળાયુક્ત મનુષ્યરૂપે હોય છે. કળા વિના પ્રગટ ગાદીએ રહી શકે જ નહિ. કળા રહિત મનુષ્ય શરીરે ગાદીએ બિરાજનાર ગોર કે નર કહેવરાવનારાઓ ઢોંગી, પ્રપંચી, જૂઠા જ હોય છે, તેને માનનારાઓ સત્ય માર્ગથી ચૂકેલા જ કહેવાય. હરિવંશ માટે એ પણ સિદ્ધાંત છે કે, ૧. બ્રહ્મા, ૨. વિષ્ણુ, ૩. શક્તિ, એ ત્રણે એવા સગપણે સંધાયા હોય કે એ ત્રણેનો વંશ એક જ ચાલે, અને એ જ વંશમાં હરિ બ્રહ્મારૂપે કે વિષ્ણુરૂપે આવે, બીજા કોઈપણ વંશમાં આવેજ નહિ. હરિવંશમાં

જન્મેલ બ્રહ્મા કે વિષ્ણુ અંશોને જ સત્પંથીઓ પૂજે. બીજાઓને નહિ, અન્ય ડહાપણ કરી જગત ઠગવા વેશ કરી બનાવટ કરતો હોય તો તે સ્પષ્ટ ઢોંગી જાણી ત્યજવા પાત્ર છે.

આજ કલિયુગમાં ઢોંગીઓ હરિવંશમાં હોવાનો ડોળ કરનારા ઘણા દેખાય છે ! દાખલા તરીકે મુખીયો, ભક્તો, કાકાઓ, આદિ અને સત્પંથ બહારનાને અંદરનાં એવા ઢોંગીઓને ઓળખી કામ પાડવું. ''પાત્ર પીછાણી પરીબ્રહ્મ પૂજીએ.'' સં.શા.

શ્રી અલીથી શ્રી હરિવંશની ગણના શાસ્ત્રકારોએ એવી રીતે કરી છે, કે બ્રહ્માએ નબી મહંમદ સાહેબ, વિષ્ણુ એ સલીસાહેબ શક્તિ એ માતા ફાત્મા એ ત્રણે દેવોથી ચાલેલો વંશ, તે શ્રી ઈમામ હુશયેનથી હરિવંશ લેખ્યો. બ્રહ્મા, વિષ્ણુને પધારવાનો મુખ્ય માર્ગ હરિવંશ જ છે એ વિનાના માર્ગને ઓળખાવરાવતો હરિવંશ એ ઢોંગ છે. અને હરિવંશ વિના જન્મેલ પુરૂષ પોતાને બ્રહ્મા વિષ્ણુ સ્થાને પોતાને પુજા વરાવે તો તે પુરુષ મહા ચંડાળ છે.

સનાતન (સત્પંથ) ધર્મના શત્રુઓ અનાદિકાળથી ચાલ્યા જ આવે છે. શ્રી મચ્છા અવતારતી જ શ્રીહરિના શરીરોનો નાશ કરવાનું ઈચ્છયા જ કરતા. શ્રી હરિને ખોટા બતાવી તેને બદલે પોતાને પુજાવરાવવા પ્રયત્નો કર્યા કરતા ! એ વાતની સાક્ષી દશ અવતારોની કથાઓ આપી રહી છે.

શ્રી 'રામ' વિષ્ણુનો સાતમો અવતાર થયો હતો જેને આજ હિન્દુસ્તાનના ઘણાખરા મનુષ્યો માને છે, અને જાણે છે, ને પૂજે છે. પણ જે સમયે શ્રીરામ પ્રગટ બિરાજતા હતા, અયોધ્યામાં દશ હજાર વરસ રાજ્ય કર્યું, બાર વરસ વનવાસ શ્રી સીતા સહ ભોગવ્યો ? તે સમયે શ્રી રામને ભગવાન રૂપે માનનારાઓમાં કોઈ મનુષ્ય દેખાયો નહોતો ! વિશ્વામિત્ર વસિષ્ઠ સિવાય શત્રુ ઘણા હતા. અપર માતાથી લઈને ઘણાખરા ઘરના ને બહારના ઘણા ખરા શત્રુપણું રાખતા. ત્યાં સુધી કે રાવણ બ્રાહ્મણે શ્રીરામની સ્ત્રીને હરિ જવા હિમ્મત કરી, શ્રીરામ ને રાવણના યુદ્ધ સમયે હિન્દુસ્તાનના એટલા રાજ રજવાડા અને મનુષ્યો હોવા છતાં કોઈ મદદે કે સેવા અર્થે આવ્યો નહોતો, રાવણ સૈન્યમાં માણસો અપાર હતા ! પણ શ્રીરામના સૈન્યમાં રામ, લક્ષ્મણ વિના ત્રીજો માણસ દેખાયો નહોતો. વાંદરોને શ્રીરામે પોતાની અપાર શંક્તિબળે વાંદરસેન મેળવી લીધું હતું. એથઈ સિદ્ધ થાય છે કે શ્રીરામ હયાતીમાં શ્રીરામને પ્રભુ તરીકે પૂજનારા ફક્ત સોળ જ મનુષ્યો

વિના બીજો કોઈ હતો જ નહિ ! શ્રીજીનાં અંતરધ્યાન પછી ઢોંગીયોનો સમૂહ ઊલટ્યો છે.

શ્રીકૃષ્ણ પ્રભુએ ઘણા પવિત્ર ચારિત્ર્ય અને ચમત્કારોથી જગતને છક કરી નાખી હતી, ઘણ ગરીબોના કાર્ય કરી દરિદ્રો ફેડી નાખ્યા હતા, છતાં તેઓને ભગવાન તરીકે પૂજનારા દેખાતા નહોતા, પણ શત્રુઓના તો રાફડા ફાટેલા રહેતા, દ્વાપરયુગનાં મનુષ્યોનો આવરદા બારસો વરસ નિર્માયેલો હતો ! શ્રીકૃષ્ણ પ્રભુએ ઘણાએ કાળ મનુષ્ય સાથે રહી લીલા કરી હતી, મહાભારતાદિ ઘણાએ યુદ્ધો શ્રીકૃષ્ણને કરવા પડ્યા, મનુષ્યો આજ જેટલા માને છે તેટલા જો શ્રીકૃષ્ણને પ્રભુ માનનારા હોત તો એ યુદ્ધો થાત જ કેમ ? મહાભારતના યુદ્ધે તો હદ વાળી ! વિદ્વાન બ્રાહ્મણો, આચાર્યો ક્ષત્રીઓ ભક્ત કહેવરાવતા વૃદ્ધ પુરુષો. પણ શ્રી કૃષ્ણ સામે બણાદિ શસ્ત્રો મૂકતા જરાએ અચકાયા નથી, આજ જગત શ્રીકૃષ્ણને ભગવાન બનાવવા તલપાપડ થઈ રહ્યું છે, પણ તેઓશ્રીની હયાતી સમયે ઘણા માનનારા હોત તો આટલા યુદ્ધો શ્રીકૃષ્ણને લડવા પડ્યા ન હોત. એ જ મોટી દલીલ છે. શ્રીકૃષ્ણની હયાતીમાં શ્રીજીને ફક્ત ચાલીસ જ માણસો પ્રભુ તરીકે માનનારા હતા.

શ્રી બુદ્ધાવતારના ચરિત્રોની કથાને તો બ્રાહ્મણોએ કોણ જાણે ક્યાંએ સંતાડી દીધી છે ! શ્રીજીનું સ્થાન પૃથ્વી ઉપર રહેવા પણ દીધું નથી. શ્રીજીના અવતારિક ચરિત્ર સંતાડવા ભળતા નામે કોઈ ઓર જ લફરૂ વલગાડી દીધું ! શ્રી બુદ્ધાવતારનો સમય દ્વાપર યુગનો શાસ્ત્રો કહે છે, ત્યારે તે ઢસડી લાવી યુદ્ધને બદલે બૌદ્ધ શુદ્ધોદનના પુત્રને કલિમાં થયેલ ને ગોઠવી જગતની આંખે અવળા પાટા બાંધી શ્રીહરિ સાથેના વેરને સતત પ્રયત્નોએ પુરૂં કરી દીધું એવી બ્રાહ્મણોની સનાતન રૂઢી એટલે શ્રી વિષ્ણુ ભગવાનના અવતારોની શત્રુતાઓથી પોતે કોઈ નવીન ખોળે ગરીબ જગતને પણ અંધારા તરફ ધકેલી જ દીધું, ત્યારે સર્વ સત્તામાન શ્રીહરિ પોતાની લીલા અવનવિ પ્રસરાવતા જ રહ્યા ! કોઈનું કોઈપણ ચાલવા દીધું નહિ.

આજ શ્રીનિષ્કલંકી અવતારનો સમય છે. શ્રીજીનાં રૂપ, દેશ, વેષ ભાષાદિના કારણોએ તો ભૂદેવોને શત્રુવટ પૂરો કરવાનો કાંઈ ઓછો અવકાશ નથી આપ્યો ! શ્રી બુદ્ધાવતારને એક તરફ નવમો અવતાર કહી ! તેને ચંડાલાદિ વિશેષણો આપતાં જરાએ ચૂક્યા નથી શ્રી શંકરના જ ભક્તો શ્રી નારાયણના શત્રુ એ તો અનાદિકાળનો ધારો !

આજ ધર્મ નેતા અને આગેવાન તરીકે પોતાની કોમને બ્રાહ્મણો આગળ લાવે તે, બ્રાહ્મણ બ્રહ્મને જાણે ઓળખે ઓળખાવે તે છે, તે જ પુજ્ય માનવા યોગ્ય છે. નિઃપ્રયોજન નામના જ બ્રાહ્મણ જ્ઞાતિ ઉપરથી મનાવનારાઓ મિથ્યા ઢોંગી છે ! શ્રી બ્રહ્મને ઓળખે, ઓળખાવે તે જ બ્રાહ્મણ ખરો છે, અસંખ્ય જન્મોના શાપો ભોગવતા બ્રાહ્મણ રૂપમાં દાનવો જગતને ભરમાવી શ્રીનારાયણની વિમુખ કરી સત્પંથ (સનાતન) ધર્મ સામે મોરચા માંડી તોડી પાડવા નિષ્ફળ મથી રહ્યા છે.

શ્રી દશમા અવતાર શ્રી અલીના સમયમાં વ્હેરની સનાતન રુઢી કાંઈ તૂટી ગઈ નહોતી ! તેઓ વિમુખપણામાં તેઓના જ સગા સંબંધીઓ જ આગેવાની લઈ રહ્યા હતા ! એ સમયે ઘણો જ ભયંકર શ્રી અલીના શત્રુવટમાં પસાર થઈ રહ્યો હતો ! શ્રી અલી પછી તરત જ શ્રી શાહોજી ઈમામ હુશ્યેનનો શાસનકાળ હતો, તેઓશ્રીને પજવવામાં જરા પણ સેવકો અને સંબંધીઓએ પાછી પાની કરી નથી ! તે જ પ્રણાલિકાએ શ્રી ઈમામ જાફરો સાદિકાદિ સુધી ઓછાવત્તા દુઃખ, ત્રાસો વેઠતા આવ્યા ! શ્રી ઈમામ ઈસ્માઈલ સાહેબનો સમય તો અતિ જ દુઃખદાઈ અને ત્રાસદાયક વિત્યો છે.

શ્રી ઈમામ ઈસ્માઈલ તે શ્રી ઈમામ જાફરો સાદિકના પવિત્ર ગાદી વારસ પુત્ર હતા, શ્રી ઈમામ જાફરો સાદિકને સાત પુત્રો હતા, પણ પાછળ શ્રીજીનો વંશ તો પાંચ પુત્રોથી જ રહેલો છે. મોટા પુત્ર શ્રી ઈમામ ઈસ્માઈલ હતા, તેઓશ્રીની માતા હરિવંશ માંહેતો હતા, શ્રી ઈમામ જાફરો સાદિકે પોતાની હયાતીમાં પોતાની પાછળ ઈમામતના ગાદીવારસ તરીકે શ્રી ઈમામ ઈસ્માઈલને પ્રગટ કરી ચૂક્યા હતા.

શ્રી ઈમામ જાફરો સાદિકે હારૂન રસીદના કુટુંબ માંહેલી વેચાણ લીધેલી દાસીને પણ સ્ત્રી તરીકે રાખી હતી, તેના પુત્રે મુસીએ કાઝમ થયો હતો, તેમને હારૂન રસીદ એટલે તે સમયનાં દેશોનો રાજવી અને સત્પંથનો શત્રુ. એ મામાને મુસીએ કાઝમ ભાણેજને ઘણું બનતું હતું. મુસીએ કાઝમ શ્રી ઈમામ ઈસ્માઈલથી અદેખાઈ ગણી રાખતા ! તેમાં વળી શ્રી ઈમામ જાફરો સાદિકે શ્રી ઈમામ ઈસ્માઈલ સાહેબને પોતાના પાછલા ઈમા મતની ગાદીના વારસા જાહેર કર્યા ત્યાર પછી તો ઈર્ષ્યાની અવધી આવી !

'હારૂન રસીદ બાદશાહ' એ બની અબ્બાસી કોમ માંહેલે હતો, એટલે સદ્‌ગોર નબીબમહંમદ ને શ્રી અલીના કાકાનું નામ અબ્બાસ હતું.

તેમના વંશમાં હોવાથી બની અબ્બાસી કહેવાતો તે પીતરાઈ હોવાથી પ્રથમથી જ એ બન્ને વંસોમાં વૈમનસ્ય હતું. અબ્બાસીયો શ્રી ઈમામના વંશની અદેખાઈ એ મહાન શત્રુ હતા, કોઈપણ ઉપાયે વંશનો નાશ જ ઈચ્છતા.

મુશિ એ કાઝમને મામાની મદદ ઘણી હતી, ને તેનો વિશ્વાસ પણ ઘણો રાખતા, જેથી શ્રી ઈમામ જાફરો સાદિકે શ્રી ઈમામ ઈસ્માઈલને ઈમામના ગાદી વારસ જાહેર કર્યા પછી તરત મુશિએ કાઝમે એ હકીકત મામને પહોંચાડી દીધી ! હારૂનને એક કાંકરે બે પક્ષી પાડવાનો લાગ આવ્યાથી તરત શ્રી ઈમામ ઈસ્માઈલને દગો કરવા હજુરમાં બોલાવવા માણસ મોકલી દીધા. શ્રી ઈમામ ઈસ્માઈલને અને તેઓશ્રી સાથે સેવામાં ચાર માણસોને સોદાગરોના વેષ ધારણ કરાવી વિધિના વચનો પૂરા કરાવવા જ સલ્મિયાના પ્રદેશ તરફ રવાના કરી દીધા. તેઓશ્રીના પધારી જવા પછી જ હારૂનના સેવકો શ્રી ઈમામ ઈસ્માઈલને તેડવા આવ્યા. શ્રી ઈમામ જાફરો સાદિક સાહેબે ફરમાવ્યું કે, ''એ તો કાયમ માટે ગયા'' એને માણસો મરી ગયા સમજી એમ જ હારૂનને કહ્યું ! હારૂને મુશિએ કાઝિમને બોલાવી વાતની સત્યાસત્ય ચોખવટ કરી મુશિએ કાઝિમે કહ્યું, ''હું કાલે અભે આવ્યો ત્યારે તેઓને સાજા નરવા જોયા હતા, હારૂનને શત્રુપણે બદલો લેવાનો લાગ આવેલો જોઈ પોતે શ્રી ઈમામનાં દરબારે આવ્યો. શ્રીજીને શ્રી ઈમામ ઈસ્માઈલ માટે પૂછયું, શ્રીજીએ જવાબ એ જ દીધો ! કે જે કરી રહ્યો ! પુનઃ પૂછયું ! દફનાવ્યા ?'' શ્રીજીએ જવાબ દીધો ''નહિ'' હારૂને દફનાવવા લઈ જવા માટે શ્રી ઈમામ ઈસ્માઈલનો જનાજો માગ્યો ! શ્રીજીએ શ્રી ઈમામ ઈસ્માઈલને સૂવાનો પલંગ નોકરો પાસે હારૂન આગળ લાવી મૂક્યો ! હારૂન પલંગની ચાદર ઉંચી કરી જુએ છે તો શ્રી ઈમામ ઈસ્માઈલ સાહેબના દર્શન થયા ! તેથી એ પલંગ જનાજ રૂપે ઉપડાવી લઈ મદીના તરફ રવાના થઈ ગયા ! રસ્તામાં હારૂનનાં જાસુસો અવારનવાર ''શ્રી ઈમામ ઈસ્માઈલ સાહેબ ચાર નોકરો સાથે સોદાગરના લિબાસમાં સલ્મિયાના રસ્તે જતો હમોને મલ્ય હતા.'' એવા સમાચાર હારૂનને આપતા ! ત્યારે હારૂન પલંગ જમીન પર મૂકી ખાત્રી કરવા ચાદર ઉંચકી જોતો ! શ્રી ઈમામ ઈસ્માઈલના દર્શન થતાં પુનઃ ઉંચકાવી વાટે પડતો ! એવી રીતે ચાલીસ જાસુસોએ હારૂનને શ્રી ઈમામના પંથે જવાના સમાચાર આપ્યા ! તેમ જ ચાલીસ વાર જનાજો ઉતારી ખાત્રી કરી આગળ ચાલતો. એ

પરચાના બળે શ્રી ઈમામ ઈસ્માઈલ સહીસલામત 'સલ્મિયા' પહોંચી ગયા, 'પલંગે પરચાએ દેખાતી લાશ' મદીને પહોંચી ! એ ભૂલવણીએ મહા ગાઢ સ્વરૂપ લીધું. હારૂનને વહેમ તો રહ્યો હતો ! સરહદના ગવર્નર ઉપર પણ તેણે કેટલો સમય વ્યતીત થયા પછી શ્રી ઈમામ ઈસ્માઈલ તેના મહેમાન હતા તે ટાણે હુકમ મોકલ્યો હતો ! કે 'તેઓને કેદ કરી હજુરમાં મોકલી દો !'' પણ તેમાં પણ નાસિપાસ થયો. પણ શ્રી ઈમામ જાફરો સાદિકનાં અવસાન પછી હારૂને રાજસત્તાએ શ્રી ઈમામ ઈસ્માઈલ સલ્મિયામાં જીવતા છતાં મરી ગયેલા જાહેર કરી પોતે મુશિએ કાઝિમને પોતાની રાજસત્તાએ ઈમામ જાહેર કર્યા ! હારૂનના સાગ્રિદોએ કબુલ રાખ્યા.

શ્રી ઈમામ ઈસ્માઈલ સાહેબે પોતાના પિતાશ્રીના અવસાન બાદ દશ વરસ ઈમામત કરી, પાછળ ત્રણ બુઓ મૂકી અમરલીલા સ્વીકારી. તેઓશ્રીનો નોજો 'સલ્મિયા' માં છે (એશીયાઈ તુર્કસ્તાનમાં).

શ્રી હરિની નિત્ય નવિનકળાએ માયા રમાતી હોવાથી તેને ઓળખવો સહેલો ન હોય ! કોઈનું ધાર્યું, કે કોઈનું કર્યું, કહ્યું કાંઈ કાંઈ પણ પણ થાય નહિ ફક્ત કાર્યવશાત જ ફુદાની જેમ દીપક ઉપર પડી દીવો ઓલવવાના પ્રયત્નો કરી. પોતાનો નાશ ઓરી લે છે એવા મિથ્યા પ્રયત્ને એ મહામાયાના પ્રયત્નો કરી. પોતાનો નાશ ઓરી લે છે એવા મિથ્યા પ્રયત્ને એ મહામાયાના ભેદો કોઈ પણ કળી શકે જ નહિ, સત્યને દુર્લભ કરવા દુષ્ટો બળવાન કરી પોતે નિરાળા રહી રસ્તો કરી લે છે, અબુજો એજ ઠાલી (શૂન્ય) રસ્તે ફૂટાયા જ કરે છે. સાત્ત્વિક ભાવનાવાળા સેવકો જે સાચા છે તેઓને સત્યની કાંઈ ઝાંખી કરાવી, સત્પંથ જીવતું, જાગતું, આનંદ કરતું મૂકી દઈ પોતે આનંદ આનંદ કરાવ્યા જ કરે છે ! એ રમતો રામ પોતાના ચરિત્રો અગમ્ય રાખી જગતની નજરોથી જોતાજોતામાં ગુમ થઈ ભેદોનો નોખે નોખે માર્ગે નોખી નોખી રીતે નોખા નોખા પુરૂષો હસ્તે કરાવે છે. એવા ગુંચવાડામાં સત્ય પારખી લેવું બહુ જ મુશ્કેલ છે.

એવા તો ઘણા રમતના ભેદો હરિવંશમાંથી મળી આવે છે. શ્રી ઈમામ મુન્તેશર બિલ્લાહ સાહેબને બે સ્ત્રીઓ હતી, તેમાં એક હરિવંશ માંહેલી કન્યા (દીકરી) હતી, તેમના પુત્ર શ્રી ઈમાન નિઝાર હતા. બીજીના પુત્ર મુસ્તેઅલી હતા. શ્રી મુન્તેશર બિલ્લાહ મિસરના શહેનશાહ હતા. મુસ્તેઅલીનો મામો

અમીર અલજ્યુસ લશ્કરનો અધિપતિ હતો ! શ્રી મુન્તેશર બિલ્લાના અવસાન સમે જ અમીર અલજ્યુસે શ્રી ઈમામ નિઝારને બંદીવાન કરી જેલ નિવાસી કરી પોતાની ભાણેજ મુસ્તેઅલીને રાજ્યસિંહાને શોભાવ્યા ! શ્રી ઈમામ નિઝાર સાથે જેલમાં તેમનાં સ્ત્રી, પુત્ર સાથે પૂરી દીધા. જેલ નિવાસને સમયે શ્રી ઈમામ નિઝારના પુત્ર શાહ હાદી બાલવયમાં જ હતા. શ્રી ઈમામ નિઝાર બંદીખાનામાં જ અમર લીલા કરી ગયા.

સત્પંથે સ્વીકારેલા ઈમામ શ્રી નિઝાર જ હતા, અત્રે મુસ્તેઅલી, ને નિઝારી, એવી શાખા થઈ, મુસ્તેઅલીને અમીર અલજ્યુસના કાંધિયાઓ, અને રાજ્યસનના દબેલાંએ સ્વીકાર્યા, બાકીના જગતના ઘણાખરા સુજ્ઞો શ્રી ઈમામ નિઝારીઓના જ ગુણગાન ગાઈ રહ્યાં છે. સત્પંથના શત્રુઓએ એ વંશનો નાશ કરવા ઘણા નિષ્ફળ પ્રયત્નો કર્યા જ કર્યા છે, શ્રી પીર સુરદદિન બાવા આદિ સત્પંથના ગુરૂઓએ ફરમાવ્યું છે ! કે ચાલીસ ઈમામ જ સત્પંથ મધ્યે કલિયુગમાં થશે.'' એ આજ્ઞા શ્રી પીર સુરદીનાદિઓએ ફર્માવી છે, પણ પોતાની મમતા અને સ્વાર્થ પૂરા કરવા મિથ્યાવાદીઓએ મિથ્યા સમજી સંખ્યા ચાલીસથી વધારી અડતાલીસ, ઓગણપચાસ, એમ વધારી જ રહ્યા છે ! એવા છાના હિતશત્રુઓને ભોળા માણસ ઓળખે જ નહિ ! ભવિષ્યની ભાવી આજ્ઞા કોઈ પણ મિથ્યા કરવા શક્તિમાન નથી એ સત્પંથના ગોરોને એક બાજુ ઢોંગે કૃત્રિમ રીતે જગતને ઠગવા ગુરૂ સ્વીકારી બીજી બાજુ એઓશ્રીના વચનામૃતોનો ઉચ્છેદ કરવો ! એ હળાહળ પાખંડ વિના બાજું શું ? પણ સત્પંથ ખરી રીતે નહિ ઓળખનારા અધુરિયા એવા કહેવાતા ઢોંગી સત્પંથીઓ ધૂતારાની જાળના ભોગ થઈ પડી સત્પંથ મૂકી ઢોંગી પંથને સ્વીકારે છે. એ ઢોંગી પંથે સત્પંથનું નામ બદનામ કરતા હોવાથી અધુરિયાઓ ભ્રમની જાળમાં પડી ભૂલા પડી જાય છે.

સત્પંથે તો સત્ય વાત ભાવિ કથન કરી જગતને જાહેર કરી દીધું છે કે ''સત્પંથમાં ચાલીસ જ ઈમામ થશે.'' ચાલીસ પછી એકતાલીસ કહ્યા જ નથી. હાલ સુધી શ્રીજીની આજ્ઞાનુસાર ''લાગટ છત્રીસ જ ઈમામ થયા છે.'' ચાર બાકી છે. શ્રી સદ્‌ગોરની એક એવી આજ્ઞા છે કે ''બારમી સદી પછીના દિવસો મહા વિકટ આવશે, જેથી ગોર, નર પ્રગટ (ગાદીએ કે કળા સહિત) નહિ જ રહે, તેથી શ્રીજીના ગુપ્તપણાનો લાભ લઈ ધૂર્તો ફાવી જાય છે, બાકીના ચાર ઈમામોમાં ચોથા શ્રી નિષ્કલંકી છે. બાકી રહ્યા ત્રણ, તો તે પણ એ અરસામાં જ દસમા અવતારની કથામાં જણાવ્યા પ્રમાણે'' હશે. હાલ તો શ્રીજીના ગુપ્તપણાના સંકેતને લીધે કોઈ પણ તેનો પ્રકાશ પાડવા સમર્થ નથી.

એક પછી એક નવિન યુક્તિએ રચાયેલા આવરણો સનાતન માર્ગ ઉપર આવતા જાય છે. એથી સત્ય દુર્લભ અને ગુપ્તપણે કઠણાઈમાં થઈ રહ્યું છે. શ્રી હરિની નિત્ય -નિત્ય નવિનતાને જગત કલ્પી શકતું નથી, માર્ગમાં ભુલભુલામણિઓ, અટપટી આંટીઓ અણઉકેલ પડેલ રહી છે ! ભલે પ્રપંચીઓ ગોથાં ખાધા જ કરે ! આ અગમ ભોદોથી ભરપૂર પંથ, હઠીલા, દુષ્ટવૃત્તિવાળા, અમલ (માદલપણાના) આહારવાળાઓને કદીએ નહિ જ સૂઝે.

શ્રી નિઝારી ઈમામશાહ હાદીને અલ્મોતના રાજાઓ કુમારોએ મીસરની જેલમાંથી ગુપ્તપણે કાઢી લાવીને અલ્મોતની ગાદીએ બેસાડ્યા ! અલ્મોતનો કીલ્લો ઈરાન દેશમાં દિલ્લમ જીલ્લે આવેલો છે. શ્રી નિઝારી વંશ ત્યારથી શ્રી ઈમામ અલાઓદીન મહંમદ સાહેબ સુધી ત્યાં જ રાજ કરતો રહ્યો.

શ્રી ઈમામ અલાઓદીન મહંમદ સાહેબને એક જ પુત્ર ''રુકનુદીન'' નામે હતા. રુકનુદીનની નાની સગીર ઉંમરે શ્રી ઈમામ અલાઓદીન મહંમદ સાહેબ ઉપર હલાકુખાંએ અલમોત ગડે રાજ્ય પ્રકરણી અગર ધાર્મિક અદેખાઈના કારણે ચઢાઈ કરી યુદ્ધ કરવા આવેલો ! શ્રી પૂર્વના નિર્મિત કાર્યો પૂર્ણ કરવા વચનનું પ્રતિપાલન કરવા પોતાનું કાર્ય સમેટી લેવાનું હોવાથી વંશ બદલવા જ શ્રી પીર શમ્સને બોલાવી શ્રી શાહની કળા તેઓશ્રીને સોંપી દઈ, પોતે હલાકુખાં સામે યુદ્ધે ચઢ્યા; આ શ્રીજીનું છેલ્લું યુદ્ધ હતું. દેહનો અંત એ જ યુદ્ધમાં લાવી મૂક્યો. યુદ્ધ પૂર્ણ થતાં જ શ્રી ઈમામ અલાઓદીન સાહેબનું રાજ્ય ઘર, કુટુંબાદિ સર્વ કબજે કરી લઈ હલાકુખાંએ સર્વનો નાશ કર્યો. શ્રીજીનો એક જ બાળપુત્ર રુકનુદીનને અમુક દિવસ પાણીમાં ડુબડી વંશનો ઉચ્છેદ કરી નાખ્યો.

શ્રી ઈમામ ઈસ્માઈલને ત્રણ પુત્ર; ૧. મહંમદ અકબર. ૨. મહંમદ અસગર. ૩. અલી હતા. ૧. મહંમદ અકબરના વંશમાં શ્રી ઈમામ અલાઓદીન મહંમદ હતા. ૧. મહંમદ અકબરના વંશમાં શ્રી ઈમામ અલાઓદીન મહંમદ હતા. ૨. મહંમદ અસગરના વંશમાં શ્રી પીર શમ્સદીન હતા. અત્રે ઈમામતે (શાહની કળાએ) વંશ પલટો કર્યો છે ! એવા વંશના પલટા સનાતન પ્રથા પ્રમાણે અગાઉ ઘણી વેળાએ થાય છે, એવા ઉલટા સુલટા વંશના ફેરફારોના કારણ જગત ભરમમાં ભૂલી પડી પાખંડ ને (ધૂતારાઓને ફંદને) અતિ જૂના અભ્યાસના લીધે વળગી રહી ધર્મ ગુમાવ્યો ! ''અમારૂં જુનુ'' એ ''મોહ''માં અનેક ટોળાં ધર્મને નામે પાખંડ પૂજતાં પડી ગયાં.

શ્રી ઈમામ અલાઓદીન મહંમદ સાહેબના પુત્ર રુકનુદીન પિતાશ્રીની અમરલીલા સ્વીકાર્યા પછી તરત જ થોડા દિવસ પછી હલાકુખાંના જુલમનો ભોગ થઈ અપુત્ર અમરધામ સ્વીકારી દીધું. બાળવયમાં ગુજરેલા એથી એમને રુકનુદીન 'ખુર્દ x સાલ. ખુર્દ = નાની x સાલ= વરસ, ઉંમર.) ઈરાની ભાષામાં કહેતા. ગુજરાતી અર્થ એનો 'બાલી ઉંમર' એમ થાય પાખંડીઓએ પોતાના અખંડ વંશના પાખંડને ટકાવી રાખવા 'રુકનુદીન ખુર્દસાલ' ને બદલે 'રુકનુદીન ખોરસા' કહેતા.

શ્રી ઈમામ અલાઓદીન મહંમદ સાહેબ તથા તેમના પુત્ર રુકનુદ નિર્વંશ લીલા કરી જવાથી સનાતન પ્રથા પ્રમાણે (અનાદિકાલે 'નર' 'ગોર'ની પાસે જ રહે, એ ન્યાયે.) શ્રી શાહપણું શ્રી સદ્‌ગોર દ્વારે આવ્યું. શ્રી નુર સદ્‌ગોર (પીર સલાઓદીન) સાહેબ તેમનો રોજો ગીજનીમાં છે. તેમના પુત્ર શ્રી સદ્‌ગોર પીર શમ્સદીન સાહેબ (જેમનો રોજો પંજાબ મુલતાનમાં છે તે) થયા. શ્રી પીર શમ્સ સાહેબને નરની (શાહ=વિષ્ણુ)ની કળા (પદવી) મળવાથી ગોરનર એ બન્ને કળાધિપતિ થયા. શ્રીને એ બે પુત્ર ૧. શ્રી નર કાસમશાહ. ૨. પીર શ્રી નશીરદીન હતા. શ્રી નર કાસમના પુત્ર નર શ્રી ઈસ્લામશાહ બાર કરોડીના તારણહાર થયા. પીર શ્રી નસીરોદીન સાહેબના પુત્ર પીર શ્રીશહાબોદીન. તેમના પુત્ર પીર શ્રી સદરોદીન સાહેબ બાર કરોડીના વરદાતાર થયા હતા. અગેથી ગોર ને નરની કળાઓ નોંખી પડે છે.

શ્રી પર સુદરદીન સાહેબના બાર કરોડીના સંઘ સાથે પીરશ્રીના પુત્ર પીરશ્રી કબીરદીન બાવા હતા ! એમણે નવ છોગાની પાઘડી વણી શ્રી શાહોજીને ભેટ કરી ! શ્રી શાહોજીએ પીરશ્રી કબીરદીન બાવાને અનંત કરોડીના વર આપ્યો ! ત્યારે પીરશ્રી નસીરદીને પોતાના બાળા બળનો નિર્દેશ કર્યો. શ્રી શાહોજીએ ફરમાવ્યું, ''તમારે ગભરાવું નહિ ! આપણે બન્ને ભેગા મળી કાર્ય કરીશું, તમારે ઘેર મહાબ્રહ્મ શ્રી સદ્‌ગોર ઈમામશાહ પુત્ર થઈ અવતરશે, તેને ઘેર હમો નરઅલી મહંમદશાહ પુત્ર થઈ જન્મ લેશું, એ વિધાને આપણું કાર્ય કરીશું.'' શ્રી પીર કબીરદીને પૂછ્યું, ''એ બાબતનો પરચો કેવો આપશો ?'' તેના જવાબમાં શ્રી શાહોજીએ ફર્માવ્યું ''કે જન્મના છઠે દિવસે જ સોળ કળા પ્રગટ દેખાડી વિધિ યુક્ત મેળો (પંજો) લેશું.''

આ ઉપરના સત્ય સિદ્ધાંતને ઉથલાવી સંતાડવા પ્રપંચીઓએ સ્વાર્થ ખાતર જરા પણ ઓછું કર્યું નથી. પીર શ્રી સુદરદીન બાવાની આજ્ઞા છે, કે ''મારા બાદ પીર શ્રી કબીરદીન પીર થાશે, તેઓશ્રી પછી મહાબ્રહ્મ પીર શ્રી ઈમામદીન ગાદીએ પીર થશે એવી એઓશ્રીની સ્પષ્ટ રીતે સત્ય પ્રચારની આજ્ઞા પ્રપંચીઓને ન રૂચે, એજ એઓનું કૂડ દેખાડી આપે છે ! પીર શ્રી સુદરદીનને પીર તરીકે માનનારાઓ જ તેઓશ્રીની આજ્ઞા જ ન માને તેવાઓને શું કહેવા ? આવા આજ્ઞાઓ પણ સ્વાર્થીયાઓને શાસ્ત્રોમાં વિદિત હોવા છતાં, શ્રી પીર ઈમામદીનને એ ઢોંગીઓ, મિથ્યાવાદીઓ તજી દઈ કપટ પૂજી રહ્યા છે.

શ્રી નરઈસ્માલશાહના પુત્ર નરશ્રી નુરશાહ વલીજી (નુરઅલી મહંમદ શાહ) પછીના કહેવાતા ઈમામો ઈરાનમાં રહેતા, તેમના કાર્યવાહકો હિન્દુસ્તાન (કાઠીયાવાડ, કચ્છ, સિંધુ, પંજાબ)નાં બાવા લોકો કાઠીયાવાડમાં રહેતા, પીર શ્રી કબીરદીન અને તેમનું કુટુંબ પંજાબમાં રહેતું, આજનાં સમયની પેટે આવવા જવાના સાધનો રેલ, મોટર, એરોપ્લાનાદિ કાંઈ નહોતું, પગે સફરથી ટપાલ, પોસ્ટ, તારાદિ સમાચાર પહોંચાડવા સાધનો પણ નહોતા, અનેક અખબારો હાલની પેઠે નહોતાં ! જેથી એક મુલકના સમાચાર બીજા મુલકમાં તરત હાલની પ્રથા પ્રમાણે પહોંચી જતા નાહ. ફક્ત દૈવિક શક્તિવાળા જ મહાપુરુષો ચરાચર ભૂમંડલાદિમાં વ્યાપિક હોવાના કારણે જ સર્વ સ્થાનોના જાણકાર રહેતા, તેઓને જ સર્વ ખબર દૈવિક શક્તિના લીધે મળી જતી.

'નર શ્રી નુરશાહ વલીજીની હયાતિએથી જ ઈમામત ગુજરાતમાં પધારેલ હોવાથી પંજાબાદિમાં ગુરૂપણાનાં ફેરફરાદિ અગત્યના ભેદોથી ઈરાન અજાણ જ હતું ! કાઠીયાવાડના બાવાઓ તે પણ પંજાબથી ઘણો દૂર હોવાથી ત્યાંની વિતક વાર્તાથી અજાણ જ રહેતા !

શ્રી પીર ઈમામશાહ બાવાને શ્રી શાહોજી નુરમહંમદશાહ (નુરશાહવલીજીએ) ઈરાન બોલાવી નરનો જામો સુપ્રત કર્યા બાદ દશાંશાદિ શાહનું વિધાન પૂરણ કરવા લાગ્યા ! એ વાતે બાવા લોકોની રોજીની હાની પહોંચતી હોવાથી શ્રી પીર કટીબદ્ધ થયા ! બાવાઓએ પ્રપંચના સર્વ ઉપાયો અજમાવ્યા ! તેમાં કંઈ ન વળવાથી ઈરાન શ્રી નુરશાહ વલીજીના પુત્ર મિથ્યા ઈમામ મુન્તેશર બિલ્લાહ પાસે જઈ, શ્રી સદ્‌ગોર ઈમામશાહ

બાવાની હકીકત જાહેર કરી ! અને તેઓના મુકાબલામાં આવે તેવા પીરની અગત્ય દેખાડી. પીરનો વંશ પીર કબીરદીન પછી ઈમામશાહ હોવાથી તેઓ ઈમામતનો તેમ પીરપણાનો એ બન્ને હકો ધરાવતા હોવાને લીધે. હમોને ઈમામનો હક કાંઈ મલતો નથી માટે તેમને દૂર કરી કોઈ બીજો એઓનો હરીફ પીર હમને આપો ! મુન્તેશર બિલ્લાહે ''પીર સુદરદીન, પીર કબીરદીનના વંશમાંથી કોણ આપણો સાથ આપી પીર શ્રી ઈમામદીનનાં વિરૂદ્ધ ઊભો થાએ એવો છે ?'' બાવાઓ પંજાબથી ઘણા દૂર રહેનારા હોવાથી ત્યાંની સ્થિતિથી અજાણ હોવાથી બોલ્યા, કે 'પીર શ્રી કબીરદીનની હયાતીમાં જ તેમના નાનાભાઈ પીર તાજદીને પીરાઈનો દાવો કર્યો હતો, એ પીર સુદરદીનના સૌથી નાના દીકરા છે, એ આપણું કામ કરશે !'' એ વાતને મુન્તેશર બિલ્લાહે અનુમોદન આપી એ પીર તાજદીનને પીર બનાવી પીર ઈમામશાહને પાછા પાડવાની બેત ગોઠવી ! અંધે અંધા બંને કુટાઈ મૂવા ! પીરની પેઢીમાં પીર કબીરના પછી પીરની પેઢીમાં પીર તાજદીનના નામને ઉમેરી પ્રપંચ ચલાવી દીધું.

પીર શ્રી સુદરદીન સાહેબને સાત પુત્રો હતા, સૌથી મોટા 'પીરશ્રી કબીરદીન બાવાને સૌથી નાના 'તાજદીન.' પીર શ્રી સુદરદીનની આયુષ્ય પાંસઠ વરસની, પીર શ્રી કબીરદીનની આયુષ્ય એકસો ઓગણીસ વરસની, તાજદીનની આયુષ્ય વીસ વરસની હતી. પીર શ્રી સુદરદીન તથા તાજદીન એ બન્ને બાપ દીકરાની આયુષ્યનાં વરસોનો જો સરવાળો કરીએ તો પંચાસી થાય છે. એ ન્યાયે પીર શ્રી કબીરદીનની આયુષ્યથી ચોત્રીસ વરસ ઘટે છે. એ જોતાં પીર શ્રી કબીરદીન, તાજદીનના મૂવા પછી ચોત્રીસ વરસ પાછળ જીવતા રહેલા ! ખરી રીતે પીર શ્રી સુદરદીનની ઉંમર અઢાર ઓગણીસ વરસની થયા પછી જ પીર કબીરદીન બાવાનો જન્મ થયેલો હોવો જોઈએ, એટલે પીર સુદરદીનને તાજદીનની આયુષ્યના વરસોનાં સરવાળામાંથી ઓગણીસ વરસ બાદ કરીએ તો છાસઠ વરસ જ રહે છે ! એ જોતાં ત્રેપન વરસ પીર કબીરદીન પહેલાં તાજદીન ગુજરેલા, તેને ત્રેપન વરસ પછી કબરમાંથી તાણી કાઢી હાજર પીર માનવાનું પીર કબીરદીનના મરણ બાદ ઠઠાડી દીધું.

એ માન્યતા ચલાવતાં જયારે જાહેરમાં આવ્યું કે તાજદીન તો ગુજરી ગયા છે. એનો ખોટો ફંદ છે ! એવી મશ્કરીઓ થવા લાગી ત્યારે બાવા

લોકોને ફરી ઈરાન જવું પડ્યું ! ત્યાંથી બીજો પીર લેવાનું કર્યું ! મુન્તેશર બિલ્લાહ પ્રપંચમાં પાવરધો હોવાથી બાવાઓને એક ચોપડી ''પિંદિયાદે જવાંમર્દિ'' નામની બુક સત્પંથમાં અન્ય ભાવના પ્રચારતી લખી આપી, એ ચોપડીને હાજર પીર મનાવરાવવાની બીજી રચાઈ ! ને તે ભોળા અંધ શ્રદ્ધાળુઓમાં આબાદ ઉતરી, સદ્‌ગોર ઈમામશાહ બાવા (સાચા સત્પંથી)ના વિરુદ્ધમાં આબાદ હથિયાર થઈ પડે.

પીરની વંશાવલીમાં એ બે મિથ્યા પીરોના નામનો જેમ તેમ કરી વધારો કરી શકાયો ! શ્રી પીર કબીરદીનના અવસાન પછી, ત્રેપન વરસ પહેલાં મરેલાને, હાજર પીર એટલે જીવતા જાગતા ઉઠાડ્યા. તેમાં ન ફાવવાથી બીજો કાગળ તે રૂશનાઈથી ચીતરેલો પીર ઉભો કરી. ચોપડીને જીવતો જાગતો પીર. વંશ વારસ તરીકે પેઢી નામના ખોસી દીધો, તે હાલ હજુ સુધી ચાલે છે, ''પીર કબીરદીન'' તો ગુજરેલા, પણ 'પણ પિંદિ યાદે જવાં મર્દિ' ક્યારે મરી ગઈ ? તેના જીવત કાળમાં બીજા પીરો કેમ આવ્યા ?

શ્રી પીર કબીરદીન પછી પીર શ્રી ઈમામશાહ સત્પંથનાં સત્પંથના માલીક હતા. તેઓ ગોર, નુર બન્ને કળાના માલીક હતા. શ્રી શાહની કળા જયારથી પ્રાપ્ત થઈ ત્યારથી શ્રી પાર ઈમામદીનને બદલે શ્રી પીર ઈમામશાહ લખાવરાવવા, બોલાવરાવવા લાગ્યા. ત્યાં સુધી શ્રી પીર ઈમામદીનજ કહેતા. ગોર અને નર, એ બન્નેની કળાઓ શ્રી પીર ઈમામશાહના શરીરમાં સત્તર વરસ રહી, તે શ્રી નરમહંમદશાહના જન્મથી જ શ્રી શાહની એકલી પાછી કળા નોખી પડી ગઈ.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા પીર ઈંદ્ર ઈમામશાહ બાવાના જીવનકાળમાં નુરશાહ વલીજીના પુત્ર મુન્તેશર બિલ્લાંહે રચેલી ખટપટો અને પ્રપંચો પીરની પુઠીયુંમાં જણાઈ આવે છે. એ પુઠીયુંમાં એક ચોપડી તે પણ હાજર પીર મનાવવી પડી છે. એ સર્વ શ્રીજીની લીલા ! ઘણા ઘણા પ્રપંચોનાં પૂર વહ્યા ગયા ! પણ સત્પંથ તો એમને એમ કાયમ છે, તે મહાદન સુધી રહેશે.

શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈમામશાહ બાવાના અંતર ધ્યાન થયા બાદ શ્રી શાહોજી નુરમહંમદશાહ બાવાના શાસનકાળમાં અનેક બાવા લોકોના પ્રપંચની ઉપાધિયો કંઈ ઓછી થઈ નહિ, ઘણાં ભોળા લોકોને ભોળવી ભૂત કર્યા ! ખેતા નામનો સત્પંથમાં મુખી હતો તેને શ્રી નુરમહંમદશાહ બાવાની વિરુદ્ધ ઉશ્કેરી ધર્મ વિરોધ બનાવ્યો ! કમળા કુંવરની દશાંશની મોહોર

સિક્કાની પેટીઓ જોઈ, પોતાના ઘરમાં તે પક્ષના સેવકોની એકત્ર કરેલી દશાંશની કોથળીઓ પોતાની નિશાની સહિત જોયા પછીએ શાન્ત ન થયો ! બાવા લોકોની સંગતે અને લાલચે દોરવાઈ ગયો ! કેટલાક કાળે પાછો શ્રી શાહોજીને શરણે બાવા લોકોથી કંટાળી આવ્યો, પણ શ્રી શાહોજીએ એ સામે નજરે ન કરી, એ ખેતા મુખીના હાથ પર ચડેલી અઢાર હજાર મનુષ્યના જુથમાં તરફરકો પડી ગયો. કેટલાય કડીવાલ સૈયદોનો શિષ્ય રહ્યા છે; કેટલાક જુના ધર્મિ મોમના કહેવરાવી બાવા લોકોની જાળમાં પડ્યા રહ્યાં છે.

શ્રી શાહોજી નરમહંમદશાહ બાવાના ઘરમાં ત્રણ સ્ત્રીઓ હતી. પ્રથમ શ્રી મહામાયા (બુઝુર્ગ બેગમ) સુલતાન મહંમદ બેગડાની પુત્રી. ૨. પરમાબાઈ, ૩ જમાલબાઈ (જમનાબાઈ) એ બે પોયા કાકા રબારીની દીકરીઓ થાએ. પોયા કાકા શ્રી શાહોજી ઉપર ફીદા થઈ પોતાનું સર્વસ્વ શ્રી શાહોજી ઉપર નિચ્છાવ કરી, શ્રીજીની હજુરમાં દાસ થઈ રહ્યાં ! ને પોતાની ઉપર બતાવેલ બન્ને દીકરીઓ શ્રીજીની સેવામાં અર્પણ કરી.

શ્રી નરમહંમદ શાહ બાવાને ત્રણ દીકરા હતા. ૧. શ્રી શાહોજી શાહાબોદીન બાવા. ૨. શ્રી મુસ્તુફા બાવા, એ બન્ને શ્રી 'બુઝુર્ગ બેગમ સાહેબ'- ના ઉદરેથી જન્મેલા. ૩. શ્રી સેદખાન બાવાએ પરમા બાઈ રબારણનાં ઓદરેથી જન્મેલા જમાલ બાઈને કાંઈ પુત્ર પુત્રી રહ્યાં જ નહોતાં, પોયા કાકા એશાવર ગામના ચિત્તોડ ગઢથી આવેલ પૈકીના રબારી હતા.

શ્રી નરમહંમદશાહ બાવના અંતરધ્યાન થયા પછી શ્રી શાહોજી શાહબોદીન બાવા સત્પંથનું રક્ષણ સોળ કળાવાળા શરીરે કરતા, થોડાક કાળમાં શ્રીજી શાહબોદીન બાવાએ પોતાના પુત્ર શ્રી શાહો જલાલશાહ બાવા જે તે સમયે બાર માસના હતા તેમને નરનો જામો સોંપી અમર લીલા કરી ગયા. શ્રી શાહોજી શાહબોદીન બાવાના અવસાન પછી સત્પંથ સેવાનું કાર્ય શ્રી શાહો જલાલશાહ બાવાનાં નેતૃત્વ નીચે શ્રી મુસ્તુફા બાવાએ સ્વીકાર્યું. તેઓશ્રી પણ થોડાક વરસના આયુષ્યના શ્રી નુરમહંમદ નામનાં મૂકી પોતાના ભાઈની વાટે અમ્મર લીલા સ્વીકારી ગયા. એ બન્ને ભાઈઓના સ્વધામ સીધાવી ગયા પછી શ્રી શાહોજીના કુટુંબીજનોમાં સેદખાન બાવા તે સમયે મોટી ઉંમરના હોવાથી તેમને સત્પંથી સેવાનું કાર્ય શ્રીશાહોજલાલ શાહ બાવાના નેતૃત્વ નીચે સોંપવામાં આવ્યું. એ કાર્ય સેદખાન બાવા હસ્તે વીસેક વરસ રહ્યું, સત્પંથના તમામ શિષ્ય મંડલમાં

હરતા ફરતા ભોમિયા ને પાવરધા હોવાથી કેટલાક આગેવાનો સાથે માયાના બંધનો થઈ ગયેલા, ઘણી જ રીતે પોતાનો પાયો મજબૂત જમાવી દીધેલ હોવાથી શ્રીજલાલ શાહ બાવા પુશ્ર વચના થયા છતાં સેદખાન બાવાની ઈચ્છા શ્રી જલાલશાહ બાવાને વહીવટ સોંપતા થતી નહિ. પૂરણ દબાણના અંતે વહીવટને ચૂંથી નાખી, ભાગલા પાડી સોંપ્યા. નુરમહંમદ ને સેદખાન એ બન્ને કાકા ભત્રીજા એક થઈ જમાતાદિમાં ત્રમ ભાગ પાડી ત્રણે સરખે ભાગે વહેંચવી, ''ત્રણ દીકરાના ત્રણ ભાગ હોય !'' આ પ્રયોગે સત્પંથ સંઘનું સંગઠન તોડી કસાકસીના ધંધાનું મંડાણ માંડ્યું. શ્રી શાહોજી જલાલશાહ બાવા ઉદાર, ત્યાગવૃત્તિવાળા હોવાથી સ્વાર્થને ધિક્કારતા, સત્પંથી આબાદીની ઈચ્છાએ તકરાર ટૂંકે પતાવી. સંસ્થા ગાદી સહિત ભાગે આવેલી જમાત એ ભાગ જે આવ્યો તે કબુલ રાખ્યો. જલાલશાહ, નુરમહંમદ સેદખાન એ ત્રણે ભાગીદોરોએ ભાગ વહેંચી લી તેની★ ફાગતિઓ થઈ ગઈ. ધોળકા કચ્છાદિ ભૂમિનાં સેવક તથા સંસ્થા શ્રી શાહોજી જલાલશાહ બાવાના ભાગમાં, અમદાવાદ, સુરતાદિ પ્રદેશનાં સેવકો નુરમહંમદ હસ્તે, ખાનદેશાદિ ભુમિના સેવકો સેદખાન બાવા હસ્તે રહ્યા. એ વિધાને ત્રણ તફા બંધાઈ જવાથી સર્વને અધ્યક્ષ થવાના મોહ પાસે ઘેર્યા ! પાછળથી શ્રી શાહોજલાલ શાહ બાવા તથા નુરમહંમદ બાવાના વંશજો કાંક તફાવતે એટલે નુરશાહી જમાતનો મુખ્ય ભાગ નુરમહંમદનાં વંશોએ પોતાનો નોંખો રાખી ભેગા થઈ ગયા ! શ્રી જલાલશાહ બાવાના વંશને; જમાતાદિ સંસ્થાની આવદીમાંથી કેટલાક ભાગો, વિશેષ હકો રહ્યા.

શ્રી સેદખાન બાવાએ સત્પંથના સત્ય સિદ્ધાંત શ્રી શાહની ઓળખને પ્રધાનપદે ન ગણતાં આર્થિક લાભને મુખ્ય ધ્યેય રાખો ! એવા એવા આવરણો ધાર્મિક દૃષ્ટિએ ઢગલાબંધ વર્ષિ રહ્યા.

શ્રી નરઅલી મહંમદશાહ બાવા (શાહની કાળવાળાએ) કુલ બદલવાથી હરિવંશની નવેસરથી ગોઠવણ થઈ. ૧. બ્રહ્મા શ્રી સદ્ગોર ઈમામશાહ. ૨. વિષ્ણુ શ્રી નરઅલી મહંમદશાહ. ૩. શક્તિ બુઝુર્ગબેગમ થતાં હરિવંશની રચના આમ ફરી નવેસરથી રચાઈ.

''સત્પંથ ઉપર આટલાં આવરણો હજુ ઓછાં છે એમ શ્રી હરિએ

★ ફારગતીના દસ્તાવેજી લેખો આદિ જેમના તેમ સત્પંથના ઈતિહાસમાં આપવાનાં હોવાથી તે સ્થળ સંકોચને લીધે અત્રે નથી આપ્યા.

ધારી નવીન રમત નવીન માયાએ રમવા માંડી, ને નવીન આવરણો સત્પંથી ઉપર વર્ષાવવા લાગ્યા.

ચોત્રીસમાં ઈમામ શ્રી જલાલ શાહ બાવાના પુત્ર પાંત્રીસમાં ઈમામ શ્રી મુર્તુઝાઅલીશાહ બાવા થયા, તેમના પુત્ર છત્રીસમાં ઈમામ શ્રી નર અશરફશાહ બાવા હતા. શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈમામશાહ બાવા, તથા શ્રી સદ્‌ગોર કબીરદીન બાવા, તથા શ્રી સદ્‌ગોર સદરોદીન બાવાની આજ્ઞા પ્રમાણે સત્પંથના ઉપાસ્ય દેવ શ્રી વિષ્ણુના ચાલીસ શરીરો (ઈથમ) જ સત્પંથની રક્ષા આ કલિયુગમાં કરશે ! એ આજ્ઞા પ્રમાણે નર શ્રી નરઅલી મહંમદ શાહના વંશે (શ્રી હરિવંશ) એક પછી એક એમ પ્રગટ રીતે ક્રમવાર ચાલુ અટૂટ પ્રણાલિકાએ ''છત્રીસ ઈમામ'' થયા, બાકી ચાર રહ્યા તે મહાદન લગભગ કાલિંગાને હણવાનો સમય પ્રાપ્ત થતાં થઈ રહેશે. તેમાં ચાલીસમાં ઈમામ તો શ્રી નિષ્કલંકી નારાયણ એટલે શ્રી મેહેદી પોતે થશે. એથી પહેલાં ત્રણ ઈમામો તેવામાં જ થઈ રહેશે.

શ્રી છત્રીસમા ઈમામ શ્રી અશરફશાહ બાવાના શાસન કાળમાં દિલ્હીનાં સિંહાસને ઔરંગઝેબ બાદશાહ રાજ્ય કરતો હતો, તેનો સુબો અમદાવાદનું એક શાસન ચલાવતો. તેના રાજ્યદિના સમાચારો નિત્ય દિલ્હી હજુરમાં પહોંચાડવા જોઈએ. જેથી સર્વ ઢેકાણે તેના ગુપ્ત, પ્રગટ દૂતો રહેતા, તે સમાચાર રવાના કર્યા કરતા. એ ન્યાયે અમદાવાદમાં સમાચારના લેખકો અમુક હતા, તેમાંથી એક લેખક સત્પંથને સમજ્યા વિના સત્પંથનો શત્રુ બની બેઠેલો, તેને ને દિલ્હીમાં હજુરના પ્રધાન જાફરખાને સ્નેહ સંબંધ હતો. તેણે કોઈપણ સંકેતે સત્પંથ વિરૂદ્ધના લેખો અવારનવાર લખવા માંડ્યા. અને તેવા લેખોને જાફરખાન પ્રધાનપદ આપવા લાગ્યો. એ કરે છે, એવા કોમિવાદના આક્ષેપો અવાર નવાર સત્પંથ માથે ઓઢાડનારા લેખો લખ્યા જ કરતો. એવી ઉશ્કેરણીભરી ચળવળમાં પ્રધાનનો બહોળો ભાગ હોવાથી ઔરંગઝેબનું સત્પંથ ઉપર આક્રમણ કરાવરાવ્યું !

ઔરંગઝેબ સત્પંથના મુખ્ય પુરુષ શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈન્દ્ર ઈમામ શાહ ચરિત્રોથી જૂના દરબારી લેખોથી ઘણો જ ભોમિયો થયેલ હોવાથી. અમદાવાદના લેખક અને હજુરી પ્રધાનની માથાકૂટ ફળદાઈ તો ન થઈ. પણ સત્પંથીઓને દુઃખદાઈ નીવડ્યા વિના ના રહી.

★ શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ બાવા લોદી બાદશાહના

★ આ કથાનો ઘણોખરો ભાગ ''ભાભારામ સુબોધ'' નામના ગ્રંથમાં આપેલો છે. પૂર્ણ વિગતવાર સત્પંથના ઈતિહાસમાં આપવાનો છે.

સમયે દિલ્હી સુધી સાદુલ્લાહખાનની મસીદમાં ઉતરી તે મસીદના મિનારા નમાવેલા તે માંહેનો એક મિનારો વાંકો રાખી અનેક ચમત્કારો દેખાડેલા તે મિનારો અદ્યાપિપર્યંત નમેલો છે. એ સર્વ હકીકત ઔરંગઝેબની જાણ બહાર ન હોવાથી, શ્રીજીના નામની ખાતર તેઓના ઉપર સખ્તાઈ ન ગુજારવાનો પ્રબંધ પ્રથમથી જ રાખેલો; ફક્ત સાધારણ હુકમો પત્ર દ્વારા પ્રથમ મોકલવામાં આવતા. એ પત્રો સર્વ ''સત્પંથના ગાદીવાળા'' એવા જ નામે અમદાવાદના સુબા મારફતેથી મોકલવામાં આવતા.

પીરાણાના ગાદીવાળા એ સમે નરનાથ શાહોજી શ્રી અશરફશાહ હતાં, તે સત્પંથના સર્વ સિદ્ધાંતો પાળતા ને પળાવતા, ત્યાગ અને વૈરાગ્યના આદર્શ પુરુષ હતા. સત્પંથ શીખવાડવાના સર્વ પ્રયોગોના અજોડ માહિતગાર હોવાથી હંમેશા ધ્યાનમાં મગ્ન રહેતા. એઓશ્રીને હંમેશાં નિર્જન એકાન્તવાસ બહુ ગમતો, એવા જ સ્થાનો ગોત્યા જ કરતા. કચ્છ તપેશ્વરી પ્રદેશ હોવાથી પોતે કચ્છ પ્રદેશના કોઈ અગમ્ય સ્થાને હોવાથી ઔરંગઝેબના આક્રમણ સમયે તે સ્થાનનું કોઈ અગમ્ય સ્થાને હોવાથી ઔરંગઝેબના આક્રમણ સમયે તે સ્થાનનું કોઈ પણ માહિતગાર નહોતું, કે શ્રી ક્યાં છે ? એથી શ્રીની હજુરમાં કોઈ જતું નહિ, કે ઔરંગઝેબના વર્તમાનની કથા વિદીત કરી શકે, એ કારણે પીરાણાની મુખ્ય સંસ્થાના કાર્યવાહકો (કાકાઓ) મુંઝાય કરતા.

એ કાળે સેદખાન બાવાન વંશજોમાં શાહજીમીયાં પોતાની વિભાગની ગાદીવાળા હતા. તેઓના બધો દમામ, ડોળ, ડમાક સમગ્ર સત્પંથના શાહજાદા જેવો રહેતો. શ્રી શાહોજી અશરફશાહ બાવાની શાન્ત પ્રકૃતિ ઉપરાંત ત્યાગ, વૈરાગ્યની ભાવનાઓને લીધે તેઓએ ડોળ વધારવાનો અવકાશ મળેલો. શાહજીમીયાં ઔરંગઝેબના આવતા હુકમો શાહજાદા તરીકે લેતા, ને જવાબ દેવા માટે અમદાવાદ સુબા પાસે જતા. સમગ્ર પીરાણાના સજ્જાદા (ગાદીવાળા) પોતે જ એવો ડોળ સુબા સમક્ષ પણ કરેલો. એક દિવસે સુબા સમક્ષ સજ્જાદા બની રહેલા, ત્યાં ધાર્મિક પ્રશ્નનો નિર્દેશનાં વિષયે મોંકાણ માંડી, શાહજીમીયા ગભરાઈ જઈ વિષ આહારે પ્રાણનું બલિદાન મિથ્યા મોહે આપી દીધું. છતાં એ ટોળું આખાએ સત્પંથના ધણીપણાનો મોહ મૂકી શક્યું નહિ.

શાહજીમીયાંના દેહાંત પછી તેઓના એક જ પુત્ર 'મહંમદ' નામે તેર વરસની વયના હતા. સેવક મંડળે એ બાળ પુત્રને પીરાણાનો માલીક

બનાવી લેવાનો ઈરાદો અમલમાં લાવવા અનુકૂળ સમય મેળવવા ફાંફાં મારી રહ્યાં ! એટલો અવકાશ એમનો વધવાનું મૂળ કારણ પીરાણાના મૂળ માલિક શ્રી શાહોજી નરનાથ શ્રી અશરફશાહ બાવાનાં ગુપ્ત નિવાસ અને ક્ષમાવંત સ્વભાવ જ હતા.

શાહજીમીયાંના મરણ બાદ શાહી હુકમો ચાલુ જ રહ્યા હતા. શ્રી અશરફશાહ બાવાના સ્થળાદિના સમાચાર કોઈ મેળવી શકતું નહિ, જેથી સેદખાની સંગે શાહજીમીયાંના પુત્રની બાળવયના કારણે શાહી દરબારમાં જવાની આશા સેવ્યા કરતા ! અને એ વિચારોએ સંઘ એકમત થઈ, શાહજીમીયાએ પ્રાણના આપેલા ભોગનો બદલો લેવા હિમ્મતવાન થયા હતા.

સુબા તરફથી મળતા શાહી હુકમો દિલ્હી હાજર થવાની જ મતલબના હતા, છતાં કોઈ પીરાણેથી જઈ શક્યો નહિ ! તેથી હુકમ લઈ સ્વારો આવવા લાગ્યા. તેઓ કોઈ ગયો નહિ. ત્યાં પછી જ મોસલી આવા લાગ્યા. એ મોસલી પણ મિથ્યા નિવડવાથી શાહી ઈતરાજીના એંધાણ રૂપ 'અયેદી મોસલી' આવ્યો ત્યાં સુધી પીરાણેથી કોઈ પણ ગયું નહિ. કારણ શ્રી અશરફશાહ હાજર નહિ; શાહજીમીયાંનો પણ લાગ ગોત્યા જ કરતો. મોટા દરબારના કાર્યવાહકો રન વગર પણ ભરી શકે જ નહિ. મનમાં ને મનમાં મુંઝાઈ રહેલા, પણ કરે શું ? શ્રી શાહોજી અગમ્ય તેમ તેની લીલાએ અગમ્ય એના ભેદો એ જ જાણે. એવે સમય ઘણી થવાનાં સ્વપ્નો સેવતો સેદખાની સંગે હણમાર કરી લાગ આવેલો દિલ્હી જવાની તૈયારીઓ કરવા માંડી, તેવામાં ''બીજો મોસલી અયેદી'' હજુરમાં હાજર દિલ્હી થવું જ જોઈએ ! એ તારીખે હાજર નહિ થાવ તો શહેનસાહના ક્રોધના પાત્ર થશો !'' લાચારીએ શાહી વડી સરકારથી શાહી લશ્કર ખાસ તમોને પકડી હજુરમાં હાજર કરવા, અને તમારા બાળબચ્ચાં સાથે, મિલ્કત, દોલત સર્વ જપ્ત કરી દિલ્હી લાવવા માટે આવશે.'' અયેદી એટલે અઘોરી જેવી સ્થિતિનો ઘણો જ વ્યસની માણસ, અફીન, ગાંજો, ભાંગ, તાડી, તમાકુ, દારૂ, મદદ, અડશ ચંડુલાદિ સર્વ પ્રાપ્ત વ્યસનોવાળો હોય, ખાટલામાં જ પડ્યો રહે, ખાય ત્યાં જ હગે, મુતરે પણ ત્યાં જ. એક ડગલું પણ ચાલે જ નહિ. એક ગામથી બીજે ગામ મોકલવાનાં હોય. ત્યારે વેઠીયાઓ (મજુરો) એનો ખાટલો જ ઉપાડી પહોંચાડી દેતા. એવા અયેદિઓને શાહી દરબારના ખર્ચે પાળવામાં આવતા. જેઓને સખ્ત સજા ન કરાતી હોય, તેવાઓ ઉપર ભારે અપરાધ

હોય, કે શાહી ઈતરાજી ઉતરી હોય, ત્યારે જ આવા અયોદિ મોસલીનો ઉપયોગ કરવામાં આવતો. મજુરો માથે નીધરિલ સ્થાને પહોંચાડી ત્યાં શાહી માણસો તેની દેખરેખ રાખતા, અયેદિને જરાપણ દુઃખી થવા ન દેતા ! તેનો તમામ ખર્ચ ઘર ધણી પાસેથી હુકમ વડે લેવામાં આવતો !'

નિશ્ચિત તારીખનો છેલ્લો હુકમ સપ્તમાં સપ્ત આવવાથી સેદખાની સંઘ કાંઈક ગભરાયો ! મોટા દરબારના માણસો પણ મૂંઝાયા. પણ ધણી વિના કાંઈ પણ કરવા અશક્ત હોવાથી, શ્રી શાહોજીને મનસ્વીપણે અરજ કરવા લાગ્યા ! સેદખાની સંઘન પીરાણાનું ધણીપણું નજરે તરવરવા લાગ્યું ! (હાલ થોડા જ કાળ ઉપર, નથુકાકાની મુજાવરીમાં હુશ્યેનમીયાંને અહીંયા જમાતે એ પ્રયોગ કરી નિષ્ફળ પ્રયત્ને અજમાવ્યો હતો.) મોટા દરબારમાં શ્રી શાહોજી ન હોવાથી દિલ્હી જવાની તૈયારીઓ દેખાઈ નહિ, જેથી ''બાલા મહંમદશાહ (શરીફ બાવાના દિકરા) ને તૈયાર કરી સેદખાની સંઘ પૈકીના વીસ મુખીઓ તૈયાર થઈ ગયા. રવાના થવાની તારીખ પણ નિર્માણ કરી લીધી. આવતી સવારે એ સંઘ દિલ્હી જવા રવાના થવાનો હતો તેના મોરલા દિવસે પાછલો ઘડી ત્રણ, ચાર દિવસ બાકી હતો ને શ્રી અશરફશાહ બાવાને કાશીભાઈ (કશુ દીવાન) મોટા દરબારમાં આવી ગયા, દરબારના સર્વ મહાજનો દર્શને આવ્યા, શાહી વિટંબણાની વિતક વાર્તા કહેવાઈ ! શ્રીજીએ સર્વને શ્રીહરિ ઉપર ભરૂંસો રાખવાનું કહી હિંમત દીધી. શ્રીજીની પધારવાની વાત સર્વત્ર પ્રસરવાથી સેદખાની સંઘ પણ શ્રીજીને મળવા આવ્યો.

સંઘે શ્રીજીને દિલ્હીના બાદશાહના ફર્માનો ઈતરાજી, હજુરમાં હાજર થવાના હુકમો, અયેદિઓ આદિની સર્વ વિટંબણા કહી સંભળાવી, ''અમો આપની રાહ જોઈ રહ્યા હતા, છેવટે નિશ્ચિત તારીખનો હુમક આવવાથી લાચારીયે જ સવારે દિલ્હી જવા બાલા મહંમદશાહને તૈયાર કરી વીસ મુખીયો સહ નક્કી કરી, સફરની સર્વ તૈયારીઓ કરી લીધી છે, આપ પધાર્યા એ બહુ જ સારૂં થયું ! આપની ઈચ્છા છે ?' આપ વધારશો ? કે અમો જ જઈ કામ પતાવી આવીએ ?''

શાહોજીએ ફર્માવ્યું ! હમો દિલ્લી જવા માટે જ આવ્યો છું ! અમો અને કાશીભાઈ સવારમાં જ રવાના થઈશું.'' આ કથન સાંભળી મુખીયો ક્ષોભ તો પામી ગયા ! પણ પોતાથી તો શ્રી શાહોજી નોખા ન પડવા પામે' તે ખટપટે શ્રી શાહોજીને પોતાની સાથે જ પધારવા વિનવ્યા, ''આપ બે જણ

માટે કાંઈ પણ ખટપટ કરતા નહિ. અમોએ ચોવીસ માણસ માટેના સર્વ સાધનો તૈયાર કરેલા છે. તેમાં તેમો બે જણ સમાઈ જશો. સર્વ તૈયાર છે, આપ આજ્ઞા આપો તો સવારે રવાના થઈ જવાય.'' ગમે તેવા ઈરાદાથી કહેવામાં આવ્યું હશે ! પણ શ્રીજીએ જરા પણ આનાકાની વગર માન્ય રાખી, કાશીભાઈ સાથે સંઘ ભેળા રવાના થઈ ગયા.

રસ્તે જતાં જતાં ઉજ્જન પાસે અહમદનગરમાં એ સંઘે પડાવ કર્યો ! રાત્રે ચંદ્રની ગતી નિહાળી સંઘ ખળભળી ઉઠ્યો, તિથિનું ભાન થયું, દિલ્હી પહોંચવાની તારીખ વચ્ચે બે જ દિવસ રહ્યા. દિલ્હી અત્રે બસો ગાઉથી કાંઈક વિશેષ છે, ક્યારે પહોંચાશે ? એવા વિચારના વમળો ઉઠવા લાગ્યા; અંદર અંદર ગોઠવણો કરવા લાગ્યા કોઈએ વેગવતી સાંઢણીનું કહ્યું, કોઈએ કાંઈ, ને કોઈએ કાંઈ કહ્યું. ઘણી તાણ ખેંચમાં એકે કહ્યું. પહેલા આપણા પીરોએ ઘણાએ ચમત્કારો દેખાડ્યા છે, શ્રી પીર ઈમામશાહ બાવા તેઓના પિતાશ્રી શ્રી પીર શ્રી કબીરદીન બાવાના અવસાન સમયે કશ મોરા શહેર (પંજાબ ને સિંધની હદ ઉપર છે ત્યાંથી) શ્રી ઉચ્ચમાં ગાડી, બળદ, ચાલીસ સેવકો સાતે બે ત્રણ કલાકમાં જ પહોંચી ગયા હતાં.'' બીજે કહ્યું ! ''શ્રી પીર કબીરદીન સાહેબે અવસાન પછી જનાજામાંથી હાથ કાઢી સાકર, માળા, વચનાદિ શ્રી પીર ઈમામશાહ બાવાને આપ્યાં હતાં.'' ત્રીજે કહ્યું ! ''પીર શ્રી સુદરદીને બાર કરોડના સંઘને દરિયાપાર વગર જહાજે ઉતાર્યા હતા.'' ચોથે કહ્યું ! શ્રી પીરશમ્સે સૂર્યને પૃથ્વી ઉપર ઉતાર્યો હતો, રાજાના કુંવરને જીવન અર્પ્યું હતું, જેમ જામો ઉતારે તેમ પોતાને હાથે પોતાના શરીરની ખાલ ઉતારી દીધી હતી !'' વિગેરે. વિગેરે એવા ઘણા પરચાની વાતો થવા લાગી. ચાલો, આપણા પીર આપણને દિલ્હી પહોંચાડી દેશે ! આ સર્વ વાતો બાલા મહંમદશાહ તંબુની કનાત પાછળ સૂતા સૂતા સાંભળતા હતા.

બાળા મહંમદશાહ બાળવયમાં તેમની સાવકી માતાના ત્રાસથી કંટાળેલા હતાં. ઉપર સેવકોની આવી ચમત્કારી કાર્યો માટેની અભિલાષાઓ જાણી શું કરવું ? તેની કાંઈ સમજ ન પડવાથી હાથમાં હીરાની વીંટી હતી તે બાળપણ હોવાથી ચૂસાઈ ગઈ. પ્રાણનું પંખીડું શરીર નિર્વંશ મૂકી ઉડી ગયું. મુખીઓએ દોડાદોડ કરી મૂકી. પણ કાંઈ ઉપાય કામ લાગ્યો નહિ, પછી શું કરે ? આશાભંગ થયેલા મુખીઓ રોતાકકળતા શ્રી શાહોજી અશરફશાહોજી પાંસે આવી સર્વ હકીકત કહી સંભળાવી, ને પૂછ્યું, ''અમારે હવે કેમ કરવું ? હવે દિલ્હી અમારાથી કેમ જવાય ?'' શ્રી શાહોજીએ ફરમાવ્યું કે, 'તમારે

લાશને લઈ પીરાણે જવું ! ત્યાં જઈ તેમના ઘર પાસેની વાડીમાં દફનાવજો. તમારે મારી ચિંતા કરવાની નથી.'' મૃત શરીરને નવરાવી કફનાદિથી પરવારી મુખીઓ લાશ સહિત પીરાણા તરફ પાછા રવાના થઈ ગયા. મુખીઓએ શ્રીજીને પૂછ્યું, ''આપ હવે કેમ કરશો ?'' શ્રીજીએ ફરમાવ્યું, ''જે અહીં લાવ્યો છે, તે જ દિલ્હી પહોંચાડશે ! અમો દિલ્હી જવાના નિમિત્તે જ આવ્યા છીએ, તમો નિશ્ચિંત પધારો, માણસ કાંઈ પણ કરવા સમર્થ નથી, માણસે હું પણું મૂકી દેવું જોઈએ, હરિ ઈચ્છા બળવાન છે.'' મજકૂર મુખીઓ બાલા મહંમદશાહની લાશને ધોઈ પીરાણ તરફ રવાના થઈ ગયા, કોઈપણ સ્વારીનું સાધન શ્રીજી માટે મૂક્યું નહિ.

મુખીઓના રસાલાના ગયા પછી કશુ દીવાને શ્રી શાહોજીને વિનવ્યા, કે ''આપ આજ્ઞા કરો તો શહેરમાંશ્રી સો, બસો ગાઉ એક દિવસમાં ચાલનાર સાંઢણી (ઉંટ) ભાડે લઈ આવું !'' દિલ્હીશાહ હજુરમાં આપણે હાજર થવાની મુદતને બેજ દિવસો બાકી છે, તો વહેલા પહોંચી જવાય'' શ્રી શાહોજીએ ફરમાવ્યું, કે ''અત્યારે બપોર થયા છે, સાંઢું સર્વ જંગલમાં હશે ! ટાઢો પહોર થયે એ ગામમાં આવે, ત્યારે જજો. હમણા જરાવાર સૂઈ રહો ! ગત રાત્રીનો ઉજાગરો છે.'' એમ કહી સૂવાની આજ્ઞા આપી કશુ દીવાન સૂઈ ગયા. શ્રીજીએ બાદશાહના હજુરમાં પોતાને યોગ્ય લાગે તેમ શાહીદરબારમાં કેમ જવું, સલામ કેમ કરવી ? અરજી કેમ આપવી ? જ્યારે કશું દીવાનને જાગૃતિ કરી શાહી દરબારમાં જવા આપા કરી ! બાદશાહી દરબારમાં કેમ જવું. સલામ કેમ કરવી ? અરજી કેમ આપવી ? વગેરે સર્વ માહિતગારી આપી અરજીનો કાગળ કશુ દીવાનના હાથમાં આપી ફરમાવ્યું ! ''શાહ પૂછે તો આ પ્રમાણે જવાબ દેજો.'' એ સર્વ જવાબની હકીકત સમજાવી દીધી. દીવાને પૂછ્યું, ''સાહેબ ! હું એકલો દિલ્હી જાઉં ? આપ નહિ આવો ? ફરી આપ મને ક્યાં મળશો ? ક્યાં હાજર થાઉં ?'' શ્રીજીએ જવાબ દીધો. ''અમો અત્રે જ મળશું. આ દિલ્હી શહેરનો દરવાજો છે, પરમાત્માએ આપણને દિલ્હી પહોંચાડી દીધા છે, તે જ તમોને દરબારમાં પણ પહોંચાડી દેશે.'' એમ કહી દીવાનને ઔરંગઝેબના દરબાર ભણી રવાના કરી દીધા.

★ શાહેજી અશરફશાહ બાવાએ કશુ દિવાનને બાદશાહની

★ આ કથા સત્પંથના ઈતિહાસમાં સહ પ્રમાણ શાહી લેખો સાથે આપવામાં આવશે

હજુરમાં મોકલવા, દરબારીઓનું આશ્ચર્યમુગ્ધ થવું. ઔરંગઝેબે વજીર જાફરખાનને ઠપકો દેવો ! શ્રી શાહોજીને બાદશાહે હજુરમાં બોલાવવા ! શ્રી શાહોજીને શાહની સાથે ભાણામાં જમાડવાનો આગ્રહ કરવો, શ્રીજીએ તેનો ઈન્કાર કરવો. ખાદ્ય પદાર્થોની શુદ્ધાશુદ્ધની ચર્ચા શાહે સિદ્ધ કરવા ફરમાવવું. શ્રીજીએ શાહ હસ્તે. રૂમાલ દ્વારા એ ખાદ્ય પદાર્થો નીચોવરાવી ભર દરબારમાં લોહી, પાંચ પ્રત્યક્ષ પ્રમાણથી દેખાડી દેવું ! મોલવીઓએ ધાર્મિક સવાલ જવાબથી ધર્મની ચોખવટ કરવી, તેમજ પંડિતોને પણ શશાસ્ત્ર સિદ્ધ કરી આપવું ! એમ બધી બાબતોમાં વજીર જાફરખાન પાછો પડવાથી શ્રી શાહોજીની અગ્નિમાં પરીક્ષા લેવા બાદશાહને ભંભેરવા ! બાદશાહે ચારસો મણ કાઠીનો ઢગલો કરાવી તે ઉપર પંદર પંદર હાથનો લોખંડનો તવો તે ઉપર મૂકી અગ્નિ સળગાવી દીધો ! એ સળગાવેલો અગ્નિએ તપેલા તવા ઉપર શ્રીજી ઊભા રહી વજીરની મનોવેદના વધારી, બાદશાહ દરબારી સહુને શાન્ત કર્યા. પછી બાદશાહે સત્પંથને સાચા હોવાનું સંસ્થા નીચેની જમીનની સનંદ સાથેનું પ્રમાણપત્ર આપી; 'કૃતાર્થ થયો' એમ માન્યું. શ્રીજી કશુ દીવાનને સાથે લઈ પીરાણે પધાર્યા.

બાળા મહંમદશાહની લાશ લઈ વીસ મુખીઓ આદિ જે પાછા ફર્યા હતા તેઓમાં ધર્મને નામ મતામત પડવાથી ગુંચવાડો પડી તકરાર પડી ! આઠ, સાત, પાંચ એ મુખીઓની સંખ્યાએ ત્રણ ટોળા બંધાઈ ગયા ! કોઈ કોઈનો મત એક થવા પામ્યો નહિ. પ્રત્યક્ષ પીરના મુદ્દા ઉપર વિધ વિધ વાદો થયા ! શાહજી બાવાના ભાઈઓ સાથે વ્હેર, અને એઓ સહ સ્વાર્થ સંધાય નહિ ! મોટા દરબારના સેવકો સાથે તો સેદખાન બાવાના સમયનો જંગ મંડાયેલો. જુનો ક્લેશ ને તે મુદ્દો પણ સ્વાર્થ ને આડે આવતો હોવાથી, કોઈ પણ બાબતનો નિર્ણય ન થવાથી, સાત મુખીઓના ટોળે તો, ''બાલા મહંમદશાહની કબર નેજ માની બેસી રહેવાનો નિશ્ચય કરી દીધો !'' પાંચ મુખીઓના ટોળાએ 'બીબીરાજે તાહેરાં'' જે 'બાલા મહંમદશાહ''ના અપર માતા હયાત હોવાથી તેના નિર્ણય ઉપર પોતાનું કાર્ય ચલાવવા પોતાનો નિર્ણય પ્રગટ કરી દીધો !'' રહ્યું ફક્ત આઠ મુખીઓનું ટોળું, એને બન્ને ટોળા સાથે રાગ ન આવ્યો ! સત્પંથને તિલાંજલી આપી, હરિવંશથી તો તે પ્રથમથી મુક્ત થયા હતા ! અત્રે તો તેઓએ સૈયદવંશનો પણ ત્યાગ કરી દીધો. એક સૈયદ નહિ તેવી જ્ઞાતિના એટલે ★ સિંધી જાતના મુસલમાન

કોમનાને બનાવટી પીર ઉભો કરી, તેને માનવાનું ચાલુ કરી દીધું, એથી

સંખ્યાના આધારે પાંચીયા, સાતીયા, આઠીયા એવા ત્રણ ટોળે સત્પંથ ઉપર આવરણોના પડોળ પાથરી દીધાં.

સત્પંથને શત્રુ સમજનારાઓના જ્યારે આવી રીતે ત્રણ ટોળા બંધાઈ ગયાં. અને એકબીજાની હરિફાઈ, અદરાઈ, કેટલાએ કાવા,દાવા, ફરીયાદીઓ આદિથી ધર્મને નામ ઉચ્છેદી કાર્યો અદરાયા ! એઓની માંહો-માંહેની હરિફાઈમાં શ્રી સત્પંથનાં ઈષ્ટદેવ શ્રી પીર ઈમામશાહ બાવા, શ્રી શાહોજી નરઅલી મહંમદશાહ બાવાના વચનામૃતોમાં ભેળસેળ, હેર ફેર, વધઘટ કરવાનું. તથા તેઓશ્રીનાં સત્પંથના વચનામૃતોમાંના જે આ લોકો એ પોતાના પ્રથમ વચનામૃતો ગણ્યા હોય તેમાં તે નામોને બદલી પોતાને ઈચ્છેલા જનોના નામ તેને બદલે ઠઠાડી દીધા. જેવા કે સેદખાન, શાહજીમીયાં, બોલે મહંમદશાહ, શરીફાદિ, નામોને તેની જગ્યાએ મૂકી દીધાં. ઘટપાટાદિ ઉપાસનાના મુખ્ય નિયમોમાં ફેરફાર કરી દીધો ! મંત્રાદિનું ક્યુંબર કરી દીધું, મુળ સનાતન સત્પંથના તત્ત્વો કાઢી કેટલાક મુસલમાની નવા યોજેલા તત્ત્વો ઘુસાડી દીધા.

આઠ મુખીયોના ટોળા (આઠિયા)માં મુળ આગેવાન દરજી, મોચી, કોળી, આદિ કોમના માણસો મુખ્ય હોવાથી ઘણી ઘડભાંગ કર્યાજ કરે ! તેમનો મુખ્ય ઉપાસ્ય દેવ અંતરમાં પૈસો જ હતો ! આર્થિક લાભો પામવા માટે કોઈપણ પ્રયત્ન કરવા પાછા હઠતા નહિ. ખાર વ્હેરના હોંશિલા સત્પંથ સાથે વહેર રાખી તેને વધારતા જ ગયા. કદી પણ તેઓને સત્પંથ રૂચેલો નહિ, દરજી કોમના આગેવાને જ સિંધી (હલકી કોમનો મુસલમાન) જાતનોં છોકરો વેચાતો લેઈ નિર્વંશ બાલા મહંમદશાહનો કૃત્રિમ વંશ ઉભો કરી પીર ગોઠવી દઈ શ્રી હરિવંશ સાથેનું વ્હેર પૂરૂં કર્યું ! તેર વરસની ઉંમરે બાલા મહંમદશાહના ગુજર્યા પછી ઘણા કાળે દરજી જાતિનાં આગેવાનને આર્થિક લાભાર્થે પ્રપંચ સૂજ્યો. દરજી

★ખંભાત અદાલત કેસ નંબર ૧૯૫ સંવ, ૧૯૭૧માં. તા. ૨૫-૬-૧૯૧૯સે. 'યાવર અલી નુરઅલી. અમદાવાદ બાકરઅલીની પોળ, કાળુપુર માંહેનાએ, 'બુદ્ધિ પ્રકાશનો ઉતારો રજુ કરેલો તે પ્રમાણે તથા નવસારીવાળા સદરોદીન, એચ, દરગાહવાલાએ તવારીખે પીરમાં લખ્યા પ્રમાણે તથા મુચરકા આદિ લેખો ઉપરથી, એ તમામ મુળ લેખો સહિત સંપૂર્ણ ખુલાસા સાથે સત્પંથના ઇતિહાસમાં આપશું.

આગેવાનના સાથીદારો પોતાની ભૂલનો ભોગ બની; સત્ય મૂકી પ્રપંચ પૂજતા થઈ ગયાં. એજ અઠિયાથી કહેવાય છે. હાલ એ કોમ આર્થિક લાભ માટે એના આ પ્રગટ ઉપાસ્યદેવો, મજકુર સિંધીના વંશના 'સાજીમીયાં, બડામીયાં, ને બાકરઅલી' તેમનાજ વચનોને જ એ શાસ્ત્ર માને છે, એમ કહે છે. તેનો પણ આર્થિક લોભે ઉચ્છેદ કરતા જરા પણ અચકાતા નથી. જે પોતાના ઉપાસ્ય દેવોનું પૈસા ખાતર અપમાન કરતા ચૂકે નહિ ! તેની ધર્મ રૂઢી કેવી ? ને તે અન્યદેવોને તો કેવા ગણે ?

એ ફેરફારના સમય જેવો સત્પંથ ઉપર હાનિકારક બીજો સમય આવ્યો નથી ? એ સમયે સત્પંથને અગાધ નુકશાન થયું છે; સત્પંથનો ડોળ કરી જગતને છેતરી પાખંડ પૂજતા કરી દીધા; એવા ડોળઘાળુએ સત્પંથિયોના વેશમાં 'ભાઈ થવાનો ડોળ' કરે ! એથી સાધારણજનો ઉપર કેટલો પ્રભાવ પડે ? એનો ખ્યાલ વાંચ વિરોએજ કરી લેવાનો છે ! એવા એવા નવિન નવિન પ્રકારના પડળો સત્પંથ ઉપર પડવાથી માર્ગ ઘણોજ ગુંચવાડાવાળો કાંટાળો કરી દીધો.

શ્રી ગોરનર શ્રી પીર શમ્સદીનની આજ્ઞા છે, કે ''ગોરનર આગળ છે બાતન (ગુપ્ત).'' તથા ગોરનર શ્રી ઈમામશાહ બાવાની આજ્ઞા છે કે ''બારમી સદી પછીના હદાડા મહાદનથી દોહેલા. તેને કાજે હમે જામા છુપાયા.'' એ ન્યાયે જગત ઉપર સંકટના વાદળો ઘેરાયાં જ રહેશે. ગોરનર ગુપ્ત રહેશે, જેથી ધાર્મિક શુભ વહેવારોનો લોપ થવાથી પાખંડીઓજ પૂજાશે. ગોર (બ્રહ્મા) પ્રગટ એટલે ગાદી ઉપર હોય તો તેનું મનુષ્ય શરીર બાર કલા યુક્ત હોય છે, અને શ્રી વિષ્ણુ (નર) જો પ્રગટ એટલે ગાદી ઉપર બીરાજતા હોય તો તેઓનું મનુષ્ય શરીર સોળ કળા યુક્ત હોય છે, કળા વિનાના બન્ને દેવોનાં મનુષ્ય શરીર સોળ કળા યુક્ત હોય છે, કળા વિનાના બન્ને દેવોનાં મનુષ્ય શરીરો ગાદીઓ ઉપર કદી કોઈ હોવાનો દાવો કરતો હોય તો તેવાને ધૂતારોજ એમ સત્પંથ ઓળકાવે છે !

શ્રી ગોર અને નરમા બાર અને સોળ કળા યુક્ત શરીરોનું અસ્તિત્વ અનાદિ કાળનું તે, અને તે અસ્તિત્વ આબાદ રહે તેને કારણે હીજરી સને બારસોને પાંચમાં શ્રી હરિવંશી છત્રીસમા ઈમામ શ્રી શાહીજી અશરફશાહ બાવાનાં પુત્ર શ્રી પીર અબ્બાસઅલી તેમના પુત્ર શ્રી પીર બડામીયાં સાહેબે એક ★ લેખ એ બાબતનો કરાવી રાખેલો, જે ખંભાત કોર્ટમાં

★ આ લેખ સત્પંથના ઇતિહાસમાં અસલ જેમનો તેમ આપવામાં આવશે. આ પ્રસ્તાવનાના લેખમાં આવેલા ઇતિહાસિક લેખકોથી ફારગતિઓ. મુચરકા, પ્રમાણપત્રાદિ સર્વ વિગતવાર આવશે.

સત્પંથ રક્ષણાર્થે મુ.નં. ૧૦૫, સંવત ૧૦૭૧ ના દાવામાં રજુ કરેલો, કે સત્પંથની પ્રથા એ હરિવંશી સાંકળને ખામી લાગે નહિ. ''શ્રી ગોરધન આવા સમયે ગુપ્ત રહેવાનાં છે.'' એ સંકેત પ્રગટ જગતની જાણ ખાતર લેખ દ્વારા પ્રગટ મૂકી, સંસ્થાનો વહીવટ મુજાવરો હસ્તે મૂકી દઈ નિવૃત થઈ જવા ગયા એ વિતકને થોડો કાળ વિત્યા હશે ! કે મુજાવરો (કાકાઓ=જૂનાં દાસો) ધર્મયાતનો ભૂલી જઈ પોતાની સત્તા જમાવવાના મોહમાં હરિવંશની સત્તાનો ઉચ્છેદ કરવાના સર્વ પ્રયત્નો કરવા લાગ્યાં.

શ્રી પીર સૈયદ બડામીયાં સાહેબના અવસાન બાદ તુર્ત જ તેઓશ્રીના પુત્ર પીર શ્રી સૈયદ અલીમીયા સાહેબ; સત્પંથના શત્રુઓની ઈર્ષાના ભોગ થઈ પડ્યા.

એ કાળ પેશ્વા સરકારનાં શાસનનો હતો. સેદખાની સંઘે સત્પંથ સંસ્થાના માલિક બનવાની ઈચ્છાએ રાજયમાં દાવો કરેલો, તે વેળા સંસ્થાનું સર્વ કાર્ય ઈ.સ. ૧૨૦૫ના દસ્તાવેજના આધારે કાકા (મુજાવર)ને સોંપવામાં આવેલું હતું. દસ્તાવેજો સંસ્થાની માલિકીના સર્વ શ્રી પીર સૈયદ અલીમીયા સાહેબ પાસે હોવાથી દરેક સમયે એઓશ્રીની જરૂર પડતી. તેથી એ આડખીલી દૂર કરવા, એટલે સંસ્થાની માલેકીની દસ્તાવેજી પૂરાવા પોતાના કબજે લેવા ઘણા દુષ્ટ પ્રયત્નો કર્યા કરતા. સીધી રીતે એ લોકો દસ્તાવેજો માગી શકતા નહિ ! પણ પોતાની યુક્તિ અમલમાં મૂકવી સેહેલી પડે તેવા માર્ગો લેતા. તે માટે શિષ્ય મંડળ માંહેલા લૂચ્ચા, અજ્ઞાની, દુષ્ટ, લોભી, લાલચુ પટેલોને લોભાવી કબજે કર્યા, તે બાદ ભોળિયા, અને અતી અદેખાઈવાળા ઈર્ષાખોર થોડાક સૈયદોને લોભાવી પોતાની સહમત કરી એક ટોળી બાંધી, યુક્તિઓ અજમાવ્યે જતા.

પુના પેશ્વા સરકારની ગાદી હોવાથી, એ લોકોના દાવાનો જવાબ દેવા જવાની અગત્યતા ઉભી થઈ, જેથી એ ટોળી માંહેલા સૈયદો, સેવકો, અને કાકાએ પીર શ્રી સૈયદ અલીમીયાં બાવા સાથે રવાના થયા, એ સફલમાં સત્પંથ સંસ્થાના માલિકીપણાના દસ્તાવેજી પૂરાવાની જરૂર હોવાથી શ્રી અલીમીયાં સાહે તે સાથે લીધા, સાથે પોતાના બાળપુત્ર શ્રી પીર સૈયદ બાવા સાહેબને પણ લીધા હતા. એ મુસાફરી જવાની પહેલાં શ્રી પીર સૈયદ અલીમીયા સાહેબે પોતાનાં પુત્ર પીર શ્રી સૈયદ બાવા સાહેબને સત્પંથની દિક્ષા આપી સત્પંથનું કાર્ય સમજાવી દીધું હતું. એ સમયે શ્રી પીર સૈયદ બાવા સાહેબની ઉંમર ૧૨ વરસની હતી.

પુને પહોંચી પેશ્વા સરકારના દરબારમાં હાજર થઈ પોતાની તકરારના સમર્થનના સર્વ દસ્તાવેજી પુરાવા, સનંદો, 'બાદશાહી મળેલાં' કે વિગેરે રજુ કરી, પોતાની દલીલ સાબિત કરાવરાવી. પેશ્વા સરકારથી સત્પંથ સંસ્થાના માલિક સાબિત થઈ વળતાં પીરાણાગામી થયા. કાર્યના એ સમયેથી વિષીલી ટોળીમાં ઘણો જ ઉશ્કેરાટ ફેલાયો. કોઈ પણ ભોગે, એ દસ્તાવેજો લઈ લેવા, એવો ઠરાવ નક્કી કરી લઈ પ્રતિજ્ઞાઓ લેવાઈ ગઈ. એવો લાગ મળવાના સમયની શોધમાંજ લાગ્યા રહેતા પોતાની સત્તા કોઈ પણ ભોગે જમાવવા મથતા કાકાઓ અતી લાંચ રૂશ્વતાદિથી વિષીલી ટોળીના જંનોને ઉત્તેજીત રાખી ભોળાવ્યા કરતા તેમ એ ટોળી પૈકી કેટલાક ઈર્ષાની અદેખાઈએ બળેલ એ ભેગા થયેલ કીનો લેવા વધુ ઉશ્કેરાઈ ગયા.

પૂનાથી કાર્ય પતાવી પાછા વળતા રસ્તામાં 'કુકશ' ગામે (કાનમ પરગણે) શ્રી નાયા કાકાની સંસ્થા આવે છે, તેમાં મુકામ કર્યો, અત્રે આવ્યા પછી શ્રી પીર સૈયદ અલીમાયાં સાહેબ પોતાના બાળપુત્ર શ્રી બાવા સાહેબને એકાન્તમાં બેસાડી પોતે સમજાવવા માંડ્યું, અને ફર્માવ્યું, કે દીકરા હંમેશાં મનુષ્ય તન નાશવંત છે. કદી મારૂં શરીર અહીં કંઈ પડી જાય, તો તમારે સંતાપ કરવો નહિ. બીવું નહિ, સબુર સંતોષ રાખી ઓશીંગાને સાચવી તમારી માને સોંપજો અને કહેજો ગભરાતા નહિ. ઘેર જાવ ત્યાં સુધી આ ઓશીંગુ ધ્યાન બાર રહેવા ન દેજો, બાકી કેટલીક ધાર્મિક શુધ આપી.

જે તકીયો (ઓશિંગુ) શ્રી બાવા સાહેબને સોંપવામાં આવેલો, તે ઓશિંગામાંજ સત્પંથ અને સત્પંથ સંસ્થાના રક્ષણના દસ્તાવેજો હતા. દસ્તાવેજોને સાથેની પેટીમાં કબજે ન રાખતાં શ્રી બાવા સાહેબના રમતના રમકડાનું સાધન દેખાય તેવીજ રીતે છૂટા રહેતા ઓશીકામાં હતા, કોઈને આમાં જોખમી દસ્તાવેજો છે, એવો વિચાર સરખો પણ ના આવવા પામતો, એ રીતે શ્રી અલીમીયાં સાહેબ પોતાના સર્વ કાર્ય પૂરા કરી પરવારી શાન્ત થઈ ધ્યાનમગ્ન રહેવા લાગ્યા.

વિષીલી ટોળઈ કુકશમાં આવી ગયા પછી દસ્તાવેજો પડાવી લેવાનો ખાસ લાગ આવ્યો સમજી કેવી રીતે દસ્તાવેજો લેવા ? તેનો બેત રચ્યો. કે ભોજનમાં 'ઝેર' દઈ શ્રી અલીમીયાંનો પ્રાણ લઈ દસ્તાવેજો લઈ ગુમ કરી દેવા એથી લાડુના ભોજનમાં વિષ ભેળવી દેવું, એવું નક્કી કર્યું.

કુકશમાં ત્રણ દિવસનો પડાવ ઠરાવ્યો, બીજે દિવસે 'વિષ' (ઝેર)નો

પ્રયોગ લાડુની રસોઈમાં કરી શ્રી પીર સૈયદ અલીમાયાં સાહેબને આપ્યું. શ્રી અલીમીયાં સાહેબને હવે પાછળ કાંઈ પણ કામ કરવાનું બાકી ન રહેલું હોવાથી, પોતાનો દેહ કુકશ ગામમાં મૂકી દઈ અમર આત્મા દિવ્ય લોક (અમર ધામ) રવાના થઈ ગયા. તેઓશ્રીનાં શરીરને શ્રી નાયા કાકાના રોજાની બાજુમાં બગીચો છે અને તેમાં થોડીક કબરો છે તે બગીચામાં લીમડાનું ઝાડ છે તેની નીચે દફનાવવામાં આવ્યું. અમો બાપુ કાકાની મુજાવરી સમયે શ્રી પીર સૈયદ અલીમીયાં સાહેબની આરામગાહમાં દર્શને ગયા હતા.

શ્રી અલીમીયાં સાહેબ અમર લીલા કરી ગયે, દફનાદિથી પરવારી રાત્રે શ્રી બાવા સાહેબના સુઈ ગયા પછી શ્રી અલીમીયાં સાહેબનો સર્વ સામાન તપાસી જોયો ! પણ દસ્તાવેજો કાંઈ હાથ ન આવવાથી વીલે મોઢે સર્વ શાન્ત થઈ સૂઈ ગયા. એક દિવસ ત્યાં રોકાઈ રહી, બીજે દિવસે એ લોકો કુકશથી નીકળી પીરાણે આવવા રવાના થઈ ગયા. પીર શ્રી સૈયદ બાવા સાહેબ પોતાની સ્વારી અને સાહિત્ય સુદ્ધાં પીરાણે પધારી પોતાની માતુશ્રીને સર્વ વિગતથી વાકેફ કરી દસ્તાવેજો સોંપી દીધાં.

એટલા કુકર્મો કરતાં એ વિષીલી ટોળી શાન્ત ન થઈ, છેવટ ચોરી, લૂટાદિનાં પ્રયોગો અજમાવતા રહ્યાં, એ કાળે ચોરી અને લૂંટાદિનો ઉપદ્રવ અતિ હતો ! શ્રી અલીમીયાં સાહેબના જોખમી વસ્તુઓથી ભરેલા પટારા સત્પંથની સંસ્થામાં જ રહેતા. બાકી ગામના ઘણા લોકોના પટારા પણ જોખમો સાચવવા ત્યાં રાખવામાં આવતા. દ્વેષીલાઓને દસ્તાવેજો પટારામાં હોવાનો વહેમ રહેલો, એ ખાત્રી કરવાએ પટારાઓ પણ તોડાવી ચોરી કરાવરાવી ! દસ્તાવેજો હાથ ન આવ્યા, પણ મુલ્યવાન વસ્તુ, જણસો આદિ કિંમતી વસ્તુઓનો નાશ થયો. એવી કેટલીએ વાર પટારા તૂટવાથી શ્રી પીર બાવા સાહેબ પટારા ઘરે લાવ્યા ! એટલું થતાંએ એ ટોળીની દસ્તાવેજી ધગશ ન જ મટી. માલિક થવાના મોહમાં ને મોહમાં કાકાઓ દુષ્ટ પ્રયત્નો અજમાવતા રહ્યા.

મોહરમ માસની અગીયારશની રાત્રે પીર શ્રી સૈયદ બાવા સાહેબના સૂના ઘરમાં ચોરી કરાવરાવી ઘણો ખરો માલ ચોરાઈ ગયો, પણ દસ્તાવેજ તો એમજ રસ્તામાં રઝળ્યા જ કરતા છતાં એઓના હાથ ન જ આવ્યા ! એથી અમદાવાદ જતા આવતા લૂંટો કરાવતા; એમ ઘણા ઘણા પ્રયત્નો એ દ્વેષિલાઓ દસ્તાવેજો લેવા કરાવ્યાજ કરતા. પણ દસ્તાવેજ એઓને હાથ ન જ ગયા. પણ ઘરનો ઘણો ખરો માલ તફરકે થઈ ગયો. આર્થિક સ્થિતિને ધોકો લાગ્યો.

આટલા આટલાં નિંદીત કાર્યો કર્યા છતાં એ હોંશ પૂરી ન થતાં પણ તેઓનો કીનો હેઠો બેઠો નહિ, પણ પોતે થાકી બેઠા. મોડા મોડા એ ટોળી એકત્ર થતી; ત્યારે એજ દસ્તાવેજી નિઃસાસાઓ નાખી, અદેખાઈ સ્વાર્થાદિની અગ્નિએ બળી ઉઠતી.

શ્રી પીર સૈયદ બાવા સાહેબ બાવાને કોઈ રીતે, ખાર, વ્હેર, અદેખાઈ, મોટપ, અહંપણું, ઈર્ષાદિ કાંઈ પણ નહોતું. ''દસ્તાવેજ માટે દ્વેષીલા કેટલી મહેનત કરે છે, તે બાબત પીર શ્રી બાવા સાહેબથી અછુપી નહોતી, છતાં તેમને ધાર્મિક શાન્તી હઠતી નહિ. એક જ ચિંતા રહ્યા કરતી, કે આવી દ્વેષીલી ભાવનાઓ વધશે તો ધર્મ અને સંસ્થા ઉપયનો ઓચિંતો નાશ આવી ઊભો રહેશે ! માટે બળતું ઓલવી નાખવાનું ખાસ ધારી સૈયદ, જમાત કાકા એ ત્રણ પારટીને શ્રી સદ્‌ગોર બ્રહ્મા પીર ઈમામશાહ બાવાના ઉરસને દિવસે એકત્ર કરવાના નિમંત્રણો આપી, સર્વને એકત્ર કરેલ, તે સર્વની વચમાં કેટલાક અગત્યના મજકુર દસ્તાવેજો સંસ્થાના મુજાવર ને કબજે સાચવવા સોંપી દીધા ! ત્યાર પછી એથી એ 'વિષીલી' ટોળીનાં ઉપદ્રવો કેટલેક અંશે શાન્ત દેખાયા પણ એ શ્રી કાકા લોકોની સત્પંથનાં અગ્રેસર બનવાની મહત્ત્વાકાંક્ષા ઘણી જ તીવ્રપણે ભભૂકી ઉઠી. દસ્તાવેજો હાથમાં આવ્યા ! સેવક મંડળના અને સૈયદો પૈકીના કેટલાક લોભીયા, સત્પંથના શત્રુઓના હાથમાં આવ્યા; પછી ધણીપણાના મોહે ધર્મભાન ભૂલાવી આંધળા કરી દીધા. 'હરિવંશ કોણ ?' 'અમો જ ધણી !' એ અહમ્ ભાવનાએ તો, ''બ્રહ્મા, વિષ્ણુ, શક્તિથી સૃજેલ વંશ, તેમાં ''બાર કે સોળ કળાવાળો પુરૂષ,'' એ ભૂલી જવાયું ! જ્ઞાન શાસ્ત્રોની મર્યાદા લોપી, માદક પદાર્થો એઓનું જીવન બન્યું. ''अमल अहार तजो नर जोई'' એ શ્રીજીની આજ્ઞા નેવે મૂકાણી, દાસપણાનું ભાન ભૂલાઈ ધણીપણાના મોહે તે સત્પંથનો નાશ આદર્યો. ભાડીયા ભેગા મળવાથી તે મુજાવરોએ 'હદ' કુદાવી દીધી, સોળ ને બાર કળાની આજ્ઞા સંતાડવાના પ્રયત્નો પૂરજોરમાં આદરાયા, એથી ઢોંગીઓ ફાવવા લાગ્યા, એ જ કારણે મિથ્યાશાહપણાનો રાફડો ફાટ્યો, ક્રિયા આચાર ભ્રષ્ટો, ગોર, નરને નામ પૂજાવા લાગ્યા, 'મિથ્યા પીરો' પણ તીડોનાં ટોળું જેમ પથરાઈ ગયા. સત્પંથના મુખ્ય નિયમો કોણ જાણે ક્યાંયે સંતાઈ ગયા, એવા મિથ્યાવાદીઓથી સત્પંથ પ્રમાણ નહિ ચાલી શકાયાથી મિથ્યા અને કલ્પિત ઢોંગ અને વેષના આવરણોનાં પડળોથી સત્પંથ ઘેરી લઈ પ્રપંચ પાવરધું કરી દઈ પોતાની પ્રપંચીજાળ વિસ્તારી

દીધી, એથી સત્પંથ પ્રપચના મુકાબલામાં લઘુપણે જણાતો હોવાથી ભોળા, અને માદકી અહારીઓને ક્યાંથી દેખાય ?

સત્પંથમાંના સ્વાર્થી આગેવાનો લોભીયા સેવકોને લોભાવી અને સાધારણ સેવકોની ખાતર બરદાસે, ધાર્મિક ઉપદેશનાં શાસ્ત્રોને બદલે હરિવંશની નિંદા, કોમીવાદનો ઉપદેશાદિથી થોડી ખટપટે સેવકોમાં પોતાનો કાબુ જમાવી દીધો, થોડા કાળના અંતને એ પ્રપંચી વહેવારે ધાર્મિક રૂપ લીધું. એમાં વળી હરિવંશમાંના કેટલાક સ્વચ્છંદીઓની લાલચ ખાતર બરદાસે અંધ બનાવી એઓની કોમ વિરૂદ્ધ ઉશ્કેરી એ અભણ કાકાલોકો, સેવકને બદલે ધર્મ વિરુદ્ધ કાંઈ પણ આવડ વિનાના ધણી બની બેઠા. ને સત્તા જમાવવાની ખુશામતે સેવકોને કાંઈ પણ ધાર્મિક પ્રતિબંધે જળવાવી શક્યા નહિ અને પોતે પણ ન જાળવ્યા. એથી સર્વ સત્પંથીઓ કહેવાતા ક્રિયાભ્રષ્ટ બની, સત્પંથને જનતાની નજરે હલકો પાડી દઈ, ધર્મને બદનામ કરી દીધો. એ ચેપે મુખીઓ, ભક્તો, અન્યનાં મુજાવરો સર્વ ધર્મ ભૂલી સત્પંથને ઉલટાવવાના હથિયાર બન્યા. મિત્ર થઈ શત્રુનાં કાર્યો કરી રહ્યા. કાકા, મુખીઓ, ભક્તાદિએ ધર્મ ભૂલી, આર્થિક લોભે સેવકપણું ભૂલી જઈ ગુરુ બનવા હરિવંશનું રૂપ લીધું. ધર્મનો નાશ કરનાર તરીકે પોતે નારકી થઈ, સેવકોને નર્કગામી કરી રહ્યા છે. ''પીર શ્રી શમ્સ ઉવાચ'' હાલ માલ પીરૂં કેરો; મુખી મુસાફર ખાશે, ઈકાતેરસો લઈને, નિશ્ચે નર્કે જાશે.''

ભક્તવર્ય શ્રી ભાભારામ, શ્રી નાયાકાકા, શ્રી કાકીબાઈ શાણા કાકા આદિ શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈંદ્ર ઇમામશાહ બાવાના અનન્ય ભક્ત હતા, તેઓ પૈકીના મંદિરો નોંખી નોંખી ભૂમિએ સ્થપાયા હોવાથી ત્યાંના કાર્યવાહકોએ પણ દેખાદેખીએ દાસપણું ભૂલી ધણી પણે મથી રહી, સેવકોને ભરમાવી ભૂત કરી રહ્યા છે, સેવકોને છેતરી અજ્ઞાને સેવક મટી સત્પંથના માલીકપણાંનો મોહ પૂરણ શત્રુપણે ઉભો કરી રહ્યા છે. સત્પંથના સેવકો પણ જ્ઞાનનું ભાન ભૂલી ક્રિયા ભ્રષ્ટ થવાતી તેઓ સાથે ક્રોધ, ઈર્ષ્યા, ખાર, વેરના બંધને સત્પંથ ભૂલી જાય છે. ધમીપણાનો મોહ એટલે સત્પંથનો શત્રુ (સત્પંથી વિમુખ કરાવનાર) કાં એળાઓની મદદે ઉફા થઈ તેઓને પૈસા આદિની મદદ કરી સત્પંથનો નાશ કરાવનારા ઠરે છે. એથી પણ સત્પંથ ઉપર અનેક પ્રકારના નવિન નવિન આવરણો પડતા રહી, સત્પંથનું રૂપ પલટાઈ જાય છે.

સંવત (૧૯)ની સદીમાં ઉત્તર હિન્દુસ્તાન તરફથી હરિશંકર નામનો બ્રાહ્મણનો છોકરો સાધુઓના સંગે સત્પંથ સંસ્થામાં સદાવ્રત લેવા આવેલો, તેને સંસ્થામાં ઠીક લાગવાથી સાધુનો સંગ છોડી સંસ્થામાં રહ્યો. કેટલાક માસ રહ્યા પછી સત્પંથ ઉપર પ્રેમ આવવાથી ધાર્મિક દીક્ષા ગ્રહણ કરી. એ સમયે નાનજી કાકા, શ્રઈ સદ્‌ગોરના રોજાનો મુજાવર (પુજારી) હતો. તેના નેતૃત્વ નીચે એ હરિશંકર રહેતો, હરિશંકરને નાનજી કાકાનો સહવાસ આનંદી લાગવાથી આ બન્નેનો જીવ મળી ગયો. હરિશંકર ચાલાક, શોધક બુદ્ધિનો હોવાથી થોડાક જ સમયમાં લાગતાવળગતાઓના મન સંપાદન કરી શક્યો, ને ભેખની દીક્ષા પામ્યો અલ્ફીને ઝોળી પામી હરિયાકા નામ સ્થપાયું. સંસ્થાના અન્ય કાકાઓ પાસેથી ગુજરાતી ભાંગ્યું તૂટ્યું શીખ્યો, એટલુ એ અત્રે આવ્યા પછી શીખ્યો હતો. હરિયા કાકાએ પોતાની ચાલાકીએ થોડા જ સમયમાં સંસ્થાનાં સર્વ લાગતા વળગતા સાથેના મન સંપાદન કરી ભરોસો પાડી દીધો હોવાથી સેવકોમાં દશાંશાદિની ઉઘરાણીએ એને મોકલતા. એમ સુરત જીલ્લે પણ ઘણીક વેળા ઉઘરાણીએ ગયેલો. તેમના હાથનો લખેલો એક સત્પંથ શાસ્ત્રનો ગ્રંથ ઈન્દ્રપુરાનાં સત્પંથનાં મંદિરમાં અમોએ સંવત ૧૯૮૫ માં જોયેલો હતો, એક કાળે સુરતમાં હરિયાકાકાને નારણ નામનાં મંત્ર સિદ્ધિ યોગવાળા પુરુષનો ભેટો થઈ ગયો. તેને પોતાની ચાલીકીએ આકર્ષી માયા કરી લીધી, તેની ખાતર બરદાસ સાચવવાથી નારણે હરિયાકાકાને દાસ સમ બની પોતાના મંત્રોની સિદ્ધિ હરિયાકાકાને લેવરાવવા માંડી. સત્પંથની ધાર્મિક ઉઘરાણીના પૈસા હાથમાં હોવાથી છૂટે તેનો ઉપયોગ કર્યો. સમાધી યોગ સારો શીખ્યો. ગમે તેટલા માણસો હોય ! પણ તેની સામે દેખતાં જ સર્વ સમાધિસ્ત થઈ ઢળી પડતા. એ સર્વને ગૂણોની જેમ થપ્પી કરી; પછી તેમાંથી ગપ તે એકનું નામ લઈ બોલાવતાં એ નામવાળો માણસ ધીમેથી સરકી થપ્પીમાંથી નીકળી આવતો. બીજો ભૈરવાનું સાધન, એથી ગમે તેટલા વરસ વિતેલ ગમે તેના માબાપાદિ જો મરી ગયા હોય, તે તેનાં દર્શન કરવાં હોય, તો એ કરાવી આપતો એ સર્વ શીખવામાં હરિયાકાકાને સુરતમાં હદ કરતાં પણ ઘણાં માસ રહેવું પડેલું, તેમ કોઈને ખબર હરિયાકાકએ આપેલી નહિ, જેથી નાનજીકાકા આદિને ઉચાટ થવા લાગ્યો. સુરત માણસ મોકલી ખબર કઢાવી. સુરતથી જવાબ આવ્યો કે હરિયાકાકાને ઘણો વખત થયો, ઉઘરાણી કરી વિદાયગીરી આપી છે. હરિયાકાકા ઉઘરાણુ કરી રહ્યા બાદ તાપી કાંઠે કોઈક ધર્મશાળા કે

મંદિરમાં એકાન્તવાસ રહેલા તેની કોઈને ખબર નહિ, જેથી બધા ગભરાયા એટલે સુરત માણસ મોકલી ખબર કઢાવી, સુરતથી જવાબ આવ્યો કે એ હરિયાકાકાની શોધમાં નાનજીકાકાને સુરત મોકલ્યો. એ વાતની હરિયાકાકાને જાણ થઈ ગઈ. તેઓએ સુરતમાં આવી શોધ ચલાવી. કાંઈક પત્તો લાગે તે પહેલાં હરિયાકાકા નારણ માંદાને લઈ વહાણમાં બેસી વેરાવળ બંદર તરફ જતો રહ્યો. રસ્તામાં નારણ મરી જવાથી તેના શરીરને દરિયામાં પધરાવી દીધું. નારણએ મરતાં મરતાં પોતાની કાંઈક ભલામણ કરી. પોતાની પાસેની મેલી વિદ્યા અને એવા જ ગ્રંથાદિ જે માયા, જણસ ભાવાદિ હતું તે હરિયાકાકાને આપી દીધું. એ જાદુના બળે એ પ્રદેશમાં સારી પ્રતિષ્ઠા પામ્યો, તેને સત્પંથીઓની માથે બીક હતી તેથી સંતાવા શંકરપંથી રામાનંદ સાધુના મઠમાં પેસી જઈ તેનો શિષ્ય થઈ ગયો. હરિયાકાકાની છેલ્લી ભૂમિકાના ગુરુભાઈ હાલ થોડા વરસ પહેલાં અમદાવાદના નિલકંઠના અખાડામાં મહંત હતા. તેઓ દેવલોક પામ્યા છે.

આવી રીતે કેટલાએ સત્પંથ માંહેથી આર્થિક લોભે નીકળી જઈ ધાર્મિક ક્લેશ ઉપજાવી, નવા નવા ફાંટા પાડી કોમીવાદને અગત્ય આપી વિષવાદના ક્ષેત્રો ઉપજાવી દઈ સત્પંથને સંતાડવાના પ્રયત્નો કર્યા જ કરે છે. એવી નવીન નવીન રીતિએ સત્પંથ ઉપર આવરણો વધ્યા જ કરે છે.

શ્રી શાહોજી શ્રી અશરફશાહ બાવાના અવસાન પછી તો કેટલાએ ફાંટા સ્વાર્થ અંગે ઉભરાઈ પડ્યા અને વિલય પામી ગયા. કાનમ તરફ વારિ યજ્ઞ (ઘટ પાટ) વિરૂદ્ધની શત્રુતા પ્રચારતું એક મંડળ ઉદ્‌ભવ્યું, બીજો મુલ પ્રદેશમાં સત્પંથના મુખ્ય મંત્રનો ખુરદો કરનારૂં ટોળું જામેલું હતું. ત્રીજું સીનોર પટમાં મુખીપણામાં આર્થિક લાભ ભાળી, ધણી (ગુરૂ) બની જઈ હરિવંશના હોવાનો મિથ્યા વેશ કર્યો. બાધરપુર, નવસારી, અમદાવાદ, દેવા, રૂણાદિ સ્થાનોમાં કાકાઓ, મુખીઓ, ભક્તાદિએ તો હદ વાળી ! સત્પંથના ગુપ્ત થવાના પ્રકારો એવા જ કારણોથી ઉદ્‌ભવ્યા.

સત્પંથના ફાંટાઓની સંખ્યા ગણતા પાર આવે તેમ નથી. જો એ ધારીને નજર કરીએ, તો એક કલ્વવૃક્ષ સમ દેખાઈ રહેશે. એવા ઘણા કારણોએ સત્પંથ ઉપરનાં પડળો અને ગુંચવણો અણઉકેલ સ્થિતિમાં પડતી રહી, કે તેનો કોઈ પણ નિવેડો લાવી શક્યો નહિ. એવા અનેક ભેદોને ભરમોથી આચ્છાદિત હોવા છતાં પણ સત્પંથના સત્યપણાનો પ્રકાશ અખંડ જ રહ્યો છે,

ને તે મહાપ્રલય સુધી (શ્રી હરિ રહેશે ત્યાં સુધી) રહેશે.

મનુષ્ય સત્ય સમજવા ક્યારે ભાગ્યશાળી થાય છે ? એ પ્રશ્નનો જવાબ તો, ''માદક પદાર્થોનો ત્યાગ જ (અમલ અહાર તજો નર જોઈ) છે. સદા સાત્તિક આહારે જ બુદ્ધિ પવિત્ર થઈ સત્સંગ પ્રાપ્ત થવાથી.'' એટલો જ છે. માદક પદાર્થો ખાનારાઓને તો સત્પંથનું નામ લેવાનો પણ અધિકાર નથી. સમજવાની તો વાત વેગળી રહી. માદક પદાર્થોના આહારીઓ પોતે સત્પંથી હોવાનો દાવો કરતા હોય તો તેઓ અવશ્ય સત્પંથને બદનામ જ કરે છે. માદકતાના આહારીઓને કદી પણ સત્પંથી સમજ હોય જ નહિ. સમજ વિના પ્રેમ આવે જ નહિ; પ્રેમ વિના પળાય જ નહિ. એવાઓ તો હરહંમેશ પાખંડને વળગ્યાં જ રહે છે.

સત્પંથના સર્વ શાસ્ત્રો વૈદિક જ છે, ''આ પુસ્તક 'સત્પંથી યજ્ઞવિધિ' સત્પંથના યજ્ઞના મંત્રોનું છે.'' આ મંત્રો અથર્વવેદ પ્રમાણે એ જ મંત્રોના થાળે મૂક્યાં છે.

સત્પંથમાં કોમીવાદ, હઠવાદ, કે એવા કોઈ પણ વિષિલા દ્રોહીવાદની ગંધ નથી. આદ્ય પુરુષ ત્રણે કાળથી છે, છે ને છે. તેનાજ રુપ; ગુણ, ભેદ, અવતારાદિની લીલાઓ વિગેરેથી તેના જશ ગાવા. એજ તેની ભક્તિ, સેવા છે, તેમાં દેશ, વેશ, ભાષા, રુપ, રંગ, જાત ભાષાદિનાં ભરમો કે વિકારોનો સંપૂર્ણ ત્યાગ જ છે.

''સત્પંથી શાસ્ત્રોમાં ઘણીએ ભાષાઓનો સમાવેશ છે ?'' એનો જવાબ એવો છે કે, ''શ્રી નિષ્કલંકી નારાયણના શરીરોએ ઉપદેશાર્થે ઘણા દેશોમાં ભ્રમણ કરેલું ! અરબ, ઈરાન, તુર્કસ્તાન, ગીજની, પંજાબ સિંધ, કચ્છ, ખાનદેશ, ગુજરાતાદિ દેશો માંહેલી ભાષાઓના બહોળા વહેવારનાં લીધે ઘણી ભાષાઓ દેખાય છે. ભાષાને અગત્ય ન આપતાં, તેના અર્થ જોવાના છે,'' એ મિશ્રાપણાનું કારણ કોઈ મહાશયની સમજ બહાર હોવાથી નિંદાનું મહાપાપ ઓરતા હોય ! તેઓને વિનંતી છે કે 'ભાષા ઉપર વ્હેર ન બાંધતાં, જરૂર અર્થ ઉપર ધ્યાન આપી તેને પ્રધાનપદ આપવા મહેરબાની કરશો ! આપ એકવાર શુદ્ધ ભાવથી જોવા કૃપા કરશો તો પુનઃ આપને કદી પણ સત્પંથ ઉપર શંકાને સ્થાન નહિ જ રહે.

સત્પંથને કોઈ પણ દેશ, વેશ, ભાષા, જ્ઞાતિ, રૂપાદિથી સ્નેહ કે વેર નથી. સર્વ સત્ય માર્ગે રહે એજ ઈચ્છે છે ! ભાષામાં કોઈ પણ ઝેર હોતું જ નથી, અર્થ ઉપર જ તેના ગુણગુણનો નિર્ભર છે.

શ્રી નિષ્કલંકી નારાયણનું આદિ શરીર અરબસ્તાનમાં જન્મેલ હોવાથી એઓશ્રીની ભાષા અર્બિ હોય જ ! તેઓશ્રીની મુખ્ય (આદિ) ભાષા હોવાથી માનની ખાતર સત્પંથ શાસ્ત્રોમાં દષ્ટિગોચર થાય જ એ સ્વાભાવિક છે. એથી કોઈ પણ માણસે ભાષાથી ન ભડકતાં એ શબ્દોનાં અર્થ લક્ષમાં લેવાનાં છે. વ્હેમ અને ઈર્ષાથી અર્થનો અનર્થ થઈ જાય છે, એથી સત્ય સૂઝવા પામતું નથી ને પાખંડ ગળેથી વછુટતું જ નથી. ભઆષા બોલેથી કોઈ હિન્દુ મુસલમાન થઈ જતો નથી, તેમજ મુસલમાન હિન્દુ થઈ જતો નથી, તેમજ મુસલમાન હિન્દુ થઈ જતો નથી. જો ભાષા બોલવાથી એટલો બધો અનર્થ થઈ જતો હોય તો આજ કેટલાક યુવકો અને વૃદ્ધો ઇંગ્લિશ ભાષા બોલે કાંઈ અંગ્રેજ કહેવાતા નથી, અને પર મુલ્કોમાં ધંધા અર્થે જનાર તેજ ભાષા સદાકાળ બોલે છે જેથી તેવાઓ કાંઈ તે દેશવાસીયોનાં ધર્મિ ન ગણાય.

'હિન્દુ, 'મુસલમાન,' એ શબ્દો કોમીવાદના મુખ્ય શાસ્ત્રો છે, એ શબ્દો કોઈ કોમીવાદના નિષ્ણાત પણ્ડિતોએ યોજેલા છે. એ યોજના સાથે અહંતાનું મહા ઝેર (વિષ) એટલું બધું એ શબ્દોમાં કૂટી કૂટીને ભર્યું છે, કે નામ લેતાંની સાથેજ દાવાનળ ભભુકી ઉઠી સ્વદેશ, સદ્દ્ગાન, સદ્દ્ભાવ, સદ્દ્મિત્રતા, સદ્દ્ધર્મ, પ્રેમાદિનો પલવારમાં નાશ કરી નાખે છે, એવા હાર્દિક ભાવ ઉદ્દ્ભવ્યા પછી કોઈ પણ પવિત્ર ભાવ કે વિચાર હૃદયમાં જરા પણ રહેવા પામતો જ નથી.

એ કોમીવાદના પ્રચારકો આજકાલ ઘણા શાપોના ભાર વહન કરી રહેલાઓને દયા, પ્રેમ, કે સમાન ભાવની ગંધ આવેજ નહિ. કોમીવાદનાં ભરમો એવાઓને ભમાવી રહેલ હોવાથી વ્હેર, ઝેર વિના બીજુ સુઝેજ નહિ ! 'આપસમાં અન્યનને ન જાણનાર' મિત્રોને સમાન ભવા સૂચવતો સત્પંથ નજરમાં ક્યાંથી આવે ? એ મહાશયો તો જેમ તેમ કરી કોમીવાદના ઝેર વ્હેર વધારવાની યોજનામાં વધતાજ રહી જગનાશના શસ્ત્રો અજમાવતા જ રહે છે. ક્લેહના જ્યાં, ત્યાં સમરાંગણો જમાવી રાખનાર આગળ સત્પંથ (સમાન ભાવ) ના ઉપદેશના સૂત્રો કેવા લાગે ? એ વાત દેખીતી હોવાથી આગળ વધારે ચર્ચાવાની અગત્ય હોય નહિ. શાન્ત ભાવિ મહાશયો પોતે જ ન્યાયે વિચારી રહેલ છે, તેઓને કાંઈ કહેવાનું રહેતું નથી.

સત્પંથના મંત્રોમાં ક્યાંય ક્યાંક અર્બિ ભાષામાં અમુક શબ્દો આવેલા છે. તેના શુદ્ધ અને સરળ અર્થ ગુજરાતી ભાષામાં એ સાથે જ આપેલા છે તેના ગુણાવગુણ ઉપરજ વિચાર કરવાનું યજ્ઞ વાચક મહાશયોને સોંપું છું.

ભાષાવાદમાં ફસાએલ હઠાગ્રહીઓ પોતાના અંગદ દ્વેષને લઈ ગમે તેમ બોલે ! જેમ કે ગાંધીના વ્હેરનાં લીધે ખાંડને કડવી કહેનારાઓની સુજ્ઞ સમાજમાં જેવી કીમત થાય છે, તેવી જ કીમત ભાષાના દુરાગ્રહીયોની જાણવી.

''માનવ !'' એ એક મહાભેદયુક્ત વિચિત્ર શબ્દ ગુણ દોષ પ્રકાશનારો છે. મનની ધારણાએ ધ્યાનનો ભાર ઝીલવાના બળાબળના પ્રકાશનનો શબ્દ છે. એજ વસ્તુને કેટલાક માણસો નોખા સ્વરૂપે, રૂપ, રેખાઓએ જુએ છે, ત્યારે બીજા તેને તેથી વિપરીત ભાવનાએ જુએ છે. મનના વેગ સાથે વેહવું, તે તરફ ઈચ્છા વિના ઢસડાયા જવું, તેમાં વગુતા રહેવું. એવા વેગના બળને સ્વરૂપવત જોડવું, એકને ખરો કે ખોટો કહેવો, પોતાના પ્રયત્ને પાખંડ હાથ આવે તો એ, તેને સત્યજ કહે છે. જયાં ત્યાં આજ પાખંડનો પ્રચાર ઘણો હોવાથી, અને જયાં ને ત્યાં બહોળા પ્રમાણમાં એને એજ દ્દષ્ટીએ પડતો હોવાથી, જરા પણ સંકટ વેઠ્યા વિના પ્રાપ્યનેજ ચોંટી રહેવું ! એવાજ સર્વ માનવાના ભેદો છે.

શુદ્ધ બુદ્ધિએ સમાનભાવે, સત્ય શોધી શકાય છે, સત્યની શોધ સત્ય પ્રયાસે ક્યાંથી જ સત્પંથની ઝાંકી થાય છે. સંપૂર્ણ દઢ ભાવના વિના મિથ્યા પ્રયત્નોએ સત્ય શોધી શકાતું જ નથી. આર્થિક પ્રેમે કે એવી દ્દષ્ટીએ તો સત્યથી વેગળો જ રહે છે. જેને સત્ય પ્રિય નથી તેવાઓને સત્પંથની અગત્યે નથી, ને તેને સત્યતા સૂઝતીએ નથી. તેથી જ એવા પુરૂષો સત્પંથની નિંદાએ વળગેલા રહે છે.

સત્પંથીઓને ''વાદવિવાદ ન કરવો.''એ સત્પંથના મુખ્ય સૂત્રને લઈ, સત્પંથની કે બીજી કે કોઈ પણ વિવાદાસ્પદ ચર્ચા કરતા જ નથી જેથી મોટા મોટા સાધારણ કે અગત્યના ભેદો પણ સામાન્ય ધર્મિઓ અને બહારનાઓને દ્દષ્ટીએ આવતા નથી. આ સત્પંથી યજ્ઞ વિધિમાં સત્પંથના મુખ્ય મંત્રો છે, મારી બુદ્ધિ મતિએ એ મંત્રોના અર્થો આપી કાંઈક સત્પંથના માર્ગને સરળ કરવા શ્રી હરિની દયાએ પ્રેરાયો છું, તે શ્રી હરિ સફળ કરે ! સેવાભાવે મારા સંકલ્પો, વિકલ્પોને શાસ્ત્ર મર્યાદાથી જરા પણ હદ બહાર ન જવા દેવા શક્તિમાન બન્યો છું એમ મારૂ ધારવું છે.'

સુજ્ઞજનો અવશ્ય અને ભાવના ઉપર ધ્યાન દઈ શુદ્ધ બુદ્ધિએ નિષ્પક્ષે જોશે, તો જરૂર સત્પંથની રૂપરેખા દષ્ટિએ આવ્યા વિના નહિ જ રહે ! સત્પંથ ખાસ વેદ મુક્ત છે એ સિદ્ધાંત આ મંત્રોથી સિદ્ધ થાય છે. સુજ્ઞો હંસ વૃત્તિએ નિહાળેથી જ ખીર નીર નો ન્યાય અવશ્ય સ્પષ્ટ કરશેજ. એજ 'શુભમ્' બોલો શ્રી નિષ્કલંકીનાથકી જય.

લી.''ખાકી''

ॐ

લેખકની વિજ્ઞપ્તિ

अमृत वा आपस्तस्मादम्दि खसान्तम् ।
मिषिश्चिन्ति नार्मिमार्च्छति सर्वम् आयुरेति ॥

तै.सं.पू. ६.२-२

અર્થ-પાણી અમૃત છે, જે એ પાણીનું અભિષેક કરે છે, તેનો ટુંક આયુષ્ય નથી થતો, પૂર્ણ આયુષ્યવાળો થાય છે. ખચિત જળ રક્ષક છે.

સત્પંથની યજ્ઞ વિધિ વેદાનુકુળ હોવાથી, તેના મંત્રો વેદના તત્વજ્ઞાન બોધક હોવા છતાં સત્પંથ નહિ સમજનારાઓ (અહંભાવી) અદ્‌વાત દવા બોલી પોતાનું પોત ગમે તેમ પ્રકાશતા હોય, તેથી એ મંત્રોની પવિત્ર ઉત્તમતાએ સદ્‌ગોરની કૃતિને જરાએ ઝાંખ લાગતી નથી.

સુજ્ઞ શ્રદ્ધાલુ મહાશયોને સરળ રીતે સમજાવવા મૂળ મંત્રોના સાધારણ અર્થ મારી સમજ પ્રમાણે ઉત્તમ પ્રકારે આપવાજ સેવા ભાવે લલચાયો છું; કોઈ પણ અમૂલ્ય વસ્તુના ગુણાગુણની સમજ જનતાને નથી પડતી ત્યાં સુધી તેની કિંમત જરા પણ અંકાતી નથી, ને તે ગ્રાહ્ય થતીએ નથી.

સત્પંથીઓ યજ્ઞ કેવી વિધિએ, કેવા મંત્રોથી કરે છે, તે વાત અહંભાવી જનોને સમજમાં ના આવે, તે સાધારણ વાત છે. ક્રોધીજનો સત્પંથની નિંદા કરે એ સ્વાભાવિક છે. સત્પંથીઓ શ્રી હરિની આજ્ઞાધિન રહી વારિ યજ્ઞ કરે છે, 'પાણીમાં અગ્નિ રહેલો છે.' (अ.कां. १. अ. १. सू. ६. अप्सु में मे सोभो अब्रवोद दन्तर्विश्वानि मेषजा ॥ अग्नि च चिश्वशं मुवम् ॥२॥ અર્થ-પાણીમાં સર્વ ઔષધો છે, અર્થાત્ પાણીમાં સર્વ રોગોનું નિવારણ (ઔષધો) છે. એ વાત

સોમ નામનો દેવતા હું મન્ત્ર દ્રષ્ટાને ઉપદેસ દે છે. તથા એવી જ રીતે જગતને સુખ દેનાર વેપાર જેમાં છે, તે અગ્નિ અગનાદિ ગુણો સહિત પણ જલમાં રહે છે એ વાતનો ઉપદેશ, સોમે મને કર્યો છે. એ સિદ્ધાંતનું સાર યજ્ઞ દ્રવ્યો કળશમાં જળ ભરી તેમાં સત્પંથીઓ હોમે છે. સત્પંથી યજ્ઞ હવિ સર્વ રીતે સાત્વિક અને અહિંસક હોય છે.

સત્પંથીઓ યજ્ઞ સમયે મંત્રો વૈદિક જ બોલે છે : મુળ મંત્રો વેદની ભાષામાં સાધારણ ગ્રામ્યવર્ગના મનુષ્યોને સમજવા, અને બોલવા ન ફાવે ! એથી શ્રી સદ્ગોરોએ સત્પંથની અગત્ય સમજી તેને જ વ્યવહારી સાદી, સરળ, આડંબર રહિત ભાષામાં અથર્વ વેદની શૈલી અનુસાર રાખ્યા છે. તે સાધારણ ગ્રામ્ય ભાષા ધતિંગખોરાઓને ન ગમે ! એ સાધારણ દેખીતી વાત છે. જગત હિતની દૃષ્ટિએ સત્પંથના સદ્ગોરોએ શ્રી પરમાત્માને પામવાના ભેદનું મહાગુઢ જ્ઞાન જે મહાવિદ્વાનો પણ અનુભવ વિના સમજી સમજાવી ન શકે, તે જ્ઞાન માતૃભાષાએ શુદ્ધ સમજ પડે તેમ જગકલ્યાણ દૃષ્ટિ મર્યાદામાં રાખી લીધું છે.

આખીએ પૃથ્વીના સત્થંપીઓ યજ્ઞ એક જ વિધિએ શાસ્ત્રાનુસાર થવો જોઈએ, દરેક દરેકની મરજી પ્રમાણેની વિધિએ થાએ, એ અજોગતું ને ધર્મ વિરુદ્ધ કહેવાએ ! બહુ ડાહ્યા માણસોએ શ્રી સદ્ગોરની આજ્ઞામાં પણ ડહાપણ ન કરવું જોઈએ ! સમજવું જોઈએ કે શ્રી સદ્ગોરજીને કાંઈ પણ બુદ્ધિ હશે ! એમણે જે ફર્માવ્યું હશે, તે સર્વ સમજી વિચારી શ્રી હરિની આજ્ઞા પ્રમાણે જ હશે. તેમાં સુધારો કે હેરફેર કરનારે પોતાની બુદ્ધિ ઉપર અફસોસ કરવો ઘટે છે.

કોઈ પ્રસંગે પોતાનો મોભો કે માનના લોભે અજ્ઞજનો યજ્ઞ વિદિ કરવા બેશી જેમ તેમ કાર્ય આટોપી લે ! તે શાસ્ત્રોક્ત વિધિ ન કરી જાણનારો યજ્ઞ કરતો હોય, તેવાની વાચાળપણા ઉપર કે કોઈ પણ કુળ કે પદ્વીપણાના ધોરણ ઉપર અન્ય જનતા; યજ્ઞ વિધિ દેખાદેખીએ કરતા હોય, કાં પોતાની ચાલાકી નવિનપણું યજ્ઞમાં બતાવવા ક્રિયા, વિધિમાં ગોટાળો વ્રાળતો હોય ! એવા, કે કોઈ પણ સંજોગોમાં શાસ્ત્ર પ્રમાણ વિનાનો થયો યજ્ઞ, યજ્ઞ નહિ પણ પાખંડ છે ! શુદ્ધ યજ્ઞ તો શાસ્ત્ર પ્રમાણે જ થતો હોય તે જ છે, તે જ યજ્ઞે શ્રી હરિનું ચરણામૃત નુર, અમી અમૃત મલે છે. શાસ્ત્ર વિધિથી રહીત ગાફલોના કરેલા યજ્ઞે તો ખાલી નીરજ મલે છે. માટે યજ્ઞની મર્યાદા જાળવવા શાસ્ત્ર વિધિએ જ કરશો. શ્રી સદ્ગોરજીએ તો યજ્ઞના મંત્રો યજ્ઞ વિધિ અનુકુળ,

વિધિ કર્માનુંકુળ દર્શાવવા મંત્રો પણ તે પ્રમાણે ક્રમવાર અગત્યને સ્થાને ગોઠવી દીધા છે, એ ગોઠવણ પ્રમાણે ક્રમવાર અગત્યને સ્થાને ગોઠવી દીધા છે, એ ગોઠવણ પ્રમાણે યજ્ઞ કરાય તો જરા ભૂલ આવે નહિ, ને શુદ્ધ યજ્ઞ થાય.

સનાતન પ્રથા પ્રમાણે યજ્ઞ સમયે કાર્યમાં ચાર માણસોની અગત્ય છે. (૧) હોતા (મુખી) (૨) ઉધવર્યું (શાખિયો). (૩) ઉદ્‌ગાતા (પણ્ડિત મંત્ર ભણનાર). (૪) બ્રહ્મા (કોટવાળ). એવા ચાર પુરૂષો વિના યજ્ઞ થઈ શકે જ નહિ. મુખી વિધિ કરી હવિ કળશમાં હોમે, આદિથી અંત સુધી યજ્ઞ પરવારી જવા સુધીના કાર્ય કર્યા જ કરે. ઉધવર્યું મુખી સમક્ષ ઉભો રહી યજ્ઞનું સાહિત્ય અગત્ય સમયે મુખીને હાજર કરે. ઉદ્‌ગાતા યજ્ઞ સમયે વિધ વિધ. વિધિ સમયે મુખીને સંબોધી મુખીની અનુમતીએ મંત્રો બોલે. બ્રહ્મા યજ્ઞમાં મળેલ સમાજનું અને યજ્ઞનું રક્ષણ કરે.

પ્રથમ યજ્ઞ કાર્યમાં મુખી યજ્ઞ મંડપમાં પ્રવેશતાં ગતના સત્કારાદિ કાર્ય આટોપી, દેવસ્થાપના પંડાણનો મંત્ર (યજ્ઞ વિધિનો પ્રસ્તાવ) પણ્ડિત બોલે, ગત સાંભળે, મુખી સ્ફોટન સમય હોય તો કરે, ત્યાર પછી મુખી માણલે, માણ લીધા વિના યજ્ઞની વેદી સ્થાને જઈ શકે જ નહિ. તે પછી મુખી યજ્ઞના આસન સન્મુખ આવે, પણ્ડિત મંત્ર ભણે. શ્રી સદગોરજીએ ક્રમવાર મંત્રો ગોઠવ્યા છે તે, તેજ વિધાને ક્રમવાર ભણતો જાય, ને મુખી મંત્રની સંકળનાં પ્રમાણે યજ્ઞની વિધિ, ક્રિયા કર્મ કર્યા જ કરે.

યજ્ઞના હવિ પદાર્થો મંત્ર ૧૭ અને ૧૮માં જણાવ્યા પ્રમાણેના હોમ્યા બાદ યજ્ઞનું કામ આગળ ચાલે. એ સર્વ હવ્ય પદાર્થો જરૂર અગાઉથી મંગાવી રાખવા જોઈએ. એ હવ્ય પદાર્થો પ્રાપ્ત ન થઈ શકે તેવે સ્થાને પ્રથમમંગાવ્યા પછી જ યજ્ઞનું મંડાણ આરંભવું. પૂર્ણ હવિ ન હોય તો યજ્ઞ સંપૂર્ણ ન થાય. જેથી યજ્ઞ આરંભવો જ નહિ. નાછુટકે પ્રાપ્ત હવિએ યજ્ઞ થઈ શકે.

યજ્ઞ વિધિમાં ચાર દેવોના ચાર અમુક અમુક લખ્યા પ્રમાણે પ્રસાદના થાળ અને એક સર્વ દેવોનો, એ રીતે પાંચ પ્રસાદની અગત્ય છે. પાંચ પ્રસાદ વિના યજ્ઞ શુદ્ધ ન કહેવાય, પ્રસાદ વિના દેવોનું આવાહન કરાય જ નહિ, દેવો વિનાનો યજ્ઞ વર વિનાની જાન જેવો છે. એ પાંચ પ્રસાદ જમાડતાં વિધિ યુક્ત જ ધરાવતા જવાને પાંચે મંત્રો અનુક્રમે ભણતા જવાના છે. પાંચમો પ્રસાદનો મંત્ર ભણતાં બહારથી જે જે પ્રસાદ ઉમંગથી લાવવામાં

આવ્યો હોય, તે એ સમયે ધરાવી દેવાય, પણ બહારથી આવેલો પ્રસાદ શાસ્ત્રાજ્ઞાનુસાર એ પવિત્ર હોવો જોઈએ.

યજ્ઞ વિધિ કરતાં અક્ષત્ ઉતારી, મોટી છાંટ નાખ્યા પછી લાઈ સુતકાદિના કાર્ય પતાવ્યા જાય છે, મોટાં કામો-ઉઠાસણાં, નવા ધર્મિને દિક્ષાનાં કાંકણ, વર કન્યાના લગ્નના કાંકણાદિના કાર્ય હોય તો, તે અક્ષત્ ઉતારવા પહેલાં કરાય.

કળશની વિધિનું કાર્ય પુરૂં થયા પછી (અમી પી રહ્યા પછી) સર્વ પ્રસાદના થાળ એક મોટા વાસણમાં એકત્ર કરવાના સમયે જ અક્ષય પાત્રનો મંત્ર પણ્ડિત ભણે. તે પહેલાં એ મંત્ર ભણવાનો સમય જ નથી. પણ્ડિત યજ્ઞના મંત્રો ગતનાં સર્વ જીવો સાંભળી, સમજે તેવી સ્પષ્ટ રીતે ભણે ! મંત્રોથી યજ્ઞની મહત્વતા સમજાય છે ! માટે ગુપ્તપણે ભણવાથી યજ્ઞ પૂર્ણ વિધિએ થયો ન કહેવાય.

ગતમાં આવનારાએ કોઈ પણ સમયે યજ્ઞમાં આવતાં અવશ્ય નિર્મળ થઈને આવવું. નાહી, ધોઈ, સ્વચ્છ શરીર કરી અહંકાર, હુંપદ, ખાર, વ્હેર આદિ દોષોથી હૃદય પવિત્ર કરી આવવાનું છે, શ્રી હરિ યજ્ઞમાં પધારે છે, તેની સમક્ષ તો પવિત્રપણે નિર્મળ થઈ તેના દાસાનું દાસ થઈ નમ્રતાએ અવાય. યજ્ઞનું સર્વસાહિત્ય પ્રસાદાદિ સર્વ શુદ્ધ પદાર્થોથી બનેલ પવિત્ર સત્પંથીના હાથનું સ્વદેશી જ પવિત્ર વસ્તુઓથી પવિત્રતા સચવાઈ બનેલું હોવું જોઈએ. યજ્ઞનું સાહિત્ય, અને યજ્ઞશાળામાં યજ્ઞ વિધાન સમયે પધારનાર સમાજ પવિત્રપણા સાથે છે કે નહિ ? તે કોટવાળ મહાશયે તપાસવાનું છે, કે આવનાર દરેક (ગતની) જન શુદ્ધ શરીરે આવેલો હોવો જોઈએ !

લી. શુભેચ્છક ખાકી

સત્પંથનું સ્વરૂપ

૧. ટેક. ૨. પ્રતિજ્ઞા. ૩. નિયમ.

૧. ટેક એટલે.

૧. સત્ય. ૨, પુરૂષાર્થ. ૩, પ્રેમ. ૪, સમાન ભાવ. ૫, ક્ષમા.

૨. પ્રતિજ્ઞા.

૧, સત્પંથના નિયમોનું પૂર્ણપણે પાલન. ૨, બાળકોને સત્પંથની કેળવણી અપાવરાવવી. ૩, અંધશ્રદ્ધાનો ત્યાગ.

૩. નિયમ.

૧. 'શરીર શુદ્ધિ. ૨, હૃદય શુદ્ધિ. ૩, વ્રત. ૪, ઉપાસના. ૫, ધ્યેય.

૧, શરીર શુદ્ધિ એટલે લાઈ, સુતક (રજ સ્વલાથી મરણ પર્યંતના સ્નાનાદિ પ્રયોગો) શ્રી ઈમામ ગોરની આજ્ઞા પ્રમાણે ઉતરાવવા, તથા પાળવા.

૨. 'હૃદય શુદ્ધિ' એટલે માદક પદાર્થોનો ત્યાગ, (લસણ, ડુંગળી, હીંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, માંસ, મદિરા, વ્યાજ★ ગળી આદિ) સર્વ પદાર્થો શ્રી ઈમામ ગોરની આજ્ઞા પ્રમાણે ત્યજવા.

૩. 'વ્રત' એટલે 'સંધ્યા એટલે ચાર વખત' પૂજા-ઘટ-પાટાદિ યજ્ઞ વિધિ. શ્રી ઈમામ ગોરની વાણી અનુકૂળ કરવી.

૫. 'ધ્યેય' એટલે 'આજ પ્રચલીત સમયના ધ્યેય પુરૂષ, શ્રી નિષ્કલંકી નારાયણ,' એનેજ પરમ નિરંજનના નુર (આદ્ય પુરુષ), રૂપ સમજી પૂરી રીતે શ્રી ઈમામ ગોરના વચનાનુસાર માનવું.

★ ગળી એટલે ગળીથી રંગ, ગળીનાં રંગમાં રંગાયેલ.

અનુક્રમણિકા

વારિ યજ્ઞ માટેના થોડાંક હવિ

ફુલ, પાન, ચુવા, ચંદન, કેસર, અબીલ, ગુલાબ, કસ્તુરી, અંબર, સુખડ, અક્ષત, અત્તર અને સુગંધી દ્રવ્યો.

❖❖❖

યજ્ઞ માટે પ્રસાદ

શ્રીફળ શાક, ભાજી, સુકો મેવો, લીલો મેવો, અનાજ, સ્વદેશી (પવિત્ર), ખાંડ, દુધ.

ॐ

શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈંદ્ર ઈમામહ વાચા

શ્રીયોગવાણીનું જ્ઞાન

કોણ સિંહાસન કહોરે બ્રહ્માજી ? અને કોણ નગરીમાં રહેશો.
કોણ ઠેકાણે અસ્થળ પુજાવો ? આજ કોણ તેં સાચું તિર્‌થ કહિએ ?
રે યોગેશ્વરો ! પણ અમને છે ગોર નરની આશા ! ॥૧॥

કોણ ઠેકાણે તમે પ્રગટ રહેશો ! અને કોણ સે વેદ ભણાવો ?
કોણ વિવેકની વાચાહો પાળો ? તમે કોણસે જાપ જપાવો ?

રે યોગેશ્વરો ! પણ અમને છે ગોર નરની આશા ! ॥૨॥
અમે કોણસે તિરથે પાપ છૂટીએ ? અને કોણસી જયોત લઈએ ?
ક્યાં હાંરે જઈને અમે ગુનાહરે ગુજારીયે ! અમને તેનાં તે સાંસા ટાલો.

રે યોગેશ્વરો ! પણ અમને છે ગોર નરની આશા ! ॥૩॥
સેજે તે દાન સદ્‌ગુરુ મુખે દેજો, ગત તિરથમાં ગુનાહ પરહરો ?
આજ પશ્ચિમ દિશા બેસી જાપ ઓચરજો, તમે બીજ શુક્રવારી કરજો !

રે યોગેશ્વરો ! પણ અમને છે ગોર નરની આશા ! ॥૪॥
[1]ઈમામપુરી નગરીમાં હમો પ્રગટ બેઠા ! ત્યાં ગોર નર બેઉના છે કેડા ૨
અનંત કરોડી જીવ તારવા આવ્યા, ત્યાં કરશું તે યુગના નિમેડા ।

રે યોગેશ્વરો ! પણ અમને છે ગોર નરની આશા ! ॥૫॥

---

૧ ઈમામપુરી = નરઅલી મહંમદશાહ અને તે પછીના ચાર ઈમામ રહ્યા છે તથા હવે આવનારા ચારે ઈમામ એજ સ્થાને થાશે, તે સ્થળ, પીરાણા. ૨. કેડા = પગરવ, પગે ચાલતાં પડેલો ચીલો, પગનો ઘસારો, પગે ચાલાતં મારગની એંધાણી, પગદંડો.

અથર્વવેદી અમો રામ રેહમાના ! સહી નર ને નારાયણ !
ચારે તે યુગમાં ચાર દિશારે પુજાવી ! અમને કરણ કલફમાં સૌ જાણે !
રે યોગેશ્વરો ! પણ અમને છે ગોર નરની આશા !

[3]સોળ કળાશું અમે જ્યોતિ પ્રકાશી ! છત્રીસે આસન[4] લાવ્યા !
[5]હિમપુરીમાં હાજર મિજલસના મેળા, ત્યાં[6] પાંચમો વેદ ભણાયા !
રે યોગેશ્વરો ! પણ અમને ગોર નરની આશા ! ॥૭॥

કુંવારકા[6-2] ક્ષેત્ર માંહે મંડાણ માંડ્યું ! અને ત્યાં પાપ ધરમ[9] તોલાશે !
ઘટને પાટ તમે સાચે મને પૂજો ! સોળ કલા તે ઘટમાં આવે !

જાંબુરે દ્વીપમાં યોગેશ્વર બેઠા ! તે [10]સાદ સબ્દનાં છે સાથી.
રે યોગેશ્વરો ! પણ અમને છે ગોર નરની આશા ! ॥૯॥

ભણે પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ તમે સુણો યોગેશ્વરો !
અમે નિરંજન ઘર થકી આવ્યા !
આગે કૃષ્ણરૂપે અમે કરુણાઓ કીધી, અમમાં ગોર નરની આશા ॥૧૦॥

---

૩ સોળ કળાશું જ્યોતિ પ્રકાશી = શ્રી શાહ (નર)નો વંશ સોળ કળા સહિતની જ્યોતિ (તેજ) પ્રકાશિત પૂર્ણપણે કરેલ ૪ છત્રીસે ઓશન લાવ્યા = સોળ કળાવાળો પ્રગટ શાહનો વંશ શ્રી અલીતી છત્રીસ મા ઈમામ (શ્રી ઈમામ અશરફશાહ બાવા) સુધી અતૂટ પ્રગટ કરેલ ૫ હિમપુરી = હિમની નગરી, શાન્તિનું સ્થાન, પીરાણા, ૬-૨ હાજર મિજલસના મેળા = હંમેશાં મહાદન સુધી દરેક સમયે શ્રી ગોરનરના ગુપ્ત અગર પ્રગટ મેળાપનું સ્થાન પીરાણા. ૬-૧ પાંચમો વેદ = વેદ સમો મહા મંત્ર, ઈશ્વરી વાણી, શ્રી હરિને ઓળખવાનો ભેદ. ૮ કુંવારકા ક્ષેત્ર = કુંવારકા પૃથ્વીનું ક્ષેત્ર, પીરાણા. ૯. પાપ ધરમ તોળાશે = મહા પ્રલયના છેવટના દિવસનો હિસાબ તોળાવવાનું સ્થાન. ૧૦ સાદ શબ્દના છે સાથી = સાદ = અવાજ (વાણી)ના તથા શબ્દ = મંત્રનાં સાથી = સાથે રહેનાર. ખુલાસો કરવા હંમેશાં સાથે રહેનારાનું સ્થાન.

ૐ

આરતી મોટી શ્રી નિષ્લંકી નારાયણની

શ્રી નુર સદ્‌ગોર વાચા

જાહેર દેવ જં બુદ્ધીપમાં બેઠાં; ભાગ્ય જીનુકા જેણે નજરે દીઠા,
હરહર સદ્‌ગુરુ સેહદેવ તુમકું દીયારે બતાઈ, ચૌદ ભુવનમાં હુઈરે વધાઈ
આરતી કીજે નિષ્કલંક તુમારી. ॥ ટેક ॥

★ ષટ્ દર્શન માંહે સૂન પૂજાએ, સત્ય ધરમકા કોઈ મરમ નાહીં
૫- આરતી-૧

સત્ય ધરમકી રાહ બતાઈ, તેત્રીસ ક્રોડી દેવમાં હુઈ રે વધાઈ આરતી -૨

અનહદ વાજા વાજીંત્ર વાજે, અકળ સ્વરૂપ દેખી દુનિયા લાજે - આરતી-૩

લાજ તમ ધરો તમે હરિના જન, ભક્તિ કરો તમે નિર્મળ મન-આરતી-૪

કર્તાયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ કલયુગ જોય, અજંપા-જાય વિના
મુક્તિ ના હોય ! આરતી-૫

પહેલીરે આરતી કર્તાયુગે વધાઈ, ચાર રૂપેરે હરિ મચ્છ કુર્મ,
વ્યારાહ, નૃસિંહ અવતારી-આરતી-૬

ચાર રૂપેરે ચાર દાણવ છેદ્યા, પાંચ કરોડી ભક્ત પાંચ કરોડી ભક્ત
પ્રહલાદ સિદ્‌યા આરતી-૭

ઋગુરે વેદના વારારે વરત્યા, અમર ભેદ કોઈ મુનિવરે પરખ્યા-આરતી-૮

બીજીને આરતી ત્રેતાયુગે વધાઈ, ત્રણ રૂપેરે હરિ વામન,
પરશુરામ, રામ અવતારી-આરતી-૯

ત્રણ રૂપેરે ત્રણ દાવણ છેદ્યા, સાત કરોડી રાજા હરિચંદ સિધ્યા-આરતી-૧૦

યજુર વેદના વારા રે વર્ત્યા, અમર ભેદ કોઈ મુનિવરે પરખ્યા-આરતી-૧૧

★ ષટદર્શન ૧ જોગી, ૨ જંગમ, ૩ સેવડા, સન્યાસી, ૫ દરવેશ, ૬ બ્રાહ્મણ, સત્વ હીણ, આ છો દર્શન માત્ર મિથ્યા વેશ કરનારાને કહ્યા છે.

ત્રીજી રે આરતી દ્વાપરયુગે વધાઈ, દોય રૂપેરે હરિ કૃષ્ણ બુદ્ધા
અવતારી - આરતી - ૧૨

દોયે રૂપેરે દાવણ દોય છેદ્યા, નવ કરોડી રાજા યુધિષ્ઠિર સિધ્યા-આરતી-૧૩

સામરે વેદના વારારે વર્ત્યા, અમર ભેદ કોઈ મુનિવરે પરખ્યા-આરતી-૧૪

ચોથી રે આરતી કલિયુગે વધાઈ, એક રૂપેરી હરિ નિષ્કલંકી
અવતારી-આરતી-૧૫

એક રૂપેરી એક દાવણ છેદશે, બાર કરોડી ભક્ત કમળા કુંવર
સીધશે-આરતી-૧૬

અથર્વવેદના વારારે વર્ત્યા, અમર ભેદ કોઈ મુનિવરે પરખ્યા-આરતી-૧૭

યુગ પ્રમાણે જાપ શોધીને લઈયે તન, મન, ધન, ગુરુ
ચરણે દઈએ - આરતી-૧૯

ધણી રે નર મહંમદશાહ ઉપ છત્ર ઢળાશે, અનંત કરોડી
જીવના કારજ થાશે - આરતી -૨૦

સાંજ સબેરી તમે જપો મેરે ભાઈ, એરે, આરતી નુર સદ્ગોર ગાઈ
આરતી-૨૦

બોલો શ્રી સદ્ગોર ઈમામશાહ બાવાની જય.

વાંચનાર મહાશયોને વિનંતી.

આ પુસ્તકમાં દ્રષ્ટિદોષે ભૂલો રહેલી છે. અને તેમાંએ અમારી નજરે ના ચઢતાં એ વિના ગમી બીજી ભૂલો રહેલી છે. અને એમાં તેમાંએ અમારી નજરે પુણ્યના ભાગમાં સામીલ થવું. ભૂલો જે જૂઓ તે પ્રકાશકને જાણ કરવા મહેરબાની કરશો, જેથી બીજી આવૃત્તિમાં ભૂલો રહેવા ના પામે.

ચેતવણી.

આ પુસ્તક જે મહાશયોના કરકમળને દિપાવતું હોય તે સુજ્ઞજનોએ આ પુસ્તકને જેમ-તેમ જ્યાં ત્યાં મૂકી ન દેતાં, આ વેદવાણીના પુસ્તકને શ્રી પ્રભુતુલ્ય અદબે સાવધાન પણે સાચવી યોગ્ય સ્થાને અદબ સચવાય તેમ મૂકવું.

ॐ

શ્રી ગોર અને (બ્રહ્મા અને વિષ્ણુ) એ બન્ને એકરૂપે.

બ્રહ્મા વિષ્ણુ મિશ્ર એક સ્વરૂપે

શ્રી મહાપ્રભુ સત્પંથના સહાયક, સત્પંથના શાન્તિદાતા, સત્પંથના સરજક.

❖❖❖

શ્રી સૈયદ પીર શમ્સ તબ્રેજી સાહેબ વિષે બે બોલ.

❖❖❖

મલવાના જલાલોદીન રૂમીનું હૃદય દર્શન.

❖❖❖

આફતાબ આમદ્ દલીલે આફતાબ,

ગર દલિલૂત બાયદ્ અઝવ્ય 'રૂ' મતાબ.૧

અર્થ - આ એકજ મુલ અખંડ પ્રકાશ પ્રસારક સવિતા નારાયણ આવ્યો છે કે, જેનું દ્રષ્ટાંત આપતો એટલે જેના પ્રકાશના પડછાયાથી પ્રકાશતો ચતુર્થ ભોવનવાશી સૂર્ય મૃત્યુલોકમાં પ્રકાશે છે, તે ત્રિલોકી પ્રકાશક મહા સવિતાનારાયણ (પ્રભુ) પધાર્યા છે, એઓશ્રી કનેથી પ્રસાદી (મહા અખંડ પ્રકાશ એટલે આતમ જ્યોતિ) મેળવવી હોય, તો એઓશ્રીને શરણે શિષ નમાવી આધિન રહે.

અઝવ્ય અઝ શાયા નિશાની મીદેહેદ

શમ્સ હરમદ્ નુર જાની મીદેહેદ. ૨

અર્થ - ખાસ એઓશ્રીનું કે એમના પડછાયા (વંશ)નું ધ્યાન ધરતો રહેતો એ મહા સમર્થ પ્રભુ શમ્સ સર્વ ટાળે સર્વ જીવોનો પ્રકાશક (પ્રેરક) હોવાથી સર્વને અખંડ પ્રકાશિત રાખે છે. (મોક્ષ માર્ગ આપે છે.)

શાયાખ્વાબ આરદ તુરા હમચું સમર,

ચુંબર આયદ્ શમ્સ અઝ્ શકકુલ કમર.૩

અર્થ - સ્વપ્નમાં એઓશ્રીના પડછાયા (વંશ)નો ભાસ પણ થાએ, તો તે મહા ફળદાઈ છે. અને જો એ મહાપ્રભુ શમ્સનો સાક્ષાતકાર તો અખંડ બ્રહ્મપણું છે.

ખુદ ગરીબે દર જહાં શું શમ્સ નેસ્ત,

શમ્સ જાં બાકીસ્ત કુરરા અમ્સ નેસ્ત.૪

અર્થ - મહા ઋષિયો, મુનિયો અને સર્વ પવિત્ર પુરૂષો ધ્યાન ધરી ધરી મથી રહેવા છતાં, ધ્યાનમાં કે લક્ષમાં નથી લઈ શકતા, એવો આશ્ચર્યજનક અજોડ નિત્ય નવિનતા પ્રગટાવનાર અલબેલો મહાપ્રભુ શમ્સ અસંગ છે, એના જેવો બીજો કોઈ ત્રિલોકમાં નથી, એ મહાપ્રભુ શમ્સ અખંડ, અમર, અવિનાશી છે, છતાં આંધળા (અજ્ઞાની) ને મદ્, મોહનાં પડળે (એઓશ્રીને ઓળખતા નથી.) નથી જોઈ શકતા.

શમ્સ દરખારિજ અગરચે હસ્તફર્દ,
મી તવાં હમમિસ્લે ઓ તસ્વિર કરર્દ.૫

અર્થ - એઓશ્રી મહાપ્રભુ શમ્સ પોત એઓથી વિમુખોના સમુહોમાં એકલો વશી રહેલો દેખાય છે, (રાક્ષસોનાં મંડળમાં એકલો હોય) છતાં એ મહાપ્રભુ સર્વ સમર્થ કાગળ ઉપર ચિત્રેલ પુતળાઓ સમાન વિમુખોને ફેડી નાખવા (ફેડવા) સમર્થ છે.

લેકેઆં શમ્સે કે શુદ મસ્તશ અશીર,
ન બુદશ દર ઝહન ખારિજ નઝીર.૬

અર્થ - પ્રેમનો ઉત્પાદક મુલ પુરૂષ, પ્રેમરૂપ શ્રી શમ્સ મહાપ્રભુ પોતાના પ્રેમ આવેશમાં બંદાઈ રહેલ હોવાથી, એના અમોઘ પ્રેમી હૃદયમાં શત્રુત્વ (ઉંચ, નીચ) ખાર, વ્હેર છે જ નહિ.

દર તસવ્વર જાત ઓરા ગંજ ગો,
તાદર આયદ દર તસવ્વર મિશ્લઓ. ૭

અર્થ - એ અલક્ષાલક્ષ મહાપ્રભુના શરીરનું ધ્યાન ધરતો હોય તો, એને તત્ત્વતાનો ભંડાર (ખજાનો) ખાણ (અકથ તત્વતા, મુળ પરમ સાત્વિક તત્વની માતા) કહીશ, ત્યારે જ તારો ધ્યેય શુદ્ધ થયો ગણાઈ, તેનાં સ્વરૂપનું જ્ઞાન થશે.

શમ્સ તબ્રેઝી કે નુરે મુત્લક અસ્ત,
આફતા બસ્તો ઝ અનૂવારે હક અસ્ત. ૮

અર્થ - શ્રીમાન્ મહાપ્રભુ શ્રી શમ્સ તબ્રેજી અમરત્વનું મુળ તત્વ છે. એઓશ્રીજ પોતે મુલ સવિતાનારાયણ, સત્ય પ્રકાશક જ છે.

(દ્રષ્ટાંતમાં)

ચું હદિસે રૂએ શમ્સો દીં રશીદ,
શમ્સ ચાહર્રૂમ આસમાં સરદર કશીદ. ૯

અર્થ - શ્રીમાન્ મહાપ્રભુ મુલ સવિતાનારાયણના શ્રી મુખની આજ્ઞા પહોંચતાંજ, ચતુર્થ ભોવનવાશી સૂર્યે પોતાનું શિષ એઓશ્રીના ચરણ સરોજમાં અર્પિ દીધું.

વાજિબ આદમ ચું કે બરદમ નામેઓ,
શૂરે સમ્ઝી કર્દન અઝ ઈન્આમેઓ. ૧૦

અર્થ - એથી સિદ્ધ થયું કે સર્વેએ એના નામનું શ્વાસોશ્વાસ સ્મરણ કરવું, એઓશ્રીના ચારિત્રોનું વર્ણન કરવું, એ તો એક એઓશ્રીની દયાનોમહા પ્રભાવ છે. (એના ભેદો કોઈ જાણી શકતો જ નથી તો વર્ણવી પણ ક્યાંથી શકે ?)

(મનસ્વી મૌલાના રૂમ દફતર ૩)

આ કવિતા રચનાર જલાલોદ્દીન રૂમી શ્રીજી શમ્સ તબ્રેજીના શિષ્ય હતા. હાલના અને તે સમયના મોલવીયોમાં અગ્રણ્ય મોલવી હતા. એઓશ્રીનાં કથનો અજોડ અને અમૂલ્ય હોવાથી હાલ પણ ઉપદેશતી વેળા દ્રષ્ટાંતોમાં હાલના મોલવીઓ એમના જ વચનામૃતોનો ઉપયોગ કરે છે.

સ્વામી શ્રીરામતીર્થના અંતરના ઉદ્દગારો

❖❖❖

તા. ૧ માર્ચ ૧૯૦૩ ના રોજ 'સાનફ્રાન્સીસ્કો' (અમેરિકા) માં આપેલું ભાષણ, સત્યનો માર્ગ અથવા સત્યનો પ્રદેશ

o o o o
o x o o

એક હિન્દુ (રામાયણ), શાસ્ત્ર, જેમાં ★ જગતના નહિ તો હિન્દુસ્તાનના એક મહાન શુરવીર ભગવાન રામચંદ્રની જીવન લીલા લખેલી છે. તેમાં કહ્યું છે કે જ્યારે રામચંદ્રજી સત્યની શોધમાં નીકળી પડ્યા ત્યારે સર્વ પ્રકૃતિઓએ દાસત્વ સ્વીકાર્યું હતું. એમાં લખ્યું છે કે વાનરોએ લશ્કર પૂરૂં પાડ્યું, ખીસ્કોલાઓએ સેતુ બંધ રામેશ્વરનો પુલ બાંધવામાં મદદ કરી. રાજહંસો પણ રામના દુશ્મનોનું નિકંદન કાઢવા મદદ આવી પહોંચ્યા, પાષામ પોતાનો સ્વભાવ ભૂલી ગયા; તેમને સમુદ્રના જળમાં નાખ્યા તે વખતે ડૂબી જવાને બદલે તેમણે કહ્યું કે "સત્યને માટે, સત્યવાદીના કાર્યના વિજય માટે અમે ડૂબી નહિ જતા તરીશું," પવન અને વાયુ, અગ્નિ, મરૂત વગેરે રામની મદદે ખડા રહ્યા હતા.

o o o ૨
o o o o

હવે રામ, જગતના એક મહાપુરુષ બલ્કે અખિલ વિશ્વના મહાત્માની વાત કહી આ વિષય સમાપ્ત કરશે. એ મહાત્માનું નામ શમ્સ તબ્રેજી છે એ મહાત્માના જન્મદાતા પિતાશ્રીનું નામ પીર સલાહોદીન ઉર્ફે ઈસ્લામ હાદિક ઉર્ફે નુર સદ્દગરો (જેનું સ્થાન - રોજો (ગિઝનીમાં છે.) હતું. પણ સ્વામીજી અલાઓદીન સાહેબ લખે છે. અલાઓદીન સાહેબ તો શ્રી શમ્સ તબ્રેજીનાં શાહની કળાનાં વરદાતા પિતા હતા. તેમને બતાવ્યાં છે. શ્રી અલાઓદીન સાહેબની અમર લીલા પછી શ્રી શાહપણાની પદવી શ્રી શાહની ગાદીએ

★ શ્રી સ્વામી રામતિર્થના હૃદયમાં શ્રી રામ અને શ્રી શમ્સ તબ્રેજીની પદવીમાં દેખાતી દિવ્યતાનું દૃશ્ય.

શ્રી અલાઓદીન સાહેબની આજ્ઞા પ્રમાણે શ્રી શાહપણું શ્રીજીએજ શોભાવ્યું હતું. અલાઓદીન અને સલાહોદીન બન્ને બીતરાઈ ભાઈ શ્રી ઈમામ ઈસ્લાઈલ સાહેબના વંશમાં જ હતા. મનશુંર તો તેઓશ્રીનાં વંશનો ભક્ત હતો.)

o o o o

આ મહાત્મા ક્રાઈસ્ટથી ઉતરતો નહોતો. ઉલટો ઘણી બાબતોમાં તેનાથી ચડિયાતો હતો. આ મહાત્માનું જીવન બાલપણામાંથી દિવ્યરૂપ હતું, તે પ્રભુમય હતો, પિતાનાથી ઉત્કૃષ્ટ હતો. આ વીરની વાણી દ્વારા એક મહાન ઘણું જ મોટું પુસ્તક રચાયું. કલમ ને ખડીયા વતી આ પુસ્તક એણે લખ્યું નહોતું, પણ એમ કહેવાય છે કે હરદમ એ બોલતો ત્યારે કવિતા જ નીકળી આવતી; પણ તે કવિતા તમારા અમેરિકન કવિઓ જેવી નહોતી. કવિતાના સત્ય સ્વરૂપમાં તે કવિતા હતી, માત્ર પરમાત્મા રૂપજ હતી. તે દિવ્ય વિચારોથી પરીપૂર્ણ હતી, તેનો દરેક શબ્દ સુવર્ણ સમાન છે.

એ વિષે એક બીજી વાત પણ ખાસ જાણવા જેવી છે. એક સમય કેટલાક મનુષ્યો સરકસ જોવા કોઈ તમાશાને અંગે રાજા પાસે આવ્યા, રાજા ખેલોથી આનંદ પામ્યો ને તેમને એક હજાર ડોલર આપ્યા; પણ પાછળથી રાજાને પશ્ચાતાપ થયો; કારણ કે દરરોજ આવા નકામા ખેલોમાં હજારો ડોલર ફેંકી દેવા તે તેને વ્યાજબી લાવ્યું નહિ. જેથી રાજાએ પૈસા પાછા લેવા માટે એક યુક્તિ કરી ને કહ્યું કે તમો સિંહનો વેષ લઈને આવો, ને જો તે વેષ આબેહુબ ભજવી બતાવશો તો આથી પણ વધારે ઈનામ આપીશ, પણ જો બરાબર ભજવશો નહિ તો તમારે માલ મિલ્કત ધન દોલત સર્વ જપ્ત કરવામાં આવશે. આ ખેલાડીઓ તેમ કરી શકયા નહિ ને રાજને ખુશી કરી શકયા નહિ. હિંદુસ્તાનમાં જે પ્રાણીનો વેષ લેવામાં આવે છે તે પ્રાણી જેવી રીતે હાલે, ચાલે, ખાય, પીયે, તે પ્રમાણે કરી બતાવવામાં આવે છે; પરંતુ સિંહનું રૂપ તેઓથી લઈ શકાતું નથી. આ લોકો આપણા મહાત્મા પાસે આવ્યા ને તેની આગળ રૂદન કરવા લાગ્યા, વાર્તામાં કહ્યું છે કે આ મહાત્માને અખિલ વિશ્વમાં અભેદ હોવાને સર્વમાં પોતાનેજ જોતો હતો. તેને આ લોકોની દયા આવીને તેમણે કહ્યું "ધૈર્ય રાખો, કારણ હું પોતે જ સિંહ રૂપ થઈને આવીશ; હું પોતેજ પ્રયોગ કરી બતાવીશ."

o o o o

બીજે દિવસે રાજા સભામાં આ પ્રયોગ જોવા બેઠો હતો. તે વખતે એકાએક વિદ્યુતની ત્વરાએ ખરેખરો સિંહ કૂદીને મેદાનમાં આવ્યો. સિંહે ગર્જના કરવા માંડી ને રાજાના બાળને ઉચકી ફાડી નાખ્યું. પછી બીજું બાળક લીધું ને ઉંચે આકાશમાં ફેક્યું. **આ મનુષ્ય ખરેખરી રીતે પરમાત્મા હતો.** "તેને મન હું એક નિયંત્રીત થયેલો દેહ છું." એ વાત સ્વપ્રાવત્ ભૂતકાળની થઈ હતી. એવા શબ્દોમાં તેને કોઈ અર્થ જ લાગતો નહિ. જે ઈશ્વરે સિંહરૂપ દર્શન દીધું હતું. તે ઈશ્વર તે પોતે જ હતો. પ્રયોગ પૂર્ણ થયો. સાધુ તે બાળકને મૃત્યુ પમાડી ચાલ્યો ગયો; તેઓને દેહાભિમાન હોતું જ નથી. પરંતુ અહીં રાજા ક્રોધાયમાન થયો હતો. તેના હજુરીયાઓ, રાજ્ય સેવકો પણ ક્રોધથી વ્યાપ્ત થયા હતા ને આ પુરૂષ ઉપર વેર લેવા તત્પર થયા, તેથી તેની પાસે જઈ બોલ્યા, "સાહેબ ! આ બાળકને પુનઃજીવન આપો, જો તમે એને મૃત્યુ પમાડ્યો છે તો હવે પાછો જીવતો પણ કરો." ક્રાઈસ્ટ પણ મૃત્યુ શય્યા પર પડેલમાં ચેતના લાવતો હતો. "કુમ્બેઈજ નિલ્લાહ"નો અર્થ એ છે કે પ્રભુના નામ ખાતર ઊભો થા. પ્રભુની કીર્તિ વધારીએ ચૈતન્યમય થા પુન, જીવનમય થા. "તેઓએ પ્રભુની ખાતર બાળકને સજીવન કરવા કહ્યું. 'સાધુ હાસ્ય કરતો હતો, તેણે કહ્યું "પ્રભુના નામ ખાતર ચેતનમય થા.' પણ છોકરો જાગૃત ન થયો, અને પછી પણ એજ શબ્દ પણ વૃદ્ધ સાધુ હસ્યો, ને પછી બોલ્યો, "કુમ્બીઝીની" મારી આજ્ઞાથી મારા હુકમથી ચૈતન્ય આવો, તરત જ છોકરો આળસ મરડી ઉભો થયો. છોકરો જીવતો થયો તે પણ લોકો આ જોઈને ખમી શકાય નહિ, તેઓ બોલ્યા - "આ નાસ્તિક પોતે જાતે આ માટે માન લે છે. તેને મારી નાખવો જોઈએ." સાધુને આ વિષે તોઈ રવા નહોતી, લોકો ખરી હકીકત સમજ્યા નહિ +++ લોકો તેને જીવતો બાળી મૂકવા તત્પર થયા ૦ ૦ ૦ આ સાંભળી સાધુએ તેજ ક્ષણે... પોતાની ચામડી ૦ ૦ ૦ પોતાના શરીર ઉપરથી ઉતારી ફેંકી દીધી.

(સ્વામી રામતીર્થ પહેલો ભાગ)

ચામડી ઉતર્યા બાદ પોતે ચારિત્ર દેખાડવા ગામમાં ખાવાનું માંગવા ફર્યા. પણ કોઈએ કાંઈ ન આપ્યું ! એ વૃદ્ધ કસાંઈપણ બાઈ એ માંસનો એક કડકો આપ્યો, એ લેઈ ગામમાં કોઈ રાંધી આપે, તેટલા સારૂ ફર્યા પણ નિરર્થક. છેવટે તે કાચો માંસ રાંધવા ખાતર જ.

"તું મને શેકી આપ" એવા તેઓશ્રીના હુકમથી સૂર્ય નીચો આવવાથી લોકો ઘણા દુઃખી થવા લાગ્યા. અનવર કાવ્ય ઉપોદ્‌ઘાત ૨૭-૨૮-આ ૬

લોકોના દયાર્દ પોકારથી હાથ માહેલું માંસ જમીન પર મુકતાં જ એ પશુ કે જેનું માંસ હતું તે સજીવન થઈ ચાલ્યું ગયું અને સૂર્યદેવ સ્વધામે પધારી ગયા.

ॐ

卐 સિંહવલોકન 卐

विद ધાતુથી, વેદ શબ્દ. વેદ એટલે ખુલાસો સમજણ જાણવા જેવું આદિ એવો અર્થ થાય છે.*

'વેદો' સ્વયં પોતે પોતાની સમજ પોતાનું તત્ત્વજ્ઞાન આપી શકતા નથી. તેઓ પણ સદગુરુ શ્રી બ્રહ્મા આધીન છે.

પૃથ્વીની રચના કુદરતે કરી, અને મનુષ્યની ઉત્પત્તી થઈ.

ત્યારથી, વેદ દ્વારા પૃથ્વીના મનુષ્યોને, માર્ગદર્શન મળે છે.

જે, ચાર યુગો, અને ચાર વેદો વિષે, ભારતના, શાસ્ત્રો, પુરાણોમાં અને ઋષી મુનિઓના જીવન ચરિત્રોમાંથી જાણવા મળે છે. અને વર્તમાન કળીયુગના સમયમાં પણ તે એટલું જ સત્ય તેમજ માનવજીવનને ઉપયોગી છે.

આપણા સદગોર શ્રી ઈમામશાહ બાવા આજથી લગભગ સાડા-પાંચસો વર્ષો પહેલાં, ઉચ્ચ મુલતાનથી ગુજરાતમાં પધાર્યા, અને સત્પંથ સનાતન ધર્મનું તત્ત્વજ્ઞાન, વેદો, કીતાબો અને આકાશવાણીના ગુઢાર્થ ભેદો અને વંશ પરંપરાના, પવિત્ર આધ્યાત્મિક વારસાના રહસ્યો, ધર્મ પરાયણ શ્રદ્ધાળું સત્પંથીઓને જ્ઞાન, ધ્યાન, કીયા, કર્મથી સમજાવ્યા તે વિષેના હસ્ત લેખીત પુસ્તકોના પુરાવા આપણી સમક્ષ આજે પણ, મળી આવે છે.

ભારતમાં વેદીક તત્ત્વજ્ઞાનનો પ્રકાશ પાડતો ઉપદેશ કરનાર (૧) પીર નુર સદગોર (૨) પીર શમ્સ તબ્રેજ (૩) લાલ શાબાશ કલંદર (સિંધમાંરોજો છે) (૪) પીર નિઝામુદ્દીન ઓલીયા (દિલ્હી) અને તેમના અનન્ય ભક્ત સંત શ્રી અમીર ખુશરો (જેની ટીવી સીરીયલ દુરદર્શન ઉપર દર્શવાઈ હતી) (૫) સ્વામી રામતિર્થ-જેમણે પીર શમ્સત બ્રેજના વખાણ કર્યા છે. (૬) સ્વામી રામકૃષ્ણ પરમહંસ.

(૭) સ્વામી વિવેકાનંદ (૮) સંતકબીર (૯) ગુરુનાનક વિગેરે થઈ ગયા છે.

સદ્‌ગોર શ્રી ઈમામશાહ બાવાનો ઇતિહાસીક સમયકાળ, ભારતમાં મોગલ બાદશાહોના શાસનનો છે અને ગુજરાતના શાસક સુલતાન મહંમદ બેગડાનો

સમયકાળા છે. ત્યારે તેવા સમયમાં, આખી ગુજરાત તથા કચ્છમાં બળદોથી હંકારતા રથમાં, મુસાફરી કરીને પવિત્ર આધ્યાત્મીક તત્વ જ્ઞાનનો પ્રકાશ પાડ્યો છે. તે હાલના વર્તમાન સમયના કળીયુગના અંતના તોફાની પરિવર્તનવાળા (શઠયુગમાં) પણ શ્રદ્ધાળુ તસ્પંથીઓના હૃદયમાં દિવ્યજ્ઞાનની જ્યોત રૂપે પ્રકાશે છે. પરંતુ ઘુવડ-વૃત્તીવાલા કોમીવાદી (શઠપંથી)ઓ તેને પામી શકતા નથી.

સુર્ય ઉપર ધુળ નાખનારાઓના મોઢા ઉપર જ એમની નાખેલી ધુળ પાછી પડે છે, તે નિર્વીવાદ સનાતન સત્ય છે. સદ્‌ગોરશ્રી ઈમામ શાહ બાવાના ઉપદેશની સામે, મલીન વૃત્તીથી, વિવાદ જગાડનારાઓ ભતકાળમાં ઘણા થઈ ગયા અને વર્તમાનકાળમાં પણ છે અને ભવિશ્યમાં થતા રહેશે. પરંતુ સત્યનો સુર્ય અનંત કાળથી ઝગમગે છે, અને અનંતકાળ સુધી ઝગમગતો રહેશે એ પણ નિર્વીવાદ સનાતન સત્ય છે, તો પણ ઘુવડ વૃત્તીવાળા પારખી શકવાના નથી.

સદ્‌ગોર શ્રી ઈમામ શાહ બાવાએ, તેઓશ્રીની હયાતીમાં ગામ પીરાણા મધે, કુંવારકાક્ષેત્રે, સત્પંથની સંસ્થા સ્થાપી છે જ્યાં તેમનો પવિત્ર, પૂજનિય રોજો છે, જેની અંદર વેદાંત-પ્રતિક સમી, ઘીની અખંડ, પવિત્ર જ્યોતિ તે સમયથી પ્રકાશીત છે. જે અમદાવાદ દૂર દર્શન પરથી તેમજ દિલ્હી દુર દર્શન પરથી પ્રદર્શીત થયેલ છે. પવિત્ર અખંડ જ્યોતીનો ઈતિહાસીક વિવાદ ઔરંગઝેપ બાદશાહના દરબારમાં થયો હતો.

ત્યારે જ્યોતના રક્ષણ માટે ઈ.સ. ૧૬૫૮માં સદગોરશ્રી અશરફશાહ બાવાએ તેમના સેવક શ્રી કાશીરામ ઉર્ફે કશુદિવાન સાથે ઔરંગઝેબ બાદશાહના દરબારમાં દિલ્હી જઈને અગ્નિપરીક્ષા આપીને સત્યનો પરચો બતાવ્યો હતો, અને તેઓશ્રીને બાદશાહે પીરાણાની અડતાલીસ વીઘા ઈનામી જમીનનો દસ્તાવેજ ભેટ આપ્યો હતો, તે ઈતિહાસીક દસ્તાવેજ, તે પછીના સમયના બાદશાહો અને પેશવાઓ, કંપની સરકાર, બ્રીટીશ સરકાર અને હાલમાં ભારત સરકારે માન્ય રાખેલ છે. અને અમદાવાદના કલેક્ટરશ્રી રૂપિયા સાઈઠ દિવા-જ્યોતની ભેટ તરીકે આપે છે. સત્યથી શાસ્ત્રોના પુરાતન હસ્તલેખીત પુસ્તકો, વિગેરેનું સત્પંથી સાહિત્યના લેખક અને આદ્ય પ્રકાશક શ્રી

"ખાકી" સાહેબે લગભગ વિ.સં. ૧૯૨૫થી પ્રકાશન કર્યું છે. અને આજ પર્યુંત અમો એજ પ્રકાશનોની નથી આવૃત્તિઓ છપાવીને પ્રકાશીત કરતા આવ્યા છીએ. તેમજ ગુજરાત અને કચ્છમાં, જ્યાં અને જ્યારે સત્પંથીઓ ઉપર વિધર્મીઓએ વેરવૃત્તીથી ધાર્મિક લાગણીઓ દૂભાય તેવા ઉશ્કેરણીજનક કૃત્યો કર્યા છે. ત્યારે દાખલા તરીકે ગુજરાતમાં હડમતીયા કંપામાંથી શ્રી ભાણજીભાઈ કાનજીભાઈના કુટુંબ પર સામાજીક બહિસ્કાર (૨) કુચ્છમાં : - સત્પથીઓના પવિત્ર ધાર્મિક સ્થાનોનો બળજબરીથી કબજો લેવાના પ્રયાસો સામાજીક તકરારો ઊભી કરીને કોર્ટ કચેરીમાં દાવાઓ અને કેસો ક્યાં છે જેમાં - લક્ષ્મીપુરા (મંજલતરા) નાનાકાદીયા; આણેદસર, થરાવડા, વિગેરેમાં સત્પથી સમાજને કાયદાકીય સલાહ સુચન માર્ગદર્શન આપીને સહાય કરીને પીઠબળ પુરૂ પાડ્યું છે. અને ભૂજના વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી કિશોર ચંદ્ર બુચને, સાથ સહકાર આપ્યો છે.

સત્પંથીઓના શ્રદ્ધાળુ સમાજને, અને સંસ્થાને હાલમાં, સત્પથી કહેવડાવતા, કેટલાક ઘુવડ વૃત્તીવાળા ટોળાએ બાનમાં લીધેલ છે તે દુઃખદ બાબત છે. તેમજ તે ગુરુદ્રોહિ અને રાષ્ટ્રદ્રોહિ પ્રવૃત્તી છે. તેમજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આદર્શો અને ઉપદેશોનું ખંડન કરીને કોમવાદ જ્ઞાતીવાદ, ભાષાવાદના ઉશ્કેરણીજનક લખાણોથી, શ્રદ્ધાળુ સત્પથીઓની ધાર્મિક લાગણીઓ આ ટોળકી દુભાવે છે. સત્પથી શાસ્ત્રોમાં પીર પેગંબરોના નામો ન જોઈએ, તેમજ અરબી ભાષાના શબ્દો પણ ન જોઈએ. એવી ઝુંબેશ ઉપાડનારી ઘુવડ વૃત્તિવાળી ટોળકીને સદગોરશ્રી ઈમામશાહ બાવાના વંશ પરંપરાનાવડવા, બાપદાદાઓના નામો ન જોઈએ. તેથી આગળ, સત્પંથી સત્યવાણી ભાંખનાર, સદગોરશ્રી ઈમામશાહબાવાના આધ્યાત્મીક વંશ વારસદાર દિકરાશ્રી સદગોર નર અલીમમહંમદશાહ બાવાનું નામ પણ ન જોઈએ એવી ઝુંબેશ ચલાવીને તેઓ ગુરુદ્રોહિ-મહાપાપી ચંડળ નર્કના માર્ગે જશે. પરંતુ શ્રદ્ધાળુ સત્પંથી સજ્જનો તથા જ્ઞાની યુવકોને તેમનાથી સદા ચેતતા રહેવાની જરૂર છે. કારણ કે, સદગોરશ્રી સોદરદીન બાવાનું જ્ઞાન છે કે :

"ગુરુ અંધા ઉસકા ચેલા નર અંધા, દોનું દોઝકમાં જાય."

જેથી વિશેષ અમારે કહેવાની જરૂર નથી સત્યપંથ સંપ્રદાયમાં, આવાં ટોળા, ભૂતકાળમાં પણ થયેલા છે, જેના દાખલા હાલમાં પણ જોવા મળે છે. તેમજ કેટલાક કહેવાતા સત્પંથી ભગતો, સંતો, મુખીઓ, પંડીતો, જ્ઞાનીઓ, વિગેરે, ઘુવડ વૃત્તીવાળા છે. તેમણે નવયુવાન પેઢીને ભરમાવીને-કોમવાદી, રાષ્ટ્ર દ્રોહ, વિચાર સરણી અપનાવે તેવી ભ્રમજાળમાં ભરમાવીને ફસાવેલી છે, અને તેમને આવો બોધ આપે છે કે : સદગોર શ્રી ઈમામશાહ બાવાના દિકરાઓ ન હતા ! અને કેટલાક એવું કહે છે કે- શ્રી ઈમામશાહ બાવા એક અંજાણી વ્યક્તિ તરીકે પીરાણામાં આવી ચઢ્યા હતા, એટલે તેમના પિતાશ્રી પીર કબીરદીન બાવાનું નામ ઉચ્ચારવાની પણ મનાઈ કરે છે. તેવા ભક્તોના ચેલાઓ તેમની સમાધીઓ ઉપર લાખો રૂપિયા ભેગા કરે છે અને સત્યપંથી શ્રદ્ધાળુઓને અવળી દિશામાં ખેંચી જાય છે. સદ્‌ગોરશ્રી ઈમામશાહ બાવાના સમયમાં પણ આવા તક સાધુ મુખીઓ હતા. તેના દાખલા રૂપે શાસ્ત્રોમાં ખેતામુખીને "રાન્યો છે એટલે ખેતામુખી શ્રાપીત છે." અને ગુરુદ્રોહિ છે. આજે વર્તમાન સમયમાં પણ શ્રદ્ધાળુ સત્પંથી યુવાનોને ચેતવણીરૂપે સ્વઃ શ્રી ખાકી સાહેબ રચીતપદની યાદ અપાવીએ છીએ.

"મન મેલા તન ઉજલા, ક્રોધી કપટી ક્રુર
સત્પંથ સેવા સફળ નહિ, સમજો સામજી ઉપર

સુજ્ઞ, જ્ઞાની, જીજ્ઞાસુ, સત્પંથી સજ્જનો, યુવકો, ભાઈઓ, અને પહેનો તથા વડીલો સર્વેને વર્તમાન પરિવર્તનશીલ અને ઝડપી અધર્મની આંધીથી બચવા શ્રી સદગોર ઈમામશાહ બાવા બળબુદ્ધી અને હિંમત આપે અને સર્વેની ખટી કમાણીમાં શુભલાભ સાથે બરકત આપે એજ શુભઆશીષ સાથે વિરમું છું, તા. ૧૬-૩-૯૨

લી. પ્રકાશકસત્પથી
પીરઝાદા સૈયદ શમ્સદીન બાવાસાહેબ ખાકી

ૐ

શ્રી સત્પંથી મુળબંધનો ટુંકમાંસંપૂર્ણ સાર

પ્રથમ અનંત જુગ તો આગે વહિ ગયા ત્યારે પ્રથમ નિરંજન નીરાકારનો આત્મા. તે આત્માને સાકાર સૃષ્ટિ રચવાનો પ્રેમ પ્રગટ થયો ત્યારે તે નિરંજનના આત્માએ ધ્યાન ધરી ઘણો સમય જતાં જતાં, વધતાં વધતાં તેજની જ્યોત પ્રગટ થઈ ત્યારે તે જ્યોતનો તેજ વધતાં વધતાં તે જ્યોતની અંદરથી ગરમીનો ધુંવો પ્રગટ થયો, તે ધુવો શ્વેત રૂપે થયો અને તે ધુવો જ્યોતને ચોફેર વિંટાવા લાગ્યો તેનું નામ સ્વેદજ ખાણ.

જ્યોતની અંદર જે અગ્નિ હતી તે અગ્નિની અંદરથી આત્મા પ્રગટ થયો અને તે આત્મા નિરંજન પોતાને તે આત્માએ કલ્પના કરી. કે હાલ જે હું. આત્મા રૂપી છું, તે સ્વેદજ ખાણમાં છું. જ્યારે મારો દેહ સંપૂર્ણ થશે ત્યારે મારે સાકાર સૃષ્ટિ રચવી પડશે, અને એ સાકાર સૃષ્ટિમાં ચાર ખાણું મારે પેદા કરવી પડશે ત્યારે સ્વેદજ ખાણની અંદથી એકવીસ લાખ જાતો પ્રગટ કરવી પડશે. તેમાં નવલાખ જાતના તારા પ્રગટ કરવા પડશે, આઠ લાખ જાતના પર્વત પ્રગટ કરવા પડશે, આઠ લાખ જાનની વા- વાદળી. આ એકવીસ લાખ જાતો સ્વેદજ ખાણની અંદરથી પ્રગટ કરવી પડશે અને જે મારો આત્મા સંપૂર્ણ પુરુષ રૂપે થશે ત્યારે સ્વેદજ ખાણનું ધ્યાન ધરીને મારી જાંગ સ્થળથી મહાન શક્તિ સ્વેદજ ખાણનું ધ્યાન ધરીને મારી જાંગ સ્થળથી મહાન શક્તિ સ્વેદજ ખાણની અંદરથી પ્રગટ કરવી પડશે. આ મારા આત્માની કલ્પના થતાં થતાં અઢી ધંધુકારનો સમય પસાર થયો, ત્યારે તે સ્વેદજ ખાણમાં જે પરસેવો જે જ્યોતને વીંટાયો હતો તેમાંથી ઈંડું બન્યું. જ્યારે પૂર્ણ ઈંડું બન્યં ત્યારે મારા આત્માને જ્ઞાન થયું કે હું સ્વેદજ ખાણની અંદરથી પૂરી કલ્પના કરી અને હું ઈંડો જ ખાણમાં થયો. એ જ્ઞાન મારા આત્માને ઉત્પન્ન થયું. હવે ઈંડોજ ખાણમાં નિરંજનના આત્માએ કલ્પના કરી

જે હાલે હું ઈંડોજ ખાણમાં છું. જ્યારે હું સાકાર સૃષ્ટિ રચીશ ત્યારે પણ મારે ઈંડોજ ખાણ પ્રગટ કરવી પડશે.

અને તે ઈંડજ ખાણમાં એકવીસ લાખ જાતો જીવાજન પ્રગટ કરવા પડશે. તેમાં નવ લાખ જાતના નાગ કુળ જે ઈંડાથી પ્રગટ થશે. અને આઠ લાખ જાતના પંખીઓ તે પણ ઈંડાથી પ્રગટ થશે. ચાર લાખ જાતના જળચર, તે પણ ઈંડાથી થશે, અને હું પણ ઈંડજ ખાણમાં છું, અને જ્યારે હું જગતમાં નારાયણ રૂપે પ્રગટ થઈશ ત્યારે મારી નાભીથી ધ્યાન ધરી અને નાભીથી છેદન કરી અને એક મહાન બ્રહ્માત્મા પ્રગટ કરવો પડશે, તે આખી સાકાર સૃષ્ટિને બ્રહ્મજ્ઞાન બતાવશે અને તે આ ઈંડજ ખાણની અંદર આટલી મારી કલ્પના પૂરી થઈ. ત્યારે અઢી ધંધુકાર પસાર થયા. તે ઈંડાની અંદર જે મારો આત્મા હતો, તેમાંથી ઈંડાની અંદર શરીર બંધાયું અને તે શહીરમાં હાથ, પગ, કાન વગેરે ઈંડાની અંદર ઊગ્યા. જ્યારે એ ઊગીને મનુષ્યનો ઘાટ તૈયાર થયો, ત્યારે મારા આત્માને જ્ઞાન થયું તે ઈંડોજ ખાણ પસાર કરીને ઉદબીજ ખાણમાં હું આવ્યો.

ઉદબીજ ખાણની નિરંજનના આત્માની કલ્પના : હાલ મારો આત્મા ઉદબીજ ખાણમાં છે. જ્યારે સાકાર જગત રચીશ ત્યારે મારે ઊદબીજ ખાણ રચવી પડશે. અને તે ઉદબીજ ખાણની અંદરથી એકવીસ લાખ જાતો પઉગટ કરવી પડશે. નવ લાખ જાતનાં નગદીયા (કાંટાવાળા છોડ, ઝાડઃ અને આઠ લાખ જાતનાં સુગદીયાં (ફૂલ, ફળના ઝાડ, ઝોડ) અને ચાર લાખ જાતનાં કંદ મૂળ. આ એકવીસ લાખ જાતો ઉંદબીજ ખાણમાંથી પ્રગટ કરવી પડશે, અને તે ઉદબીજ ખાણની અંદરથી એક મહાન સત્ મૂર્તિ-વિષ્ણુ તે મારા હૈયાની અંદરથી ધ્યાન ધરીને પ્રગટ કરવી પડશે. એ સત્ મૂર્તિ જ્યારે સાકાર સૃષ્ટિ થશે ત્યારે આખી સૃષ્ટિનું પાલન-પોષણ કરશે. આ ઉદબીજ ખાણની કલ્પના કરતાં કરતાં અઢી ધંધુકારના સમય પસાર થયા અને તે સમયમાં જે ઉદબીજ ખાણ હતી અને જે ઈંડા રૂપ છે તે ઈંડાની અંદર અને મનુષ્યના ઉપર જરાજનો પડદો વળ્યો. જરાજ (લોહીપાણી મિશ્ર)નો પડદો વળ્યો. તેને જરાજ ખાણ કહેવામાં આવી.

જરાજ ખાણની નિરંજનના આત્માની કલ્પના :- હાલ હું જરાજ ખાણમાં છું, અને જ્યારે હું સાકાર રૂપે થઈશ ત્યારે મારે જરાજ ખાણ રચવી પડશે, અને તે જરાજખાણની અંદરથી એકવીસ લાખ જાતો જીવાજન પ્રગટ કરવી પડશે. તેમાં નવ લાખ જાતના ચોપગાં, આઠ લાખ જાતના દોપગાં, ચાર લાખ જાતના એકલ ટંગીયાં (એક પગવાળાં) પ્રગટ કરવાં પડશે અને એક મહાન શક્તિમાન મહાદેવને આદ નારાયણના મસ્તકેથી પ્રગટ કરવો પડશે. તે આખી સૃષ્ટિમાં તપસ્યાનું ધ્યાન રાખશે અને રાક્ષસોને વરદાન આપશે. આ જહાજ ખાણની કલ્પનામાં અઢી ધંધુકાર પસાર થઈ ગયા અને આ ચારે ખાણોની કલ્પના નિરંજનના આત્માએ કરી અને દસ ધંધુકાર સંપૂર્ણ થયા એટલે નિરંજનના આત્માને ઈંડાની અંદર ક્રોધ ઉત્પન્ન થયો. જેથી ઈંડાની અંદર નિરંજનનું શરીર ફૂલ્યું, જેથી ઈંડાનો પડદો તૂટ્યો તે આદનારાયણનો દેહ પ્રગટ થયો. ઈંડની અલેચ્છના ઈચ્છાની લીલા પ્રગટ કરી.

ઉપરનો સમય નારાયણે દસ ધંધુકાર લખેલા તે દસ ધંધુકારનો સમય પૂરો થયો અને ઘણો સમય જતાં આદ નારાયણે મનુષ્ય દેહે પોતાના મનથી વિચાર કર્યો. જે મેં ઈંડમાં આલેછના કરી છે તે આલેછનાને મારે હવે પ્રગટ કરવી જોઈએ જેથી કરીને આ સમય કરણ કલરનું નામ ધરાવે છે.

ઉપરનો સમય નારાયણે દસ ધંધુકાર લખેલા તે દસ ધંધુકારનો સમય પૂરો થયો અને ઘણો સમય જતાં બાદ નારાયાણે મનુષ્ય દેહે પોતાના મનથી વિચાર કર્યો. જે મેં ઈંડામાં આલેછના કરી છે તે આલેછનાને મારે હવે પ્રગટ કરવી જોઈએ જેથી કરીને આ સમય કારણ કલક્ નામ ધરાવે છે.

હવે શ્રી નારાયણે એક આસને ધ્યાન ધર્યું. તે ધ્યાન પોતાના ઝાંગ સ્થળે રાખ્યું અને પોતાના કરકમળથી ઝાંગ સ્થળની બાફ લીધી. જેથી તે અમુક સમય જતાં ઝાંગ સ્થળની મહાન શક્તિ બાળક શ્રી નારાયણના કરકમળમાં પ્રગટ થયાં. આ શક્તિના મસ્તકે શ્રી નારાયણે હાથ ફેરવી એવા આશીર્વાદ લીધા કે - હે મહાન શક્તિ, તમો મારામાં જેટલું બળ છે તે મેળવી શકશો, અને આખ સૃષ્ટિને ધારણ કરી શકશો. આવા આશીર્વાદ શ્રી નારાયણે શક્તિને આપ્યા.

એ શક્તિ-બાળકીને શ્રી નારાયણે એક બાજૂ બેસાડ્યાં. અમુક સમય જતાં આદ નારાયણે કલ્પના કરી કે મેં જે ઈંડોઝ ખાણમાં કલ્પના કરી છે તે હવે પ્રગટ કરૂં. આદ્દ નારાયણ આસન વાળી, ધ્યાન ધરી, ને તે ધ્યાનમાં ઈંડોજ ખાણી તથા પોતાની નાભી કમળ બે સુરતામાં લીધા.

તે સુરતામાં લઈ અને પોતાના કરકમળ તથા નાભીની બાફ લીધી તો તે

સમય જતાં નાભી કમળની અંદરથી આદ્ નારાયણનાં કરમાં બ્રહ્માજી-બાળક પ્રગટ થયા અને તે બ્રહ્માજીના મસ્તક ઉપર આદ્ નારાયણે હાથ ફેરવી એવી આશીર્વાદ દીધી કે હે બ્રહ્મારૂપ, તમે બ્રહ્મારૂપ થશો. આખી સાકાર સૃષ્ટિને આદ્ નારાયણના ઘરનું બ્રહ્મજ્ઞાન તમે આપશો.

આવી આશીર્વાદ આપી બ્રહ્માજી-બાળકને એક બાજુ બેસાડ્યાં, અમુક સમય જતાં આદ્ નારાયણે વિચાર કર્યો કે હવે મારે જે ઉંદબીજ ખાણમાં કલ્પના કરી છે તે કલ્પના પ્રગટ કરવી જોઈએ જેથી આદ્ નારાયણે આસનવાળી ધ્યાન ધરી પોતાના હૈયા કમળથી તથા ઉંદબીજ ખાણની અંદરથી સુરતા લીધી અને તે સુરતાનો સમય ઘણો જતાં જતાં શ્રી આદ્ નારાયણના કર કમળમાં શ્રી વિષ્ણુ-બાળક પ્રગટ થયું અને તે બાળકના મસ્તક ઉપર આદ્ નારાયણે હાથ ફેરવીને આશીર્વાદ દીધી કે હે વિષ્ણુ તમો તથા અમો આપણે બે એક કહેવાશું. એટલે તમારૂં નામ જગતમાં વિષ્ણુ નારાયણના નામથી ઓળખાશે, અને જે સૃષ્ટીમાં બ્રહ્માજી જ્ઞાન દેશે તે જીવને તમે મુક્ષાગતી આપીને આપણ ઘરે લાવશો. આવી આશીર્વાદ શ્રી આદ્ નારાયણની પુરી થઈ એટલે વિષ્ણુ-બાળકને એક બાજુ બેસાડ્યાં.

અમુક સમય જતાં શ્રી આદ્ નારાયણે જરોજ ખાણમાં કલ્પના કરી હતી તે જરાજ ખાણ તથા મસ્તકેથી સુરતા ધરી ને અમુક સમય જતાં મહાદેવ-બાળક આદ્ નારાયણના કર કમળમાં પ્રગટ થયા. એટલે શ્રી આદ્ નારાયણે બાળકના મસ્તક ઉપર હાથ ફેરવી આશીર્વાદ આપી કે હે મહાદેવ, મોટાદેવ, તમો આખા જગતને ધ્યાન ધરવાનું કાર્ય કરાવી શકશો એવું તમારામાં બળ થશે, આવી આશીર્વાદ આપી મહાદેવ બાળકને એક બાજુ બેસાડ્યાં.

હવે આદ્ નારાયણની દસ ધંધુકારની અંદર અને ઈંડની અંદર કલ્પના તથા કરણ કલકની કલ્પના પુરી થતાં ચારે ખાણની રચના સૃષ્ટીમાં પ્રગટ થઈ ગઈ અને ચાર દેવ પણ પ્રગટ થયા અને આદ્ નારાયણ પોતે તો હતા જ.

આ પાંચ દેવ મનુષ્ય દેહે બન્યા અને તે બધું નિરંજને કર્યું, હવે આ કરણ કલકની હકીકત ઘણી લાંબી છે તો તે હકીકતો મુળ બંધમાં તથા યજ્ઞ વિધીમાં ગોરનરની આલ ગાયત્રીમાં સંપુર્ણ લખેલી છે તથા યજ્ઞ વિધીની પ્રસ્તાવનામાં લખેલી છે તેમાંથી ઉત્સાહી વાંચકો માહિતી મેળવી લેશો.

લી. સત્પંથી મુખી કાનજીભાઈ રત્નાભાઈ
મુ : રામપુરા કંપા (અમોદ્રા)

શ્રી સદ્‌ગોર વાચા સત્ય

(શ્રી જ્ઞાન અથર્વ વેદીયા)

મધ્ય રાતે જાગો વીરા અમરવેલા આવી ॥
તમે જીકર કરો તો મુનીવર રહેમત પાઈ ॥૧॥

સદક સલામત સાહેબ રાખે ॥
તો પ્રેમ ફીકર વીનાં જીવડાં ના પાકે ॥૨॥

તમે જાગો જાગો રે મારા મુનીવર ભાઈ ॥
આપણા સાહેબ સાથે લેહ લગાઈ ॥૩॥

પુરણ પુનઃ જેને ઈમામગોર પાયા ॥
તો રહમતે રહમતે ઈમામ લાવ્યા ॥૪॥

જો કુછ લોઢો તો પીઉ પાસે માંગો ॥
એમ કહે છે ઈમામશાહ તમે હૃદયમાં જાગો ॥૫॥

જો નીત્ય નીત્ય દર્શન સાહેબનાં કીજે ॥
તો મોટે ભાવે અમ્મર ફલ લીજે ॥૬॥

હુરા હાથ કચોલાં ને અમીરથ ભરીયા ॥
ચાર સતીયું મલી મંગલ ગાવે ॥૭॥

તે તો ગાતી ને વાતી મંદીરમાંહે આવે ॥
તમે જીકર કરો મુનીવર સેજ બીછાવે ॥૮॥

દાન પુનઃ કીધે બહુ ફુલે ॥
પણ નહીં આવે અજંપા જાપની તોલે ॥૯॥

અજંપા જાપનું રતન છે મોટું ॥
ચારેજુગના ભૂલ્યા જીવોની ભાગશે ખોટું ॥૧૦॥

કોલ કાયમજી એ ગોર બ્રહ્માને દીધો ॥
કોલ પાલે તો રાહ હકીગત સીધો ॥૧૧॥

એમ કહે છે ગોર ઈમામશાહ તમે સુણો મારા સ્વામી ॥
અરજ કરે છ બંદા શીરજ નામી ॥૧૨॥

ક્ષણું એક રહો તો જુગમાંહે કહું છું પોકારી ॥
તમે ચેતો મુનીવરો આવી અલીની અસ્વારી ॥૧૩॥

તોડશે કાફર અસુરા દાવણને સંહારી ॥
ફેરવે ચક્ર શાહો ઝુલ્ફિકારી ॥૧૪॥

પીંડ બ્રહ્માંડ જેણે ઘડીયો છે હાથે ॥
ઈમામ રાખો તો દશમા રૂપની સાથે ॥૧૫॥

રહેમત ઋષીયોને છત્રની છાયા ॥
તો મૂર્ખને મન રહેશે પસ્તાવા ॥૧૬॥

ભણેઈન્દ્ર ઈમામશાહ અલીબલીનાં વાલી ॥
ચડશે મેંહદી કોઈને નહીં મેલે ટાલી ॥૧૭॥

શ્રી ગોર વાણીનાં જ્ઞાન

શ્રી ગોરવાણીનું જ્ઞાન

જ્ઞાન ૧ લું

શ્રી સદ્‌ગોર વાચા

મુનિવર મહાદન આવશે, અને હૃદય વિચારી જોય;
મહાવ ખડિ વેલા આવશે, ત્યારે થર નહિ રહેશે કોય. ૧

ત્યારે દહાડો દહાડાને લોપશે, અને વર વેલાના જુજવા ભાન,
અથર્વવેદમાં એમ ભાંખિયાં, જેમ નીરમાંહે બૂડો નાવ. ૨

ત્યોરે નિર વિના નાવ બૂડશે, અને પાપના વહેશે પૂર;
તહાં સત્ય શોધ્યા નહિ મલે, ત્યારે સાચા તે જાશે દૂર. ૩

ભાઈ હેત હેતાર્થ તૂટશે, તે ઉઠશે દયાને ધર્મ;
જયારે ધર્મિ ધર્મિની નિંદા કરશે, ત્યારે ઉપજશે બહુકર્મ. ૪

ત્યારે માડીજાયા બેઉ બંધવા, તે માંહે માંહે દેશે ગાલ;
જયારે માઈબાપને બેટોગાલ બોલશે, ત્યારે જાણે આવ્યો કાલ. ૫

જે સત્પંથ લઈને ઓતળી ગયા, અને બોલે મુકરનીરેવાત;
જેમણે નિંદાકીધી ગોર પીરની, તેના દોજખ પરિયારે સાત. ૬

એવે વેલા તે વહેરણ આવશે, અને સાહેબ થાશે અસ્વાર,
ત્યારે કાફરોને યુગમાંહેથી ટાલશે, કુલ દૈત્યોનો કરસે સંહાર ૭

ત્યારે નદાણવી પૃથ્વી કરશે, અને હોશે તે જય જયકાર;
જ્યારે દૈત્ય કલિંગાને છેદશે, ત્યારે રાજ કરશે શાહો આપ. ૮

ત્યારે નવેખંડમાં સાહેબ આપે રાજા, અને અવરનદૂજા કોયે,
ઋષિવરને રિદ્ધિસિદ્ધિ આપશે, ત્યાં મૂર્ખ હાથ ઘસતા જોયે. ૯
ભાઈ દત્ત વિના કેમ પામિયે, અને પંડિત વિચારે રે વેદ;
ત્યાં પસ્તાવો પડશે ગાફલો, તમે સુણો સુનિવર ભેદ. ૧૦

ભણેગોર ઈમામશાહ સુણો મુનિવરો, અને હૃદય રાખો ધીર;
તમેતે શાહોજી નજરે દેખાડશે, તે જાણો ઈમામશાહ પીર. ૧૧

ૐ

શ્રી સદ્ગોર બ્રહ્મ સત્ય છે

હેજી આણે યુગે યાત્રા કીજે ॥
યાત્રા હરીની જો કીજે ॥૧॥

અવર ચીંતા ને વીચારો ॥
ચીંતા જીવડાની કીજે ॥૨॥

હેજી અમે છું શાહોના ઉમાયા ॥
તો હરી નામ ના મેલું ॥૩॥

હેજુ અમે છું શાહોના દીદારી ॥
તો શાહોના ચરણ જ શેવું ॥૪॥

હેજી અડસઠ તીર્થ આણેજુગે શુના
તો કાંઈ ભુલા ભમો રે ગમાર ॥૫॥

હેજી તમે જઈ આવો ગંગાને યમુના ॥
તો એનાં પાપ ટળે હો સાંઈ ॥૬॥

હેજી ગોરે આપણે ગંગા બોલાવ્યા ॥
ગંગા બોલ્યા મોરી માઈ ॥૭॥

હેજી ગંગાએ રૂપ ફેરવ્યા ॥
અજબ જાહેર વાટ દેખાડી ॥૮॥

હેજી સંગને ત્યાં ઈમામ આવ્યા ॥
ત્યાં દરૂદ કલમા પઢાવ્યા ॥૯॥

હેજી વાટ દેખાડતાં અવળુ જાણે
તો તેનાથી વાદ ના કીજે ॥૧૦॥

હેજી સવામણ જનોઈ ત્યાં ઉતરાવી
ગોરે આપણે ગંગા દેખાડ્યા ॥૧૧॥

હેજુ હું-હું કરે ને મૂર્ખ મૂલના જાણે
તે તો ગાફલ ફરે રે અભેદયા ॥૧૨॥

હેજી આણે પંથે સીધ્યા કોટી સહસ્ત્ર અઠાયાસી
તે પણ સેવાએ પોત્યા ॥૧૩॥

હેજી આણે પંથે સીંધ્યા ક્રોડી પાંચશું પ્રહેલાદ
તો સાતે હરિચંદ્ર ધાયા ॥૧૪॥

હેજી આણે પંથે સીધ્યા નવ યુધીષ્ટર
તો બારે અમ્મર પદ પાયા ॥૧૫॥


હેજી આણે પંથે બ્રહ્માને વિષ્ણું બેઠા
તો ઈશ્વર કરે રે કમાઈ ॥ ૧૬॥

હેજી આલેશે લેકાં તે તપે કુડાં ન જાણો ॥
જે સદ્દગોર કહે તે સાચ ॥ ૧૭ ॥

હેજી ભણે ઈન્દ્ર ઈમામ શાહ નરનારાયણ તમારી વાર ॥
ત્યાં ગોર બ્રહ્માજીસીંચણ હારજી ॥૧૮॥


गुरुर ब्रह्मा गुरुर्विष्णु गुरुर देव महेश्वर ।

गुरुसाक्षात परिब्रह्मः तस्मअे श्री गुरुवे नमः ॥



ચોથા કલીયુગમાં દશમું ક્ષેત્ર કુંવારીકાનો રોજો ને ત્યાં અનંતનો અખાડો મહા સાબરમતીને પૂર્વકાંઠે જ્યાં રેતીના નવ ટેકરા છે તેમાંનો આ એક ટેકરા ઉપર ગુરૂસ્થાન છે. તેના ઉપર રોજો જોવામાં આવે છે.

તુ હદિશે રૂએ શમ્સોદી રસીદ, શમ્સ ચહારૂમ આસમાં સરદર કશીદ,
ગીજની દેશમાં સૂર્ય ઉતારનાર શમ્સ ચોટ



શ્રી બ્રહ્મા, વિષ્ણુ એ બન્ને કળા, એક શરીરમાં એક રૂપે મહા બ્રહ્મ શ્રી
પીરશમ્સ તબ્રેજી સાહેબ.

गुरू ब्रह्मा गुरूविष्णु गुरू देव महेश्वर।
गुरुसाक्षात परिब्रह्मः तरमअे श्री गुरुवे नमः ॥

શ્રી શાહોજી નર મહમદશાહાબાવાના લગ્ન વખતે અમદાવાદના
સુલતાન મહંમદ બેગડાના દરબારમાં આ તસ્વીર લીધી છે. સાથે હાજરબેગ છે તેનું આ દ્રશ્ય



શ્રી સદ્ગોર મહા આદિ બ્રહ્મ કલિયુગના સ્વામિપ્રચલિત સમયના સૂજક, શ્રી ઈમામશાહ બાવાનું મૂળ સ્વરૂપ, સુલતાન મહંમદ બેગડાનાં દરબારમાં અનન્ય ભક્ત, શ્રી હાજરબેગ સહ, બિરાજેલ તે સમયનું દ્રશ્ય. (પૂનાના ઈતિહાસીક સંગ્રહસ્થાનના સૌજન્યથી)

गुरु ब्रह्मा गुरुविष्णु गुरु देव महेश्वर ।
गुरुसाक्षात परिब्रह्मः तस्मऐ श्री गुरुवे नमः ॥

દિલ્હીના બાદશાહ ઔરંગઝેબના દરબાર સમક્ષ સદ્‌ગોર
શ્રી ઈમામશાહ બાવાના આધ્યાત્મિક વારસદાર રજ્જાદાનશીન



શ્રી પીરઝાદા પીર સૈયદ મોહંમદ અશરફ ઉર્ફે શ્રી અશરફશાહ બાવા; અખંડ જ્યોતના રક્ષણહાર. જેમનો રોજો ધોળકા મુકામે છે.

સત્પંથી સાહિત્યના લેખક તથા આદ્ય પ્રકાશક અને
શ્રી શાહોજી નરનાથ અશરફશાહ બાવાના વંશમાં સજ્જાદાનશીન



ચાર વેદને ૧૮ પુરાણનો અભ્યાસ કરનાર તથા સત્પંથનાં આધ્યાત્મિક રહસ્ય
દાતા પીરઝાદા, પીર, સૈયદ બાવાસાહેબ "ખાકી"જી

સર્વ હક્ક - સ્વાધીન

વર્તમાન સમયમાં શ્રદ્ધાળુ સત્પંથીઓના સહાયક



સત્પંથી સાહિત્યના પ્રકાશક સજ્જાદાનશીન પીરઝાદા પીર સૈયદ શમ્મદ્દીન બાવા સાહેબ ખાકી પીરાણા ગુરૂકુળ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ.



કરશનકાકા
પટેલ કરશન અરજન
ખેડોઈ કચ્છ

પીરજાદા

સવજીભગત
પટેલ સવજી અરજન
દેસાઈ પરાકંપા



સત્પંથી પટેલ શાંતિભાઈ પચાણભાઈ

સત્યપંથી યજ્ઞવિધિ

यद्‌घ त्वी प्रयति यज्ञे अस्मिन् होतश्चिकित्वन्न वृणीमहीह ।
ध्रुवमयो ध्रुवमुता शविष्ठ प्रविव्दान् यज्ञमुप याहि सोमम् ॥१॥
अ० कां०, अ० १ सू० १

મુખીની ક્રિયાનો મંત્ર

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ હિર્રહમાં નિર્રહીમ

અર્થ : પ્રમાત્માની આજ્ઞાથી ! આદરૂ છું દયાળુ પરમાત્માના નામથી જે સદાનો કૃપાળુ છે.

સદ્[1]ગોર[2] પાત્ર[3] બ્રહ્મા[4] ॥ ઈંદ્ર[5] ઈમામ-શાહ ॥ આદ્ય[6] વિષ્ણુ[7] નિરંજન[8] નર[9] અલી મહંમદશાહ ॥ તમારી દુઆ[10] ॥ આઠ

૧, સદ્-સાચા, પવિત્ર. ૨, ગોર-ગુરુ. ૩, પાત્ર-લાયક, પવિત્ર. ૪, બ્રહ્મા-પવિત્ર, નિર્વિકાર, રજોગુણીદેવ, સૃષ્ટા. ૫, ઈંદ્ર-બ્રહ્મા, દેવ વ્યાપક, સત્વગુણી દેવ. ૮. નિરંજન-દેખાય નહિ એવો. ૯. નર-નારાયણ આદિ પુરુષ. ૧૦, દુઆ-મંત્ર.

લાખ કરણ મધ્યે ગોર ઈમામે બંદગી[11] કીધી ॥ ત્યારે હાલ[12] માલ[13] ભિસ્તકી[14] કુંચી લે[15] ગોર ઈમામકું[16] દીધી ॥૧॥ ભિસ્તકી કુંચી ગોર ઈમામને હાથ ॥ દોજક[17] ની કુંચી[18] ફિર્સ્તા અજાજીલ[19]ને હાથ ॥૨॥ જે ધર્મ ને માર્ગે ચાલશે ॥ તેસહી. અમરાપુર મ્હાલશે ॥૩॥ ત્યાં મળશે સદ્ગોર બ્રહ્માના દિદાર ॥ ત્યારે ચૌદ ભુવનના દેવતા શાહ ઈમામને દ્વાર. ॥૪॥ જે સ્વર્ગ મૃત્યુ ને પાતાળના ગોર ॥ તે સદ્ગોર બ્રહ્મા સાહેબ નેઠોર ॥૫॥ આજતેનો ભેદ ન જાણે કોઈ ॥ પણ સાચા મુનિવર બુઝે[20] સોઈ ॥૬॥ બીજા કોઈના જાણે દુનિયા લોક ॥ આજ ગોર નર રહ્યા જુગમાં

૧૧. બંદગી-ભક્તિ, સેવા. ૧૨. હાલ-ભેખ, વેશ. ૧૩. માલ-દ્રવ્ય દોલત, પૈસોટકો, માલમતા. ૧૪. ભિસ્ત-સ્વર્ગ, સુખ પામવાનું સ્થાન. ૧૫, લે-લઈને. ૧૬ ઈમામકુ-વિષ્ણુને. ૧૭. દોજક-નર્ક. ૧૮. ફિર્સ્તાદિવના દૂત. ૧૯. અજાજીલ-યમન એક નાર્કિ દુતનું નામ છે. ૨૦. બૂઝે-સમજે.

અલોપ[૨] ॥૭॥ તેના ચિત્તની કોઈ વાતના જાણે ॥ આપ કેટલા રહ્યા વખાણે ॥૮॥ માએ, બાપ, બેન, બાંધવ નહિ કોએ ॥ ત્યાં મુર્ખ હાથ ઘસતાં જોએ ॥૯॥ તમે સાચા મુનિવર જાણો જેહ ॥ આપ મુરાદા નિશ્ચે[૩] દોજક જાશે તેહ ॥૧૦॥ તમે ગત માંહે મલો મુનિવર ભાઈ ॥ ત્યાં અમી નિશાની લેજો જાઈ ॥૧૧॥ મુખી[૪] તે જે જીવને મોક્ષજ આલે ॥ મોક્ષ[૫] મુગતનો માર્ગ બતાવે[૬] ॥૧૨॥ મુખી તે જે કોઈને ઘેર જો જાવે ॥ તો ઉન્કે[૭] જીવકા[૮] ભલા કરાવે ॥૧૩॥ મુખી તે જે અસત્ ને માર્ગે ન જાવે ॥ ને જીવને મોક્ષ મુગત્ કરાવે ॥૧૪॥ મુખી તે જે સર્વ બલા[૯] નીકાલે[૧૦] ॥ લક્ષ ચોરાસીના ફેરા ટાળે

૨ અલોપ-ગુપ્ત છાના. ૩. નિશ્ચે-નક્કી, ૪. મુખી-હોતા, આગેવાન. ૫. મુગત-મુક્તિ, મોક્ષ. ૬. બતાવે-દેખાડે. ૭. ઉન્કે-તેમના ૮. જીવકા-જીવના ૯. બલા-સંકટ. ૧૦. નીકાલે-કાઢે.

।।૧૫।। મુખી તે જે મુવા માનવી જીવતા કરે ।। જીન્કા[1] દિલ[2] હોવે[3] તિનકા[4] કારજ[5] સરે[6] ।।૧૬।। મુખી તે જે સર્વે દુરકા[7] જીવ આવે ।। તેની બમણી કમાઈ[8] કબુલાવે[9] ।।૧૭।। મુખી તે જે ડાહ્યા હોવે[10] ।। સારે[11] જીવકું વૈકુંઠમાં લાવે ।।૧૮।। મુખી તે જે આપે[12] અમરભેદ જાણે ।। અગમ[13] નિગમકી[14] બાત[15] પીછાણે[16] ।।૧૯।। મુખી તે જે સુદ્ધ[17] વર્ષારકી[18] જાણે ।। સર્વના ઘરની વાત પીછાણે ।।૨૦।। મુખી તે જે પીર[19] પેગંબરકું[20] નજરે દેખે ।। જરણ[21] મરણકા[22] હાલજ[23]

૧ જીન્કા-જેના ૨. દિલ-હૃદય. ૩. હોવે-થાય. ૪. તિન્કા-તેના ૪. કારજ-કાર્ય, કામ. ૬. સારે પુરૂં કરે. ૭. દ્વારકા-આઘેના. ૮. કમાઈ-રોળ, રળેલું. ૯. કબુલાવે-નક્કી કરાવે. ૧૦. હોવે-થાય. ૧૧ સારે જીવકું-બધા જીવોને. ૧૨. આપે-પોતે. ૧૩. અગમ-ભવિષ્ય, થનાર. ૧૪. નિગમકી-વેદની. ૧૫. બાત-ભેદ. ૧૬. પીછાણે-જાણે. ૧૭. સુદ્ધ-ભેદ. ૧૮. વર્ષારકી-વરસાદની, મેગની. ૧૯. પીર-ગુરૂ. ૨૦ પેગંબર-શ્રી નારાયણના સંદેશા લાવનાર. ૨૧. જરણ-જન્મ. ૨૨. મરણકા-મરણના. ૨૩. હાલજ-ભેદ વિધિ.

પેખે[૨૪] ॥૨૧॥ મુખી તે જે સત્ય વાત સાચી કરી જાને ॥ તે[૨૫] હક્ક કમાઈ સાચી કરી માને ॥૨૨॥ ત્યાં[૨૬] કમાઈ સહી કરી જાણે ॥ તે મુખીની સેવા અમર પરમાણે[૨૭] ॥૨૩॥ જે મુખીની સેવા અમર જાગે ॥ તે સત્ય, સબુરી[૨૮], સંતોષ માગે ॥૨૪॥ જે એક મને એક ચિત્તો સત્પંથે[૨૯] ધાએ[૩૦] ॥ તે મુનિવર[૩૧] અમરલોકમાં[૩૨] જાએ ॥૨૫॥ જે દશાંશ[૩૩] સુક્રિતે[૩૪] ખરા મુનિવર હશે તે જીવતો અમરાપુરમાં જાશે ॥૨૬॥ તમે ઋષિવર[૩૫] સાહેબસુ[૩૬] રાખોચિત્ત ॥ ગોર[૩૭] ગતમાં મળવું નિત્ય ॥૨૭॥ તમે

૨૪ પેખે-જુવે. ૨૫. હક્ક-ખરી. ૨૬ ત્યાં કમાઈ સહી કરી જાણે-સાચી કમાઈને ઓળખી શકે. ૨૭. પરમાણે-ગણે. ૨૮. સબુરી-ધીરજ. ૨૯. સત્પંથે શ્રી હરિના મનુષ્ય રૂપને ઓળખવાના માર્ગે. ૩૦. ધાએ-દોડે, જાએ. ૩૧. મુનિવર-મુનિઓમાં શ્રેષ્ઠ, ભક્તોમાં ઉત્તમ. ૩૨. અમરલોક-જ્યાં મરણ નથી એવું લોક. ૩૩ દશાંશ-દશમો ભાગ. ૩૪ સુક્રિતે-સારી કમાણીનો ભાગ, પરસાદ, ઉત્તમ કમાણી. ૩૫. ઋષિવર-ઋષિઓમાં શ્રેષ્ઠ ૩૬ સાહેબસુ-પરમાત્મા સાથે. ૩૭. ગોરગત-ગુરૂનાં શિષ્યોનું મંડળ.

અમરાપુરમાં જાશો સહી ॥ આજ ભુલ[38] વડે નવ[39] પડશો કોઈ ॥૨૮॥ ભુલ્યાં કાંય[40] ભમો[41] છો ગમાર[42] ॥ સાચા ઋષિવર તો સચિયાર[43] ॥૨૯॥ ઋષિવર હશે તે સાહેબના સેનમાં[44] મળશે ॥ નુરાની[45] ઘોડે મુનિવર ચડશે ॥૩૦॥ ગોર[46] નરને[47] આગળ હજુર[48] ફરશો ॥ નિત્ય નિત્ય દિદાર[49] સાહેબનાં કરશો. ॥૩૧॥ જયારે સાહેબ આવી તખ્તે[50] બેસશે ॥ ત્યારે નિત્ય નિત્ય દિદારી[51] મુનિવર રહેશે ॥૩૨॥ જયારે ગોર[52] ગત્[53] કરીજે તખ્તે બેસશે ॥ ત્યારે નિત્ય નિત્ય દિદારી મુનિવર રહેશે

૩૮. ભૂલવડે-ભૂલવણીએ. ૩૯. નવ-ના. ૪૦. કાંય-શા માટે. ૪૧ ભમો છો-નકામા રખડો છો. ૪૨. ગમાર-મૂર્ખ. ૪૩. સચિયાર-સાચાના મિત્ર, સત્યના મિત્ર ૪૪. સેનમાં-સૈન્યમાં, લશ્કરમાં. ૪૫. નુરાની-પ્રકાશવાળો. ૪૬.ગોર-બ્રહ્મા. ૪૭. નર-નારાયણ. ૪૮. હજુર-સન્મુખ, સામે. ૪૯. દિદાર-દર્શન, ૫૦. તખ્તે-પાટે, સિંહાસને. ૫૧. દિદારી-દર્શન કરનારા. ૫૨. ગોર-ગુરૂ. ૫૩. ગત-મંડળ ગોરગત્ત-ગુરૂનું મંડળ.

॥૩૩॥ ભણે ગોર ઈમામશાહ ગોર ગતમાં મળીને કરો કમાઈ ॥ તમે સતે ચાલો સચિયારા[૫૪] ભાઈ ॥૩૪॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ઈલ્લિલ્લાહો ॥ મહંમદ દુર્ર સુલિલ્લાહો ॥

અર્થ - સત્ય વાત તે વિના બીજું કાંઈ નથી સર્વે પ્રભુ છે. ખચિત વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરૂષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલા છે.

૫૪. સચિયારા-સાચાનાં મિત્રો.

ऋतेन तष्टा मनसा हितैषा ब्रह्मौदनस्य विहिता वेदिरग्रे ।
अंसद्रीं शुद्रमुप धेहि नारि तत्रौदनं सादय दैवानाम् ॥२३॥

अ० का० ११ अ० १ सू० १

મંત્ર પહેલો

દેવ સ્થાપના મંડાણ

ૐ ॥ ફર્માનજી ॥ બિસ્મિલ્લાહ ॥ હિર્રેહમાં નિર્રહીમ ॥

અર્થ શ્રી પરમાત્માની ! આજ્ઞાથી આદરૂં છું દયાળુ, શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્[1] ગોર[2] પાત્ર[3] બ્રહ્મા[4] ઈંદ્ર[5] ઈમામ–શાહ આદ્ય[6] વિષ્ણુ[7] નિરંજન[8] નરઅલી[9]

૧. સદ્-સાચા. પવિત્ર. ૨. ગોર-ગુરૂ ૩. પાત્ર-લાયક. ૪. બ્રહ્મા-પવિત્ર રજોગુણી દેવ સષ્ટા. ૫. ઈંદ્ર-બ્રહ્મા. ૬. આદ્ય-જુના પુરાણા. ૭. સનાતન. વિષ્ણુ-સત્વ ગુણવાળા દેવ, વિશ્વ વ્યાપક પરમાત્મા. ૮. નિરંજન-દેખાય નહિ એવા ૯. નર-નારાયણ, આદિપુરુષ.

મહંમદશાહ તમારી દુવા. તમે [૧]સુણો મુનિવર વેદ[૨] વિચાર ।। મુખી તણા ક્રિયા[૩] આચાર[૪] ।।૧।। આવી ગત માંહે હે[૫] જંદા કહે ।। એક[૬] મનો થઈને ઉભો રહે ।।૨।। ગોર ગત પાસે માગે વચન ।। નિર્મળ[૭] કરાવે જીવને[૮] પિંડ[૯] ।।૩।। ગોરરત મળીને કરે આશિષ[૧૦] ।। આજ ગત માંહે ગોર નર છે જગદિશ[૧૧] ।।૪।। ત્યાં નાના મોટા સહુ કરગરે[૧૨] ।। જપે[૧૩] પીરશાહે[૧૪] ને તોબા[૧૫] કરે ।।૫।। કહી[૧૬] ફર્માન ને માણજ[૧૭] લહે ૧૮ ।।

૧. સુણો-સાંભળે ૨. વેદ્-પરમાત્માના મનુષ્ય રૂપને ઓળખાવતા ભેદનો ખુલાસો. વિદ્ ધાતુ પરથી થાય છે. વિદ્-જાણવું. ૩. ક્રિયા-કર્મ ૪. આચાર-વિધિયુક્ત વ્યવહારમાં મૂકાય તેવો પવિત્ર વહેવાર ૫. હેજંદા-હે + જંદૂ + આ. હે-બોલવવાનો શબ્દ, જંદ-ખોળીયું શરીર, દેહ આ-આત્મા. હેજંદા-હે દેહવાળા આત્મા, એટલે હે મનુષ્ય રૂપે પ્રભુ. ૬. એકમનો-એક તરફ મન રાખીને, શ્રી હરિ તરફ મન રાખીને, સાંસારિક બધી બાબતો ભૂલી જઈને. ૭. નિર્મળ-પવિત્ર. ૮. જીવ-શરીરની ચેતન શક્તિ. ૯. પિંડ-દેહ શરીર. ૧૦. આશિષ-અરદાસ અરજ. ૧૧. જગદીશ-જગતના ઈશ્વર. ૧૨. કરગરે-વિનવે, અરદાસ કરે. ૧૩. જપે-બોલ્યા કરે. ૧૪. પીરશાહ. પીર-ગુરુ બ્રહ્મા શાહ-નારાયણ. ૧૫. તોબા કરે-ગુનાહની માફી માગે. ૧૬. કહી ફર્માન-આજ્ઞા માગીને. ૧૭. માણજ-માણ ઘડો, ૧૮. લહે-લે.

ત્યાં નિર્વિષ[૧૯] થઈનો ઉભો રહે ॥૬॥ હદે રાખે પીરશાહ જાય. ॥ તોબા થકી ઉતારે પાપ ॥૭॥ માણ તણી આશિષ જો કરે ॥ જાપ જપે પાતક[૨૦] ઉતરે. ॥૮॥ દો[૨૧] જણ મળી ઉતરાવે માણ ॥ એક બીજાને કહે ફર્માન ॥૯॥ માણ ઉતારીને ઉભો રહે ॥ નમી[૨૨] ગતને હેજંદા કહે ॥૧૦॥ એકમનો થઈને ડગ[૨૩] જો ભરે ॥ મુખી તણે આસને[૨૪] સંચરે[૨૫] ॥૧૧॥ આસણે જઈને કહે હેજંદા ॥ બક્ષો[૨૬] ગુનાહ[૨૭] ગોરગતના બંદા ॥૧૨॥ ભીડી[૨૮] આસણ બેસે કાયા ॥ દિલથી દુર કરે મોહ માયા ॥૧૩॥ જે સત્ય સંતોષે બેસે સહી ॥ તે દયા, ક્ષમાએ રહેણીએ[૪] રહી ॥૧૪॥ પૂર્વ દિશા પુંઠ જો ધરે ॥ પશ્ચિમ દિશા

૧૯. નિર્વિષ-નિર્વિખ, વેર ખાર વિનાનો. ૨૦. પાતક-પાપ. ૨૧. દો-બે. ૨૨. નમી-પગે લાગી. ૨૩. ડગ-ડગલું પગલું. ૨૪. આસને-સ્થાને ૨૫. સંચરે-જાય. ૨૬. બક્ષો-માફ કરો. ૨૭. ગુનાહ-દોષ. ૨૮ ભીડી-ગોઠવી બંધ કરી.

સન્મુખ કરે ॥૧૫॥ દક્ષિણ મૂકે ડાબે પાસ ॥ જમણી ઉત્તારે પૂરે વાસ ॥૧૬॥ ગોર ગતને પીછે ફર્માન ॥ કહી યજ્ઞનું[૫] માંડે કામ ॥૧૭॥ ત્રણ[૬] દરવાજા બંધ જો કરે ॥ જ્યાં થકી પવન ના સંચરે. ॥૧૮॥ કહી ફર્માનને માંડે પાટ[૭] ॥ સર્વ જીવ તણી મુક્ત ઘાટ[૮] ॥૧૯॥ માંડી કળશને એક ચિત્તે રહે. ॥ અક્ષત્[૯] લઈને કળશમાં ધરે ॥૨૦॥ ફુલહાર ઘટ પાટે ધરે ॥ ચુવા ચંદન અર્પણ કરે ॥૨૧॥ માંડી પાટ પૈસાને કળશ જો લહે ॥ ધુપ દીપને[૧૦] અર્પણ કરે ॥૨॥ ભરી કળશને ગુજારે[૧૧] આપ[૧૨] ॥ ભણે કાંડી[૧૩]

૪. રહેણીએ-આજ્ઞા પ્રમાણે. ૫. યજ્ઞ-પૂજા, ઘટ પાટ, પાણીનો યજ્ઞ અગ્નિ બદલે પાણીમાં દ્રવ્યો હોમવાનો વિધિ ૬. ત્રણ દરવાજા-નાક, મોઢું કાન. ૭. પાટ-કળશનું આસન એટલે પાણીની વેદીનું આસન. ૮. ઘાટ-કિનારો, સ્થાન ઠેકાણું. ૯. અક્ષત્-અ+ક્ષત્ એટલે તેટલું કે ખંડન થયા વિનાનું અનાજ જવ કે જુવાર. ૧૦. દીપ-ઘીની જ્યોતિ. ૧૧. ગુજારે - જાહેર કરે. ૧૨. આપ-પોતાના કરેલા સર્વ કર્મો. ૧૩. કાંડી-કાંડનો મંત્ર, છેડાનો મંત્ર.

ને પીરશાહ જાપ ॥૨૩॥ આલ[૧૪] ભણી નીપાવે નુર[૧૫] ॥ આલે નિરંજન છે ભરપુર ॥૨૪॥ ત્રણ દેવની પુજા કરે ॥ નુર લઈ કળશમાં ધરે ॥૨૫॥ નુર માંહે શક્તિનો[૧૬] વાસ ॥ નુરે નારાયણ[૧૭] થાય પ્રકાશ[૧૮] ॥૨૬॥ પાંચ[૧૯] તન તો નુર માંહે રહે ॥ ચોવીસ પાત્ર કલિયુગમાં છે. ॥૨૭॥ એકમનો થઈને મુખી જો ભણે ॥ ગોર નર આલે એક કરી ગણે ॥૨૮॥ આલે ગોરનર બેઠા સહી ॥ દુવાથી મુખીએ દીઠા સહી ॥૨૯॥ પ્રદક્ષિણાનું[૨૦] મોટું દાન ॥ પુજીએ તો મેર[૨૧] સમાન[૨૨] ॥૩૦॥ એની દુવા

૧૪. આલ-હરિવંશમાં, જે વંશમાં શ્રીજીની કળા આવી હોય તે. ૧૫. નુર-અમૃત, ચરણામૃત. ૧૬ શકિત-કળા, નારાયણનું મુખ્ય બળ, અર્ધાંગના, આદ્ય શક્તિ, નારાયણી. ૧૭. નારાયણ-જેનું પાણી પર આસન છે તે, શ્રી વિષ્ણુ, ૧૮. પ્રકાશ-પ્રગટ જાહેર. ૧૯ પાંચ તન-૧ આદ્ય નારાયણ, મૂળ પુરૂષ. ૨. બ્રહ્મા, ૩, વિષ્ણુ, ૪ શંકર. ૫. શક્તિ, ૧ મહંમદ. ૨અલી. ૩. ફાતિમા. ૪ હશન. ૫. હુશ્યેન. ૨૦ પ્રદક્ષિણા-આગળ પાછળ ગોળ ફરવું. ૨૧. મર-મેરુ પર્વત. ૨૨. સમાન-સરખું બરાબર.

મુખી જો કરે ॥ કળશ આગળ પ્રસાદ તો ધરે ॥૩૧॥ જીવતા મૃત્તક[૭] હોઈને રહે ॥ સુખ દુઃખ દિલના સદ્‌ગારસું કહે ॥૩૨॥ પુજા કરે કળશની સાર ॥ માંહે નિરંજન સચરાચાર[૮] ॥૩૩॥ મુખી તે જે ભાર ગતનો આપે સહે ॥ પર[૯] વેદના દુઃખ દિલમાં ગ્રહે[૧૦] ॥૩૪॥ મુખી તે જે મન મારીને[૧૧] રહે ॥ મુખ માંહેથી કોઈને કાંઈ ના કહે ॥૩૫॥ નિત્ય નિત્ય હાલ[૧૨] ગુજારે આપ ॥ દુવા ભણી ઉતારે પાપ ॥૩૬॥ કરી આશિષને છોડાવે કર્મ ॥ ગોરગતની ક્રિયા આચારે વાધે[૧૩] ધર્મ ॥૩૭॥ બોલે સાચું ને વચન પાળે ॥ બાર કરોડી સંગે જઈ માલે ॥૩૮॥

---

૭ મૃતક-મરેલા જેવો, એટલે તમામ કામનાઓનો નાશ કરીને. ૮. સચરાચાર-રજેરજમાં પ્રસરેલો, સર્વમાં રહેલો. ૯. પર વેદના-પારકાનું દુઃખ ૧૦ ગ્રહે-ધારણ કરે, રાખે. ૧૧. મારીને-શાંતિ કરીને ૧૨. હાલ-કાર્યક્રમ આખા દિવસમાં પોતાના હાલ હવાલ સર્વ, ૧૩. વાધે-વધે.

મુખી તે જે એટલી ક્રિયા પાળે ।। નિત્ય નિત્ય હાલ ગુજારે ને માણજ લેવે ।।૩૯।। મુખી તે જે ક્રિયા આચારસું નિર્ભય રહે ।। એવી દુવા તો ગોર ઈમામશાહ કહે ।।૪૦।। સદ્ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદ શાહ ।।

હક્ક લાએ લાહા ઈલ્લિલ્લાહો ।। મહંમદ દુર્ રસુલિલ્લાહે ।।

અર્થ - સત્યવાત બીજો કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે, ખચિત વૈરાટ રૂપેજ છે. મહંમદ (પવિત્ર પુરૂષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

दिवं ब्रूमो नक्षत्राणि भुमि यक्षाणि पर्वतान् ।
समुद्रा नद्यो ऽ वेशन्तास्ते नो मुञ्चन्त्वं हसः ॥
अ० का० ११ आ० ३ सू० ४.

ॐ

મંત્ર બીજો

મુખીને તોબા ભણવાનો છે

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ હિરેહમાં નિર્રહીમ ॥

શ્રી પરમાત્માની આજ્ઞાથી-આદરૂં છું કૃપાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

❖❖❖

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ ॥ નરઅલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

સાહેબ તોબા હજાર વાર ।। આ બંદા[૧] ગુન્હેગાર ।। અવ્વલ[૨] આખર[૩] શાહ[૪] મુર્તુઝા[૫] અલી[૬] પાક[૭] ।। અવ્વલ શાહ અલી ।। આખર ઈમામ[૮] મહેદી[૯] ।। જાંબુદ્વિપના[૧૦] ધણી ।। વિષ્ણુ નારાયણ ।। વિશ્વના[૧૧] આધાર[૧૨] ।। સૃષ્ટિના[૧૩] સૃજનહાર[૧૪] ।। જાંબુદ્વિપે ધર્યો અવતાર ।। રેહેણી[૧૫] કીજે ખેર[૧૬] ।। દિવસ કીજે મ્હેર[૧૭] ।। નેહ્કી[૧૮] નજર[૧૯] ધરો ।। બંદાની મુશ્કેલ[૨૦] આસાન[૨૧] કરો ।।

---

૧. બંદા-આજ્ઞાક્તિ, તાબેદાર. ૨. અવ્વલ-પહેલાં. ૩. આખર-છેવટ. ૪. શાહ-માલીક. ૫. મુર્તુઝા-પ્રેમ પાત્ર, સર્વને પ્રેમ ઉપજાવે એવો. ૬. અલી-મોટો. ૭. પાક-પવિત્ર. ૮. ઈમામ-પ્રેરણા કરનાર, બોધક, ધણી, આગેવાન શ્રી. વિષ્ણુની કળીવાન શરીર ૯. મેંહેદી-પ્રેરણા કરનાર, હૃદય જીતનાર. ૧૦ જાંબુદ્વિપ-જે પૃથ્વીને ત્રણ બાજુ પાણી હોય અને તેમાં શિયાળાની વસ્તી હોય ને જાંબુના ઝાડ હોય તે. ૧૧. વિશ્વ-સર્વ જગત્. ૧૨. આધાર-ધારણ કરનાર. આશ્રય, ટેકો. ૧૩. સૃષ્ટિ-પરમાત્માનું બનાવેલું. ૧૪. સૃજનહાર-બનાવનાર. ૧૫. રેહેણી-રાત્રી. ૧૬. મ્હેર-દયા. ૧૭. ખેર-ભલાઈ. નેકી. ૧૮. નેહકી-સ્નેહની, પ્રેમની, દયાની. ૧૯. નજર-દ્રષ્ટિ ભાવ. ૨૦. મુશ્કેલ-કઠણાઈ. કઠણ સમય. ૨૧. આસન-હલકી દૂર સહેલું.

સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહો ॥ મહંમદુ રંસુલિલ્લાલાહો ॥

અર્થ -સત્ય વાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાય રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરૂષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

आद् तेर्हस्तां स्रुचमेतां द्वितायां सप्तऋषयो भुतकृतो यमकृण्वन्।
सागात्राणि विदुष्योदनस्य दर्विर्वे द्यामध्येनं चिनोतु ॥२४॥

अ० का० ११ अ० १ सू० १.

મંત્ર ત્રીજો

મુખીને આસન આગળ ઉભા રહીને ભણવો.

❖❖❖

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

❖❖❖

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી ! આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન ॥ નર અલી મહં-

મદશાહ ॥ સદ્દગોર પીર કબીરદીન[૧] ॥ સદ્દગોર પીર સુદરદીન[૨] ॥ સદ્દગોર પીર સાહેબદીન[૩] ॥ સદ્દગોર પીર નસીરદીન[૪] ॥ સદ્દગોર પીર શમ્સદીન[૫] ॥ નર ઈસ્લામ શાહ[૬] ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્દગોર તમારી દુવા ॥

પ્રથમ આમ[૭] ॐ કાર[૮] ॥ ઓમ ॐ કારથી ધધુકાર[૯] ॥ નિરંજન નિરાકાર[૧૦] ॥ તમે સૃષ્ટિના સૃજનહાર ॥ સ્વામી તમે ધર્યા અવતાર ॥ સ્વામીદીન[૧૧] માંહે તમે ॥ દુનિયા[૧૨] માંહે તમે ॥ જાહેર[૧૩] તમે ॥

૧. કબીરદીન=શ્રી ઈમામશાહ બાવાના પિતા, બાપ. ૨. સુદરદીન - શ્રી પીર કબીરદીનના પિતા. ૩. શ્રી સાહેબદીન-શ્રી પીર સુદરદીનના પિતા. ૪. નસીરદીન - પીર શ્રી સાહેબદીન બાવાના પિતા. ૫. શમ્સદીન-પીર શ્રી નસીરદીન બાવાના પિતા. ૬ ઈસ્લામશાહ-નર કાસમશાહના પુત્ર. બાર કરોડીના સંગના તારણહાર. ૭. ઓમ (ૐ) - જગતના તમામ તત્ત્વોની ખાણ. ૮. કાર-આકાર, આદ્ય પુરુષ. ૯. ધંધુકાર ધ્રુજતા શબ્દનો આકાર. ૧૦. નિરાકાર-જેને આકાર નથી. ૧૧. દીન-ધર્મ, પંથ સત્યનો માર્ગ. ૧૨. દુનિયા-આ લોક, મૃત્યુ લોક. ૧૩. જાહેર-પ્રગટ; પ્રત્યક્ષ

હજુર[13] તમે ॥ કાયમ[15] તમે ॥ દાયેમ[16] તમે ॥ અવ્વલ તમે ॥ આખર તમે ॥ નુર[17] તમારૂં ॥ ઝહુર[18] તમારૂં ॥ ભાવ[19] ભક્તિ[20] ઈમાન[21] અમારૂં ॥ અમે બંદા ગુન્હેગાર ॥ તમે સાહેબ ગુનાહ બક્ષણહાર[22] ॥ બંદાને દિદાર દેજો ॥ આખરત[23] વેળામાં ઉગારી લેજો. ॥ તમે આસને સિંહાસને આવીને પરવરો ॥ કીધા ગુનાહૂની ક્ષમા બક્ષો ॥ બીજા ગુનાહૂના કરાવશો ॥ પાંચ, સાત, નવ, બાર, તેત્રીસ કરોડીના મેળા દેજો. લક્ષ ચોરાશીના ફેરા ટાળો ॥ સઘળી જમાતસું[24] દિદાર આલો ॥ સ્વામી એકાંત

૧૪. હજુર-રૂબરૂ. સામે હોય તે. ૧૫. કાયમ-નિરંતર, નિત્ય. ૧૬. દાયેમ-નિત્ય. ૧૭. નુર-પ્રકાશ, તેજ. ૧૮. ઝહુર-હોવાપણું, અસ્તિત્વ. ૧૯. ભાવ-હૃદયની ઉત્તમ લાગણી. ૨૦. ભક્તિ-પરમાત્માની શાંત ચિત્તથી સેવા કરવી. ૨૧. ઈમામ-હૃદયની શુભ લાગણી, આસ્થા, વિશ્વાસ, ભરોસો. ૨૨. ભક્ષણહાર-નાશ કરનાર. ૨૩. આખરત વેળા-છેવટનો સમય. ૨૪. જમાત-સંઘ.

કરો ।। દ્વીત્[24]દુર કરો ।। ધર્મ સ્થાપો[25] ને પાપ કાપો ।। સામલ[26] આપો ।। સતીયાની સોબતમાં રાખો ।। સમર્યા[27] સાહે કરો ।। કરગર્યા કાન ધરો ।। આવા ગમન[28] દૂર કરો ।। સાદૂગોરઈમામ શાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ઈલ્લિલ્લાહો ।। મહંમદ રંસુલિલ્લાહે ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે, ખચિત વૈરાટરૂપે એજ છે, મહંમદ (પવિત્ર પુરૂષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

---

૨૪. દ્વીત્ - જુલાઈ બીજાપણું, બીજાનો ભાવ. ૨૬. સ્થાપો-ગોઠવો, જમાવો. ૨૭. સામલ-છ શત્રુઓને વશ કરવાનો ઉપાય, હિમ્મત, મદદ, સહાય. ૨૮. સમર્યા-સંભર્યા. ૨૯. આવાગમન-આવવું જવું, લક્ષચોરાશી.

नवमी

पर्यावर्ते दुष्वप्न्यात् पापत् स्वप्नाद भूत्याः ।

ब्रह्माहमन्तरं कृण्वे परा स्वन्पमुखा शुचः ॥१॥

अ० का० ७ अ० ९ सू० २

મંત્ર ચોથો

મુખીએ આસન ઉપર પહેલો જમણો પગ રાખી ત્યાં ઉભા રહી હાથ જોડી ભણવો.

ૐ ફર્માનજી ॥ બિસ્મિલ્લાહ હિર્રહેમાં નિર્રહીમ ॥

❖❖❖

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી ! આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥

આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદ શાહ ॥ તમારી દુવા ॥

શાહહેજંદા ॥ કાયમ[1] દેવ પાયા[2] ॥ સદ્‌ગોર નુર પાયા ॥ સતીયોની સોબત પાયા ॥ ઋષિઓનું રાજ પાયા ॥ અમરાપુરમાં[3] વાસ પાયા ॥ અનંત[4] કરોડીની સોબત પાયા ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહો ॥ મહંમદ રસુલિલ્લાહે ॥

અર્થ - સત્ય વતા બીજું કોઈ નથી. સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એ જ છે. મહંમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે. ॥

૧. કાયમ દેવ-હંમેશ રહેનારો અખંડ, અવિનાશી. ૨. પાયા-મેળવ્યા. જડ્યા અમરાપુર-જ્યાં નાશ નથી તેવું સ્થાન, મોક્ષ ધામ. ૪. અનંત-છેવટનો સંઘ કે જેની સંખ્યાનો શુમાર નથી. શ્રી નિષ્કલંકી નારાયણના અનુયાયીઓ.

नमस्कृत्य द्यावापृथिवीभ्यामन्तरिक्षाय मृत्यवे ।

मेक्षाम्यूर्ध्वस्तिष्ठन् मा मा हिंसिषुरीश्वराः ॥१॥

अ० का० ७ अ० ९ सू० २

મંત્ર પાંચમો

પાટ માંડવાનો ઘટના આસનનો છે.

ૐ ॥ ફર્માનજી ॥ બિસ્મિલ્લાહ હિર્રેહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી ! આદરૂં છું, દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન ॥ નરઅલી મહંમદશાહ તમારી દુવા ॥

સ્વામી તમે ઓમ (ॐ) કાર માંહે આપો આપ ॥ શક્તિ રૂપી જપાવ્યો જાપ ॥ શક્તિ રૂપી રચ્યો સંસાર ॥ શક્તિ વેદ ઉત્તમ આચાર ॥ હેઠે શક્તિ ને ઉપર કલા[1] ॥ પાંચ તે દેવ સભરે[2] ભર્યા ॥ આસન શક્તિ નુરી[3] તેજ ॥ નુરે ખલકયા[4] નિરંજન હેજ[5] ॥ શ્રેષ્ઠ શક્તિ મીટ્ટી સહી ॥ મીટ્ટી બાજ[6] ના ઉપન્યા કોઈ ॥ મીટ્ટી[7] ઘટ ને મીટ્ટી પાટ ॥ મીટ્ટી મોક્ષ મુક્તની વાટ[8] ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

૧. કલા-વિદ્યા યુક્તિ, હુન્નર, આદ્ય પુરૂષનો ભેદ ૨. સભરે ભર્યા-સર્વ ઠેકાણે વ્યાપક, ૩. નુરી-દેદીપ્યેમાન. ૪. ખલક્યા-ઉત્પન્ન કર્યા, સરજ્યા. ૫. હેજ-ઉમળકો, હેત. બાજ-વિના. ૭ મીટ્ટી૦માટી, મટોડી ૮. વાટ-રસ્તો માર્ગ.

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહે ॥ મહંમદ રૈસુલિલ્લાહે ॥

અર્થ - સત્યવાત બીજું કોઈ નથી, સર્વત્ર પુત્ર છે, ખચિત વૈરાટ રૂપે એ જ છે મંહમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

ऋचो अक्षरे परमे व्योऽमन् यस्मिन्देवा अधि विश्वेनिषेदुः ।
यसन्न वेद किमृचा करिष्यति यइत् तद् विदुस्ते अमी समासते ॥१८॥

अ० का० ९ अ० ५ सू० २

મંત્ર છઠ્ઠો

પાટ માંડીને પગે લાગવાનો છે.

ૐ ફર્માનજી ॥ બિસ્મિલાહ હિર્રેહમાં નિર્રહીમ ॥

❖❖❖

અર્થ : શ્રી પરમાત્માથી આજ્ઞાથી ! આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન ॥ નર અલી મહંમદશાહ તમારી દુવા ॥

નવ[1] તન અરસલામ[2] ॥ અર્ઝતુસ[3] સલામ ॥ મામા[4] અર્ઝુલ્લાહ્ કો સલામ ॥ અજા બુલ અમલ હરામ[5] ॥ શક્તિ માતા સલામ ॥ ગોર અજબ સલામ[6] ॥ હક્ક શાહ મુર્તઝા અલી ॥ અલ્લાહ્[7] તમે ॥ અલખ[8] તમે ॥ કાયમ તમે ॥ કિરતાર[9] તમે ॥ શાહ પાયા અમે ॥ સબ[10] ફુલ જમીં પર શિજદા ॥ શિજદા[11] મન[12] સાહેબ ॥ સાહેબ મન ફક્કર[13] ॥ ફક્કર મન અલ્લાહ્ ॥ અલ્લાહ્ મન મહંમદ[14] ॥ મહંમદ મન ઉમ્મત[15] ॥

---

૧. નવતન-નવ શરીર. બ્રહ્માના નવ રૂપ. ૨. અસ્સલામ-અમારી સલામ. ૩. અર્ઝતુસ-પૃથ્વીને. ૪. મામા અર્ઝુલ્લાહકો સલામ-માતા પૃથ્વી માતાને સલામ. ૫. અજાબુલ અમલ હરામ-દુઃખ ઊપજે તેવાં કાર્યો ન કરવા. ૬. ગોર અજબ સલામ-સમજવામાં ન આવે તેવા ગોરને નમસ્કાર. ૭. અલ્લાહ્-પરમાત્મા. ૮. અલખ-સમજાય નહિ તેવો. ૯. કિરતાર-કર્તા, પ્રભુ ઈશ્વર. ૧૦ સબ ફુલ જમી પર શિજદા-તમામ પૃથ્વી પર મારું નમન છે, ૧૧ શિજદા-નમન ૧૨. મન-માનવું. ૧૩ ફક્કર-ફકીરાઈ ત્યાગવૃત્તિ. ૧૪ મહંમદ-બ્રહ્મા, ગુરૂ. ૧૫. ઉમ્મત શિષ્ય મંડળ.

સદ્ગોર ઈમામ શાહ ॥ નર અલી મહંમદ શાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહે ॥ મહંમદ રંસુલિલ્લાહે ॥

અર્થ - સત્યવાત બીજું કોઈ નથી, સર્વત્ર પુત્ર છે, ખચિત વૈરાટ રૂપે એ જ છે મંહમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

वाजस्य नुप्रसवे मातरं महीमदितिं नाम बच सा करामहे ।

यस्या उपस्य उर्व ? न्तीरक्षंसानः शर्म त्रिवरूर्थं नियच्छात् ॥२॥

अ० का० ७ अ० १ सू० २

મંત્ર સાતમો

પાટ ઉપર અક્ષત મૂકવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ હિરેહમાં નિર્રહીમ

❖❖❖

અર્થ : પરમાત્માની આજ્ઞાથી ! આદરૂં છું દયાળુ પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્દગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ-શાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્દગોર પીર કબીરદીન ॥

સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ નર ઈસ્લામ-શાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી[1] નુર સદ્‌ગોર ॥ તમારી દુવા ॥ પ્રથમ આદ નિરંજન ધંદુકાર ॥ સષ્ટિને કારણે ગોર નરે ધર્યા અવતાર ॥ ધંધુકારમાં ધ્યાન જ ધરી ॥ છત્રીસ યુગ ને ચોરાશી ચોકડી[2] પહેલી કરી ॥ પહેલાં સજર્યાં બ્રહ્મા[3] સ્તન ॥ તેથી સજર્યા રૂહ્ રતન[4] ॥ આપસ[5] તનથી ઝરીયા નુર ॥ તેના સજર્યા ચંદ્ર સૂર્ય ॥ નારાયણે સર્જી મૂરત ચાર[6] ॥ ચતુર્વેદ ને ઓંમ (ॐ) કાર ॥ ઓં (ॐ) કારથી સજર્યો

૧. નબી-જેને પરમાત્મા તરફથી ઉપદેશકની મોહોર છાપ થઈ (મળી) હોય તેવો પુરૂષ. ૨. ચોકડી ચાર યુગની એક ચોકડી. ૩. બ્રહ્મ સ્તન-બ્રહ્માનું, શરીર. ૫. રૂહ સ્તન-આત્મ રૂપી ઝવેરાત. ૫. આપસ તનથી ઝરીયા નૂર-પોતાના શરીરથી અમૃત ખર્ચું. ૬. મૂરત ચાર-૧. બ્રહ્મા. ૨. વિશ્વેહ ૩. મહેશ. ૪. શક્તિ

સત્પંથ ॥ ધરી અવતાર ને બાંધ્યા બંધ ॥ અથર્વ વેદને ચોક સિંહાસને[૭] આવો ॥ ઘટમાં આવીને વાસ કરો ॥ પાટની પુજાએ રહો ॥ કળશ માંહે કળા ધરો ॥ ઘટ ગતમાં આવી પરવરો ॥ આદ્ય બ્રહ્મા[૮]એ ઘટ પાટ સ્થાપ્યો ॥ ને ચોય દિશ નાખી ફરોઈ ॥ અનંત રૂપે ચરિત્ર કીધાં કર્તા મૂરત સોહી[૯]॥ આ લોક ॥ પર લોક ॥ દેવ લોક ॥ જુમલી જમાત[૧૦] ॥ ગોર ગત ગંગા ॥ ફર્માની બંદાને[૧૧] ઈમાને ઈજને[૧૨] તમે કબુલ કરો॥ કળશ માંહે તમારી કલા કરો ॥ અલી નિરંજન નિષ્કલંકી[૧૩] પાત્ર ॥ સદ્ગોર સુદરદીન ॥ સદ્ગોર નર ઈસ્લામશાહની

૭. સિંહાસને- ગાદીએ. ૮. આદ્ય બ્રહ્મા-જગતને પેદા કરનાર મૂળ પુરૂષ. ૯. સોહી-એજ, ૧૦. જુલમી જમાત-સર્વ સંઘ. ૧૧ ફર્માની સંદા - આજ્ઞાદિન દાસ, ૧૨ ઈજતે-નોતરે. ૧૩. નિષ્લંકી-કલં કરહિત, પવિત્ર સોળ કળાવાળો

કરાવી યાત્રા[૧૪] ।। ઈમામશાહ નર મહંમદશાહે દીધો દિદાર ।। જીવ સહી કીધા કરોડી બાર ।। નબી નુર સદ્‌ગોર આદ્ય બ્રહ્મા ।। પીર શમ્સે સ્થાપ્યા ધર્મ ।। પીર સુદરદીને જપાવ્યા જાપ ।। પીર કબીર દીને કીધા પાક ।। ઈમામશાહ નર મહંમદશાહે પુરી સાખ[૧૫] ।। મુખી સ્થાપ્યા સવા લાખ ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલ્લાહે ।। મહંમદ રંસુલિલ્લાહે ।।

અર્થ - સત્યવાત બીજું કોઈ નથી, સર્વત્ર પુત્ર છે, ખચિત વૈરાટ રૂપે એ જ છે મંહમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૧૪ યાત્રા-યાત્રા, જાત્રા. ૧૫ સાખ-સાક્ષી

सुगा वो देवाः सदना अकर्म य आजग्म सवने मा जुषाणाः ।

वदमाना भहमाणा : स्वावसूनि वसुं धर्म दिवमा रहतानु ॥४॥

अ० का० ७ अ० ९ सू० २.

મંત્ર આઠમો

પાટને ચારે દિશાએ પૈસા મૂકવાનો છે.

❖❖❖

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહૂ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

❖❖❖

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી ! આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

સ્વામી આજ કલિયુગનું વર્તમાન ॥ જો નારાયણનું સ્થાને[1] ॥ ઘટે બ્રહ્મા ॥ ઘટે વિષ્ણુ ॥ ઘટમાં દેવ મહેશ્વર ॥ ઘટમાં ચૌદ લોકનો વાસ ॥ ને તેત્રીસ કરોડ દેવતાનો વાસ ॥ ઘટ મધ્યે બ્રહ્મા વિષ્ણુનો પરવાર[2] ॥ જો આજ કલિયુગમાં હોય તેનો વાસ ॥ પાત્ર નિષ્કલંકી નારાયણ ॥ તે નર મહંમદશાહ ॥ સિંહાસન તમારૂં ॥ દત્ત[3] તમારૂં ॥ કર્મ તમારૂં ॥ ધર્મ તમારૂં ॥ દીવાન બાદશાહજી૪ ॥ આ બંદા ગુનેહગાર ॥ તમારી પનાહૂમાં રાખો ॥ કરગર્યા કાન ધરો ॥ સમર્યા સાહાય કરો ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥

૧. આજ કલિયુગનું વર્તમાન જો નારાયણનું સ્થાન-આજ વર્ત. માન કાળે કલિયુગમાં નારાયણનું સ્થાન ઘટપાટમાં છે, ૨. પરવાર-વંશ ૩. દત્ત-દીધેલું. ૪. દીવાન બાદશાહજી-શ્રી નારાયણના મૂખ્ય પ્રધાન. ૫. પનાહ્મમાં ઓથમાં આશરામાં સેવામાં.

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહે ॥ મહંમદ રંસુલિલ્લાહે ॥

અર્થ - સત્યવાત બીજું કોઈ નથી, સર્વત્ર પુત્ર છે, ખચિત વૈરાટ રૂપે એ જ છે મંહમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

यज्ञ यज्ञं गच्छ यज्ञपति गच्छ । स्वां योनिं गच्छ, स्वाहा ॥५॥

अ० का० ७ अ० ९ सू० २

ॐ

મંત્ર નવમો

❖❖❖

પાટે પૈસા મૂકી પગે લાગવાનો છે.

❖❖❖

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

❖❖❖

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી ! આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ શાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

પ્રથમ આદ્ય નારાયણે કીધો વિસ્તાર[1] ત્યારે દિશા આલેખી[2] ચાર ॥ ચતુર્દિશામાં કીધા ચતુર્મુકામ[3] ॥ ત્યાં સદ્ગોર દેખાડ્યા શાહનાં ઠામ[4] ॥ જાએલા ॥ ફાએલા ॥ અરજલા ॥ ખલીફા ॥ ચતુ ર્કલપની[5] શાખા ધરી ॥ ગોરે નામ ભણાવ્યા હરિ ॥ ઝાંખા[6], મેધા[7], કિન્નર[8] અનંત ॥ જેણે સદ્ગોર શું રાખ્યા અવિચળ ચિત્ત ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહો ॥ મહંમદ રસુલિલ્લાહે ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાય રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૧. વિસ્તાર-ફેલાવો, રચના. ૨. આલેખી-નક્કી કરી. ૩. મુકામ-ઠેકાણા. ૪. ઠામ-ઠેકાણા. ૫. કલપ-ચાર યુગની ચોકડી તે કલપ. ૬. ઝાંખા-જાએલા કલપના ભક્તોના મુખીનું નામ. ૭. મેધા-ફાયલા કલપના ભક્તોના મુખીનું નામ. ૮. કિન્નર-અરજલા કલ્પના ભક્તોનાં મુખીનું નામ.

तप ते यज्ञो यज्ञपते सहसूक्तवाकः । सुवीर्यः स्वाहा ६

ॐ

મંત્ર દસમો

કળશને ધૂપ લાબાનનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ હિર્રેહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી ! આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન ॥ નર અલી મહંમદશાહ તમારી દુવા ॥

આહે[1] દરૂદ[2] ॥ જાહે[3] દરૂદ ॥ દરૂદ નબી પર[4] ॥ અલ્લાહો[5] ફાતેહા[6] ॥ અગર જલે[7] ॥ પીડા ટળે ॥ સાહેબ જાગે ॥ શ્યેતાન[8] ભાગે ॥ ધૂપ ત્યાં રૂપ ॥ દેવ ત્યાં પૂજા અલખ નિરંજન નિરાકાર ॥ અવર[9] દેવ નહિ દૂજા ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહો ॥ મહંમદ રૅસુલિલ્લાહે ॥

અર્થ- સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે, ખચિત્ વૈરાટરૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

---

૧. આહે-છે. ૨. દરદ-વખાણ. ૩. જાહે-આબરૂ, પદવી. ૪. પર-ઉપર. ૫. અલ્લાહો-પરમાત્માનો. ૬. ફાતેહા-વિજય. ૭. જલે-બલે. ૮. શ્યેતાન-અઘોર દુષ્ટ કર્મ કરનાર, મહાનીચ વૃત્તિવાળો, નીચ કામ કરનાર વ્યક્તિ, રાક્ષસ, બિહામણો પુરૂષ, નીચ કર્મ કરાવનાર ૩. ભૂત, જીન, ખવિસ. ૯. અગર-બીજો, અન્ય.

असपत्नं नो अघरा दसपत्नं न उत्तरात् ॥
इन्द्रासपत्नं नः पश्चाज्जोति : शूर पुरुस्कृधि ॥१७॥

अ०का० ८ अ० ३ सू० ५

મંત્ર અગીયારમો

દિવા જ્યોતને પ્રમાણનો છે.

❖❖❖

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહૂ હિરેહૂમાં નિરહીમ ॥

❖❖❖

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

ગોર દીવો ।। ગોર દેવતા ।। ગોર વિના ગોર અંધાર[૧] ।। ગોર વિના જુગત[૨] નહિ ।। ગોર વિના મુક્ત[૩] નહિ ।। મન તાળુ ।। કલમો[૪] કુંચી ।। ખોલો ધર્મ દ્વાર[૫] ।। દેખો મહંમદશાહકા દિદાર ।। જાગે જ્યોત ।। ભાગે છોત[૬] ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલ્લાહો ।। મહંમદ રંસુલિલ્લાહે ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્‌ વૈરાય રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

---

૧. ઘોર અંધાર-જેમાં દિવો પણ પ્રકાશ ન આપી શકે તેવું અંધારૂં. ૨. જુગત-યુક્ત, માફક, અનુકુળ. ૩. મુક્ત-છુટેલ, બંધનમાં નહિ તે. ૪. કલમો-શબ્દ, મહાવાક્ય, મંત્ર. ૫. દ્વાર-દરવાજો, બારણું, ઠેકાણું. ૬ છોત-આભડછેટ, અપવિત્રતા.

अप्स्व १ न्तरमृतमप्सु भेषजम् ।

अपामुत प्रशस्तिभिरश्वा भवथ वाजिनो गावो भवथ वाजिनी: ४ ।

अर्थ वेद. का० १ अ० सूक्त ४

आपो हि ष्ठा मयोभूवस्ता न ऊर्जे दधातन ।

महे रणायचक्षसे ॥१॥ ॥२॥ ॥३॥ ॥४॥

अ० का० १ अ० १ सूक्त ५-६

हिरण्यवर्णा: शुचय: पावका यासु जात: सविता यास्वग्नि । :

या अग्निं गर्भं दधिरे सुवर्णास्ता न आप: शंस्योना भवन्तु ॥१॥

अनु० ६ सू० ५

मंत्र બારમો

કળશમાં જળ ભરવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીરકબીરદીન ॥ સદ્‌ગોર પીર સોદરદીન ॥ સોદગોર પીર સાહેબદીન ॥ સદગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર સમ્શદીન ॥ સદ્‌ગોર પીર સલાઓદીન[૧] ॥ નર ઈસ્માલશાહ ॥ નર અલી નિરંજન નામ નબી નુર સદ્‌ગોર ॥ તમારી દુવા ॥

ઓંમ (ૐ) ॥ ઉનાદ[૧] ॥ સાદ[૨] ॥ શબ્દ[૩]॥ નુર ॥ તેજ ॥ બંબ[૪] ॥ આપોઆપ ઉપાયા ઈંડ[૫] ॥ ઈંડ માંહેથી સર્જ્યા પિંડ[૬] ॥ પિંડ માંહેથી ઈચ્છા કીધી ॥

---

૧. સલાઓદીન=પીરં શ્રી શમ્મદીન બાવાના પિતાશ્રી. ૧. ઉનાદ= પોતાની મેળે ઉત્પન્ન થતોશબ્દ, પ્રણવ ૨. સાદ= મધુરા અવાજ. ૩ શબ્દ=અર્થસૂચક અવાજ. ૪. બંબ= તેજનું ગોળ પ્રતિબિંબ, અર્થવિનાનો અવાજ, સંકરનો શબ્દ. ૫ ઈંડ=લંબગોળ આકાર. ૬. પિંડ= શરીર.

અનંત લીલા' વર્તી લીધા ઈંડ છેદીને ઉપન્યા આપ ॥ ચતુર્મૂરતની કીધી થાપ ॥ કહી ફર્માન ને ઑમ (ॐ)કાર ॥ પ્રગટ કીધી મૂરત ચાર ॥ ખાણી, વાણી, ને સર્જાય વેદ ॥ જુજવા[૯] વારા ને જુજવા ભેદ ॥ આલે[૧૦] કુર્શિમા[૧૧] છે ભરપુર ॥ સ્થળ બાંધી સજર્યા નુર ॥ નુર કાંડી અંજપા[૧૨] જાપ ॥ ચતુર્મૂરતને નિરંજન આપ ॥ અનંત દેવ તે ઉપન્યા બ્રહ્મા[૧૩] ॥ મત્સ્યે[૧૪] કળશ કરીને સ્થાપ્યા ધર્મ ॥ સ્વામી પુરુષને શક્તિ સાર ॥ વિષ્ણુ જળને કળશ

૭. લીલા-રચના ૮. વર્તી-ગોઠવી ૯. જુજવા જુદા, ૧૦. આલે (આલ)-શ્રી પરમાત્માની નિર્માણ કરેલી બ્રહ્મા અને વિષ્ણુની કળાના અંશ જે વંશમાં આવ્યા કરે તે વંશની વેલ કળાવાળો પુરુષ પોતાના અંત સમયે કે જયારે ધ્યાનમાં આવે ત્યારે પોતાની પાછળ યોગ્ય પુરુષ નક્કી કરી કળા સોંપે એવી ચાલતી પરંપરા. ૧૧ કુર્શિ-પેઢી, વંશાવાળી, એક પછી ક થતા વારસોની પરંપરા. ગાદીની કળાવાળી પેઢી (વંશ) ૧૨ અંજપા જાપ-વગર જપ્યે જપવાની ટેવ પડી જાય તે ટેવ. ૧૩ બ્રહ્મ-નિર્વિકાર, મૂળ પુરૂષ, જગતકર્તા. ૧૪ મત્સ્ય-મચ્છ, શ્રી મચ્છા અવતાર, દશ અવતારોમાં પહેલો અવતાર.

કિર્તાર ।। આશ પુરો ને વાશ ધરો ।। નુરનો પ્રકાશ કરો ।। કળશ માંહે કળાધરો ।। ઋષિવર જીવને પાવન[૧૫] કરો ।। નબી નુર સદ્‌ગોર ।। નર ઈસ્લામ શાહ ।। સદ્‌ગોર સલાહોદીન ।। પીરર સમ્શદીન ।। પીર નસીરદીન ।। પીર સાહેબદીન ।। પીર સુદરદીન ।। પીર કબીરધીન ।। પીર ઈમામશાહ ।। અરજ કરે ।। જાંબુ દ્વિપે કુંવારકા ક્ષેત્રે ।। નિષ્કલંકી નારાયણ ।। અરબી[૧૬] રૂપે કળશ માંહે કળા ધરો ।। ઘટ માંહે વાસ તમારો કરો ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલ્લાહો ।। મહંમદ રંસુલિલ્લાહે ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાય રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૧૫ પાવન-પવિત્ર. અરબી-અરબસ્તાનની દેશના.

मनस स्पत इमं नो दिवि देवेषु यज्ञम्।

स्वाहा दिवि स्वाहा पृथिव्यां स्वाहान्तरिक्षे स्वाहा वाते

धां स्वाहा ॥८॥

अ० का० ७ अ० ९ सू० २

મંત્ર તેરમો

કળશ માંડીને પગે લાગવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહૂ હિરેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માન નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

વિષ્ણુ ઉપજંતે[1] ॥ મહા વેહવા રંગ, શક્તિ ઉપજ તે અનંત તત્વમ્[2] ॥ સ્વામી તમારૂં સિંહાસન સ્થાપો ॥ તમે નુરે પરવરો ॥ ઘટ માંહે વાસ ધરો ॥ તમે અનંત વાર સ્થાપો ॥ તમે અનંત વાર ઓચરો[3] ॥ તમે અથર્વવેદને વાયકે[4] ફળો ॥ તમે આદ્યનારાયણ કળા પ્રકાશી ॥ ત્રણ દેવ પેદા કીધા ॥ તે દેવ યુગે યુગે આવી અવતર્યા ॥ ઘટે બ્રહ્મા ॥ ઘટે વિષ્ણુ ॥ ઘટે દેવ મહેશ્વર ॥ અર્થર્વવેદની[5] કળા ધરો ॥ ઘટમાં અલ્લાહૂ ઈશ્વર તમે કર્તા ॥ તમે હર્તા ॥ આદ્ય બ્રહ્માએ ઘટ સ્થાપી ॥ ચોયદિશ નાખી ફરોઈ ॥ અનંત રૂપે ચરિત્ર કીધા ॥ કર્તા મૂરત સોહી ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

૧. ઉપજંતે-પ્રગટતાં ૨. તત્વમ્ - ઉત્તમપણું. ૩ ઓચરો-બોલો. ૪. વાયકે-શબ્દે, વચને, આજ્ઞાએ. ૫ અવર્થવેદ-કળિયુગનો મુખ્ય વેદ.

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહો ॥ મહંમદ રસુલિલ્લાહે ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાય રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

यानावह उशतो देव देवां स्तान् प्रेरय स्वे अग्ने सधस्थे ।
जक्षिवांसः पपिवांसो मधून्यस्मै धत वसवो वसूनि ॥१॥

अ० का० ७ अ० ९ सू०१

सं बीर्हरक्तं हविषा धृतेन समिन्द्रेण वसुना संमरूद्भिः ।
सं देवैर्विश्वदेवेभिरक्तमिन्द्रं गच्छतु हविः स्वाहाः १

अ० ९ सू० २

ॐ

મંત્ર ચૌદમો

કળશ ઉપર અક્ષત્ મૂકવાનો છે.

ॐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી ! આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીર દીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્‌ગોર તમારી દુવા ॥

પ્રથમ આદ્ય નિરંજન ઓંમ (ॐ)કાર; ઓંમ (ॐ) કારથી ધંધુકાર ॥ સૃષ્ટિ તણો કીધો વિસ્તાર ॥ મન માંહે હરિએ ધરીયા હેત ॥ ત્યારે રચ્યું એક બ્રહ્મ જ ક્ષેત્ર ॥ બ્રહ્મસ્તનથી ઝરીયા નુર ॥ ત્યારે સર્જ્યા રૂહ રતન ભરપુર ॥ હરિએ કીધા દ્રષ્ટે[1] કામ ॥ ત્યારે સર્જ્યા પિંડ ને પ્રાણ ॥ પિંડ માંહે મેલી માયા ॥

૧. દ્રષ્ટે-નજરથી.

અનંત સ્વરૂપી સર્જી કાયા ॥ જળ અક્ષતે પૂરો વાસ ॥ આદ્ય નિરંજન માંહે પ્રકાશ ॥ કળશે ચાર મૂરત મળીને કરો જુગત ॥ ઋષિવર જીવને આલો મુકત ॥ નર ઈસ્લામશાહ દાતા[૨] ॥ નર અલી મહંમદશાહ ॥ હુશ્યેનીમાં સરદાર૨ ॥ જાંબુ દ્વિપે ને ભરતખંડે[૩] કુંવારકા ક્ષેત્રને[૪] સ્થળે બેસો ॥ તમે નિરંજન નિષ્કલંકી નારાયણ ॥ સાહેબ સુલતાન[૫] બાદશાહજી[૭] ॥ નબીનુર સદ્‌ગોર બ્રહ્મા ॥ તમે અક્ષત્ રૂપે ઘટમાં કળા ધરો ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુર્રસુલિલ્લાહે ॥

૨. સરદાર-મૂખ્ય, આગેવાન, માલિક. ૩. ભરતખંડ-ભરત રાજાએ નિર્માણ કરેલો ખંડ, હિન્દુસ્તાન. ૪. કુંવરકા ક્ષેવ્ય-કુંવરકા પૃથ્વી જે સ્થાને હોય તેવી જમીનનો ભાગ. ૫. સુલતાન-હાંકેમ માલીક. ૬. બાદશાહજી-શહેનશાહ, રાજાઓના રાજા.

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાય રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

ऋतस्य पन्थामनु तिस्र आगुस्त्रयो धर्मा अनुरेत आगुः ।
प्रजामेका जिन्वत्यूर्जमेका राष्ट्रमेका रक्षति देवयूनाम् ॥२३॥

अ०का० ८ अ० ५ सू०९

ॐ

મંત્ર પંદરમો

કળશ ઉપર અક્ષત્ તારી પગે લાગવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહૂ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામતી જે સદા કૃપાળું છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

સ્વામી પાનફુલના ભોકતા[1] તમે છો ॥ આસના[2] વાસનાના[3] ભોક્તા તમે છો ॥ ઘટપાટના ધણી તમે છો ॥ ઘટ માંહે વાસ તમારો છે ॥ સ્વામી દાતા,[4] ભોક્તા તમે છો ॥ બ્રહ્મા વિષ્ણુ, મહેશ્વર ॥ આદ્ય નારાયણ ॥ ઘટ માંહે વાસ પૂરો ॥ અવ્વલ આખરના ધણી તમે છો ॥ અથર્વ વેદની કળા ધરો ॥ તમે પ્રગટ રૂપ કરો ॥ જાંબુદ્વિપના સુલતાન ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુર્રસુલિલ્લાહે ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાય રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ) ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૧. ભોકતા-ભોગવનારા. ૨. આસના-આખા. ૩. વાસના-કલ્પના ઈચ્છા, સુગંધ. ૪. દાતા-દેનારા, આપનારા. પ્રભુ.

यं क्रन्दसी अवतश्चस्कमाने भियसाने रोदसी अह्वयेथाम् ।
यस्यासौ पन्था रजसो विमानः कस्मै देवाय हविषा विधेम ॥३॥

अ० का० ८ अ० १ सू० २

ॐ

મંત્ર સોળમો

ઘટ પાટને ફુલહાર ચડાવવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું. દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ-શાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન ॥ નર

અલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીના ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ નરઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્‌ગોર તમારી દુવા ॥ સદક[૧] બર[૨] મહંમદ રસુલિલ્લાહે ॥ જલ[૩] જલાલહૂ[૪] વ[૫] ન્યામલ[૬] મવૂલા ॥ વ ન્યામલ[૭] વકીલ[૮] ॥ વ ન્યામન[૯] નસીબન[૧૦] ॥ વ સાહેબ સત્તાર[૧૧] ॥ સાહેબ ગફ્ફાર[૧૨] ॥ સાહેબ પરવર દિગાર[૧૩] ॥ શાહ બેલી[૧૪] ॥ શાહ ખાલક[૧૫] ॥ શાહ અવ્વલ ॥ શાહ આખર ॥ શાહ અવ-

---

૧. સદક-સુચ્ચાઈ. ૨. બર-ઉપર. ૩. જલ-મોટું. ૪. જલાલહુ-પવિત્રપણું અને સર્વ વખાણને લાયક. ૫. વ-અને. ૬ ન્યામલ-સારો ઉત્તમ, સરસ. ૭. મવલા-માલીક. ૮. વકીલ-વિશ્વાસપાત્ર. ૯. ન્યામન-સારો. ૧૦. નસીબન-ઉત્તમ કુળવાળો. ૧૧. સત્તાર-મોટો સંતાડનારો, પરમાત્માનું વિશેષણ. ૧૨ ગફ્ફાર-મોટો આપનારો; મોટો દાતા- ૧૩. પરવર દિગાર-પોષક, પાલક, પરમાત્માનું વિશેષણ. ૧૪ બેલી-સહાયક. ૧૫ ખાલક-સૃષ્ટિ પેદા કરનાર.

તાર ॥ શાહ પાત્ર ॥ શાહ મત્સ્ય[૧૬] ॥ શાહ કૂર્મ[૧૭] ॥ શાહ વ્યારાહ[૧૮] ॥ શાહ નૃસિંહ[૧૯] ॥ શાહ વામન[૨૦] ॥ શાહ પરશુરામ[૨૧] ॥ શાહ રામ[૨૨] ॥ શાહ કહાન[૨૩] ॥ શાહ બુદ્ધા[૨૪] ॥ શાહ નિષ્કલંકી[૨૫] નારાયણ ॥ નિરંજન નિરાકાર ॥ નર અલી થકી સૌને દિદાર ॥ નર ઈસ્લામશાહ દાતાર ॥ સદ્ગોર સોદરદીન સાર નબી નુર સદ્ગોર ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ તમારા નામ ઉપર બલિહારી[૨૬] જાઉં ॥ તમારા કામ કર્તવ્યથી વારિ[૨૭] જાઉં ॥ અનંત અવગુણ અમારા ॥ આ બંદા ગુનેહગાર ॥ બાદ શાહજી ॥ તમે ગુના બક્ષણહાર ॥

---

૧૬ થી ૨૨ શ્રી વિષ્ણુના સાત અવતારના નામ. ૨૩. કહાન-શ્રીકૃષ્ણ. ૨૪. બુદ્ધા-નવમા અવતારનું નામ. ૨૫ નિષ્કલંકી નારાયણ-દશમા અવતારનું નામ. ૨૬. બલિહારી-પ્રેમનો પોકાર, ફીદા થવું, પ્રાણ આપવા તૈયાર થવું, સર્વ આશક્તિઓ અર્પણ કરવી. ૨૭ વારિ જાઉં-વ્હાલમાં સર્વસ્વનો ભોગ આપવા તત્પર થવું.

જાબુંદ્વિપે કુંવારકા ક્ષેત્રમાં ।। ઋષિવર જીવોને આલો ઓધાર[૨૮] ।। આલો દિદાર ।। સાહેબ તમે મહેર[૨૯] કરો ।। કળશમાં કળા ધરો ।। સ્વામી તમે નુર સ્વરૂપે ફુલવાસ માંહે પરવરો ।। સદ્‌ગોર ઈમામશાહ નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

---

૨૮. ઓધાર-ઉદ્ધાર, મુક્તિ મોક્ષ, છુટકારો. ૨૯ મહેર-મહેરબાની, કૃપા; દયા.

आपो अग्रे विश्वमावन् गर्भ दधाना अमृता ऋतुज्ञाः ।
यासुदेवीषअवधि देव आसीत् कस्मै देवाय हविषां विधेम ॥६॥

अ० का० ८ अ० १ सू० २

મંત્ર સત્તરમો.

ઘટ પાટને ચુવા[1] ચંદન[2] અબીલ[3] ચડાવવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્‌માં નિર્રેહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥

૧ થી ૩ સુગંધી દ્રવ્યોના નામ.

આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ

॥ તમારી દુવા ॥

સ્વામી પાન ફુલના ભોક્તા તમે છો ॥ સ્વામી કેશર[4] કસ્તુરીના[5] ભોકતા તમે છો ॥ સ્વામી અગર,[6] ચંદન,[7] મુસ્કના[8] ભોક્તા તમે છો ॥ સ્વામી અત્તાર,[9] અબીલ,[10] ગુલાબના[11] ભોક્તા તમે છો ॥ સ્વામી પરમલ[12] વાસના[13] ભોક્તા તમે ॥ છો ॥ સ્વામી દાતા, ભોક્તા તમે છો ॥ સ્વામી પાન ફુલનો આહાર તમારો છે ॥ સ્વામી તમારો આહાર વ્યવહાર ॥ પાન ફુલનો તમે લો આહાર ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ

૪ થી ૯ સુગંધી દ્રવ્યોના નામ.વારિ યજ્ઞમાં હોમવાથી વસ્તુઓ, હવિ. ૧૦ અને ૧૧ એ સુગંધી દ્રવ્યોના નામ છે. વારિ યજ્ઞમાં હોમવાની વસ્તુઓ, હવિ. ૧૨ પરમલ= પરિમલ, સુગંધ. સુગંધી પદાર્થોનું અર્ચન. ૧૩. વાસના-સુગંધવાળું કરવું તે; સુગંધવાળું.

હક્ક લાએ લાહે ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રૈસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

यस्य विश्वे हिमवन्तो महित्वा समुद्रे यस्य रसामिदाहुः ।
इमाश्च प्रदिशो यस्य बाहू कस्मै देवाय हविषा विधेम ॥५॥

अ० क० ८ अ० १ सू. २

ओं भूर्भवः स्वः । तत्सवितुर्वरेण्यम् । भर्गो देवस्या ।
धीमहि । धियो यो नः प्रचोदयात् ॥

ऋ. मं. ३२ सू० ६२ मं. १०

મંત્ર અઢારમો

ગોરનરની આલ ગાયત્રી[1]

(મુખીએ હાથમાં ગોળી ઝાલી શ્રી બુદ્ધા લગીઆલ ભણ્યા પછી કળશમાં પાવળની ગોળી ઘોળી, મીરાં મહંમદ સુધી આલ ભણવી.)

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

૧. ગાયત્રી = મંત્ર.

પ્રથમ પરમેશ્વરા[૧] ॥ પ્રવાદે[૨] જલ સાગરા[૩] ॥ સેવાને કારણે હેત રચંતે ॥ ધરતી ઉપર પાએ ન દેતવા[૪] ॥ સદા સર્વ પ્રલયે ગતં[૫] ॥ પ્રથમ નીલ વર્ણ[૬] તે ધંધુકાર ॥ ત્યારે સ્વામી તમે આદ્ય નિરંજન નિરાકાર ॥ ત્યાં કવન ચેન[૭] પરિવર્તન્તે ? ॥ દબ્[૮] દેહી[૯] તે આદ્ય પુરુષ નારાયણ ॥ આપ મને આપ ધ્યાન કર્તવમ્[૧૦] ॥ હો સ્વામજી ॥ તદા નુર નિર્વાણ[૧૧] આપ હસ્તકે ॥ તદા[૧૨] નિરંજન તે નિરાકાર ॥ ત્યાં નીલ વર્ણ તે ધંધુકાર ॥ ત્યારે નહિ સાદ ॥ નહિ શબ્દ ॥ નહિ ઉનાદ ॥ નહિ ઑમ (ૐ) કાર ॥ નહિ ઉત્પત્ત ॥ નહિ રેવત[૧૩] ॥

૧. પરમેશ્વરા-મહાન બળવાળો સત્તાવાળો. ૨. પ્રવાદે-જુનો શબ્દ. ૩. સાગરા-સમુદ્ર. ૪. ન દેતવા-નહોતા દેતા, નહોતા મુક્તા. ૫ સદા સર્વ પ્રલયે ગતમ્-તે વખતે બધું હંમેશનું નાશ થયેલા રૂપમાં ૬. નીલવર્ણ-શ્યામ રંગવાળો. ૭. કવન ચેન-ક્રીયાં ક્રીયાં ચિન્હો ૮. દબ્-ધીમી ગતિવાળો. ૯. દેહી-શરીરવાળું. ૧૦. કર્તવમ્-કરતા. ૧૧. નિર્વાણ- જે વાણી ન આવે તેવું. મોક્ષ. ૧૨ તદા-ત્યારે. ૧૩ રેવત દ્રવ્યવાળો, ગૃહસ્થ.

નહિ રચના ॥ નહિ પવન ॥ નહિ પાણી ॥ નહિ ખાણી ॥ નહિ વાણી[14] ॥ નહિ વેદ ॥ નહિ ભેદ ॥ નહિ જળ ॥ નહિ કમળ ॥ નહિ હમળ[15] ॥ નહિ વમળ[16] ॥ નહિ પર્વત ॥ નહિ પાષાણ ॥ નહિ નદીઓ ॥ નહિ નવાણ ॥ નહિ સમુદ્ર ॥ નહિ સાગર ॥ નહિ ગીરીવર[17] ॥ નહિ કૈલાસ[18] ॥ નહિ મેરુ ॥ નહિ મેખળા[19] ॥ નહિ સ્વર્ગ[20] ॥ નહિ નરક[21] ॥ નહિ મૃત્યુ[22] ॥ નહિ પાતાળ[23] ॥ નહિ ધરતી[24]॥ નાહિ આકાશ[25]॥ નહિ ચંદ્ર ॥ નહિ સૂર્ય ॥ નહિ તારા ॥

૧૪. વાણી-વાચા. ૧૫ હમલ-ભાર, ગર્ભ. ૧૬. વમળ-બળવાન વેગ. ૧૭. ગિરીવર-પર્વતોમાં શ્રેષ્ઠ (મેરુ). ૧૮ કલાસ-શ્રી શંકરનું સ્થાન. ૧૯. મેખલા-ગ્રહોની ખાણ, ગ્રહોની જન્મદાતા, યજ્ઞકુંડની ચાર મેખલા (પૈસા) ૨૦. સ્વર્ગ-વિષ્ણુલોક. ૨૧ નરક-યમરાજનું કેદખાનું, પાપીઓની મરણ પછીનું સ્થાન. ૨૨ મૃત્યુ-મનુષ્યલોક. પૃથ્વી. ૨૩ પાતાળ-પાતાળ લોક, મનુષ્યલોકની નીચેનો ભાગ. ૨૪ ધરતી-ધારણ કરનાર પૃથ્વી. ૨૫. આકાશ-પૃથ્વીની ઉપરનો ભાગ, જ્યાં ગ્રહો ફરે છે.

નહિ ધ્રુવ[૧] ॥ નહિ મેઘ[૨] ॥ નહિ મંડળ[૩] ॥ નહિ રેહણી[૪] ॥ નહિ દિવસ ॥ નહિ સૂન[૫] ॥ નહિ પોકાર ॥ નહિ જરણ[૬] ॥ નહિ મરણ ॥ નહિ સૃષ્ટિ[૭] ॥ નહિ સંયોગ[૮] ॥ નહિ ભાવ[૯] ॥ નહિ ભયંકર[૧૦] ॥ નહિ રૂપ ॥ નહિ રેખા[૧૧] ॥ નહિ રાગ[૧૨] ॥ નહિ ભાષા[૧૩] ॥ નહિ દમ[૧૪] ॥ નહિ કંદબ[૧૫] ॥ નહિ રીત ॥ નહિ કરીત ॥ નહિ યોગ ॥ નહિ યુક્તિ ॥ નહિ શકત ॥ નહિ ભકત ॥ નહિ મોહ ॥ નહિ માયા નહિ કામ ॥ નહિ કાયા ॥ ત્યારે ભાવ ભેદ કંઈ નહોતા ॥ તદા આદ્ય નિરંજને

૧. ધ્રુવ-પૃથ્વીની ધરીના છોડાઓના બિંદુ, આ કલપના પ્રથમ ભક્ત, એક તારો, નાકની દાંડીનો અગ્ર ભાગ, નિશ્ચય, નિશ્ચળ ૨. મેઘ-વાદલું, વર્ષાદ, પ્રભુની કૃપા. ૩. મંડળ-ગોળાકાર. ૪ રહેણી-રાત્રિ. ૫. સૂન-ઉજડ, વસ્તીવિનાનું, વેરાન, વિકસેલું, ખીલેલું. ૬. પોકાર-મોટો અવાજ, ચીસ. ૬. જરણ-જન્મ. ૭ સૃષ્ટિ-ઉપજાવેલું. ૮ સંયોગ-મેલાપ. ૯. ભાવ-ઈચ્છા, ભાવના, હૃદયની ગતિ, હૃદયનું પ્રકાશવું. ૧૦ ભયંકાર-બીહામણું, ભય ઉપજાવનાર. ૧૧ રેખા-ચિન્હ, લીટી, થોડું. ૧૨ રાગ-કાનને ગમે એવો અવાજ. ૧૩. ભાષા-બોલી. ૧૪ દસ-શ્વાસ, પ્રાણવાયુ, જીવ. ૧૫ કંદબ-કદમનું ઝાડ, ટોળું, સંઘ, ગત.

કઈ પેરે[૧૬] સૃષ્ટિ નીપાઈ હો સ્વામીજી ॥ પ્રથમ તો નીલ વર્ણ ધંધુકાર મધ્યે ઓંમ (ૐ) કાર ॥ ઓંમ (ૐ) કારથી હેત ધરીયા ॥ હેત થકી નીર ઝરીયા ॥ નીર થકી ખીર[૧૭] કરીયા ॥ ખીર થકી ફેણ ઉપાયા[૧૮] ॥ ફેણ[૧૯] માંહેથી ઈંડ નીપાયા ॥ ઈંડ થકી રચ તે સર્વ રચના ॥ ઈંડ છેદીને ત્રણ ભુવન સર્જ્યાં હો સ્વામીજી ॥ પ્રથમ તો જમીનની જ બાંધતાં યુગ પાંચ (૫) ॥ પાંચ (૫) યુગ તો પિયાલ[૨૦] થોભંતા [૨૧] ॥ પાંચ (૫) યુગ તો ગઢ[૨૨] મેર ઉઠંતા ॥ પાંચ (૫) યુગ તો બ્રહ્માંડ[૨૩] જડંતા ॥ આઠ (૮) યુગ તો ગીતા ગાયત્રી ઓચરંતા ॥ (૯) યુગ તો નીર નવાણ ભરંતા ॥ બાર (૧૨) યુગ તો

૧૬ પેરે-રીતે, પ્રકારે. ૧૭. ખીર-દૂધ ૧૮ ઉપાય-ઉપજાવ્યો. ૧૯. ફેણ-પાણી ઉપર પવનના જોરથી ઉપર આવતો ધોળો પરપોટાનો સમુહ. ૨૦ પિયાળ-પાતાળ. ૨૧ થોભંતા-ઠેરાવતાં, સ્થિર કરતાં. ૨૨ ગઢમેર-મેરુનોગઢ. ૨૩ બ્રહ્માંડ-ચૌદ ભુવનનો જથ્થો.

રુંઢ[1] માળા ફેરવંતા ।। વીસ (૨૦) યુગ તો વિભુ[2] વનસ્પતિ વસંતા ।। ત્રણ (૩) યુગ તો ત્રિભુવન ત્રિશૂળ ધરંતા ।। એક (૧) યુગ તો ઓંમ (ૐ)કાર બોલી ભણંતા ।। એવા તોંતેર (૭૩) યુગ તો વહી ગયા ।। સ્વામીને અટકળ કરંતા ।। તદા અગમ અગોચર ।। સદ્‌ગોર બ્રહ્મા નર નારાયણ દેવ મહેશ્વર ।। એ ત્રણ દેવની પુજા કરે ।। તેના આવ ગમનના ફેરા ટળે ।। તદા સ્વામીજીએ પહેલા રોપ્યા સત્ય ।।૧।। સત્ય ઉપર દત્ત[3] ।।૨।। દત્ત ઉપર ક્ષમા ।।૩।। ક્ષમા ઉપર ગજા[4] ।। ગજા ઉપર નીલ ।।૫।। નીલ ઉપર શેષ નાગ[5] ।।૭।। શેષનાગના શિર ઉપર

૧. રુંઢમાળા-મોટા મણકાની માળા. મણકાનો આકાર માણસના ચહેરા જેવો. ૨. વિભુ-ત્રિગુણી દેવો. ૧. બ્રહ્મા, ૨ વિષ્ણુ, ૩ મહેશ્વર, ધણી સમર્થ. ૩. દત્ત-દાન, દયા ભાવ. ૪. ગજા-હાથીનો આકાર. ૫. શેષનાગ હજાર ફેણવાળો નાગ (સાપ).

ધબલા ધોરી[૬] ||૮|| ધબલા ધોરીના શીંગ ઉપર એક રાઈ ||૯|| એટલા ઉપર યત્ન કરી સ્વામીએ સૃષ્ટિ નીપાઈ[૭] || જે કરણ[૮] કલપ || અવતાર પાત્ર તે સાંભળો ઋષિવર ભાઈ || જ્યાં થકી સ્વામીજીએ રૂપ ધર્યાં || તે રૂપ ઓળખીને આજ કરો કમાઈ || પ્રથમ નામ તો નીલ[૯] ||૧|| અનીલ[૧૦] ||૨|| સુન[૧૧]||૩|| સાન[૧૨] ||૪|| નાન[૧૩] ||૫|| જ્ઞાન[૧૪] || ||૬|| મેયાન[૧૫] ||૭|| નુર[૧૬] ||૮|| તેજ[૧૭] ||૯|| જલ[૧૮] ||૧૦|| કમલ[૧૯] || ૧૧|| કદમ[૨૦] ||૧૨|| આદ બુધ[૨૧] ||૧૩|| નાદબુધ[૨૩] ||૧૪|| ગજતત્વ[૨૪] ||૧૫|| પ્રેમતત્વ[૨૫] ||૧૬|| આદ્ય પુરુષ[૨૫] ||૧૭|| આદ્ય પુરુષથી

૬ ધબલા ધોરી-મહા બળદની આકૃતીનો એક દેવ ૭. નીપાઈ-ઉપજાવી, બનાવી. ૮. કરણ-કાળનું માપ. બાર કલાક અથવા ત્રીસ ઘડીનો સમય. અગીયાર લાખ વરસનો એક યુગ, એવા તેત્રીસ યુગનો એક કરણ. ૯ થી ૨૫-પરમાત્માના ગુણના રૂપોના નામ છે.

ઓંમ (ૐ)કાર ।। ઓંમ (ૐ) કારથી ચારે વેદ પ્રકાશ ।। આદ્ય પુરુષથી નાભીચક્ર ।। નાભીચક્રથી ભયે[1] ગોર બ્રહ્મા ।। સદ્ગોર બ્રહ્માથી સર્વ સૃષ્ટિની ઉત્પતિ ।। જે ચાર કલપના અવતાર પાત્ર તે સાંભળો મુનિવરભાઈ ।। જયાં થકી ગોર નરે અવતાર લીધા તે અવતાર ઓળખીને આજ કરો કમાઈ ।। પ્રથમ નામ તો ઓંમ (ૐ)[2] ।।૧।। ઉન્નાદ[3] ।।૨।। અવિગત્ય[4] ।।૩।। અહેદ[5] ।।૪।। હવ[6] ।।૫।। કવ[7] ।।૬।। તત્વ[8] ।।૭।। ધર્મ[9] ।।૮।। તેજ[10] ।।૯।। કેવલિક[11] ।।૧૦।। નાદ[12] ।।૧૧।। ઓત્રા[13] ।।૧૨।। હરિતપ્ન[14] ।।૧૩।। પુરવા[15] ।।૧૪।। અતીતવંશી[16] ।।૧૫।। પ્રેમઋષિ[17] ।।૧૬।। વશ તો શ્રી મત્સ્ય[18] ।।૧૭।। મનાઈત[19] ।।૧૮।। ઉગ્રસેન[20] ।।૧૯।।

૧. ભયે-થયા. ૨ થી ૨૦ હરિવંશે શ્રી નારાયણના અવતારોના નામ.

અજીુવંત[૨૧] ॥૨૦॥ બ્રેહસ્પત[૨૨] ॥૨૧॥
અશોમિત્ર[૨૩] ॥૨૨॥ પ્રીકમઋષિ[૨૪] ॥૨૩॥
વંશ તો શ્રી કૂર્મ[૨૫] ॥૨૪॥ વસરવ[૨૬]
॥૨૫॥ દકાઈત[૨૭] ॥૨૬॥ કાત્યાયન[૨૮]
॥૨૭॥ પરજાઈત[૨૯] ॥૨૮॥ દાઢમઋષિ[૩૦]
॥૨૯॥ વંશ તો શ્રી વ્યારાહ[૩૧] ॥૩૦॥
દેહેર[૩૨] ॥૩૧॥ રૂપક[૩૩] ॥૩૨॥ કેશવ[૩૪]
॥૩૩॥ નસખલિપત્ય[૩૫] ॥૩૪॥ ગૌતમ[૩૬]
॥૩૫॥ અંબરિષ[૩૭] ॥૩૬॥ વંશ તો શ્રી
નૃસિંહ[૩૮] ॥૩૭॥ મુનાયક[૩૯] ॥૩૮॥
વંશવઢણ[૪૦] ॥૩૯॥ વીરલોચન[૪૧] ॥૪૦॥
કશ્યપઋષિ[૪૨] ॥૪૧॥ વંશ તો શ્રી વામન[૪૩]
॥૪૨॥ માનધાતા[૪૪] ॥૪૩॥ પૃથ્વીજય[૪૫]
॥૪૪॥ અસરત[૪૬] ॥૪૫॥ જમદગ્નીઋષિ[૪૭]
॥૪૭॥ વંશ તો શ્રી પરશુરામ[૪૮] ॥૪૭॥
રઘુ[૪૯] ॥૪૮॥ નઘુ[૫૦] ॥૪૯॥ યયાતિ[૫૧]

૨૧ થી ૫૧ હરિવંશે શ્રી નારાયણના અવતારોના નામ.

||૫૦|| કેવળિક[૫૨] ||૫૧|| અયજપાલ[૫૩] ||૫૨|| દશરથ[૫૪] ||૫૩|| વંશ તો શ્રી રામ[૫૫] ||૫૪|| લવ[૫૬] ||૫૫|| પદ્મ[૫૭] ||૫૬|| પરિક્ષાત[૫૮] ||૫૭|| વીરપાળ[૫૯] ||૫૮|| વસુદેવ[૬૦] ||૫૯|| વંશ તો શ્રી કૃષ્ણ[૬૧] ||૬૦|| પ્રધુમ્ન[૬૨] ||૬૧|| સેસ્થાન[૬૩] ||૬૨|| બિલસ્થાન[૬૪] ||૬૩|| વેણી વચ્છ રાજ[૬૫] ||૬૪|| સિંહરાજ[૬૬] ||૬૫|| વંશ તો શ્રી બુદ્ધા[૬૭] ||૬૬|| (ફર્માન કહી કળશમાં ગોળી ધોળવી || ને આલ મીરાં મહંમદશાહ લગી ભણવી) || શીશ[૬૮] ||૬૭|| સામ[૬૯] ||૬૮|| સુલકાન[૭૦] ||૬૯|| ઈસ્લામ[૧૭] ||૭૦|| હારૂન[૭૨] ||૭૧|| આદમ[૭૩] ||૭૨|| નીઝાર[૭૪] ||૭૩|| મીઝાર[૭૫] ||૭૪|| ઈલિયાશ[૭૬] ||૭૫|| મિલ્યાસ[૭૭] ||૭૬|| મુલ્કાન[૭૮] ||૭૭|| કાઝમ[૭૯] ||૭૮||

૫૨ થી ૭૯ હરિવંશે શ્રી નારાયણના અવતારોના નામ.

કાહેર[૮૦] ॥૭૯॥ કાયમ[૮૧] ॥૮૦॥ ગાલિબ[૮૨] ॥૮૧॥ એલબ[૮૩] ॥૮૨॥ કાએમ[૮૪] ॥૮૩॥ મુરાદ[૮૫] ॥૮૪॥ અબ્લુલ મુનાફ[૮૬] ॥૮૫॥ હાસમ[૮૭] ॥૮૬॥ અબ્દુલ મુત્તાલિબ[૮૮] ॥૮૭॥ અબુતાલિબ[૮૯] ॥૮૮॥ વંશ તો શ્રી મુર્તુઝી અલી[૯૦] ॥૮૯॥ ઈમામ હશન[૯૧] ॥૯૦॥ ઈમામ હુશ્યેન[૯૨] ॥૧॥ ઈમામ જયનુલ આબેદીન[૯૩] ॥૨॥ ઈમામ મહંમદ બાકર[૯૪] ॥૩॥ ઈમામ જાફરો સાદિક[૯૫] ॥૪॥ ઈમામ ઈસ્માઈલ[૯૬] ॥૫॥ ઈમામ નુર સદ્ગોર[૯૭] ॥૬॥ સૈયદ ઈસ્માઈલ[૯૮] ॥૭॥ સૈયદ નુર મહંમદ[૯૯] ॥૮॥ સૈયદ ઈમામદીન[૧૦૦] ॥૯॥ સૈયદ મુશાફરદીન[૧૦૧] ॥૧૦॥ સૈયદમન્શુરદીન[૧૦૨] ॥૧૧॥ સૈયદ ગાલિબદીન[૧૦૩] ॥૧૨॥ સૈયદ જમાલદીન[૧૦૪] ॥૧૩॥ સૈયદ સાદ-

૮૦ થી ૧૦૪ હરિવંશે શ્રી નારાયણના અવતારોના નામ.

ફ્દીન[105] ॥૧૪॥ સૈયદ મહેરદીન[106] ॥૧૫॥
સૈયદ સાલેહ્દીન[107] ॥૧૬॥ સૈયદ હાદી[108]
॥૧૭॥ સૈયદ ફાજલશાહ[109] ॥૧૮॥ સૈયદ
હાસમશાહ[110] ॥૧૯॥ સૈયદ મહંમદશાહ[111]
॥૨૦॥ સૈયદ અહમદશાહ[112] ॥૨૧॥
સૈયદ નાશિરશાહ[113] ॥૨૨॥ સૈયદ
મુશાએક[114] ॥૨૩॥ સૈયદ મોહીબ[115] ॥૨૪॥
સૈયદ મુસ્તાક[116] ॥૨૫॥ સૈયદ
મહિઓદીન[117] ॥૨૬॥ સૈયદ મોમીનશાહ[118]
॥૨૭॥ સયદ ખાલકશાહ[119] ॥૨૮॥ સૈયદ
નીઝારશાહ[120] ॥૨૯॥ સૈયદ ઈસ્લામશાહ[121]
॥૩૦॥ સૈયદ ઈસ્લામ હાદિક[122] ॥૩૧॥
સૈયદ સમ્શદીન[123] ॥૩૨॥ સૈયદ
નસીરદીન[124] ॥૩૩॥ સૈયદ સાહેબદીન[125]
॥૩૪॥ સૈયદ સુદરદીન[126] ॥૩૫॥ સૈયદ
કબીરદીન [127] ॥૩૬॥ સદ્ગોર પાત્રબ્રહ્મા ॥

૧૦૫ થી ૧૨૭ હરિવંશે શ્રી નારાયણના અવતારોના નામ.

ઈંદ્ર ઈમામશાહ ૧૨૮-૩૧ ॥૩૭॥ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલ મહંમદશાહ ૧૨૯-૩૨ ॥૩૮॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

સૈયદ શહાબોદીન૧૩૦ ॥૩૯ ॥ સૈયદ જલાલોદીન ૧૩૧ -૩૪ ॥૪૦॥ સૈયદ મુર્તુઝાશાહ ૧૩૨ - ૩૨ ॥૪૧॥ શ્રી નરનાથ શાહોજી અશરફશાહ ૧૩૨-૩૬ ॥૪૨॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહે ॥

---

૧૨૮ થી ૧૩૩ હરિવંશે શ્રી નારાયણના અવતારોનાં નામ છે. ૩૧મો નંબર જે ૧૨૮ નીચે ૩૭ આપેલ છે ત્યાંતી તે ૪૨ આગળ ૩૬ સુધી શ્રી નરનાથ શ્રી હરિની વંશાવળીનો આંક છે, જેનરની કલા વંશ બદલી પીર કબીરદીનના વંશમાં આવી, તે સંકળના દેખાડે છે. અત્રે ઈમામશાહ બાવામાં ગોર અને નરની કળા એકત્ર થઈ ત્યાર પછી બીજા વંશમાં ગઈ નથી. "દોનુ કળા જબ એકઠી હુઈ, પીછે પાત્ર ન દેખો કોઈ." (સત્ય વચન)

ब्राह्मणा नप्रम्यावर्ते ।

ते मे द्रविण यच्छन्तु ते मे ब्राह्मण वर्च सम् ॥४१॥

अ० का० १० अ० ३ सू० ५

ॐ

મંત્ર ઓગણીસમો

કળશને પ્રદક્ષિણા કરવાનો.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

હક્ક[1] મવ્‌લાના[2] શાહ મુર્તુઝાઅલી ।। નર ગાલિબશાહ ।।૧।। નર ફાઝલશાહ ।।૨।। નર હાસમશાહ ।।૩।। નર મહંમદશાહ ।।૪।। નર અહમદશાહ ।।૫।। નર મેહદીશાહ ।।૬।। નર નાશિરશાહ ।।૭।। નર મોમીનશાહ ।।૮।। નર ખાલિફ્શાહ ।।૯।। નર નીઝારશાહ ।।૧૦।। નર ઈસ્લામશાહ ।।૧૧।। નર અલી મહંમદ શાહ ।।૧૨।। જો પ્રદક્ષિણા દઈને પુજીએ ઘટપાટ ।। તો સોહેલી[3] થાએ અમરાપુરની વાટ[4] ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

---

૧. હક્ક-સત્ય. ૨. મવલા-પરમાત્માનું વિશેષણ, માલિક. ૩. સોહેલી-સુગમ, સહેલી, સરળ. ૪. વાટ-રસ્તો, માર્ગ.

ये इस्यां स्थोदच्यां दिशि प्रबिध्यन्तो नाम देवास्तेषां वो वात इषवः ।
ते नो मृडत ते नोधि वुततेभ्यो वो नमस्तेभ्यो वः स्वाहा ॥४॥

अ० का० ३ अ० ६ सू० ३६

મંત્ર વીસમો

કળશને ઉત્તર દિશાએ ઉદક[1] મૂકવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥

---

૧. ઉદક-પાણી

આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

ઉત્તાર ॥ દક્ષિણ ॥ પૂર્વ ॥ પશ્ચિમ ॥ ચારખાણ[2] ॥ ચાર વાણ[3] ॥ ચાર વેદ[4] ॥ ચાર કિતાબ[5] ॥ પાંચ તન પાક ॥ સાત મલાએક[6] ॥ ચારદેહ[7] માસુમ[8] ॥ દ્વાજદે[9] ઈમામ ॥ સીત્તાર સહસ્ત્ર હુશ્યેની[10] કુલ[11] ॥ કાયમનો[12] પરવાર[13] ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલ્લાહો ॥ મહંમદુ રૅસુલિલ્લાહે ॥

અર્થ- સત્યવાત્ બીજું કોઈ નથી,

---

૨. ચાર ખાણ-સ્વેદજ, ઈંડજ, ઉદબીજ જરાજ. ૨. ચાર વાણપરા, પશ્યંતી, મધ્યમાં વૈખરી. ૪. ચાર વેદ-ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ. ૫. ચાર કિતાબ-તોહરાત, જંબુર, ઈંજીલ, પુરકાન. ૬. મલાએક-ફિરસ્તા, દૂત. ૭. ચાર દેહ-ચૌદ. ૮. માસુમ-નિર્વિકાર, જેનાથી કદી દોષ થયો હોય નહિ તેવા, નિર્દોષ. ૯. દ્વાજદે-બાર. ૧૦. હુશ્યેની-શ્રી ઈમામ હુશ્યેનના વંશજોની સંખ્યા. ૧૧. કુલ-સર્વ, વંશની શાખા. ૧૨. કાયમ-અખંડ, અભંગ, નિત્ય, હમેશાં રહેવાવાળો, શ્રી પરમાત્મા. ૧૩. પરવાર-વંશજો.

સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

ये ३स्यांस्थ प्राच्यां दिशि हेतयो नाम देवास्तेषां वो अग्निरिषवः ।
तेनो मृडत ते नोंधि ब्रूत तेभ्यो वो नमस्तेभ्यो वः स्वाहा ॥२॥

अ० का० ३ अ० ६ सू० २६

ॐ

મંત્ર એકવીસમો

કળશને પૂર્વ દિશાએ ઉદક મૂકવાનો છે

ૐ ફર્માનજી બસ્મિલ્લાહૂ હિર્રેહૂમાં નિર્રહીમ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

ધરતી આકાશ ॥ પવન પાણી ॥ અઢાર ભાર વનસ્પતિ[1] ॥ એકવીસ બ્રહ્માંડ ॥ સાતદ્વિપ સાત સાહેર[2] ॥ નવસેં નવ્વાણું નદીઓ ॥ અષ્ટકુળ[3] પર્વત ॥ નવકુળ નાગ ॥ બાર કુળ મેઘ ॥ દશ દિશા ॥ દસમો અવતાર ॥ નિષ્કલંકી નારાયણ ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

---

૧. અઢારભાર વનસ્પતિ-ચારભાર પાન, છભાર વેલા, આઠભાર ફળફુલ. ૨. સાહેર-સાગર, દરિયો, સમુદ્ર. ૩ કુળ-જાત.

ये ३स्यां स्थ दक्षिणायां दिश्यऽविष्यवो नाम देवास्तेषां वः

काम इषत्रः ।

ते नो मृडत ते नोधि ब्रूत तेभ्यो यो नमस्तेभ्यो वः स्वाहा ॥२॥

अ० का० ३ अ० ६ सू. ३६

सोदक्रामत् सान्तरिक्षे चतुर्धा विक्रान्तातिष्ठत् ॥१॥

अ० का० ७ अ० ५ सू० ३

ॐ

મંત્ર બાવીસમો

કળશને દક્ષિણ દિશાએ ઉદક મૂકવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥

આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ
॥ તમારી દુવા ॥
સીતા ॥ કુન્તા ॥ તારા ॥ દ્રૌપદી ॥
કનકા શક્તિ ॥ તુળજા દેવી ॥ રૂક્ષ્મિણી ॥
શક્તી માતા ફાતમા ॥ યોગમાયા[૧] ॥
અલખ[૨] નિરંજને સંસાર નીપાયા ॥
એક લાખને એંશીહજાર ॥ પીર પેગંબર ॥
સોળ કરોડી કુળ પરવાર ॥ છત્રીસ
કરોડી કુળ પરવાર ॥ સોળ કરોડી કુળ
પરવાર ॥ છત્રીસ કરોડી કુળ પરવાર ॥
છપ્પન કરોડી કુળ પરવાર ॥ સીત્તેર સહસ્ત્ર
હુશયેની કુળ પરવાર ॥ નવ્વાણું કરોડી
ઝાખા[૩] કુળ પરવાર ॥ છપ્પન કરોડી મેઘા
કુળ[૪] પરવાર ॥ બત્રીસ કરોડી કિન્નર[૫] કુળ

૧. યોગમાયા-દેવી, નારાયણી, આદ્યશક્તિ. ૨. અલખ-અલક્ષ, લક્ષમાં ન આવે તેવો. ૩. ઝાખા-જાયલા કલપના મુખીના નામે પંકાએલું શિષ્ય મંડળ. ગત કલપના દેવો. ૪. મેઘા-ફાયલા કલપના મુખીના નામે પંકાએલું શિષ્ય મંડળ. ગત કલપના દેવો. ૫. કિન્નર - અરજલા કલપના મુખીના નામે પંકાએલું શિષ્ય મંડળ. ગત કલપના દેવો.

પરવાર ॥ તેત્રીસ કરોડી દેવતા ॥ અનંત[૬] કરોડીના પીર હસનશાહ ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદ્દુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૬. અનંત-ચાર કલપના ભકતોનો સમુહ, શિષ્ય મંડળ. દેવો.

येरुस्यां स्थ प्रचीत्यां दिशि वैराजा नाम देवास्तेषां व आप इषवः ।

तेनो मृडत ते नोधि ब्रूत तेभ्यो बो नमस्तेभ्यो वः स्वाहा ॥३॥

अ० का० ३ अ० ६ सू० ३६.

ॐ

મંત્ર ત્રેવીસમો

કળશને પશ્ચિમ દિશાએ ઉદક મૂકવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું તે દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

ચાંદો સૂરજ, નવ લાખ તારા ॥ સાત ફિરસ્તા ॥ નર મહંમદશાહ ॥ નુરઝગાર[1] ॥ નિરંજન તે નિરાકાર ॥ અરશ કુર્શિને લોહ[2] કલમ[3] ॥ તે વૈકુંઠદ્વાર ॥ કહે સદ્ગોર બ્રહ્મા સત્પંથ સદાએ ઉત્તમમ્ ॥ મુક્તિ માર્ગ ભેદ તે બ્રહ્મદ્વાર[4] ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રૈસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૧. નુરઝગાર-તેજનો પ્રકાશક. ૨. લોહ લખવાની પાટી. ૩. કલમ-લેખણ, પરમાત્માના ચરિત્ર (માયા) માંહેલો રસિક એક ભેદ. ૪. બ્રહ્મદ્વાર-બ્રહ્માને આંગણે, બ્રહ્માને બારણે, હરિવંશે.

येऽस्यां स्थ ध्रुवायां दिशि निलिम्पा नाम देवास्तेषां व ओषं
धीरिषं वः ।
तेनो मृडत ते नोधि ब्रूत तेभ्यो वो नमस्ते भ्योवः स्वाहा ॥५॥
६ सु० २७ मं० १-२-३-४-५-६.
अ० का० ३ अ० ६ सू० २६

ॐ

મંત્ર ચોવીસમો

દસે દિશાએ છાંટ નાખી પગે લાગવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્‌માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામતી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

ઓંમ (ॐ) કાર ॥ વમ્કાર[૧] ॥ મહ્કાર[૨]॥ ભૂમ્કાર[૩] નિરંજન નિરાકાર ॥ આદે ચતુર્ રોપ્યા સ્તંભ ॥ તળે માંડ્યો પાટ ॥ ને ઉપર કુંભ ॥ કુંભમાં બેઠી મૂરત ચાર ॥ માંહે નિરંજન નિરાકાર ॥ ચાર પુરુષને એક જ નાર ॥ માંહે સાત શિર્દાનો આચાર ॥ પ્રદક્ષિણાનું મોટું દાન ॥ પુજીએ તો મેર સમાન ॥ કહી ફર્માનને નાખીએ છાંટ ॥ ધરતી અસમાન રહ્યા એક સત્ય સમાન ॥ ચતુર્દિશાને ખૂણા ચાર ॥ ખગોળ ભૂગોળ સૌ વિસ્તાર ॥ સત્ય સંતોષ ઈંડાઆકાર ॥ ઈંડ થકી રચ્યો સંસાર ॥ કુંભે નુર કળશનો ભેદ ॥ યજ્ઞ સ્થાપ્યો અજા[૩] મેધ[૪] ના

૧. વમ્કાર=કલ્યાણ, વરુણ. ૨. મહૂકાર= બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સમાન કરવું, પુજવું. ૩. ભૂમ્કાર=પૃથ્વી, પરમેસ્વર. યજ્ઞનો અગ્નિ. ૩. અજા=માયા. ૪ મેઘ=સમજવું. યજ્ઞ.

અથર્વવેદી[3] યજ્ઞ નિશાની વિશ્વંભરા[4] ભોજન ॥ એક મૂરત ત્રણ દેવ[5] મળી સૃષ્ટિ જ્યાં સ્થાપી ॥ આદ્ય સત્પંથ સ્થાપ્યા ને પાપ નાખ્યા કાપી ॥ આશ પૂરો ॥ વાસ ધરો ॥ નુરનો પ્રકાશ કરો ॥ કળશમાંહે કળા ધરો ॥ ઋષિવર જીવને પાવન કરો ॥ અલી નિરંજન નિષ્કલંકી રૂપ ॥ નર ઈસ્લામશાહ જીવોના ભૂપ ॥ નર મહંમદશાહે કીધી મેહેર ॥ વસાવ્યા[6] ધર્મને ટાળ્યા કહેર[7] ॥ નબી નુર સદ્ગોર નિરંજનની કાયા ॥ સ્વામી તમથી ઉપન્યા ને તમમાં સમાયા ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી,

૩. અથર્વવેદી-ચાર વેદમાંના ચોથા અથર્વવેદને માનનારા. ૪. વિશ્વંભરા-વિશ્વનું આભરણ, પૃથ્વીમાંથી પાકતું અન્ન. ૫. ત્રણ દેવ-બ્રહ્મા વિષ્ણુ શક્તિ. ૬. વસાવ્યા-આબાદ કર્યા, ૭. કહેર-જુલમ.

સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

यस्य भूमिः प्रमान्तरि क्षमुतो द र म् । दिवं यश्चके मूर्धानं

तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः ॥३२॥

यस्य सूर्यश्चक्षुश्चन्द्रमाश्च पुनर्णवः । अग्नि यश्चकआस्यं ? तस्मै

ज्येष्ठायब्राह्म मळे नमः ॥३३॥ ३४॥ ३५॥ ३६॥

अ० का० १०. अ. ४. सू. ७

याभूतं चभव्यं च सर्व यश्चाधितिष्ठति ।

स्व १ र्यस्य च केवलं तस्मै ज्येष्ठाय ब्रह्मणे नमः ॥१॥

अ० ५ सू० २

ॐ

મંત્ર પચીસમો

કુલ ઋષિવરને હેજંદાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્મહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા । ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નરઅલી નિરંજન નામ ॥ નબીનુર સદ્‌ગોર ॥ તમારી દુવા ॥

આદ્ય નારાયણને હેજંદા ॥ બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર ને હેજંદા ॥ આદ્ય શિકતને હેજંદા ॥ બાવા આદમને[૧] હેજંદા ॥ મામા[૨] હવાને[૩] હેજંદા ॥ નબી મહંમદને હેજંદા ॥ હક્ક શાહ મુર્તુદા અલીને હેજંદા ॥ આદ્યશક્તિ બીબી ફાતમાને હેજંદા ॥ ઈમામ હસનહુશ્યેનને હેજંદા ॥

૧. આદમ-કળિયુગના માટી તત્ત્વની પ્રધાનતાવાળા મુખ્ય પુરુષ. ૨. મામા-મા, માતા. ૩. હવા-માદમની પત્ની.

સીત્તોર સહસ્ત્ર હુશ્થોની કુલ કાયમ પરવારનેહેજંદા ॥ ધરતી આસમાને[૪] હેજંદા ॥ પવન પાણીને હેજદા ॥ ચંદ્ર સૂર્યને હેજંદા ॥ નવલાખ તારાને હેજંદા ॥ બાર મેઘને હેજદા ॥ નવકુળ નાગનો હેજદા ॥ સાત[૫] સમુદ્રને હેજંદા ॥ નવસે નવ્વાણું નદીઓ ને હેજંદા ॥ સાત વાર, સત્તાવીસ નક્ષત્રને હેજંદા ॥ પંદર તિથિ બાર કરણને હેજંદા ॥ નવગ્રહને હેજંદા ॥ સાત[૬] દ્વીપને હેજંદા ॥ નવ[૭] ખંડ પૃથ્વીને હેજંદા ॥ ચોવીસ

૪. આસમાન-આકાશ. ૫. સાત સમુદ્ર. (૧) ક્ષારોદક. (૨) ક્ષીરોદક. (૩) દધિમાંદોદક. (૪) ધૃતોદક. (૫) ઈક્ષરસોદક. (૬) સુરોદક.(૭) સુદ્ધોદક (સાત દ્વીપ-સાત જમીનના એવા ભાગ કે જેની ત્રણ બાજુએ પાણી હોય. તેના નામ. ૧. સહસ્ત્ર. ૨. જાંબુ, ૩. સંગલ. ૪. જજાન. ૫. કરૂચ. ૬. પલંછા ૭. પોકરા અથવા જંબુ, કુશ, લક્ષ, શાલ્મલિ, કૌંચ, શાક, પુષ્કર) ૭ નવખંડ-પૃથ્વીના નવ ભાગ તેના નામ. ૧. એરાખંડ. ૨. બ્રહ્મખંડ. ૩. રૂદ્રખંડ. ૪ ૫ ભરતખંડ ઈડખંડ. ૬. હિરતખંડ. ૭. એલાસખંડ. ૮. સોમખંડ. ૯. કમલાખંડ અથવા ભારતખંડ, વૃત્તખંડ, રમ્યખંડ, દ્રવ્યમાલખંડ કપમાલ ખંડ, હરિખંડ, વીધીમાલખંડ, સુવર્ણખંડ, હર્ણખંડ.

મુલકને હેજંદા ।। અષ્ટકુળ પર્વતને હેજંદા ।। અઢાર ભાર વનસ્પતિને હેજંદા ।। ચાર વેદને હેજંદા ।। ચાર કિતાબને હેજંદા ।। ચાર ખાણી, ચાર વાણીને હેજંદા ।। અગ્નિ, તેજ, અશ દેવને હેજંદા ।। આદ્ય અંત, મધ્યમના દેવ ને હેજંદા ।। ઉત્તર, દક્ષિણ, પૂર્વ; પશ્ચિમને હેજંદા ।। નવનાથ ચોરાશી સિદ્ધને હેજંદા ।। અઠયાસી સહસ્ત્ર ઋષિને હેજંદા ।। એક લાખ ઍંશીહજાર પીર પેગંબરને હેજંદા ।। નવ્વાણું કરોડી જાંખાને હેજંદા ।। છપ્પન કરોડી મેઘાને હેજંદા ।। બત્રીસ કરોડી કિન્નરને હેજંદા ।। પાંચ કરોડી પ્રહલાદને હેજંદા ।। સાત કરોડીસું રાજા હરિચંદ્રને હેજંદા ।। નવ કરોડીસું યુધિષ્ઠિરનું હેજંદા ।। બાર કરોડીસું કમળા-કુવરને હેજંદા ।। કુલ ઋષિવર ગત ગંગાને

હેજંદા ॥ મુખી મુસાફિરને હેજંદાને ॥ ચૌદ[1] ભુવનના દેવ ઋષિવરને હેજંદા ॥ કરણ કલરૂના અનંત કરોડી દેવને હેજંદા ॥ નબી નુર સદ્‌ગોર નર ઈસ્લામશાહ ॥ અમારા ગુનાહ્ બક્ષો ॥ સત્પંથના માર્ગમાં રાખો ॥ લક્ષ ચોરાશીના ફેરા ટાળો ॥ તેત્રીસ કરોડીનો મેળો આપો ॥જાંબુદ્વિપના ધણી ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ ર્રસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

---

૧. ચૌદ ભુવન-ચૌદલોક ૧. પાતાળ ૨. સસાતાળ. ૩. મહાતળ, ૪. તલાતલ ૫. સુતલ. ૬. વિતલ. ૭ અતલ. ૮ સૂર્યભુવન. ૯. ચંદ્રભુવન ૧૦. તારામંડળ ભુવન ૧૧. ધ્રુવમંડળ ૧૨. રૂદ્રમંડળ ૧૩ ઈંદભુવન ૧૪ અમરાપુરભુવન. (કેટલેક ઠેકાણે ત્રણ ભુવન બીજાં આવી રીતે લખે છે. (૧) લોહભુવન, (૨) કમલભુવન. (૩) અનંતભુવન અને જેને અર્શ કુર્શિ કહે છે.)

दशमी

धाता रातिः सवितेदं जुषन्तां प्रजापति निधिपतिर्नो अग्निः ।

त्वष्टा विष्णुः प्रजया संरराणो यजमानाय द्रविणं दधा तु. ४-१

अ.कां.७ अ. २. सू. १

तृतीया

यस्येदं प्रदिशि यद् विरोचते प्रचानति वि च चष्टे शचीभिः ।

पुरादेवस्य धर्मणा सहोभिर्विष्णुमगन् वरुणं पूर्वहूतिः ॥३॥

अ.३.कां.७ सू.३

प्रथमा

तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः ।

दिवीऽव चक्षुराततम् ॥७॥ सू.२

ॐ

મંત્ર છવીસમો

મંત્ર પહેલો શ્રી વિષ્ણુને થાળ[1] જમાડવાનો છે.

૧. થાળ-પ્રસાદ

પ્રસાદ પહેલો લાવસીનો મૂકવો.

(થાળ ઉપર પાવળ મૂકી પહેલા ચારે મંત્રો ભણવા. પછી થાળમાં પાવળ નાંખી પાંચમો મંત્ર ભણવો)

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્મહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્દગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્દગોર પીર કબીરદીન ॥ સદ્દગોર પીર સુદરદીન ॥ સદ્દગોર પીર સાહેબદીન ॥ સદ્દગોર પીર નસીરદીન ॥ સદ્દગોર પીર શમ્મદીન ॥ સદ્દગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ નરઅલી નિરંજન નામ નબીનુર સદ્દગોર તમારી દુવા ॥

સ્વામી તમે આદે રૂખ[1] ॥ પછી અલેખ[2] ॥ ચતુર્ ગુણમાં તમે એક ॥ ઓંમ (ૐ)કાર ॥ નિરંજન નિરાકાર ॥

૧. રૂખ-ઝાડ કલ્પવૃક્ષ ૨. અલેખ-લખાણમાં સમજમાં ન આવે તે.

ઉપજ્યા પિંડ તે સાકાર[3] ।। નિરંજને તો રહેમ કરી ।। સત્ય સીંચીને[4] ઉપજ્યા હરિ[5] ।। હરિએ ત્યાં ધરીઆ અવતાર ।। તમે નિરંજન નિરાકાર ।। ચતુર્યુગમાં દસ અવતાર ।। શાહ મત્સ્ય ।। શાહ ક્રર્મ ।। શાહ વ્યારાહ ।। શાહ શ્રીનૃસિંહ અવતાર ।। સોળ કરોડી કુળ પરવાર ।। શાહ વામન ।। શાહ પરશુરામ ।। શાહ શ્રીરામ અવતાર ।। છત્રીસ કરોડી કુળ પરવાર ।। શાહ કૃષ્ણ ।। શાહ શ્રી બુદ્ધા અવતાર ।। છપ્પન કરોડી કુળ પરવાર ।। શાહ મુર્તુઝાઅલી ।। શાહ શ્રી નિષ્કલંકી દસમો અવતાર ।। સીતેર સહસ્ત્ર હુશ્યેની કુલ કાયમનો પરવાર ।। નબી નુર સદ્ગોર નર ઈસ્લામશાહ ।। સદ્ગોર સલાહોદીન ।। સદ્ગોર શમ્સદીન ।।

૩ સાકાર-આકારવાળું. ૪. સીંચીને-છાંટીને. ૫ હરિ-શ્રી વિષ્ણુ ભગવાન, દોષના હરનાર.

સદ્‌ગોર નસીરદીન ।। સદ્‌ગોર સાહેબદીન ।। સદ્‌ગોર સુદરદીન ।। સદ્‌ગોર કબીરદીન ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નરઅલી મહંમદશાહ ।। નિરંજન નિષ્કલંકી નારાયણ ।। તમારી નૈયતે ।। તમારી દસ્તરે ।। મુનિવર ઋષિવર બંદા ।। બાલ ગોપાલની થાળ બત્રીશી[1] કબુલ કરો ।। નિશાની મહેમાની આ રેજો કબુલ કરો ।। પાંચ તન પાક ।। રૂઆ[2] પાક ।। અરવા[3] પાક ।। નવતન[4] શાખ ।। દેવ આશિષ તમારી ।। બંદગી અમારી ।। તમે કબુલ કરો ।। તમારે ભાવે સ્વભાવે ।। તમારી ।। નૈયતે[5] ।। દસ્તરે[6] કબુલ કરા-

૧ બત્રીશી-બત્રીશ જાતની રસોઈ ૨. રૂવા-રૂહ, પવિત્ર આત્મા. ૩. અરવા-આત્મા. ૪. નવતન- (૧. સદ્‌ગોર ઈમામશાહ ૨. સદ્‌ગોર કબીરદીન ૩ સદ્‌ગોર સુદરહીન ૪. સદ્‌ગોર સાહેબદીન. ૫. સદ્‌ગોર નસીરદીન ૬ સદ્‌ગોર સલાહોદીન ૭ નર ઈસ્લામ શાહ ૮ નુરઅલી મહંમદશાહ અથવા મહંમદ બિન ઈસ્લામશાહ ૯ નરઅલી મહંમદશાહએ નવ પવિત્ર શરીરો.) ૫. નૈયતે-નિમીત્તે ૬ દસ્તરે-ભોજનના આસને.

વો ॥ અન્ન પાણીના આહાર ॥ પાન પુલના ભોક્તા ॥ તમે દાતા ॥ તમે ભોક્તા ॥ કર્મ, ધર્મ તમારૂં ॥ ભાવ, ભક્તિ, ઈમાન અમારૂં ॥ સ્વામીજી તમે કબુલ કરો ॥ આજ કળશમાં દિદાર આલો ॥ અથર્વવેદને આધારે ॥ હો નરઅલી મહંમદશાહ ॥ નિરંજન નિષ્કલંકી નારાયણ ॥ મુખી[૭] મુસાફરની[૮] દુવા આશિષ ॥ ફર્માન[૯] ફાતીઓ[૧૦] કબુલ કરો ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૭ મુખી-હોતા ગતમાં સદ્‌ગોર બ્રહ્માનો પ્રતિનીધિ ગોરનું મુખ. ૮ મુસાફર-સફર કરનારો. કોઈ ઠેકાણે ચોવીસ કલાકથી વધારે ન રહી શકે તેવા પદવાધર (કાકા) ૯ ફર્માન-આજ્ઞા, હુકમ. ૧૦ ફાતીઓ-પ્રસાદ.

हिरण्यगर्भः समवर्ततताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ।
सदाधार पृथिवीमुत द्यां कस्मै देवाय हविषा विधेम ॥ ७ ॥

अ० कां० ४ अ० १ सू० २

ॐ

મંત્ર સત્તાવીસમો

મંત્ર બીજો બ્રહ્માજીને થાળ જમાડવાનો છે.

(પ્રસાદ બીજો સીરાનો મૂકવો.)

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાલુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદ દશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર

પીર સુદરદીન ॥ સદ્ગોર પીર સાહેબદીન ॥ સદ્ગોર પીર નસીરદીન ॥ સદ્ગોર પીર શમ્સદીન ॥ સદ્ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ નરઅલી નિરંજન નામ નબી નુર સદ્ગોર તમારી દુવા ॥

નિરંજન નામ તે નિરાકાર ॥ ઈંડ થકી કીધો વિસ્તાર ॥ કર[૧] પર કીધુ દ્રષ્ટ[૨] કામ ॥ આપોઆપ વધા[૩] ફર્માન ॥ નાભે[૪] વેધ્યું[૫] નેત્ર[૬] વાલ[૭] ॥ ઉપજ્યા બ્રહ્મા ઓંમ (ॐ) કાર, ॥ અનંત બ્રહ્મા થયા મલઘ્ન[૮] ॥ હરિ હાથમાં થયા કુલંગ[૯] ॥ બ્રહ્મ-સ્તનથી કતરા ખર્યા ॥ અનંત કરોડી જીવ અવતર્યા ॥ રચી ખાણને વર્ત્યા વેદ ॥ સૃજ્યા સત્પંથ ને અમરભેદ[૧૦] ॥

૧. કર-હાથ. ૨. દ્રષ્ટ-(દ્રષ્ટવ્ય) જોવા લાયક. ૩. વધા-બોલ્યા ૪. નાભે-નાભિએ, મધ્યે ૫ વેધ્યું - વિંધ કર્યું. ૬ નેત્ર-માર્ગ બતાવનાર ગુરુ બ્રહ્મા. ૭. વાલ-વલાલા. ૮. મલઘ્ન-પાપનો નાશ કરનાર. ૯ કુલંગ-પક્ષી (હંસ) ૧૦ અમરભેદ-પરમાત્માને ઓળખવાનો ખુલાસો.

બ્રહ્મા વિષ્ણુએ ધર્યા અવતાર ।। વંશ એક ને જુદા પરવાર ।। વંશ જેવો ચંદ્રમા સૂર્ય ।। ધરી અવતાર ને સૃજ્યા નુર ।। વેદ વંશે જે અમરભેદ ।। પ્રગટ્યા બ્રહ્મા ચારે વેદ ।। ચોમુખા[૧૧] બ્રહ્મા અમર તેજ ।। પાંચે મુખે અમરભેદ ।। વસિષ્ઠ ।। વિદુર વ્યાસ ।। હંસ ।। આદમ ।। નુર પ્રકાશ ।। અબ્દે મુનાફ ।। અબ્દુલ મુત્તલીબ ।। હાશમ ।। અબ્દુલ્લાહ્ ।। નબી મહંમદ રસુલિલ્લાહ ।। શકતી બીબી ફાતમાહ ।। ઈમામ હસન ।। ઈમામ હુશ્યેન ।। ઈમામ ઝયનુલ આલેદીન ।। ઈમામ મહંમદ બાકર ।। ઈમામ જાફરો સાદિક ।। ઈમામ ઈસ્માઈલ ।। ઈમામ નુર સદ્‌ગોર ।। સૈયદ ઈસ્માઈલશાની ।। સૈયદ નુર મહંમદ ।। સદ્‌ગોર સલાહોદીન ।। પીર

૧૧ ચોમુખા-ચાર મુખવાળા

શમ્સદીન ॥ પીર નસીરદીન ॥ પીર સાહેબદીન ॥ પીર સુદરદીન ॥ પીર કબીરદીન ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥ નિરંજન નિષ્કલંકી નારાયણ ॥ તમારી નૈયતે ॥ તમારી દસ્તરે ॥ મુનિવર ઋષિવર બંદા નરનારી બાલ ગોપાલની થાલ બત્રીસી નિશાની[1] નારેજો[2] કબુલ કરો ॥ તમારા અરવાર પરવાર સાથે કબુલ કરો ॥ તમારે કર્મે ધર્મે કબુલ કરો ॥ બંદાના ભાવે સ્વભાવે કરો ॥ તમારી આશના વાસનાએ કબુલ કરો ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી,

નિશાની, નારેજો - થાળ, પ્રસાદ.

સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

प्रातरग्निं प्रातरिन्द्रं हवामहे प्रातार्मित्रावरुणा प्रातरश्विना ।
प्रातर्भगं पूषणं ब्रह्मणस्पतिं प्रातःसोममुत रुद्रं हवामहे ॥१॥

अ० कां० ३. अ० ४ सू. ६

प्रयो जज्ञे विद्वानस्य बन्धुर्विश्वा देवानां जनिमा विवक्ति ।
ब्रह्म ब्रह्मण उज्जभार मध्यान्नीचैरुच्चैः स्वधा अभिप्रतस्थौ ॥३॥

कां० ४ अ० १ सू० १

ॐ

મંત્ર અઠ્ઠાવીમો

મંત્ર ત્રીજો મહેશ્વરને થાળ જમાડવાનો છે.

(પ્રસાદ ત્રીજો ખીર રોટલીનો મૂકવો.)

ૐ ફર્માનીજ બિસ્મિલ્લાહ હિર્રેહૃમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ।। ઈંદ્ર ઈમામશાહ ।। આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ।। સદ્ગોર પીર કબીરદીન ।। સદ્ગોર પીર સુદરદીન ।। સદ્ગોર પીર સાહેબદીન ।। સદ્ગોર પીર નસીરદીન ।। સદ્ગોર પીર શમ્સદીન ।। સદ્ગોર પીર સલાહોદીન ।। નર ઈસ્લામ-શાહ ।।નરઅલી નિરંજન નામ ।। નબી નુર સદ્ગોર ।। તમારી દુવા ।।

ઓંમ (ૐ)કાર, ।। આદ્ય નિરંજને ધરીઆ હેત ।। પેશાનીથી[૧] લીધા સ્વેદ[૨] ।। લઈને ધ્યાન ધરી રહ્યા ।। લખચંદણાધંધુકાર[૩] વહી ગયા ।। કર મધ્યે ધ્યાન ધરી રહ્યા ।। છત્રીસ યુગ ને ચોરાશી ચોકડી વહી ગયા ।। તદા ।। સ્વેદથી

૧. પેશાની-કપાળ. લલાટ, ભાલ ૨. શ્વેદ-પરસેવો. ૩. લખચંદરાણાં ધંધુકાર-એક ચંદ્ર લોકના આયુષ્યના પ્રમાણણાં એક લાખ ચંદ્રલોક થાય તેટલો તેખત.

નીર ॥ નીર થી ખીર ॥ ખીર થકી ફીણ ॥ ફીણ થી ઈંડ ॥ ઈંડથી કીધા પ્રકાશ ॥ ચતુર્ ગુણ ને ધરતી આકાશ ॥ નુરથી સૃજ્યા સર્વે જાત ॥ અર્થ કુરશને ફીરસ્તા સાત ॥ તમે નિરંજન અમરદેવ ॥ મસ્તકથી ઉપન્યા મહાદેવ ॥ હૈયે વિષ્ણુ ॥ નાભે બ્રહ્મા ॥ જંઘ બે સ્થળે[૪] ઈચ્છા કરી[૫] ॥ અંગથકી અર્ધાંગના[૬] ઉપની ॥ ઉપની શક્તિ ને માયા[૭] પરવરી[૮] ॥ માયા માંહે ધર્યો સંતોષ ॥ ત્યારે નિપન્યા ચૌદે લોક ॥ આદ્યે સૃજ્યા ત્રણ જ ટોળ[૯] ॥ નહિ વાચા ને નહિ ત્યાં બોલ ॥ બ્રહ્માને આલ્યું ફર્માન ॥ જઈ બ્રહ્માએ કીધું જાણ ॥ દો મુકર્યા[૧૦] ॥ એકે રાખ્યું

૪ જંઘ બે સ્થળે-જાંગોના પ્રદેશમાં. ૫ ઈચ્છાકરી-આતુરતા કરી ૬ અર્ધાંગના-અર્ધ અંગની ધણીઆણી, સ્ત્રી, માયા, આદ્ય લક્ષ્મી ૭ માયા-હેત. ૮ પરવરી-પ્રસરી. ૯ ટોળ-ટોળાં, જથ્થા, વિભાગ,૧૦ દો મુકર્યા-બે ત્યજી ગયા, વિમુખ થયા.

ઈમાન ॥ ઈમાનીને આલ્યો સત્પંથ ॥ છુટ્યા લક્ષ ચોરાશીના ફંદ[૧૧] ॥ ઋગ્વેદની દેખાડી વાટ ॥ સોંપ્યા યજ્ઞ, કળશ ને પાટ ॥ જીવ ઓધર્યા નવ્વાણું કરોડી જાંખા ॥ છપ્પન કરોડી મેઘા ॥ બત્રીસ કરોડી કિન્નરી ॥ તેત્રીસ કરોડી દેવતા ॥ તે ઘટપાટ સેવતા ॥ નૃસિંહ ॥ અમર તેજ ॥ શ્યામો રામ ॥ વસિષ્ઠ ॥ બ્રહ્મેશ્વર ॥ બુધ્ધેશ્વર ॥ અલી નબી આદમથી વિસ્તાર ॥ વંશ એક ને જુદા પરવાર ॥ બ્રહ્મા પરવાર ॥ વિષ્ણુ પરવાર ॥ શિવ પરવાર ॥ ને શક્તિ અવતાર ॥ તમારો પરવાર ॥ પ્રહલાદ ॥ હરીચંદ્ર ॥ યુધિષ્ઠિર ॥ કમળાકુંવર ॥ નબી મહંમદ રસુલિલ્લાહ ॥ હક્ક શાહ મુર્તુઝા અલી ॥ ઈમામ હશન ઈમામ હુશ્યેન ॥ ઈમામ ઝયનુલ આબે-

૧૧ ફંદ-જાળ, ફાંદો.

દીન ॥ ઈમામ મહંમદ બાકર ॥ ઈમામ જાફરો સાદિક ॥ ઈમામ ઈસ્માઈલ ॥ ઈમામ નુર સદ્‌ગોર ॥ સૈયદ ઈસ્માઈલ-શાહની ॥ સૈયદ નુર મહંમદ ॥ સદ્‌ગોર સલાહોદીન ॥ સદ્‌ગોર શમ્સદીન ॥ સદ્‌ગોર નસીરદીન ॥ સદ્‌ગોર સાહેબ-દીન ॥ સદ્‌ગોર સુદરદીન ॥ સદ્‌ગોર કબીરદીન ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥ નિરંજન નિષ્કલંકી નારાયણ ॥ તમારી નૈયતે ॥ તમારી દસ્તરે ॥ મુનિવર ઋષિવર બંદા ॥ નરનારી ॥ બાલ ગોપાલની ॥ થાળ બત્રીસી કબુલ કરો ॥ કુળ પરવાર ॥ ॥ સાત ફિરસ્તા સમેત[૧] કબુલ કરો ॥ તમારા વારાની દોસ્તી ॥ ખાણું નિશાની કબુલ કરો ॥ શિવ શક્તિ પરવાર ॥ વિષ્ણુ

૧ સમેત-સુદ્ધાં; સહ, સાથે.

પરવાર બ્રહ્મા પરવાર ॥ ચતુર્ કુળ તમે નિરંજન ॥ કબુલ કરો ॥ દુવા આશિષ કરી કબુલ કરો ॥ તમે દાતા ॥ તમે ભોક્તા ॥ કર્મ તમારૂં ॥ ધર્મ તમારૂં ॥ માનુ ગુણ તમારા ॥ જમો તમે ॥ જમાડો તમે ॥ એ બંદા ગુનેહગાર દિવાન બાદશાહજી તમે ગુના લક્ષણહાર ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

शिवा नः शंतमा भव सुमृडीका सरस्वती ।

मा ते युयोम संदृशः ॥१॥

अ० कां० ७ अ० ६ सू० २

ॐ

મંત્ર ઓગણત્રીસમો

મંત્ર ચોથો શક્તિને થાળ જમાડવાનો છે.

(પ્રસાદ ચોથો ચુરમાનો મૂકવો.)

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ-શાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી

મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ સદ્‌ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નબીનુર સદ્‌ગોર તમારી દુવા ॥

પ્રથમ આદ્ય નિરંજન ધંધુકાર ॥ સેન[1] એકને કીધો વિસ્તાર ॥ આપે ઉપજ્યા ઈંડ આકાર ॥ ઈંડ માંહે ધર્યા અવતાર ॥ લીલા ઈચ્છા અનંત અપાર ॥ કરી ક્રોધ ઉંચે સાંસ ॥ નિરંજન થયા પ્રકાશ ॥ પહેલા શબ્દ ઑમ (ॐ)કાર, ॥ ત્યાં ઉપજ્યા નિરાકાર ॥ હતું તેજ તે ધંધુકાર ॥ પેદા કીધા તત્ત્વ ચાર ॥ ચતુર્ ગુણ ॥ ચતુર્ રંગ ॥ ચતુર ખાણ ॥ ચતુર્ વાણ ॥ ચતુર્ વેદ ॥ કર્મ, ધર્મના સૃજ્યા

૧. સેન-સપાટ, સરખું.

ભેદ ॥ ધર્મે તો સૂજયો સંસાર ॥ કર્મ તમે કરો કીર્તાર ॥ માયાનો કીધો વિસ્તાર ॥શકતી રૂપી રચ્યો સંસાર ॥ નિરંજને તો કર્ત્તવ્ય[2] કરી ॥ ઈચ્છા લીલા પ્રગટ ધરી ॥ અર્શ કુર્શિ, ને ધરતી, આકાશ ॥ પવન પાણી કીધા પ્રકાશ ॥ અષ્ટ કુળ પર્વત ॥ સમુદ્ર સાત ॥ નવખંડ પૃથ્વી ॥ દ્વીપજ સાત ॥ બાર કુળ મેઘ ॥ નવ કુળ નાગ ॥ ચંદા સૂરજ મેલ્યા સાખ ॥ નવ લાખ તારા ધર્યાં આકાશ ॥ નવસેં નવ્વાણું નદીઓ જાણ ॥ અડસઠ તીર્થ સહી પ્રમાણ ॥ પંદર તિથિને કરણ જ બાર[3] ॥ નવ લાખ તારાનો વિસ્તાર ॥ સરસ્વતી[4] ॥ વનસ્પતી ॥ ભાર અઢાર

૨. કર્ત્તવ્ય-અગત્યના કામ. ૩ કરણ જ બાર-ત્રીસ ઘડી અથવા બાર કલાકનો કાળ. (૧. બવ, ૨. બાલવ. ૩. કૌલવ. ૪. તૈતિલ. ૫. ગરજ. ૬ વણિજ. ૭ વિષ્ટિ. ૮ શકુનિ ૯. ચતુષ્પદ. ૧૦ નાગ. ૧૧. કિંસ્તુદન. ૧૧ (ચર) ૪ સરસ્વતી-વિદ્યાની અધિષ્ઠાત્રી (વિદ્યા.)

॥ અગ્નિ, લક્ષ્મી સહી પ્રકાશ ॥ ચૌદ લોકમાં દિવસને રાત ॥ ગ્રહ નક્ષત્ર, સંવત્સર[5] માસ ॥ દશ ખૂણાને દસ[6] દિગ્પાલ[7] ॥ શાંત સ્નાને ભિતર[8] બહાર ॥ ભિતર તો સૃજ્યો સંસાર ॥ બહાર વર્ત્યો ધંધુકાર ॥ ગોર નરે ધર્યા અવ-

૫ સંવત્સર-સાલ, વર્ષનું નામ તેવા સાઠ છે.

સંવત્સર નામ. (૧. પ્રભવ. ૨. વિભવ. ૩. શુકલ. ૪. પ્રમોદ. ૫. પ્રજાપતિ. ૬. અંગરિ ૭. શ્રીમુખ. ૮ ભાવ. ૯ ધાતુ, ૧૦ ઈશ્વર. ૧૧. બહુધાન્ય. ૧૨. પ્રમાથી. ૧૩. વિક્રમ. ૧૪. વૃષ. ૧૫. ચિત્રભાનુ, ૧૬. સુભાનુ. ૧૭ તારણ. ૧૮ પાર્થિવ. ૧૯ અવ્યય ૨૦. સર્વજિત. ૨૧. સર્વધારી. ૨૨. વિરોધી. ૨૩ વિકૃતિ. ૨૪ ખર. ૨૫ નંદન. ૨૬. વિજય. ૨૭. જય ૨૮. મન્મથ. ૨૮ દુર્મુખ. ૩૦ હેમલંબ. ૩૧. વિલંબ. ૩૨ વિકાર. ૩૩. શાર્વરી. ૩૪. પ્લવ. ૩૫. શુભકૃત. ૩૬. શોભન. ૩૭. ક્રોધી. ૩૮. વિશ્વાસુ ૩૮. પરાભવ. ૪૦. પ્લવંગ. ૪૧. કિલક. ૪૨. સૌમ્ય. ૪૩. સાધારણ ૪૪. વિરોધકૃત. ૪૫. પરિધાવી. ૪૬. પ્રમાદી. ૪૭. આનંદ. ૪૮. રાક્ષસ. ૪૯. નલ. ૫૦. પિંગલ. ૫૧. કાલયુક્ત. ૫૨. સિદ્ધાર્થ. ૫૩. રૌદ્ર. ૫૪. દુર્મતિ. ૫૫. દુંદુત્રી. ૫૬. રૂધિર. ૫૭. ઉદગારી. ૫૮. રક્તાક્ષ. ૫૯. ક્રોધન. ૬૦. ક્ષય)

૬ દસ દિગ્પલ-દિશાઓનું રક્ષણ કરનાર દેવતા. સંવત્સર. દસ દસ દિગ્પાલનાં નામ (૧. ઈંદ્ર. ૨. યમ. ૩. વરૂણ. ૪. કુબેર. ૫. ઈશાન. ૬. વાયુ. ૭ અગ્નિ. ૮. નિઋતિ. ૯. પૃથ્વીદેવી. ૧૦. આકાશ)

૮. ભિતર- અંદર

તાર ।। શ્રી મત્સ્ય[1] ।। એકઋષિ[2] ।। શ્રી વામન[3] ।। સહજાનંદ[4] ।। શ્રી કૃષ્ણ[5] ।। વિદુરવ્યાસ[6] ।। શ્રી નિષ્કલંકી શાહ મુર્તુઝા અલી ।। નબી મહંમદ[8] જીવોના સર્જનહાર ।। ઋષિવર બંદાનો કરો નિંસ્તાર[9] ।। આઠ લાખ કરણના અનંત કરોડી દેવ ।। ચતુર કલપના દેવ ।। નવ્વાણું કરોડી ઝાંખા ।। છપ્પન કરોડી મેઘા ।। બત્રીસ કરોડી કિન્નર ।। તેત્રીસ કરોડી દેવતાએ પૂરી સાખ ।। ઋષિવર બંદાને કરો પાક ।। ઋષમાગત[10] ।। અંબરિષ[11] ।। ધ્રુવ[12] ।। પ્રહલાદ[13] ।। કમળધ્વજ[14] ।। કમળાપતિ[15] ।। હરિશ્ચંદ્ર[16] ।। સહદેવ[17] ।। યુધિષ્ઠઈર[18] ।। કમળાકુંવર[19] ।।

૧,૩,૫,૭. વિષ્ણુ ભગવાનનાં નામ. ૨,૪,૬,૮. બ્રહ્માનાં (ગુરુનું) નામ, ૯. નિસ્તાર-મોક્ષ, ઉદ્ધાર, છુટકારો. ૧૦ થી ૧૯. ભક્તોના નામ છે.

નવનાથ[૨૦] ।। ચોરાશી સિદ્ધ[૨૧] ।। અઠયાસી સહસ્ત્ર[૨૨] ।। ઋષિ[૨૩] ।। તે ધાયા સત્પંથ જાણી ।। જેણી લીધઈ અથર્વ વેદની વાણી ।। શકતી માયા યોગણી ।। જેણે જેર[૨૪] ।। કીધો જગત યતી[૨૫] ।। સતી[૨૬] ।। સાર ।। પરજા ।। તારા ।। મનોવરી ।। ચંદ્રાવતી ।। દ્રૌપદી ।। સુરજારાણી ।। ધાયા સત્પંથ જાણી ।। જેણે લીધી અથર્વ વેદની વાણી ।। અથર્વવેદી ।। ઓલીઆ[૨૭] ।। અંબિયા[૨૮] ।। એક લાખે એંશીહજાર ।। પીર પેગંબર ।।

---

૨૦. નવનાથ-યોગ વિદ્યામાં પૂર્ણ એવા નવ નાથ છે. તેમના નામ. (૧. ભૈરવનાથ. ૨. મત્સ્યંદરનાથ. ૩. ગોરક્ષનાથ. ૪. અડબાગનાથ ૫. ધોરમનાથ. ૬. કાનીપાનાથ. ૭. ભીમનાથ. ૮. મીનનાથ. ૯. જાલંધરનાથ) ૨૧ સિદ્ધિ-સિદ્ધિ યોગને પામેલા. તેઓ ચોરાશી છે. ૨૨. અઠયાસી હજાર ૨૩ ઋષિ પવિત્ર ભક્ત, જેના પર પરમાત્મા પ્રસન્ન હોય તેવા, સમયના અવતાર પાત્રને ઓળખનાર. ૨૪ જેર-તાબે. ૨૫. યતી-ધાતુ, ત્યાગી. ૨૬. સતી-પવિત્ર યોગીની દેવી. ૨૭. ઓલિયા-પરમાત્માને પામેલા ભક્ત. ૨૮. અંબિયા પરમાત્માએ સ્વીકારેલા.

ફિરસ્તા ॥ મલાએક ॥ ગોશ[૨૯]॥ કુતુબ[૩૦] ॥ ચાર મજહબ[૩૧] ॥ ચાર કુરશી[૩૨] ॥ ચાર પીર ચૌદ ખાનવાદા[૩૩] ॥ ચારદે[૩૪] ॥ માસુમ ॥ દુવાજદે ઈમામ[૩૫] ॥ હક્ક શાહ તમને સલામ ॥ નિરંજન નારાયણ ॥ તમારી નૈયતે ॥ હુર[૧] લોક ॥ ઉરલોક[૨] ॥ પરલોક[૩] ॥ દેવલોક[૪] ॥ મેહેરના[૫] ॥ પરીના[૬] ॥ જળના[૭] ॥ સ્થળના[૮] ॥

૨૯ ગોશ-પરમાત્માની ભક્તિમાં દેહનું ભાન ભૂલી જનાર ભક્ત. ૩૦. કુતુબ-પવિત્ર ભક્તોમાં આગેવાની કરનાર ૩૧. મજહબ-સંપ્રદાય પંથ.૩૨. કુરશી-ભુવનનું નામ છે. ૩૩. ચૌદ ખાનવાદા-સંપ્રદાય. ત્યાગીઓના ચૌદ ટોળાં.

૩૪. ચારદેમાસુમ-ચૌદ નિર્દોષ મનુષ્યશરીરો. તેમના નામ. ૧. મત્સ્ય. ૨. કુર્મ. ૩. વ્યારાહ. ૪. નૃસિંહ. ૫. વામન. ૬. પરશુરામ. ૭. રામ. ૮. કૃષ્ણ. ૯. બુદ્ધા. ૧૦. શીશ. ૧૧. નુહ. ૧૨. ઈબ્રાહીમ. ૧૩. સુલેમાન. ૧૪. અલી.

૩૫ દુવાજદે ઈમામ-વિષ્ણુનના બાર શરીરો તેમના નામ. ૧. નર-ગાલીબશાહ. ૨. નરફાજલશાહ. ૩. નર હાસમશાહ. ૪. નર મહંમદશાહ ૫. નર અહેમદશાહ. ૬. નર મેહેંદીશાહ ૭. નર નાસીરશાહ. ૮. નર મોંમીનશાહ. ૯. નર ખાલિકશાહ. ૧૦. નર નિઝારશાહ. ૧૧. નર ઈસ્લામશાહ. ૧૨. નરઅલી મહંમદશાહ.

૧ થી ૮ ભુવનોના નામ છે.

હકદાર[૯] ॥ ઉમેદવાર[૧૦] ॥ ફાતિયો કબુલ કરો ॥ અલી નિરંજન નિષ્કલંકી અવતાર ॥ ઋષિવર બંદાને આલો દિદાર ॥ સર્વે જીવ ઉમ્મતનો કરો નિસ્તાર ॥ નબી મહંમદ રસુલિલ્લાહ ॥ શકતી બીબી ફાતમાહ ॥ હક્ક શાહ મુર્તુઝા અલી ॥ ઈમામહશન ॥ ઈમામ હુશ્યેન ॥ ઈમામ ઝયનુલ આબેદીન ॥ ઈમામ મહંમદ બાકર ॥ ઈમામ જાફરો સાદિક ॥ ઈમામ ઈસ્માઈલ ॥ ઈમામનુર સદ્ગોર ॥ સૈયદ ઈસ્માઈસાની ॥ સૈયદ નુર મહંમદ ॥ સૈયદ નુર ઈસ્લામ શાહ ॥ સદ્ગોર સલાહોદીન ॥ સતુગોર શમ્સદીન ॥ સદ્ગોર નસીરદીન ॥ સદ્ગોર સાહેબદીન ॥ સદ્ગોર સુદરદીન ॥ સદ્ગોર કબીરદીન ॥ સદ્ગોર ઈમામશાહ ॥

૯. હકદા-(હક-સીયુ દાર-રાખનાર (સત્યને રાખનાર. સત્યાંથી.
૧૦. ઉમેદવાર-આશાવાળો.

નર અલી મહંમદશાહ ।। નિરંજન નિષ્કલંકી નારાયણ તમારી નૈયતે ।। તમારી દસ્તરે ।। મુનિવર ઋષિવર બંદા નરનારી બાલ ગોપાલની ।। થાલ બત્રીસી કબુલ કરો ।। નિશાની મહેમાની નારેજો કબુલ કરો ।। તમારે કર્મે ।। તમારે ધર્મે ।। કબુલ કરો ।। નિરંજન તમારી દોસ્તી ।। ગોર નરની દોસ્તી ।। તમારા અરવાર પરવારની દોસ્તી ।। મહાદેવ[૧૧] આદમ અવતારની દોસ્તી ।। તમારૂં ખાણુ નિશાની કબુલ કરો ।। તમારા વારાની દોસ્તી ।। તમારૂં ખાણું નિશાની કબુલ કરો ।। ગોરનરની દોસ્તી ।। ગોરનરના જાપની દોસ્તી ।। ખાણું નિશાની કબુલ કરો ।। વખત વેળા વારાનું વર્તમાન ।। અથર્વવેદના જ્ઞાન ધ્યાનની દોસ્તીએ

૧૧. મહાદેવ-ત્રણ દેવમાં તમો ગુણી દેવ શંકર

નિશાની કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ શાહ અલી નિરંજન નામ ॥ નબી મહંમદ કરો જીવોના કામ ॥ શક્તી બીબી ફાતમાહ[૧] ॥ તમને પ્રણામ ॥ તમારા સંગ સોબતની[૨] દોસ્તીએ નિશાની કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ તમારા નુરની દોસ્તી ॥ તમારા નામની દોસ્તી ॥ તમારા કલમા કાંડીની દોસ્તી ॥ નિશાની કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ શાહ અલી ॥ મુકામ વર્જા[૩] શહેર ગામ ॥ જાંબુદ્વીપ કુંવારકા ક્ષેત્ર માંહે ॥ ઈંદ્ર ઈમામશાહે કીધા ઠામ ॥ તે ઠામ સ્થળની દોસ્તીએ ॥ નિશાની કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ સાડત્રીસ પાત્ર ॥ આડત્રીસમાં નર મહંમદશાહની દોસ્તી ॥

૧. શકત બીબી ફાતમા-કળિયુગની યોગ માયા, આદ્ય શકિત, નારાયણી. ૨. સંગત-સાથે રહેવાપણું. ૩. વર્જા શહેર-સહસ્ત્ર દ્વીપના ગામનું નામ છે.

ત્રેવીસ પાત્ર ॥ ચોવીસમા શાહ મુર્તુઝા અલીની દોસ્તી ॥ નિશાની કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ ચતુર્ વેદ ॥ ચતુર કિતાબ ॥ ચતુર્ વાચા ॥ ચતુર્ અંશે ॥ શક્તિ પરવાર ॥ આદ્ય શબ્દ ઓંમ (ૐ) કારની દોસ્તીએ ॥ નિશાની કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ શાહ તમારા કીધ કરાવ્યાની દોસ્તી ॥ સાહેબ તમારી ઈચ્છા ॥ સાહેબ તમારી લીલા ॥ સાહેબ તમારા સર્જ્યા તમારા સર્જાવ્યાની દોસ્તી ॥ નિશાની ખાણું કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ બ્રહ્મા, વિષ્ણુના દસે અવતારની દોસ્તીએ ॥ નિશાની મહેમાની કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ સાહેબ તમે પાક[૪] ॥ અમે ખાક[૫] ॥ નવતન સાક ॥ નિરંજન તમારી દોસ્તીએ નિશા-

૪ પાક-પવિત્ર. ૫. ખાક-માટી

ની ખાણું કબુલ કરો ॥ કબુલ કરાવો ॥ એ બંધા ગુનેહ્‌ગાર ॥ સાહેબ ગુનાહ્‌ બક્ષણહાર ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્‌ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

इदं ते ह॒व्यं धु॒तवत् सरस्वतीद॒ं पितृ॒णां ह॒विहा॒स्यं १ यत् ।
इमानि त उ॒दिता शंतमानि॒ तभिर्व॒यं मधुमन्तः स्याम ॥२॥

अ० कां० ७. अ० ६. सू० २.

ॐ

મંત્ર ત્રીસમો

મંત્ર પાંચસો સર્વદેવ ઋષિવરને જમાડવાનો છે.

દશાંશ પૈસાનો છે.

(થાળ ઉપર પાવળ મૂકીને ભણવો.)

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥

આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ સદ્‌ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નબી નુર સદ્‌ગોર તમારી દુવા ॥

દીવાન બાદશાહજી ॥ હુશ્યેની પાત્ર જીવોના ઓદ્ધાર ॥ સૃષ્ટિના સર્જનહાર ॥ જાંબુદ્વીપે ॥ ધર્યો અવતાર ॥ તમે અવિચળ ॥ તમારી વાચા અવિચળ ॥ તમારૂં આસન અવિચળ ॥ તમે સ્થાનકના ધણી ॥ તમે રચના રચી ચૌદ ભૂવન તણી ॥ તમારી પારે[1] ॥ તમારી નૈયતે ॥ તમારી દસ્તરે ॥ તમારી દરગાહે ॥ તમારી જગ્યાખાને ॥ જે

૧. પારે-શરણે.

કોઈ મુનિવર બંદો હીણો[૨] ખીણો[૩] ॥ બાઈ બાવડી ॥ જે કોઈ મનની મુરાદે[૪] ઈચ્છાએ ॥ તમારા ભંડારમાં ॥ ભાવ કરીને તમારા લંગરખાને[૫] ॥ જે કોઈ બંદે માન્યું ઈચ્છયું હોય લાઈ[૬] લ્હાણાનું[૭] ॥ જે કોઈ બંદો ॥ દમડો, દોકડો, સૂત્ર, વસ્ત્ર, કણ, કાંકણ, દાણો, ખાણું, ત્રાંબુ, રૂપું, હેમ[૮] કુંદન[૯] ઢબુઓ[૧૦] પૈસો દામ, દિરમ્, કોડી, દોકડો, બદામ, રૂપાનાણું, અન્ન, પાણી, પાન ફુલ, શાક, પાક[૧૨] જે કોઈ વંદો તમારી દરગારે ઈમાનસું ગતગંગામાં પૂજે ॥ દુવા કરાવે ॥ તે કબુલ કરો ॥ દીવાન બાદ-

૨. હીણો-હલકો. ૩. ખીણો-હલકાથી હલકો, લેખમાં ન આવે તેવો હલકો, દુર્બળ. ૪. મુરાદ-કલ્પના ઈચ્છા, સંકલ્પ. ૫. લંગરખાને-રસોડે. ૬. લાઈ-અપવિત્રતા. ૭. લ્હાણું-ભાગે આવેલું. ૮. હેમ-સોનું. ૯. કુંદન-ઉંચી જાતનું સોનું. ૧૦ ઢબુઓ-બેવડીઓ. ૧૧ દિરમ-જુના વખતના નાણાનું નામ. ૧૨. પાક-રસોઈ.

શાહજી ॥ બંદાના રિજ્જક[૧૩] પાણી મોકળા[૧૪] કરો ॥ અન્ન પાણીના ભંડાર અખૂટ કરો ॥ ખટ્ટી[૧૫] કમાઈમાં[૧૬] બરકત[૧૭] આપો ॥ વાટ ઘાટ સોહેલી કરો ॥ દુઃખ દોહેલા દૂર કરો ॥ ઋષિવર બંદા ઉપર રહેવાની નજર ધરો ॥ બંદાની ખેતી, વાડી, વણજ[૧] વહેપારમાં સેહ[૨] પૂરો ॥ આવાગમન[૩] દૂર કરો ॥ એક ઘણું દાન ॥ સવાલાખ ઘણું પુન્ય ॥ એક વાર દાન ઋષિવર દે ॥ તે સવાલાખ ઘણેરૂં લે ॥ નબીનુર સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ તેની શાખ ભરે ॥ નર અલી મહંમદશાહ ॥ નિરંજન નિષ્કલંકી આણ[૪] ધરે ॥ હરિવંશ[૫]

૧૩. રિજ્જક પાણી-અન્નજળ. ૧૪. મોકળા કરો-ઘણા કરો. ૫. ખટ્ટી-રોળ. ૧૬. કમાઈ-રળેલું. ૧૭. બરકત-વધારો ઘટે નહિ તેવું.

૧. વણજ-ખરીદ. ૨. સેહ પૂરો-અખૂટ કરો. ૩. આવાગમન-લક્ષ ચોરાસી. ૪. આણ ધરે-સત્તા રાખે હુકમ રાખે. ૫. હરિવશં પરવાર-બ્રહ્મા. વિષ્ણુને શકિત. એ ત્રણ વ્યકિતઓથી ઉપજેલો એક વંશનો પરવાર. વેલો, ઓલાદ.

પરવાર ॥ શાહ મુર્તુઝા અલી તે નારાયણ નિષ્કલંકી અવતાર ॥ આદ્ય વિષ્ણુ તમે કરો બંદાની સિફાયત[૬] ॥ બંદાની બુજા પાત્રી કબુલ કરો ॥ બંદાને નીમે, ધર્મે ॥ સત્પંથના માર્ગ માંહે ભર્યા પૂરા રાખો ॥ દશાંશ સુક્રીતનો મેળો આપો ॥ ગત જમાતમાં ભેળો રાખો ॥ ફર્માન ફાતિયો કબુલ કરો ॥ મેહેર સમાન દાન ॥ વિશ્વંભરા ભોજન કબુલ કરો ॥ પૃથ્વી પ્રદક્ષિણાનું ફળ આપો ॥ ઋષિવર બંદાના પાપ કાપો ॥ મહદાન વેળામાં ઉગારી લેજો ॥ રોજે[૭] કયામત માંહે દિદાર દેજો ॥ બંદાની આકબત[૮] ખેર ॥ ઈમાન સલામત[૯] રાખો ॥ પાંચ, સાત, નવ બાર ॥ તેત્રીસ કરોડીનો મેળો આપો ॥

૬. સિફાયત-સ્તુતી. ૭. રોજે કયામત્- નક્કી થનાર દિવસ, મહાપ્રલયનો દિવસ. ૮. આકમત ખેર-છેવટનું કલ્યાણ. ૯. સલામત- અખંડ.

લક્ષ ચોરાશીના ફેરા ટાળો ॥ કમળાકુંવરની સોબતમાં રાખો ॥ દેહતર દુનિયા સેહસ્ત્ર આખરત ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

क्षेत्रियात् त्वा निर्ऋत्या जामिशंसाद् द्रुहो मुञ्चामि वरुणस्य पाशात्।
अनागसं ब्रह्मणा त्वा कृणोमि शिवे ते द्यावांपृथिवी उभे स्ताम् ॥१॥

अ० कां० २. अ० २ सू० ५

મંત્ર એકત્રીસમો

મંત્ર પહેલો જીવને માણ લેવાનો ગુનાહ્ ઉતારવાનો

(ગતમાં ઉભા રહી તોબા પડવાનો.)

ૐ ફર્માનજી બસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છુ દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ।। ઈંદ્ર ઈમામશાહ ।। આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ।। સદ્ગોર પીર કબીરદીન ।। સદ્ગોર પીર સુદરદીન ।। સદ્ગોર પીર સાહેબદીન ।। સદ્ગોર પીર નસીરદીન ।। સદ્ગોર ।। પીર શમ્દીન ।। નર ઈસ્લામશાહ ।। નર અલી નિરંજન નામ નબીનુર સદ્ગોર ।। તમારી દુવા ।।

દીવાન બાદશાહજી ।। તમારી પારે આવ્યો ।। તમે ઈંડ મધ્યે આલંછન[૧] કીધા ।। ત્યારે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, શક્તિ ઉપન્યા ।। ત્યાંથી સૃષ્ટિ જો થઈ ।। ત્યારે બ્રહ્માની સૃષ્ટિના ત્રણ ટોળ થયા ।। ત્યારે ફર્માન નારાયણના થયા ।। વાયક બે ટોળે ના માન્ય ।। ત્યાં એક ટોળે

૧. આલંછન-ઘાટ નક્કી કર્યો. ચિત્રામણ કર્યું.

વાયક માન્યા ॥ તે જીવ અમર થયા ॥
પહેલા જાએલા કલપ માંહે નવ્વાણું કરોડી
જીવ ઝાંખા સાથે અમર થયા ॥ જેણે બ્રહ્મા
વિષ્ણુના પરવાર પુજ્યા ॥ પાએ પુજ્યા ॥ તે
ઋગ્વેદને વાયકે ચાલ્યા ॥ આ સત્પંથને
આધારે તે જીવ અમર થયા ॥૧॥ બીજા
ફાએલા કલપમાં ॥ છપ્પન કરોડી જીવ મેઘા
સાથે અમર થયા ॥ જેણે બ્રહ્મા વિષ્ણુના
પરવીર પુજ્યા ॥ પાએ પુજ્યા ॥ તે
યજુર્વેદને વાયકે ચાલ્યા ॥ આ સત્પંથને
આધારે તે જીવ અમર થયા ॥૨॥ ત્રીજા
અરજલા કલપમાં ॥ બત્રીસ કરોડીજીવા ॥
કિન્નર સાથે અમર થયા ॥ જેણે
બ્રહ્મા વિષ્ણુના પરવાર પુજ્યા ॥ પાએ
પુજ્યા ॥ તે સામવેદને વાયકે ચાલ્યા ॥ આ
સત્પંથને આધારે તે જીવ અમર થયા ॥૩॥

ચોથા ખલીફા કલપના યુગ કીધા ચાર ॥ તેમાં વિષ્ણુ નારાયણે ધર્યા દશ અવતાર ॥ પહેલા કર્તા યુગમાં પાંચ કરોડી જીવ સાથે ॥ પ્રહલાદ અમર થયા ॥ જેણે બ્રહ્મા વિષ્ણુના પરવાર પુજ્યા ॥ પાએ પુજ્યા ॥ તે ઋગ્વેદને વાયકે ચાલ્યા ॥ તે આ સત્પંથને આધારે તે જીવ અમર થયા ॥૪॥ બીજા ત્રેતાયુગમાં સાત કરોડી જીવ સાથે ॥ રાજા હરિશ્ચંદ્ર ॥ અમર થયા ॥ જેણે બ્રહ્મા વિષ્ણુના પરવાર પુજ્યા ॥ પાએ પુજ્યા ॥ તે યુજુર્વેદને વાયકે ચાલ્યા ॥ આ સત્પંથને આધારે ॥ તે જીવ અમર થયા ॥૨॥ ત્રીજા દ્વાપર યુગમાંહે નવ કરોડી જીવ સાથે રાજા યુધિષ્ઠિ અમર થયા જેણે બ્રહ્મા ॥ વિષ્ણુના પરવાર પુજ્યા ॥ પાએ પુજ્યા ॥ તે સામવેદને વાયકે ચાલ્યા ॥ તે આ

સત્પંથને આધારે ॥ તે જીવ અમર થયા ॥૩॥ ચોથા કળિયુગ માંહે બાર કરોડી જીવ તે કમળાકુંવરની સોબતમાં રાખો ॥ અમારા ગુનાહ્ બક્ષો ॥ અમે ગુનેહગાર ॥ ઘડી[૧] ઘડીના ॥ પળ[૨] પળના ॥ તલ તલના[૩] ॥ દીવાન બાદશાહુજી ॥ જે હિસાબ[૪] મહાદનમાં પુછો ॥ તે જીવના હિસાબ ॥ ઘટપાટ આગળ ચુકાવો ॥ તે ગોર ગતમાં હિસાબ ચુકાવો એ પતીત[૫] જીવ તમારો છે ॥ તે જીવને પાવન કરો ॥ તમે પાવન[૬] કરવા યોગ્ય છો ॥ આજ અથર્વ વેદને વાએકે આ સત્પંથને આધાર એ જીવને પાવન કરો સીત્તોર સહસ્ર હુશ્યેની કુલ કાયમના પ્રતાપે કરી ॥ અમારા ગુનાહ્ બક્ષો ॥ ત્યાં જે નિરંજન

૧. ઘડી-એક દિવસનો આઠમો ભાગ. એક એક પહોરનો સાડાસાતસો ભાગ. ૨. પળ-એક ઘડીનો સાઠમો ભાગ. ૩. તલ તલના-આંખ ફરકેને જેટલો વખત થાય તેટલો વખત. નિમિષ. ૪. હિસાબ-લેખું ૫. પતીત-પાપી. ૬. પાવન-પવિત્ર.

બેઠા હોય ॥ તેના પ્રતાપે કરીને અમારા ગુના બક્ષો ॥ જાંબુદ્વીપે કુવારકાં ક્ષેત્રને સ્થળે કરી ॥ હમારા ગુનાહ બક્ષો ॥ ચૌદ લોકમાં જે દેવતા હોય તેને પ્રતાપે કરીને અમારા ગુના બક્ષો ॥ સાહેબ તમે સાચા ॥ તમારા સત્પંથમાં દેવતા હોય ॥ કોઈ તમારા સત્પંથમાં દેવતા હોય ॥ તે પણ સાચા ॥ જેણે આજ કળિયુગમાં ॥ બાર કરોડીને સત્પંથ દેખાડ્યા ॥ તે સદ્‌ગોર સુદરદીન સાચા ॥ તમારે સત્યે ॥ તમારા દત્તે કરીને એ જીવના ગુનાહ બક્ષો ॥ ગુનેહગાર જીવ તમારે સિંહાસને આવે ॥ તે જીવના ગુનાહ બક્ષો ॥ યુગે યુગે ગોર ગતના ધણી છો ચાર ખાણીના ફેરા ઉતારો ॥ ચોરાશી અવતારના દુઃખને વારો ॥ જાંબુદ્વીપમાં આશ પુરો ॥ અમરાપુરમાં વાસ કરો ॥

ભુલ્યા જીવ ।। ગુપ્તિ[1] ।। પ્રગટી[2] ।। ઉણીયાચારી[3] ।। સર્વે જીવને તમારી કળામાં[4] રાખો ।। તેત્રીસ કરોડીની મેળા આપો ।। આનંત કરોડીની સોબતમાં રાખો ।। મેર સમાન દાન ।। પૃથ્વી પ્રદક્ષિણા ।। વિશ્વંભરા ।। ભોજન કબુલ કરો ।। આ સત્પંથને આધારે ।। અથર્વવેદને વાયકે ।। જે નર જાંબુદ્વીપમાં હોય ।। તેને પ્રતાપે કરીને ।। નિષ્કલંકીને પ્રતાપે કરીને ।। એ જીવના ગુનાહ બક્ષો ।। એ બંદા યુગોયગના ગુનેહગાર છે ।। કરગર્યા કાન દરો ।। સમર્યા સહાય કરો ।। કીધા ગુનાહ બક્ષો ।। બીજા ગુના ના કરાવશો ।। તમારી કળમાં રાખો ।। તમારી નજર તળે રાખો ।। તમારા છત્ર

૧. ગુપ્તી-ગુપ્ત રીતે ક્રિયા કરનાર. પ્રગટી-જાહેર રીતે ક્રિયા કરનાર. ૩. ઉણીયાચારી-હીણ આચારવાળો, ખોટાં કર્મ કરનાર. ૪. કળા-સત્તા.

તળે રાખો ।। સતિયોની સોબતમાં રાખો ।। યતિ જતિ સંતોષીના મેળામાં રાખો ।। અમે બંદા ગુનેહગાર ।। તમે દીવાન બાદશાહજી ।। ગુના બક્ષણહાર ।। સદ્ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રંસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

शं ते अग्नि सहाद्भिरस्तु शं सोमः सद्यौषधीमिः ।
एबाहं त्वां क्षेत्रियात्रि ऋत्या जामि शंसाद द्रुहो मुञ्चाभिवरुणस्य
पशात् । अनागसं ब्रह्मणा त्वा कृणोभि शिवे ते द्या वापृथिवी
उभे स्ताम् ॥२॥

अ० कां० २. अ० २ सू ६

ॐ

મંત્ર બત્રીસમો

મંત્ર બીજો જીવને ગુના છોડાવવાનો

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું. દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્દગોર પાત્ર બ્રહ્મા ।। ઈંદ્ર ઈમામશાહ ।। આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ।। સદ્દગોર પીર કબીરદીન સદ્દગોર પીર સુદરદીન ।। સદ્દગોર પીર સાહેબદીન ।। સદ્દગોર પીર નસીરદીન ।। સદ્દગોર પીર શમ્સદીન ।। નર ઈસ્લામશાહ નર અલી નિરંજન નામ ।। નબી નુરસદ્દગોર તમારી દુવા ।।

ગોર વાચા ।। નર વાચા ।। શિવ, શક્તિ વાચા ।। આદ્ય ઉનાદ યુગો યુગનો એ જીવ ભુલ્યો ચુકયો આવ્યો છે ।। જાએલા ।। ફાએલા ।। અરજલા ।। એવા ત્રણ કલપ અને ચોથા ખલીફા કલપના યુગ ચાર કર્યા ।। પહેલા કર્તાયુગના ભૂલ્યા જીવ ।। તે ત્રેતાયુગમાં આવી મળ્યા ।। બીજા ત્રેતાયુગના ભૂલ્યા જીવ ।। તે દ્વાપરયુગમાં આવી મળ્યા ।। ત્રીજા

દ્વાપરયુગના ભૂલ્યા જીવ આજ કળિયુગમાં આવી મળ્યા ।। તે સદ્‌ગોર બ્રહ્માને પ્રતાપે કરીને ।। એ જીવ ગતગંગામાં આવી મળ્યો છે ।। એ જીવ આદ્ય ઉનાદનો છે ।। સુતક ટાળો ।। એ જીવે ચોર્યું હર્યું. હરામ લીધું હોય તે માફ કરો એ જીવે ગેર હક દાણો ખાદો હોય તે માફ કરો ।। એ જીવે દુનિયા માંહે ખાધું પીદું હોય તે માફ કરો ।। એ જીવે પરસ્ત્રી ઉપર બુરી[૧] નજર કીધી હોય તે માફ કરો ।। જીવના પ્રાયશ્ચિતે કર્મ બંધન છોડાવો ।। એ જીવે ખારૂં, ખાટું, મીઠું, જૂઠું કહ્યું હોય તે માફ કરો ।। એ જીવે અદકી[૨] ઓછી, આઘી, પાછી કરી હોય

૧. બુરી-ખરાબ, દુષ્ટ, નિષેધ કરેલી ૨. અદકી ઓછી-ઓછી વધારે.

તે માફ કરો ।। એ જીવે નિંદા, બદગોઈ[૩] કીધી હોય તે માફ કરો ।। નવ્વાણું કરોડીસું ઝાખાને તપે કરીને માફ કરો ।। છપ્પન કરોડીસું મેઘાને તપે કરીને માફ કરો ।। બત્રીસ કરોડી પ્રહલાદના તપે કરીને માફ કરો ।। પાંચ કરોડી પ્રહલાદના તપે કરીને માફ કરો ।। સાત કરોડી હરિશ્ચંદ્રના તપે કરીને માફ કરો ।। નવ કરોડી રાજા યુધિષ્ઠિરને તપે કરીને માફ કરો ।। આજ કલિયુગમાં બાર કરોડી પીર સુદર ।। દીનને તપે કરીને માફ કરો ।। હવે કલિયુગ સંધે[૪] ।। ગોર ઈમામશાહના તપે કરીને ।। એ જીવના પાપ પ્રાયશ્ચિતેપ ટાળો ।। કમળાકુંવરની સોબતમાં રાખો ।। સાત ફિરસ્તા ।। સીત્તોર સહસ્ત્ર હુશ્યેની કુલ કાયમના પરવાર ।। આજ ગોર ઈમામ-

૩ બદગોઈ-ખોટી વાણી. ૪ સંધે-છેડે, સંધમાં પ. પ્રાયશ્ચિતે-પાપ નિવારણ કરવા વિધિ પડે.

શાહની દોસ્તીએ કરી ।। એ જીવ ગતમાં દાખલ થયો છે ।। તે કળશ આગળ કબુલ થયો ।। જે હિસાબ મહાદનમાં ।। પૂછો ।। તે હિસાબ ગોરગત માંહે મળીને ઘટપાટ આગળ ચુકાવો ।। એ જીવ તમારે ચોલી[1] દામ્‌ને[2] બાંધ્યો છે ।। સાહેબ તમે એ જીવને લેજો ઉગાર ।। મહાદાન વેળા ના લોપ લગાર ।। નબી નુર સદ્‌ગોર ।। નર ઈસ્લામશાહ ।। નર અલી મહંમદશાહ ।। મવ્લાના ।। તમો જીવોના તારણહાર ।। સદ્‌ગોર સલાહોદીનની દોસ્તી ।। સદ્‌ગોર શમ્સદીનની દોસ્તી ।। સદ્‌ગોર નસીરદીનની દોસ્તી ।। સદ્‌ગોર સુદરદીનની દોસ્તી ।। સદ્‌ગોર કબીરદીનની દોસ્તી ।। સદ્‌ગોર ઈમામશાહની દોસ્તી ।। નર અલી મહંમદ

૧. ચોલી-અંગરખા, કે જામાનો કોઠો, કે જે છાતી સુધી રહે છે તે ભાગ. ૨. દામન-ચોલીને લાગેલો નીચેનો ભાગ, ચાળ.

શાહની દોસ્તી ॥ એ જીવના ગુનાહ્ માફ કરો ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રૈસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

शंतेवातो अन्तरिक्षे क्यो घाच्छं ते भवन्तु प्रदिशश्चतस्त्र: एवाहं त्वां
क्षेत्रि यान्निर्ऋत्वा जामिशंसाद् द्रुहो मुञ्चामि वरुणस्य पाशात् ।
अनागसं ब्रह्मणा त्वा कृणोमि सिवे ते द्यावापृथिवी उमे स्ताम् ॥३॥

अ० कां० अ० २. अ० २ सू २

ॐ

મંત્ર તેત્રીસમો

મંત્ર ત્રીજો જીવને ગુનાહ્ છોડવાનો છે.

ॐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્‌માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર ॥ પીર શમ્સદીન ॥ સદ્‌ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ નબીનુર સદ્‌ગોર ॥ તમારી દુવા ॥

શાહ અલ્લાહૂ ॥ શાહ ખુદા ॥ શાહ ખાલિક ॥ શાહ અવતાર ॥ શાહ પાત્ર ॥ શાહ દીનમાં ॥ શાહ દુનિયામાં ॥ શાહ મીરાં[૧] ॥ શાહ મહેરબાન ॥ શાહ રામ ॥ શાહ રહેમાન ॥ શાહ ઈમામશાહ ॥ શાહ મહંમદશાહ ॥ શાહ મુસ્તુફા ॥ શાહ મુર્તુઝા અલી ॥ શાહ હસ્બુ-

૧. મીરાં-સરદાર, માલીક.

લ્લાહ્ ॥ શાહ ન્યામલ મલ્લા ॥ શાહ ન્યામલ વકીલ ॥ શાહ સત્તાર ॥ શાહ ગફ્ફર ॥ શાહ પરવરદિગાર ॥ શાહ ખાલક ॥ શાહ બેલી[૨] ॥ શાહ શ્રી મત્સ્ય ॥ શાહ શ્રી કૂર્મ ॥ શાહ શ્રી વ્યારાહ ॥ શાહ શ્રી નૃસિંહ ॥ શાહ શ્રી વામન ॥ શાહ શ્રી પરશુરામ ॥ શાહ શ્રી રામ ॥ શાહ શ્રીકૃષ્ણ ॥ શાહ શ્રી બુદ્ધા ॥ શાહ શ્રી નિષ્કલંકી ॥ દશમો અવતાર ॥ શાહ અલી ॥ વંશ તો શ્રી મેંહેંદી ॥ નર ઈસ્લામશાહ દાતાર ॥ નર અલી મહંમદશાહ ॥ હક ફર્માન તમારા ॥ સાહેબ ગુનાહ બક્ષો અમારા ॥ મહેર કરો ॥ નેકહી નજર ધરો ॥ કળશ માંહે તમે પરવરો ॥ ઘટ માંહે તમારી કળા ધરો ॥ અગમ[૩] અગોચર[૧૪] ॥

૨ બેલી-મદદગાર. ૩ અગમ-ભવિષ્યનું. ૪. અગોચર-ન સમ જાય તેવું.

સ્થાન સ્થાનેત્ર[૫] ।। કળશમાં પિજા અર્ચન[૬] પ્રમાણ ।। સ્વામી તમે અનાથ દેવ રહેમાન રહીમ ।। તમે સદાએ નિરંજન નિરાકાર ।। રૂપ રેખા નહિ આકાર ।। તમે ઓલીયા ।। તમે અંબિયા ।। તમે અલ્લાહ્ ।। પીર પેગંબર ।। એ સર્વે રચના તમારી છે ।। આ સત્પંથ તમારો ।। સ્વામી તમે સંભારો ।। ત્યાં સાહેબ મહેર તમારી ।। ફરિયાદ અમારી ।। ફરિયાદ અવ્વલની ।। ફરિયાદ આખરની ।। ફરિયાદ મુખી મુસાફરની ।। ફરિયાદ કુલ ઋષિવર ગત ગંગાની ।। ફરિયાદ કુલ ગુનેહગાર જીવોની ।। સ્વામી તમે અવ્વલ ।। સ્વામી તમે આખર ।। તમે દીન દુનિયાના બાદશાહ ।। તમારા ગુણનો

૫. સ્થાન સ્થાનેત્ર-ઠેકાણે, ઠેકાણે, સર્વવ્યાપક. ૬. અર્ચન-અર્પણ વિધિ.

પાર નહિ ।। અમારા અવગુણનો છે નહિ ।। તમારા નામ ઉપર બલીહારી જાઉં ।। તમો અમારૂં હૃદય ના ડોલાવશો ।। ક્રિયા ના ચુકાવશો ।। વખડી[1] વેળામાં ઉગાલી લેજો ।। તમને માલમ[2] છે ।। તમને[3] રોશન છે ।। તમે સર્વ જાણો છો ।। બાપજી અમે તો અજાણ છીએ ।। અમો અજાણ્યાના ગુનાહ્ બક્ષો ।। દીવાન બાદશાહજી ।। અંદર બહાર દેજો ।। દીલે બેસી કામ કરો ।। અંધારે અજવાળું કરો ।। ખેર[4] સલ્લાહ્ પયદા કરો ।। કુલ બલા દફે[5] કરો ।। રાંકને રહેમ કરો ।। ચાલતને દિદારીમાં ધરો ।। એકાન્ત કરો ।। દ્વિત[6] દુર કરો ।। નયત, મુરાદ હાંસલ[7] કરે ।। સ્વામી તમે કર્તાયુગમાં

૧. વખડી-કઠણ, વિકેટ. ૨. તમને માલમ છે - તમે જાણો છો. ૩. તમને રોશન છે - તમને વિદિત છે. ૪ ખેર સલ્લાહ - આનંદ અને શાંતિ. ૫. દફે-નાશ. ૬. દ્વિત-ભેદ વૃત્તિ. ૭. હાંસલ-અર્પણ, લાભ.

શ્રી મત્સ્ય રૂપે વાચા દીધી ॥ આજ કલિયુગ માંહે તમે તે વાચા પાળો ॥ વિનંતિ નબી નુર સદ્ગોરની ॥ વિનંતિ સદ્ગોર સલાહોદીનની ॥ વિનંતિ સદ્ગોર શમ્સદીનની ॥ વિનંતી સદ્ગોર નસીરદીનની ॥ વિનંતિ સદ્ગોર સાહેબદીનની ॥ વિનંતિ સદ્ગોર કબીરદીનની ॥ વિનંતિ સદ્ગોર ઈમામશાહની ॥ વિનંતિ નર અલી મહંમદશાહ ॥ આદ્ય નિરંજન તમે જીવને કબુલ કરો ॥ યુગો યુગના પાતક ઉતારો ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદ્દુ રસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

इमा या देवीः प्रदिश श्चतस्रो वातपत्नीरभि सूर्यो विचष्टे ।
एवाहं त्वां क्षेत्रियान्ति र्ऋत्या जामि शंसाद् द्रुहो मुञ्चामिवरुणस्य
पाशात् ॥ अनागसं ब्रह्मणा त्वा कृणोमि शिवे ते द्या वापृथिवी
उभे स्ताम् ॥४॥

अ० कां० अ० २. अ० २ सू ५

મંત્ર ચોત્રીસમો

મંત્ર ચોથો જીવને ગુના છોડાવવાનો

ॐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્‌માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ અઘ વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ નર ઈસ્લામશાહ નર અલી મહંમદશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્‌ગોર તમારી દુવા ॥

મહેરબાન બાદશાહજી ॥ મહેર કરો ॥ ફઝલ કરો ॥ ફુરસદ કરો ॥ રહેમની નજર ધરો ॥ કુલ બલા દફે કરો ॥ મુલતાનની ઘડી★ કરો ॥ મુખી મુસાફરની વાટે નુર[1] ચંદરણા[2] કરો ॥ જામો[3] જાગતો કરો ॥ કાળ ભાગતો કરો ॥ શાહ ઘટ સગટx કરો ॥ ઘટમાં તમારી

★ ઘડી-પરછો. ૧. નુત-તેજ. ૩. ચંદરણા-પ્રકાશક. ૩. જામો-કલા.
x સઘટ - તમારા ઘટ સાથે.

કળા ધરો ।। ઘટે બ્રહ્મા ।। ઘટે વિષ્ણુ ।। ઘટે દેવ મહેશ્વર ।। ચાલીસ લાખ ત્રઉ[૪] આગલા ।। વીસ સહસ્ત્ર એતા[૫] ।। ચાર યુગના હિસાબ લખ્યા ।। અવર ના જાણું કેતા[૬] ? ।। ચાર યુગમાં ચોરાશી અવતાર ।। સ્વામી તેનો તમો કરો નિસ્તાર ।। જે કોઈ માને તેને સ્વર્ગાપુરી ।। જે ના માને તેને નરકાપુરી ।। બાર[૭] ગોર હરિશ્ચંદ્રને ધાયા ।। તે જીવ અમરાપુરમાં જાય ।। અડસઠ તીર્થના ફળ લાભંતે[૮] ।। ષટ્લલ્લાએ[૯] તે જે વાર કામ ।। જમિ[૧૦] મુલ્લાણા[૧૧] ।। એક નજર ધરો ।। કષ્ટિ-યાના કષ્ટ ટાળો ।। એ જીવના કીધા ગુનાહ્ બક્ષો ।। બીજા ગુનાહ્ ના કરાવશો ।। પાંચ,

૪. ત્રઉ-ત્રણ. ૫. એતા-એટલા. ૬. કેતા-કેટલા. ૭. બાર ગોર હરિચંદ્ર-પીર સુદરદીન. ૮. લાભંતે-પ્રાપ્ત કરે. ૯. ષટ્લલ્લા-જે મંત્રમાં લૂ છ વાર આવે તેવો મંત્ર અનકહી મંત્ર ૧૦. જમિ-સર્વ ૧૧. મુલ્લાણા-મવ્લાના, ધણી માલિક

સાત, નવ, બાર ॥ તેત્રીસ કરોડીના મેળા આપો ॥ લક્ષ ચોરાશીના ફેરા ટાળો સઘળી જમાતસું દિદાર આપો ॥ અમરાપુરમાં વાસ ધરો ॥ સ્વામી એકાંત કરો ॥ દ્વિત દૂર કરો ॥ ઋષિવરને રાજ આપો ॥ સતિયોની સોબતમાં રાખો ॥ ઘટે કળા સ્થાપો ॥ પ્રાયશ્ચિતે કાપો ॥ સામલ સુકૃત આપો ॥ રહેમની નજર ધરો ॥ પડ્યા[1] પિંડ તે પ્રગટ કરો ॥ શિર ઉપર છત્ર ધરો ॥ નુર બળી મહમંદશાહની કળાએ તમે પ્રગટ રૂપ કરો ॥ સિંહાસન તમારૂં ॥ તમે સ્થાપો ॥ તમે ઉથાપો ॥ કરગર્યા કાન ધરો ॥ સમર્યા સહાય કરો ॥ એ બંદા ગુનેહગાર ॥ સાહેબ ગુનાહ બક્ષણહાર ॥ સાહેબ તમારી દોસ્તી ॥ દીવાન બાદશાહજી ॥ કર્મ

૧. પડ્યા-નાશ થયેલા.

ધર્મ તમારૂં ॥ ભાવ, ભક્તિ, ઈમાન અમારૂં ॥ તમારા બંદાના ગુનાહ બક્ષો ॥ તમે સાહેબ, સુલતાના ॥ વારાના સારંગધર[2] ॥ શ્રી મત્સ્ય તમે ॥ શ્રી કૂર્મ તમે ॥ શ્રી વ્યારાહ તમે ॥ શ્રી નૃસિંહ તમે ॥ તમે શ્રી વામન તમે ॥ શ્રી પરશુરામ તમે ॥ શ્રી રામ તમે ॥ શ્રી કૃષ્ણ તમે ॥ શ્રી બુદ્ધા તમે ॥ શ્રી નિષ્કલંકી તમે ॥ ઓ મીરાં મુર્તુઝા અલી ॥ નબી નુર સદ્ગોર ॥ નર ઈસ્લામશાહ દાતાર ॥ નર અલી મહંમદશાહ મવ્લાના ॥ જાંબુદ્વીપના સુલતાન ॥ તમે જીવોના તારણહાર ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રૅસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી,

૨. સારંગધર - શ્રી વિષ્ણુય

સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

क्षेत्रियात्त्वानिर्ऋत्या जामिशंसाद द्रुहो मुञ्चामि वरुणस्य पाशात् ।
अनागसं ब्राह्मणा त्वा कृणो शिवे ते द्यावापृथिवी उभे
स्ताम् ॥१॥

अ० कां० २ अ० २ सू० १०

ॐ

મંત્ર પાંત્રીસમો

મંત્ર પાંચમો જીવને ગુના છોડાવવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ-શાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી

મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર પીર સુદરદીન ॥ સદ્ગોર પીર સાહેબદીન ॥ સદ્ગોર પીર નસીરદીન ॥ સદ્ગોર પીર શમ્સદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્ગોર તમારી દુવા ॥

તમે આદ્ય નિરંજન ધંધુકાર ॥ કરણ કલપના સૃજનહાર ॥ જીવ પિંડનો કરો નિસ્તાર ॥ અવ્વલ તમે ॥ આખર તમે ॥ જાહેર તમે ॥ બાતિન[૧] તમો ॥ શાહ શ્રી મત્સ્યરૂપની દુવા ॥ શાહ શ્રી કૂર્મ રૂપની દુવા ॥ શાહ શ્રી વ્યરાહરૂપની દુવા ॥ શાહ શ્રી નૃસિંહ રૂપની દુવા ॥ શાહ શ્રી વામન રૂપની દુવા ॥ શાહ શ્રી પરશુરામ રૂપની દુવા ॥ શાહ શ્રી

૧. બાતિન-ગુપ્ત

રામ રૂપની દુવા ।। શાહ શ્રી કૃષ્ણ રૂપની દુવા ।। શાહ શ્રી બુદ્ધા રૂપની દુવા ।। શાહ શ્રી નિષ્કલંકી રૂપની દુવા ।। શાહ મુર્તુઝા અલીની દુવા ।। એક લાખ એંશીહજાર પીર પેગંબરની દુવા ।। ધરતી આસમાનની દુવા ।। અષ્ટકુલ પર્વતની દુવા ।। નવકુળ નાગની દુવા ।। ચાર કુળ મેઘની દુવા ।। ચાર ખામ, ચાર વાણની દુવા ।। ચાર વેદ, ચાર કિતાબની દુવા ।। ચંદ્ર સૂર્યની દુવા ।। નવ લાખ તારાની દુવા ।। ધ્રુવ મંડળની દુવા ।। સાત સહેરની દુવા ।। નવસેં નવ્વાણું નદીઓની દુવા ।। સાત ફિરસ્તાની દુવા ।। નવ નાથ, ચોરાશી સિદ્ધની દુવા ।। અઠયાસી સહસ્ત્ર ઋષિઓની દુવા ।। નવ્વાણું કરોડીસું

ઝાખાની દુવા ।। છપ્પન કરોડીસું મેઘાની દુવા ।। બત્રીસ કરોડીસું કિન્નારની દુવા ।। પાંચ કરોડીસું રાજા પ્રલ્હાદની દુવા ।। સાત કરોડીસું રાજા હરિશ્ચંદ્રની દુવા ।। નવ કરોડીસું રાજા યુધિષ્ઠિરની દુવા ।। બાર કરોડીસું પીર સુદરદીનની દુવા ।। બાર કરોડીસું કમળાકુંવરની દુવા ।। મુખી મુસાફરની દુવા ।। ફુલ ઋષિવર ગત ગંગાની દુવા ।। જીુમલી જમાતની દુવા ।। નબી નુર સદ્‌ગોર નર ઈસ્લામ-શાહની દુવા ।। અડસઠ તીર્થની દુવા ।। આદ્ય શક્તિની દુવા ।। ચોસઠ લાખ દેવીઓની દુવા ।। બાવા આદમની દુવા ।। મામા હવાની દુવા ।। સીત્તેર સહસ્ત્ર હુશ્યેની ફુલ કાયમના પરવારની દુવા ।। નબીની ઉમ્મતને ।। આખર વેળામાં ઉગાલી લેજો ।। રોજ કયામત માંહે દિદાર

દેજો ॥ દીન દુનિયાના બાદશાહ ॥ તમે સાહેબ સુલતાન ॥ જે ઉપન્યા અરબસ્તાન ॥ સહસ્ત્રદ્વીપે એરાકખંડ[1] કીધા મુકામ ॥ જે આવી વસ્યા ઉંચ મુલસ્થાન ॥ જેણે ગુર્જરખંડે કીધા ઠામ ॥ જે આવી વસ્યા આજ ગીરમથા ગામ ॥ તેનં પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ નામ ॥ જે કરશે અનંત કરોડી જીવોના કામ ॥ તે આદ્ય વિષ્ણુ નિરંજન ॥ નર અલી મહંમદશાહ નામ ॥ તમે કરો બંદાની મુશ્કેલ આસાન ॥ લક્ષ ચોરાશીના ફેરા ટાળો ॥ તેત્રીસ કરોડીના મેળા આપો ॥ જાંબુદ્વીપના ધણી ॥ સદ્દગોર ઈમામ શાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રઁસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી,

૧. એરાક ખંડ-એરાક જીલ્લો.

સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

शंते अग्निः सहाद्भिरस्तु शं सोमः सहौषधीभिः । एवाहं त्वां क्षेत्रियान्निर्ऋत्या जामिशंसाद् द्रुहो मुञ्चामि वरुणस्य पाशात् । अनागसं ब्रह्मणा त्वा कृणोमि शिवे ते द्यावापृथिवी उभे स्ताम् ॥२॥

अ० कां० २. अ० २ सू०१

ॐ

મંત્ર છત્રીસમો

મંત્ર છટ્ઠો જીવને ગુનાહ્ છોડાવવાનો છે.

ॐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિરેંહ્માં નિરંહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥

આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર પીર સુદરદીન ॥ સદ્ગોર પીર સાહેબદીન ॥ સદ્ગોર પીર નસીરદીન ॥ સદ્ગોર પીર શમ્સદીન નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ નબીનુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

શાહ સલા માલેકમ્[૧] ॥ મવ્લાના ફઝલ[૨] ॥ કરો ॥ વહલ[૩] કરો ॥ વકાવત[૪] કરો ॥ વજુદ્વંત[૫] કરો ॥ અલ્લાહ હક્ક તમે ॥ અલ્લાહ પાક તમે ॥ અલ્લાહ દીન તમે ॥ અલ્લાહ દુનિયા તમે ॥ અલ્લાહ ખુદા તમે ॥ અલ્લાહ ખાલક તમે ॥ અલ્લાહ ઈંદ્ર તમે ॥ અલ્લાહ

૧. સલામાલેકમ્ - પ્રભુ તમારૂં રક્ષણ કરે. પ્રભુ તમે શરણમાં રાખો. ૨. ફઝલ કરો- બરકત કરો. ૩. વહલ કરો - નરમ કરો, સહેલું કરો . ૪. વકૌવત-અને બળવાન. ૫. વજુદવંત-પવિત્ર શરીરવાળો, અખંડ શરીરવાળો.

ઈમામ તમે || અલ્લાહ રામ તમે || અલ્લાહ રહેમાન[૬] તમે || અલ્લાહ અવ્વલ તમે || અલ્લાહ આખર તમે || અલ્લાહ જાહેર તમે || અલ્લાહ ભાતિન તમે || અલ્લાહ કાદિર[૭] તમે || અલ્લાહ કરીમ[૮] તમે || અલ્લાહ હો[૯] તમે || અલ્લાહ હોસો તમે || અલ્લાહ છો તમે || અલ્લાહ આદ્ય તમે || અલ્લાહ અંત તમે || અલ્લાહ મધ્ય તમે || અલ્લાહ કરીમી[૧૦] તમે || અલ્લાહ ધર્મી તમે || અલ્લાહ નિષ્કલંકી તમે || અલ્લાહ નારાયણ તમે || અલ્લાહ હઝરત મુર્તુઝા અલી તમે || અવ્વલ અલી || આખર અલી || જાહેર અલી ||બાતિન અલી || બુઝુરૂક[૧૧] અલી || મવૂલાના અલી ||

૬. રહેમાન-દયાળુ ૭. કાદિર-સત્તાવાન. ૮. કરીમ-દયાળુ. ૯. હો - છો. ૧૦ કરીમી દયાળુ. ૧૧. બુઝુરૂક-મોટ, ઘરડા.

ગુમુટ ગિર્દાન[૧૨] અલી ॥ એ ત્રણ પહોર ત્રણ તાર્યા અલી ॥ ચોથે પહોરે પાર ઉતારો તમે ॥ જાંબુદ્વિપે તખ્ત રચાવો અલી ॥ યુગે યુગના ફર્માને[૧૩] વરી ॥ દૈત્યના પીરાણા[૧૪] ॥ ભાંગો ॥ ધર્મનો જય કરો ॥ પાપનો ક્ષય કરો ॥ સાચ પેદા કરો ॥ કુડ પરહરો ॥ અક્કલસું ખબર કરો ॥ તમારા નામથી શબ્દ દીજીએ ॥ શાહ જીવે ॥ અનંત જીવો ॥ રહેમ કરો ॥ મહંમદ અરબી ॥ નબી રસુલિલ્લાહ્ ॥ હક[૧] સનાસી ॥ દફે બલાહ ॥ યા સાહેબ ખુરાસાનની[૨] વાડી[૩] હરિ કરો[૪] ॥ યા સાહેબ અગરેબ[૫] મગરેબની[૬] વાડી હરિ કરો ॥ યા ॥

---

૧૨. ગુમુટ-બ્રહ્માંડ આકાશ ગિર્દાન-ફેરવનાર ૧૩. ફર્માને વરી-ફર્માને વરેલ, આજ્ઞાએ વરેલ. ૧૪. પીયાણા-મેલાણા. જગ્યા.

૧. હક સનાસા-પરમાત્માના ભેદુ, પરમાત્માને ઓળખના ૨. ખુરાસાન-સહસ્ત્રદ્વીપનું એક શહેર. ૩. વાડી-વંશ ભક્ત. ૪. હરિ-લીલી. ૫. અગરેબ-ઉગમણું, ૬. મગરેબ-આથમણું.

સાહેબ મુલતાનની વાડી હરિ કરો ॥ યા સાહેબ તમારા નગરની વાડી હરિ કરો ॥ યા સાહેબ તમારા જિન્નતની[૭] વાડી હરિ કરો ॥ યા સાહેબ સલામત[૮] ઈસ્લામની[૯] વાડી કરો ॥ અમારા નામ તો મોતીઆ કુત્તા[૧૦] ॥ તમારા દરબારે ઉભા ॥ હડ હડ કરો તો જાઉં ॥ કુ કુ કરો તો આઉં ॥ ગલે બાંધી જેવડી[૧૧] ॥ જ્યાં ખેંચો દોરી, ત્યાં જાઉં ॥ યા સાહેબ ફઝલ કરો ॥ યા સાહેબ રહેમ કરો ॥ યા સાહેબ મહેર કરો ॥ યા સાહેબ કરમ[૧૨] કરો ॥ યા સાહેબ વિકર્મ પરહરો ॥ યા શાહ ગુનાહ્ માફ કરો ॥ યા શાહ રોજ નફા કરો ॥ યા શાહ પુરાને પાર

૭. જિન્નત-સ્વર્ગ સલામત-અખંડ. ૯. ઈસ્લામ-હમેશ રહેનારો, સનાતન જુનો. ૧૦. કુત્તા-કુતરૂં. ૧૧. જેવટી-દોરી. ૧૨. કરમ-દયા. ૧૩. ખાના-ઘર. ૧૪. અવાદન-આબાદ, ભરેલું.

ઉતારો ॥ દોસ્તી મહંમદ મુસ્તુફાની[૧૫] ॥ દોસ્તી[૧૬] બીબી ફાતમાહની ॥ દોસ્તી શાહ મુર્તુઝા અલીની ॥ દોસ્તી ઈમામ હશન હુશ્યેનની ॥ દોસ્તી બડા બુઝુરૂ-ગોની ॥ દોસ્તી નબી નુર સદ્‌ગોર નર ઈસ્લામશાહની ॥ દોસ્તી પીર સલાહોદીનની ॥ દોસ્તી પીર શમ્સદીનની ॥ દોસ્તી પીર નસીરદીનની ॥ દોસ્તી પીર સાહેબદીનની ॥ પીર સુદરદીનની ॥ દોસ્તી પીર કબીરદીનની ॥ દોસ્તી સદ્‌ગોર ઈમામશાહની ॥ દોસ્તી નર અલી મહંમદશાહની ॥ દોસ્તી સીત્તેર સહસ્ત્ર હુશ્યેની ॥ કુલ કાયમના પરવારની ॥ દોસ્તી એક લાખ ને એંસી હજાર પીર પેગંબરની ॥ દોસ્તી સાત ફિરસ્તાની ॥ દોસ્તી નવ નાથ, ચોરાશી સિદ્ધની ॥

૧૫. મુસ્તુફા - મનુષ્યભાવના વિકારોથી પવિત્ર. ૧૬. દોસ્તી-પ્રેમ, સ્નેહ.

દોસ્તી અઠયાસી સહસ્ત્ર ઋષિની ॥ દોસ્તી સાત સાહેરની ॥ દોસ્તી નવસેં નવ્વાણું નદીઓની ॥ દોસ્તી ચંદ્રમાં સૂર્યની ॥ દોસ્તી નવ લાખ તારોની ॥ દોસ્તી અષ્ટકુળ પર્વતની ॥ દોસ્તી નવકુળ નાગની ॥ દોસ્તી ચાર કુળ મેઘની ॥ દોસ્તી અઢારભાર વનસ્પતિની દોસ્તીએ ॥ એ જીવના ગુનાહ્ માફ કરો ॥ યુગોયુગના કર્મ બંધન છોડો ॥ ચોરાશી અવતારના દુઃખ ભાંગો ॥ દોસ્તી છપ્પન કરોડીસું મેઘાની ॥ દોસ્તી બત્રીસ કરોડીસું પ્રહલાદની ॥ દોસ્તી પાંચ કરોડીસું રાજા હરિશ્ચંદની ॥ દોસ્તી નવ કરોડીસું રાજા યુધિષ્ઠિરની ॥ દોસ્તી બાર કરોડીસું કમલાકુંવરની ॥ દોસ્તી

અનંત કરોડીસું પીર હશનશાહની ॥ દોસ્તી જમીન આસમાનની ॥ દોસ્તી પવન પાણીની ॥ દોસ્તી મુખ મુસાફરની ॥ દોસ્તી કુલ ઋષિવર ગત ગંગાની ॥ દોસ્તી જાુલમી જમાતની ॥ દોસ્તી પીરશાહના જાપની એ ॥ જીવના ગુનાહ બક્ષો ॥ લક્ષ ચોરાશીના ફેરા ટાળો ॥ દોસ્તી કુલ્લ[1] રાહી[2] દરગાહીની[3] ॥ દોસ્તી પીર વકીલની ॥ દોસ્તી ચોસઠ લાખ દેવીઓની ॥ દોસ્તી અગ્નિ તેજ અન્ય દેવની ॥ દોસ્તી યતિ, સતિ, સંતોષી જીવોની ॥ દોસ્તી ચાર ખાણ ચાર વાણની ॥ દોસ્તી ચાર વેદ, ચાર કિતાબની ॥ દોસ્તી સાત વાર, સત્તાવીસ નક્ષત્રની ॥ દોસ્તી પંદર તિથિ ને બાર કરણની ॥ દોસ્તી નવ ગ્રહની ॥

૧. કુલ્લ-સર્વ. ૨. રાહી-રસ્તે ચડેલા. ૩. દરગાહી-સ્થાને પહોંચેલા.

દોસ્તી અડસઠ તીર્થની ॥ દોસ્તી દસ દિશાની ॥ દોસ્તી હીણા ખીણા જીવોની ॥ દોસ્તી લક્ષ ચોરાશી જીવયોનિની ॥ એ જીવોના પાપ પ્રલય કરો ॥ એ બંદાને વૈકુંઠમાં વાસ આપો ॥ એ બંદા નકુચ્છ[1] અબુજ છે ॥ એ બંદો પેટાર્થી[2] ક્ષુધાર્થી[3] છે ॥ એ બંદો ઘટાર્થી[4] લોભાર્થી છે ॥ બંધા સ્વાર્થી લવાર્થી[5] છે ॥ બંદા સત્યહીન, દત્તહીન છે ॥ બંદા લાઈ સુતક ભર્યા છે ॥ એ બંદા મોંના જાુઠા ॥ દિલના ખોટા છે ॥ મહેરબાન બાદશાહજી ॥ મહેર કરો ॥ અંધારે અજવાળું કરો ॥ પડ્યા પિંડને પ્રગટ કરો ॥ જે કોઈ આવા સત્પંથ દેખાડે ॥ તેના ઈકોતેરસો પરીઆ[6] તારો ॥ બંદા

૧. નકુચ્ચ=તુચ્છ માત્ર. ૨. અબુજ-અજ્ઞાની, ન સમજે એવો. ૨. પેટાર્થી-પેટની ઈચ્છા કરવા વાળો. ૩. ક્ષુધાર્થી - ભુખ્યો ૪. ઘટાર્થી-ઘરનો લોભી, સ્વાર્થી ૫. લવાર્થી-બહુબોલો. ૬. પરીઆ-ગત પેઢી,

કરણ કલપના યુગોયુગના ગુનેહ્ગાર છે ॥ રાતેરાતના, દહાડે દહાડાના એ બંદા ગુનેહ્ગાર છે ॥ મન ચિત્તના ગુનાહ્ ॥ મંછા[૭] કર્મના ગુનાહ ॥ તમે કાદિર છો ॥ કરમ કરો ॥ કીધા ગુનાહ બક્ષો ॥ બીજા ગુનાહ્ ના કરાવશો ॥ દીવાન બાદશાહજી ॥ શાહ શ્રી મત્સ્ય તમે ॥ શાહ શ્રી કૂર્મ તમે ॥ શાહ શ્રી વ્યારાહ તમે ॥ શાહ શ્રી નૃસિંહ તમે ॥ શાહ શ્રી વામન તમે ॥ શાહ શ્રી પરશુરામ તમે ॥ શાહ શ્રી રામ તમે ॥ શાહ શ્રી કૃષ્ણ તમે ॥ શાહ શ્રી બુદ્ધા તમે ॥ શાહ શ્રી નિષ્કલઠકી તમે ॥ દસમો અવતાર ॥ શાહ મુર્તુઝાઅલી ॥ તમે જીવોના તારણહાર ॥ કર્મ નબી નુર સદ્ગોર મહંમદ મુસ્તુફાનું ॥

૭. મંછા-મનની કલ્પનાના.

સફાયત બીબી ફાતમાહની ॥હક્કતઆલ્લા[૮] કબુલ કરો ॥ એ બંદાના ગુનાહ માફ કરો ॥ જાંબુદ્વીપના ધણી ॥ તમો જીવોના તારણહાર ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રૈસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૮. હક્ક ત આલા-પરમાત્માનું નામ છે.

यद् दुष्कृतं यच्छमलं यद्कवा चेरिम पापया ॥
त्यया तद् विश्वतोमुखापामार्गाप मृज्यहें ॥२॥

अ० कां० ७. अ० ६ सू० २.

ॐ

મંત્ર સાડત્રીસમો

ચાલ્યા જીવને ઉઠાસણાનો

મંત્ર પહેલો સ્વેદજ૧ ખાણીનો છે. ॥૧॥

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ-શાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજ નર અલી મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥

૧. સ્વેદ-પરસેવો.

સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ સદ્‌ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્‌ગોર તમારી દુવા ॥

સ્વામી આદ્ય તમે ॥ ઉનાદ તમે ॥ સાદ તમે ॥ શબ્દ તમે ॥ તેજ તમે ॥ બિંબ તમે ॥ ઈંડે તમે ॥ પિંડ તમે ॥ નુર તમે ॥ નિરંજન તમે ॥ નિરંજન તે નિરાકાર ॥ પેદા કીધી મૂરત ચાર ॥ શબ્દથી સૃજ્યો સંસાસ ॥ આદ્યે સૃજી ચારે ખાણ ॥ ચતુર મૂરતે વરતી વાણ ॥ ત્યારે બ્રહ્મ થયા પ્રકાશ ॥ ઉપજ્યા પિંડ જીવ ને સાંસ ॥ અત્રંગ[1] આસન બેઠા રહ્યા ॥ અને હરિએ ગોર કહ્યું જ્ઞાન ॥

૧. અત્રંગ-અધ્ધર, આધાર વિના.

તેજ સદ્‌ગોરે કીધું જાણ ।। એકે વચન માન્યા સોએ ।। બે ઈમાની મુકર્યા[૨] દોએ ।। ઈમાનનીને આલ્યો સત્પંથ ।। બે ઈમાનીને પડીયા ફંદ ।। મુકયા દોએ ।। પરમાણ્યા ને પામ્યા ધર્મ ।। મુકર્યા તે શિર બેઠા કર્મ ।। તેના કીધા ત્રણ જ ભાગ ।। યુગ સ્વરૂપી સજર્યા દાગ[૩] ।। લક્ષ ચોરાશીના ફેરા ફર્યા ।। કરણ કલફમાં જીવ અવતર્યા ।। જે કોઈ દેહે આસને રહ્યા ।। વારા સહા તે અમરાપુર ગયા ।। જે કોઈ ભણીયા ઋગ્વેદ ।। તે જીવ પામ્યા અમર ભેદ ।। શ્વેત[૪] વ્યારાહ કલપ જો રહ્યા ।। ત્યારે બ્રહ્માને હુકમ જો થયા ।। તેના કીધા યુગ ચાર ।। શકતી રૂપી રચ્યો સંસાર ।। કર્તાયુગમાં સ્વેદજ ખાણ ।। જેણે ગોર

૨. મુકર્યા-ઈન્કાર કરી ગયા. ત્યજી ગયા. ૩. દાગ-નિશાન, ધાબુ, અંતિમ સંસ્કાર. ૪. શ્વેત વ્યારાહ કલપ-ખલીપા કલપ.

નર કીધા પરમાણ ॥ ઋગ્વેદી દેખાડ્યા ધર્મ ॥ તે જીવ અમર થઈને છુટ્યા કર્મ ॥ માન્યા તે અમરાપુર ગયા ॥ મુક્યાં તે ફેરામાં રહ્યા ॥૧॥ ત્રેતાયુગમાં ઈંડજ ખાણ ॥ જેણે ગોરનર કીધા પરમાણ ॥ યજુર્વેદી દેખાડ્યા ધર્મ ॥ તે જીવ અમર થયા ને છુટ્યા કર્મ ॥ માન્યા તે અમરાપુર ગયા ॥ મુક્યાં તે ફેરામાં રહ્યા ॥૨॥ દ્વાપર યુગમાં ઉદરબીજ ખાણ ॥ જેણએ ગોર નર કીધા પરમાણ ॥ સામવેદી દેખાડ્યા ધર્મ ॥ તે જીવ અમર થયા ને છુટ્યા કર્મ ॥ તે જીવ અમર થયા ને છુટ્યા કર્મ ॥ માન્યા તે અમરાપુર ગયા ॥ મુક્યાં તે ફેરામાં રહ્યા આજ કલિયુગમાં જરોજ ખાણ ॥ જેણે ગોર નર કીધા પરમાણ ॥ અથર્વવેદી દેખાડ્યા ધર્મ ॥ તે જીવ અમર થયા ને છુટ્યા કર્મ ॥ માન્યા તે

અમરાપુર ગયા ॥ મુક્યાં તે ફેરામાં રહ્યા ॥ ૩॥ તમે અલી નિરંજન ॥ નિષ્કલંકી નારાયણ ॥ નર ઈસ્લામશાહ દાતાર ॥ નર અલી મહંમદશાહ ॥ મવ્‌લાના સાહેબ સુલતાન ॥ જીવોને છોડાવો સ્વેદજ ખાણ ॥ ફેરા છોડાવો એકવીસ લાખ ॥ ઋગ્વેદે પૂરી સાખ ॥ તમારો આડો[૧] ॥ તમારો પાડો[૨] ॥ તમારો વાડો[૩] ॥ એ જીવને સ્વેદજ ખાણી માંહેથી કાઢો ॥ સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ પંચમુખી[૪] બ્રહ્મા ॥ નર અલી અહંમદશાહ ॥ આદ્ય વિષ્ણુ નારાયણનો અવતાર ॥ તમે ધરી અયુધ[૫] ને લ્યો શણગાર ॥ બાંધો હથિયાર ॥ વારાના ધણી ॥ ચિંતા કરો એ જીવ તણી ॥ તમે બાંધો દૈત્યસું

૧. આડો-સંઘ. ૨. પાડો-પડોશી. ૩. વાડો-સંપ્રદાય, ટોળું. ૪. પંચ મુખી બ્રહ્મા-આદિ બ્રહ્મ. ૫. આયુધ-હથિયાર.

આડો[૬] ।। તમારા જીવને સ્વેદજ ખાણી માંહેથી કાઢા ।। તમે જાણો ।। ને તમે પીછાણો ।। છોડાવો ખાણો ને જીવને માર્ગે આણો ।। અલી નબી નર ઈસ્લામશાહ દાતાર ।। સદ્‌ગોર સુદરદીન તમારા વાયકે ।। તમારે ગજ સિક્કોર[૭] ।। તમારો પાડો ।। તમારા નામ નુરની દોસ્તી ।। જાંબુદ્વીપ કુંવારકા ક્ષેત્રની દોસ્તી ।। એ જીવને સ્વેદજ ખાણી માંહેથી કાઢો ।। એકવીસ લાખ ફેરાના કર્મ બંધન છોડો ।। એ જીવને સતી લોકની સોબતમાં જોડો ।। એ જીવના ભવોભવના પાપ મોડો[૮] ।। તમે જીવ ઉપજાવ્યા ।। તમે જીવને સંભાળો ।। એકવીસ લાખ ફેરા પ્રલય કરો ।। આ સત્પંથની દોસ્તી ।। તમે જીવને કર

૬. આડો-ટાળવાનો ઉપાય. ૭. ગજ સિક્કો-મોહોર છાપ, ૮. મોડો-દૂર કરો ટાળો.

ધરો ॥ તમે જીવને જાણો ॥ તમારે પારે આણો ॥ નબી નુર સદ્ગોર પાત્ર બ્રહ્માજી ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

आपो वत्सं जनयन्ती गर्भमग्रे समैरन् ।

तस्योत जायमानस्योलव आसीद्धिरण्ययः कस्मै देवाय हविषा

विधेम ॥८॥

अ० कां० ४. अ० १ सू० ३.

ॐ

મંત્ર આડત્રીસમો

ચાલ્યા જીવને ઉઠાસણાનો

મંત્ર બીજો ઈંડજ[1] ખાણીનો છે. ॥૨॥

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી

૧. ઈંડજ-ઈંડ માંહેથી ઉત્પન્ન થતા જીવોની ખાણ.

મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર પીર સુદરદીન । સદ્ગોર પીર સાહેબદીન ॥ સદ્ગોર પીર નસીરદીન ॥ સદ્ગોર પીર શમ્સદીન ॥ સદ્ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ નબીનુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

સ્વામી તમે આદ્ય નિરંજન નિરાકાર ॥ અહદ[1] થકી રચ્યો સંસાર ॥ પહેલી સર્જી ખાણી ચાર ॥ ચતુર્ મૂરતે કીધો વિસ્તાર ॥ ચતુર વેદ તે સચરાચાર ॥ તમો નિરંજને ધર્યા અવતાર ॥ નર નારીનો એક વિચાર ॥ સ્વામી તમે સદ્ગોરને સોંપ્યા ધર્મ ॥ રચી સત્પંથ ને ઉતાર્યા કર્મ ॥ ત્રણ[2] મૂરતે ધર્યા અવતાર ॥ શક્તિ રૂપી રચ્યો સંસાર ॥

૧. અહદ-એકજ મૂળ પુરુષ. ૨. ત્રણ-બ્રહ્મા, વિષ્ણુ અને શક્તિ.

માયા રચી અનંત અપાર ॥ તમે નિરંજન સર્જનહાર ॥ ઈંડજ ખાણીમાં જીવ અવતર્યો ॥ એકવીસ લાખ તો ફેરા ફર્યો ॥ યજુર્વેદે પૂરી સાખ ॥ ફેરા ટાળો એકવીસ લાખ ॥ અમરભેદસું લાગ્યું ધ્યાન ॥ વર્યા ગોર નરને કહી ફર્માન ॥ ઓળખ્યા અમે વિષ્ણુ નારાયણ ધણી ॥ તમે ચિંતા કરો એ જીવ તણી ॥ તમારો આડો ॥ તમારો પાડો ॥ તમારો વાડો ॥ એ જીવને ઈંડજ ખાણી માંહેતી કાઢો ॥ તમે એ જીવના પાપ મોડો ॥ તમે અલી નિરંજન નિષ્કલંકી નારાયણ ॥ એ જીવને આશા છે ઘણી ॥ છુટાડો ઈંડજ ખાણી માંહેથી ત્રિભુવન ધણી ॥ તમે સાહેબ ॥ તમે સુલતાન ॥ તમે સુલ્હાન[3] ॥ તમે જીવોના સર્જન

૩. સુલ્હાન-સર્વ ગુણ સંપુર્ણ.

હાર ॥ જાંબુદ્વીપ કુંવારકા ક્ષેત્રને સ્થળે એ જીવને આલો દિદાર ॥ સદ્દગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે

पृच्छामि त्वा परमन्तं पृथिव्याः पृच्छामि वृष्णो अवस्य रेतः ॥

पृच्छामि विश्वस्य भुवनस्य नाभिं पृच्छामि वाचः परमं

व्योमि ॥१३॥

अ० कां० ९. अ० ५ सू० २.

મંત્ર ઓગણચાલીસમો

ચાલ્યા જીવને ઉઠાસણાનો

મંત્ર ત્રીજો ઉદબીજ[1] ખાણી છે. ॥૩॥

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્દગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ-શાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી

૧. ઉદબીજ-બીજથી ઉગતા તરુઓ, ઝાડ

મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ સદ્‌ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્‌ગોર તમારી દુવા ॥

સ્વામી તમે આદ્ય નિરંજન દેવ ॥ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર ॥ શિવ શકિતથી સૃજ્યો સંસાર ॥ તમે નિરંજન નિરાકાર ॥ ખાણથી રચ્યો સંસાર ॥ વેદથી કર્યો વિસ્તાર ॥ સર્જી ખાણ ને સર્જી માયા ॥ ખાણમાં ઉપજ્યા ને ખાણમાં સમાયા ॥ વિષ્ણુ બીરજ[1] ને બ્રહ્મા કાયા ॥ મંત્ર મહાદેવ ને શકિત માયા સમાયા ॥ ચતુર મૂરત તે નિરંજન તમે

૧. બીરજ-બીજ.

ઉપાયા ॥ ઉદબીજ ખાણીમાં જીવ અવતર્યા ॥ એકવીસ લાખ તો ફેરા ફર્યા ॥ સામવેદે પૂરી સાખ ॥ ફેરા ટાળો એકવીસ લાખ ॥ ત્રણ દેવને શક્તિ સાર ॥ તમે નિરંજન ધર્યા અવતાર ॥ ત્રણે દેવથી રચ્યા સત્પંથ ॥ તમથી છુટે જીવોના ફેરા ફંદ ॥ નર તમે ॥ નિરંજન તમે ॥ નરાકાર[૨] તમે ॥ નિષ્કલંકી તમે ॥ નારાયણ તમે ॥ ગુનેહ્ગાર છું અમે ॥ સ્વામી ગુનાહ્ બક્ષો તમે ॥ ઉણીયારી છું અમે ॥ અમે અલી નિરંજન નર ઈસ્લામશાહ દાતાર ॥ નર મહંમદશાહ મવ્લાના તમે કરો અશંત કરોડી જીવોનો નિસ્તાર ॥ અલી નિરંજન નિષ્કલંકી નારાયણ ॥ તમથી છુટે પિંડ ને પ્રાણ ॥ પીર શમ્સદીનથી

૨. નરાકાર-(નર+આકાર) પુરુષાકાર.

ધર્મ પરમાણ ॥ પીર સુદરદીનથી જીવોના નિર્વાણ ॥ ઈમામશાહ ॥ મહંમદશાહ કરો જીવોના પરમાણ ॥ છુટાડો જીવોને ઉદબીજ ખાણ ॥ આદ્ય નિષ્ણુ નિરંજન નિષ્કલંકી નર ઈસ્લામ-શાહ ધણી ॥ તમે ચિંતા કરો એ જીવતણી ॥ તમારો આડો ॥ તમારો પાડો[1] ॥ તમારો વાડો ॥ એ જીવને ઉદબીજ ખાણી માંહેથી કાઢો ॥ જાંબુદ્વીપના ધણી ॥ નર અલી મહંમદશાહ ॥ તમે ચિંતા કરોએ જીવ તણી ॥ એ જીવના ભવોભવના પાપ મોડો ॥ અમરભેદની સંગત સોબત માંહે જોડો ॥ તમે દેખાડો જીવને પાર ॥ ચૌદ ભુવનના તમે સર્જનહાર ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

૧. પાડો-પાડોશ

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

य ई चकार न सो अस्य वेद य ई ददर्श हिरुगिन्नु तस्मात् ॥
समातुर्योना परिवीतो अन्तर्बहुप्रजा विर्ऋतिरा विवेरा ॥१०॥

अ० कां० ९. अ० ५ सू० २.

ॐ

મંત્ર ચાલીસમો

ચાલ્યા જીવને ઉઠાસણાનો

મંત્ર ચોથો જરાજ[1] ખાણીના જીવનો છે. ॥૪॥

ૐ ફર્માનજી બસ્મિલ્લાહ્ હિર્રેહૂમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ-શાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી

૧. જરાજ ખાણી - જન્મ લેવાતી એ જીવ ઉત્પન્ન થાય તેની ખાણ.

મહંમદશાહ ।। સદ્‌ગોર પીર કબીરદીન સદ્‌ગોર પીર સુદરદીન ।। સદ્‌ગોર પીર સાહેબદીન ।। સદ્‌ગોર પીર નસીરદીન ।। સદ્‌ગોર પીર શમ્સદીન ।। સદ્‌ગોર પીર સલાહોદીન ।। નર ઈસ્લામશાહ ।। નર અલી નિરંજન નામ નબીનુર સદ્‌ગોર ।। તમારી દુવા ।।

સ્વામી આદ્ય નિરંજન તમે ।। અગમ અગોચર તમે ।। સ્થાન સ્થાનેત્ર તમે ।। કરણ કલપમાં તમે ।। યુગોયગોત્રે તમે ।। આસને સ્થળે તમે ।। ધ્યાનમાં તમે ।। ધંધુકારમાં તમે ।। ઈંડમાં તમે ।। પિંડમાં તમે ।। નવખંડમાં તમે ।। બ્રહ્માંડમાં તમે ।। તમે ભણતા તમારો જાપ ।। તમે ઉપન્યા તે આપો આપ ।। સ્વામી તમે ત્રણ દેવ ઉપાયા ।। કરી કૃત્યને સર્જી માયા ।। તમે સર્જી ચારે ખાણ ।।

તમે સજર્યા પિંડને પ્રાણ ॥ પછી સર્જી ચાર વાણ ॥ વાણી થકી કર્યો વિસ્તાર ॥ સર્જો વેદ ને ઓંમ (ૐ) કાર. ॥ સર્જી સૃષ્ટિને સકળ[૧] સંસાર ॥ લક્ષ ચોરાશી ફેરા ફર્યા ॥ રુંઢ માળાએ સૌ અવતર્યા ॥ ફેરે પડીઆ સૌ જીવને જંત ॥ રચી માયા તે અકળ અનંત ॥ તમે નિરંજન આપે હરિ ॥ બ્રહ્મા, વિષ્ણુએ સૃષ્ટિ જો કરી ॥ ફરતી કીધી ચારે ખાણ ॥ ઉત્તમ મધ્યમ સજર્યા પ્રાણ ॥ તમે અવતર્યા નારાયણ ॥ બ્રહ્મા, વિષ્ણુ રહ્યા પરમાણ ॥ સજર્યા સત્પંથને સ્થાપ્યા ધર્મ ॥ ઈમાની જીવને આપ્યા મર્મ[૨] ॥ બેઈમાની શિર બેઠા કર્મ ॥ અથર્વવેદની પુરી સાખ ॥ ફેરા ટાળો એકવીસ લાખ ॥ આદ્ય

૧. સકળ-સર્વ ૨. મર્મ-ગુઢાર્થ, ભેદ.

નિરંજન નર હરિ ।। નારાયણ ।। બ્રહ્મા ।। વિષ્ણુ ।। મહેશ્વર ।। ત્રણે સજર્યા પ્રાણ ।। નિરંજન નિષ્કલંકી અલી અવતાર ।। તમે કીધા આવા વેદ વિસ્તાર ।। આદ્ય બ્રહ્મા નબી મહંમદ રસુલ ।। હક્ક શાહ મુર્તુઝા અલી ।। ઈમામ હશન ।। ઈમામ હુશ્યેન ।। ઈમામ જયનુલ આબેદીં ।। ઈમામ મહંમદ બાકર ।। ઈમામ જાફરો સાદિક ।। ઈમામ ઈસ્માઈલ ।। સૈયદ નુર મહંમદશાહ ।। તમારો પરવાર ।। નબી નુર સદ્દગોર નર ઈસ્લામશાહ દાતાર ।। સદ્દગોર સલાહોદીન ।। સદ્દગોર શમ્સદીન ।। સદ્દગોર નસીરદીન ।। સદ્દગોર કબીરદીન ।। સદ્દગોર ઈમામ શાહ ।। નર અલી મહંમદશાહ ।। મવલાના સુલતાન ।। વારાના ધણી ।। તમો

ચિતા કરો એ જીવ તણી ॥ તમારો આડો ॥ તમારો પાડો તમારો વાડો ॥ એ જીવને જરાજ ખાણી માંહેથી કાઢો ॥ એ જીવ લક્ષ ચોરાશી ફેરા ફર્યો ॥ જરાજ ખાણીમાં આવી અવતર્યો ॥ સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલીમહંમદ શાહ ॥ મવ્‌લાના ॥ તમે જીવોના તારણહાર ॥ કરગર્યા કાન ધરો ॥ સમર્યા સ્હાય્ય કરો ॥ વારાના મરદ તમે ॥ જીવોને છુટાડો ॥ જરાજ ખાણી માંહેથી કાઢો ॥ જાંબુદ્વીપને ભરતખંડ કુંવારકા ક્ષેત્ર માંહે પરવાર તમારો ॥ નર નામની દુવા સહી ॥ તમારા જીવ જુમલી જમાતની દુવા સહી ॥ હીણા ખીણા જીવ ઋષિવરની દુવા સહી ॥ કાયમ

તમારા વંશ પરવારની દુવા સહી ॥ નબી આલ અલી ઓલાદની દુવા સહી ॥ તમારી કલમા કાંડીના દુવા સહી ॥ તમારા નુર ફર્માનની દુવા સહી ॥ એ જીવને લક્ષ ચોરાશી ફેરાથી છુટાડો ॥ જરાજ ખાણી માંહેથી કાઢો ॥ ચારે ખાણીના ફેરા ટાળો ॥ તેત્રીસ કરોડીના મેળા આલો ॥ જાંબુદ્વીપના ધણી ॥ ચિંતા કરો એ જીવ તણી ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

मागतानामा दीधी था ये नयन्ति परावतम् ।

आ रोह तमसो ज्योति रेद्यो ते हस्तौ रभामहे ॥८॥

मैतं पन्थामनुं गा भीम एष येन पूर्व नेयथ तं ब्रवीमि ।

तम् एवत् पुरुष मा पत्था भयं परस्ताद भयं ते अर्वाक् ॥१०॥

उत् त्वा द्यौरुत् पृतिव्यत् प्रजापतिरग्रभीत्

उत् त्या मृत्योरोषध यः सोमराज्ञीरपीपरन् ॥ १७ ।

अ० कां० ८. अ० १ सू० १.

ॐ

મંત્ર એકતાલીસમો

ચાલ્યા જીવને ઉઠાસણાનો

મંત્ર પાંચમો જીવને રવીમંડળ[1] પહોંચાડવાનો ॥૫॥

ૐ ફર્મનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

---

૧. રવીમંડળ - સૂર્યભુવન.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ સદ્‌ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ નબીનર સદ્‌ગોર ॥ તમારી દુવા ॥

સ્વામી તમે આદ્ય નિરંજન નિરાકાર ॥ ઑમ (ૐ) કારથી સૌ વિસ્તાર ॥ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, શક્તિ સાર ॥ તમે નિરંજન અહદ રૂપે કીરતાર ॥ તમે શ્રી મત્સ્ય ॥ તમે શ્રી કૂર્મ ॥ તમે શ્રી વ્યારાહ ॥ તમે શ્રી નૃસિંહ ॥ તમે શ્રી વામન ॥ તમે શ્રી પરશુરામ ॥ તમે શ્રી રામ ॥ તમે શ્રી કૃષ્ણ ॥ તમે શ્રી

બુદ્ધા ॥ તમે શ્રી નિષ્કલંકી દસમો અવતાર ॥ નર ઈસ્લામશાહ દાતાર ॥ નર અલી મહંમદશાહ ॥ જીવોના તારણહાર ॥ જાંબુદ્વીપને ભરતખંટે કુંવારકા ક્ષેત્રને સ્થળે ॥ અથર્વ વેદસું કરો જીવોનો વેપાર ॥ હવે ઈયાહ થાશે એકાકાર ॥ તમે રચો મહાદન વારો૧ ॥ વસમર ને વર દાતાર ॥ સ્વામીજી તમે ફલાણા જીવને તારો ॥ સ્વર્ગ અમરાપુરે બેસાડો ॥ નર અલી મહંમદશાહ ॥ સદ્ગોર ઈમામશાહની દુવા ॥ સદ્ગોર કબીરદીનની દુવા ॥ સદ્ગોર સુદરદીનની દુવા ॥ સદ્ગોર સાહેબદીનની દુવા ॥ સદ્ગો નસીરદીનની દુવા ॥ સદ્ગોર શમ્સદીનની દુવા ॥ સદ્ગોર સલાહોદીનની દુવા ॥ નબી નુર સદ્ગોર નર ઈસ્લામ

૧. વારો-સમય, વેળા. ૨. વસમ-કુંવારકા પૃથ્વી, ધરતી માતા.

શાહ ॥ તમારી દુવા ॥ આદ્ય વિષ્ણુ નારાયણ ॥ સૃષ્ટિના ધણી ॥ તમે રચ્યો સત્પંથ ॥ તમે ચિંતા કરો એ જીવ તમી ॥ દસે અવતારમાં તમે નિરંજન નિરાકાર ॥ ચાલીશ૧ ઈમામની દુવા ॥

---

૧. ચાલીસ ઈમામ-વિષ્ણુના કળિયુગના ચાલીસ શરીરો. ૧. શ્રી અલી ૨. ઈમામ હશન હુશ્યેન. ૩. ઈમામ ઝયનુલ આલેદીં. ૪. ઈમામ મહંમદ બાકર. ૫. ઈમામ જાફરો સાદિક. ૬ ઈમામ ઈસ્માઈલ. ૭. ઈમામ મહંમદ અકબર. ૮. ઈમામ વફી મહંમદ. . ઈમામ તકી મહંમદ ૧૦ ઈમામ રઝી અબ્દુલ્લાહ. ૧૧ ઈમામ મેંહેંદી ૧૨. ઈમામ કાયમદીન. ૧૩ ઈમામ મન્સુરઅલી. ૧૪. ઈમામ મોએઝોદીન. ૧૫. ઈમામ અઝીઝઅલી ૧૬. ઈમામ હાકેમઅલી. ૧૭. ઈ.જાહેરઅલી. ૧૮. ઈ. મુન્તે શિર બિલ્લાહ. ૧૯. ઈ. નિજાર. ૨૦. ઈ. હાદી. ૨૧. ઈ. મોહતદી. ૨૨. ઈ.કાહેર. ૨૩. ઈ. અલ્લાહ જીક્કર તિસ્સલામ ૨૪. ઈ. મહંમદ ૨૫. ઈ. જલાલોદીન હશન. ૨૬. ઈ. અલાઓદીન મહંમદ એમને હલાકુખાએ યુદ્ધમાં શહીદ કર્યા, એમના દીકરા રૂકનુદ્દીન ખુર્દ્દસાલ અગીયાર વર્ષના ને અગીયાર દિવસ પછી પાણીમાં નાખી દઈ શહીદ કર્યા એટલે અલાઓદીન મહંમદ પછી ણામમત પીર શમ્શ, પીર સલાઓદીન સાહેબના દીકરાને મળેલી જેથી ૨૭ શમ્સદીન મહંમદ. ૨૮. ઈ. કાસમશાહ. ૨૯. ઈ. ઈસ્લામશાહ. ૩૦. ઈ. નુરઅલી મહંમદશાહ (મહંમદ બિન ઈસ્લામશાહ) ૩૧. ઈ. ઈમોમશાહ. ૩૨. ઈ. નર અલી મહંમદશાહ ૩૩. ઈ. શહોબોદીન. ૩૪. ઈ. જલાલોદીન. ૩૫. ઈ.મુર્તુઝા. ૩૬. ઈ. અશરફશાહ. યોગ વાણીમાં ઈમામશાહ બાવાએ ફર્માવ્યું છે કે સોળે કલાસું અમે રમત માંડી, તે છત્રીસ આસણ લાવ્યા. તે આજ્ઞા પ્રમાણે લાગઠ છત્રીસ ઈમામ આ પ્રમાણે આવી, ચાર ઈમામ બાકી રહ્યા. તે મહાન

શક્તી બીબી ફાતમાહની દુવા ।। એ જીવને સ્વર્ગ અમરાપુરી આલો ।। સદ્ગોર ઈમામશાહ નર અલી મહંમદશાહ ।। તમારો આડો ।। તમારો પાડો ।। તમારો વાડો ।। એ જીવને ચારે ખાણ માંહેથી કાઢો ।। એ જીવને મૃત્યુ લોકના આસનેથી ઉઠાડો ।। રવીમંડળને મુકામે પહોંચાડો ।। ચતુર વેદની દીધી સાખ ।। સાહેબ દોસ્તી તમારી ।। દોસ્તી તમારા સત્પંથની ।। દોસ્તી તમારા નામ નુરની ।। દોસ્તી તમારા નીમ કાંકણની ।। દોસ્તી તમારા કર્મ ધર્મની ।। દોસ્તી તમારા આલ ઓલાદની ।। એ જીવનું આસન ઉઠાડો ।। રવીમંડળ માંહે પહોંચાડો ।। દોસ્તી તમારા અરવાર પરવારની ।।

લગભગ થશે. એ વિના સત્પંથમાં બીજા ઈમામ નથી. એ વિના પછી બીજું કોઈ કહેતું હોય તે ધાંધલ અને ખોટું છે. ચાલીસમાં ઈમામ આવશે. તેજ નિષ્કલંકી નારાયણ દૈત્ય કાળીંગાને મારનાર હોંશે.

દોસ્તી તમારા કલમા કાંડીની ।। એ જીવની માયા મમતા ઉઠાડો ।। રવી મંડળમાં પહોંચાડો ।। દોસ્તી સીત્તેર સહસ્ત્ર હુશ્યેની કુલ કાયમના પરવારની ।। દોસ્તી હરિવંશ બ્રહ્મા પરવાની ।। દોસ્તીએ એ જીવની મુમતા મોડો ।। માયાનું કર્મ બંધન છોડો ।। એ જીવ ચારે ખાણના પાપ તોડો ।। એ જીવ અનંતવાર અવતર્યા ।। તે ફેરાના કર્મ બંધનછોડો ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।। ફલાણા જીવનો પિંડ પડ્યો ।। તે જીવના કુળ ગોત્ર માંહે પહોંચાડો ।। ઈકોતેરસો માઈના ।। ઈકોતેરસો બાપના ।। સાત કુળ સાસરીના ।। એ જીવના અરવાર પરવારના ।। એ જીવના વાસના કરે ।। જે જીવ આશના રાખે ।। તે જીવને

સુખ સોહેલો કરો ।। દુઃખ દોહેલા દૂર કરો ।। એ જીવને મૃત્યુ લોકના આસનેથી ઉઠાડો ।। રવીમંડળને મુકામે પહોંચાડો ।। સૂર્ય મંડળ તે રવી મુકામ ।। ત્યાં ઋષિવર જીવોના ઠામ ।। એ જીવને કુળગોત્ર માંહે પહોંચાડો ।। પાંચ, સાત, નવ, બાર ।। તેત્રીસ કરોડીના મેળા દેખાડો ।। લક્ષ ચોરાશીના ફેરા ટાળો સઘળી જમાતસું દિદાર આલો ।। અથર્વ વેદમાં અલી દસમો અવતાર ।। નર ઈસ્લામશાહ ।। દાતાર ।। નર અલી મહંમદશાહ ।। મવલાના ।। જાંબુદ્વીપના સુલતાન ।। તમો જીવોના તારણહાર ।। સદ્ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રંસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી,

સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

व्यऽवात् ते ज्योतिर भूदप त्वत् तमो अक्रमीत् ।

अप त्वन्मृत्युं निर्ऋतिमप यक्ष्मं निदध्मसि ॥२१॥

अ० कां० ८. अ० १ सू० २.

ॐ

મંત્ર બેંતાલીસમો

મંત્ર છઠ્ઠો જીવને ઉઠાસણનો

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥ સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર

સાહેબદીન ।। સદ્‌ગોર પીર નસીરદીન ।। સદ્‌ગોર પીર શમ્સદીન ।। સદ્‌ગોર પીર સલાહોદીન ।। નર ઈસ્લામશાહ ।। નર અલી નિરંજન નામ ।। નબી નુર સદ્‌ગોર ।। તમારી દુવા ।।

સ્વામી તમે જાહેર[૧] મીરાં ।। ખલ્‌કના બાદશાહજી ।। તમે શાહ શ્રી મત્સ્ય ।। તમે શાહ શ્રી કૂર્મ ।। તમે શાહ શ્રી વ્યારાહ ।। તમે શાહ શ્રી નૃસિંહ ।। તમે શાહ શ્રી વામન ।। શાહ શ્રી પરશુરામ ।। શાહ શ્રી રામ ।। શાહ શ્રી કૃષ્ણ ।। શાહ બુદ્ધા ।। શાહ શ્રી નિષ્કલંકી ।। દસમો અવતાર ।। નર અલી મહંમદ શાહ મવ્‌લાના સુલતાન ।। તમે જીવોના તારણહાર ।। જે જીવનું ઉઠાસણું[૨] કરે ।। તે જીવને ચલાવો મુકામ ।। દીવાન

૧. જાહેર પ્રગટ ૨. ઉઠાસણું-સચ્ચા.

બાદશાહજી ।। તમે જીવને રવીમંડળ પહોંચાડોજી ।। એ જીવને તેત્રીસ કરોડીના મેળામાં રાખોજી ।। તમને જે જીવ જપે તે જીવને છોડાવોજી ।। એ સર્વ રચના તમારી રચી છેજી ।। એ જીવની ચિંતા તમને છેજી ।। જે ચાલ્યા જીવનું ઉઠાસણું કરે તે સ્વામી તમે કબુલ કરોજી ।। મુખી મુસાફર ગોર નર ગતની દુવા કબુલ કરોજી ।। દોસ્તી દરગાહની કબુલ કોરોજી ।। દોસ્તી નર ઈસ્લામશાહની ।। દોસ્તી દસમા અવતારની ।। દોસ્તી કુલ ઋષિવર ગત ગંગાની ।। દોસ્તી મુખી મુસાફરની ।। દોસ્તી આજ કળિયુગમાં જપીએ તે ગોર નરની ।। દોસ્તી યતિ, સતી સંતોષી જીવની ।। વિનંતિ જે જીવ આસના વાસાના રાખે તે જીવને તમે

કબુલ કરોજી ।। એ જીવની દયા માયા ઉઠાસણઉ જે મુખી કરાવે તે કબુલ કરોજી ।। તે જીવને ભિસ્તમાં લાવોજી ।। એ જીવને તમારા લાડ લાડવોજી ।। એ જીવ તો ખાકી જીવ છે. એ ખાકી જીવની દુવા કબુલ કરોજી ।। જે જીવનું ઉઠાસણું કરાવે તે જીવને લક્ષ ચોરાશીના ફેરાથી છોડાવોજી ।। ત્યાર પછી મહાદન થાશે ।। ત્યાં અરબી રૂપે બેસીને એ જીવના ગુનાહ્ માફ કરોજી ।। પછી ભિસ્તમાં લાડ લડાવોજી ।। યા રહેમાન ।। અલ્લાહ્ ।। જાહેર ઈસ્લામી[1] દીવાન બાદશાહજી તમે છોજી ।। સ્વામી તમે જેમ સમુદ્રમાં ઘોડા ઉગાર્યાજી ।। જેમ સાત ફિરસ્તાને તાર્યાજી ।। જેમ કરણ કલપના ભક્ત ભગાર્યાજી ।। જેમ રાજા

૧. ઈસ્લામી-સનાતની,

પ્રહલાદને ઉગાર્યાજી ॥ જેમ રાજા હરિશ્ચંદ્રને ઉગાર્યાજી જેમ રાજા યુધિષ્ઠિરને ઉગાર્યા જી ॥ પાંચ પાંડવને ઉગાર્યાજી ॥ જેમ કાગળની નાવમાં પીર સુદરદીનને જીવ ઉગાર્યાજી ॥ સ્વામી એણી રીતે વખડી વેળામાં એ જીવને ઉગારોજી ॥ ફરિયાદ ગોર ગત ગંગાની ॥ ફરિયાદ મુખી મુસાફરની ॥ ફરિયાદ અનંત કરોડી દેવની ॥ ફરિયાદ નવ્વાણું કરોડી ઝાંખાની ॥ ફરિયાદ છપ્પન કરોડી મેઘાની ॥ ફરિયાદ બત્રીસ કરોડી કિન્નરની ॥ ફરિયાદ પાંચ કરોડી પ્રહલાદની ફરિયાદ સાત કરોડી હરિશ્ચંદ્રની ॥ ફરિયાદ નવ કરોડી યુધિષ્ઠિરની ॥ ફરિયાદ બાર કરોડી કમળાકુંરવની ॥ ફરિયાદ કુલ ઋષિવર જીવોની ॥ દીવાન બાદશાહજી ॥ એ જીવને ઈમામપુરીમાં

લાવોજી ॥ એ જીવને તેત્રીસ કરોડી સાથે લાડ લડાવોજી ॥ જાંબુદ્વીપના સુલતાન ॥ તમે કરો બંદાને આસાનજી ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

विष्णोः क्रमोसि सपत्नहा यज्ञसंशितो ब्रह्म तेजाः ।
यज्ञमनु वि क्रमेहं यज्ञात् तं निर्भजामो यो३ स्मान् द्वेष्टि यं
वयं द्विष्मः स मा जीवीत तं प्राणो जहातु ॥ ३१ ॥

अ० कां० १. अ० ३ सू० ५.

ॐ

મંત્ર તેંતાલીસમો

મંત્ર સાતમો જીવને બાવન ઘાંટીનો છે.

ॐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥
આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી

મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર પીર સુદરદીન ॥ સદ્ગોર પીર નસીરદીન ॥ સદ્ગોર પીર શમ્સદીન ॥ સદ્ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબીનુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

સ્વામી તમે મહેર કરો ॥ જીવને તમારે પગને પ્રતાપે કરીને જીવ મોક્ષ ઘાટે કરોજી ॥ અર્થવેદને ચલણે કરીને ॥ એ જીવને રવીમંડળ પહોચાડો ॥ નબી નુર સદ્ગોર ॥ નર ઈસ્લામશાહ ॥ સદ્ગોર સલાહોદીન ॥ સદ્ગોર શમ્સદીન ॥ સદ્ગોર નસીરદીન ॥ સદ્ગોર સાહેબદીન ॥ સદ્ગોર સુદરદીન ॥ સદ્ગોર કબીરદીન ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

આદ્ય વિષ્ણુ નારાયણ ।। વિલાયતના[1] વસનાર ।। મુલસ્થાનના મુગટ[2] ।। જીવોના વર દાતાર ।। તમે તમારી વાચા પાળો ।। જયારે ત્રણ ટોળ હતા, ત્યારે તમે વાચા દીધી ।। આજ તે વાચા તમે પાળો ।। તમારે કર્મે ।। તમારે ધર્મે કરી ।। તમારા સતે, તામારે દતે, તમારી દયાએ, તમારી માયાએ કરી ।। તમારી ક્ષમા, સંતોષે કરી ।। તમારી મહેરની નજરે કરીને ।। એ જીવને બાવન ઘાંટી છોડાવો ।। જેમ નવ્વાણું કરોડી ઝાખા ।। પહોંચ્યા ।। જેમ છપ્પન મેઘા પહોંચ્યા ।। જેમ બત્રીસ કરોડી કિન્નર પહોંચ્યા ।। હવે તેત્રીસ કરોડી દેવ જીવના મેળા પુરા કરો ।। જાંબુદ્વીપના ભરણ જાગતા ભરો ।। આજ અથર્વ -

૧. વિલાયત - પરભોમ. ૨. મુગટ-સાથે પહેરવાનો તાજ.

વેદને લાયકે ॥ સત્પંથને પ્રતાપે કરી ॥ બ્રહ્મા હુશ્યેની કુલ કાયમના પરવારે ॥ તમારે સતે તમારે દતે કરી ॥ શિવ શક્તીના પગના પ્રતાપે કરીને ॥ એ જીવને બાવન ઘાંટી પહોંચાડો ॥ રવીમંડળનો વાસ આલો ॥ ચાર ખાણના ફેરા ટાળો ॥ નર અલી નિરંજન નિષ્કલંકી નારાયણ ॥ દસમા અવતાર ॥ સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ મવ્લાના ॥ તમે જીવોના તારણહાર ॥ એ જીવના કુળ-ગોત્ર માંહે ઈકોતેરસો માઈના ॥ ઈકોતેરસો બાપના ॥ સાત કુળ સાસરીના ॥ જે જીવ વાસના કરે જે જીવ આશના રાખે ॥ તે જીવને તમારે પાવળને પ્રતાપે કરીને ॥ બાવન

ઘાંટી પહોંચાડો ॥ વળી જે જીવને નામે ખરચે વાવરે ॥ તથા કરીયાવર કરે ॥ જીવને ઉઠાસણે દુવા ભણે ॥ ત્યાં રોકડું નાણું મેલે ॥ તમારે પાવળને પ્રતાપે કરી ॥ એ જીવના બાવન ઘાંટીના હિસાબ ચુકાવો ॥ ફલાણા ॥ જીવનો પિંડ પડ્યો ॥ તેને પાંચ, સાત, નવ, બાર, તેત્રીસ કરોડીના મેળા આલો ॥ લક્ષ ચોરાશીના ફેરા ટાળો ॥ સઘળી જમાતસું દિદાર આલો ॥ અમરાપુરમાં વાસ કરો ॥ સતીઓની સોબતમાં રાખો ॥ ઋષિઓના રાજ્ય આલો ॥ સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ શાહજાદા[1] ઋષિવર જીવોને ॥ ભિસ્તમાં અવાજા[2] ॥ તમારે સતે ॥ તમારે દત્તો

૧. શાહજાદા - શાહના પુત્ર ૨. અવાજ-શબ્દ.

કરીને ॥ એ જીવને રવીમંડળમાં વાસ આલો ॥ બાવન ઘાંટીના હિસાબ ટાળો ॥ દીવાન બાદશાહજી ॥ કર્મ ધર્મના ધણી ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥ બાકરશાહ૩ ॥ બાલેશાહ (નિઝારશાહ) ॥ ખાલકશાહ ॥ સૈયદ૪ શેર ॥ સૈયદ શહાબોદીન ॥ સૈયદ મુસ્તુફા ॥ સૈયદખાન બાવાજી ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રઈસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૩. બાકરશાહ, બાલેશાહ, (નિઝારશાહ) ખાલકશાહ - શ્રી ઈમામશાહ બાવાના પુત્રો અને નર અલી મહંમદશાહ બાવાના મોટા ભાઈ. ૪. સૈયાદ શેર સૈયદ શાહાબોદીન, સૈયદ મુસ્તુફા અને સૈયદખાન બાવાજી એ ચાર નર અલી મહંમદશાહ બાવાના પુત્રો.

अथर्वाणो अवघ्नतायर्वणा अवघ्नत ।

तैर्मेदिनो अङ्गिरसो दस्यूनां विभिद्रुः पुरस्तेन त्वं द्विषत्तो जहि ॥२०॥

अ० कां० १०. अ० ३ सू० ६.

ॐ

મંત્ર ચુમ્માલીસમો

મંત્ર આઠમો જીવને બાવન ઘાંટીનો

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્‌માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નાથી જે સદા કૃપાળું છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ તમારી દુવા ॥

ભૈરવની ચોકી ।। ભૂતની ચોકી ।। પ્રેતની ચોકી ।। મેરુ ફિરસ્તા હોય ।। ઈજરાએલનો[૧] વોળાવો ।। એવા સાત ફિસત્નો વોળાવો ।। જીબ્રાઈલ ફિરસ્તાનો વોળાવો ।। મિકાઈલ ફિરસ્તાનો વોળાવો ।। ઈસરાફિલ ફિરસ્તાનો વોળાવો ।। નુરઆઈલ ફિરસ્તાનો વોળાવો ।। આંટી ઘાંટી સોહેલી કરો ।। તન ઘાંટીના વિઘ્ન હરો ।। કંઠ ઘાંટી ।। મોંહ ઘાંટી ।। સતાસણ ઘાંટી ।। યમ ઘાંટી ।। એ ચાર ઘાંટીના બંધ ખલાસ કરો ।। સ્થૂલ ઘાંટીના બંધ ખલાસ કરો ।। સ્થૂલ ઘાંટીના વિઘ્ન દૂર કરો ।। મોહ ઘાંટી સુક્ષ્મ ઘાંટીની ચોકીથી છોટાવો ।। રવી ઘાંટી ।। ચાર ઘાંટીએ સાથ તમારો રાખો ।। બાવન ઘાંટીનો હિસાબ નિવારો ।। રવીમંડળમાં વાસ આપો.

૧. ઈજરાએલ-યમદૂત.

બાવન ઘાંટી પર ઉતારો ॥ સાત ઘાંટી તે બાવન ઘાંટી માંહે જીબ્રાઈલનો વોળાવો ॥ એ જીવનું નવમોહરૂં[1] કાંકણ બાંધ્યું છે નબી સાહેબ ॥ ૧ ॥ નુર સદ્‌ગોર ॥૨॥ પીર શમ્સચોટ ॥૩॥ પીર સુદરદીન ॥૪॥ પીર કબીરદીન ॥૫॥ પીર ઈમામદીન ॥૬॥ એ ષટ્‌ગોરની શાખા ॥ સાહેદી ॥ નર જામા શાહ મુર્તુઝા અલી ॥૧॥ નર ઈસ્લામશાહ ॥૨॥ નર અલી મહંમદશાહ ॥૩॥ પાત્ર નિષ્કલંકી નારાયણ ॥ જુમલી જહાન[2] જીવ તમારા છે ॥ સ્વામી ગચ સિક્કો તમારો ॥ કલિયુગ ને વર્તમાને ॥ અથર્વવેદને વાયકે ॥ તમારો આડો ॥ તમારો પાડો ॥ તમારો

૧. નવમેહોરૂં - (૧ શ્રી પીર નબીમહંમદ. ૨ શ્રી પીર સલાહોદીન. ૩. શ્રી પીર શમ્સદીન. ૪. શ્ર પીર સુદરદીન. ૫. શ્રી પીર કબીરદીન. ૬. શ્રી પીર ઈમાશાહ. ૭. શ્રી અલી. ૮. શ્રી ઈસ્લામશાહ. ૯. શ્રી નર અલી મહંદમશાહ.) એ નવોની મોહોર એટલે સિક્કાવાલું.

વાડો ॥ તમારો ગજ સિક્કો પાડો ॥ એ જીવ છુટે ત્યારે અનંત કરોડીના મેળા માંહે રાખો ॥ મુખી કમળાકુંવરની ટોળી માંહે રાખો ॥ મુખી ભોજ તાતના ટોળામાં રાખો ॥ સ્વામી મોહોર છાપ તમારી સાથે છે સહી ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

क्रमंध्वमग्निना नाकमुख्यात् हस्तेषु विभ्रतः ।

दिवस्पृष्ठं स्वऽर्गत्वा मिश्रादेवेभिराध्वम् ॥२॥

अ० कां० ४. अ० ३. सु० १४.

ॐ

મંત્ર પીસ્તાલીસમો

મંત્ર નવમો આસણ વસ્ત્રનો છે.

ૐ ફર્માનીજ બિસ્મિલ્લાહ હિર્રેહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥

સદ્ગોર પીર સુદરદીન ॥ સદ્ગોર પીર સાહેબદીન ॥ સદ્ગોર પીર નસીરદીન ॥ સદ્ગોર પીર શમ્સદીન ॥ સદ્ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્ગોર તમારી દુવા ॥

સ્વામી તમે આદ્યનિરંજન ॥ વિષ્ણુ નારાયણ ॥ નિષ્કલંકી રુપ ॥ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર ભૂત ॥ સ્વામી તમે શ્રી મત્સ્ય ॥ સ્વામી તમે શ્રી કૂર્મ ॥ સ્વામી તમે શ્રી વ્યારાહ ॥ સ્વામી તમે શ્રી નૃસિંહ ॥ સ્વામી તમે શ્રી વામન ॥ સ્વામી તમે શ્રી પરશુરામ સ્વામી તમે શ્રી રામ ॥ સ્વામી તમે શ્રી કૃષ્ણ ॥ સ્વામી તમે શ્રી બુદ્ધા ॥ સ્વામી તમે શ્રી નિષ્કલંકી ॥ નિરંજન દસમો અવતાર ॥ શાહ અલી ॥ વંશ

તો શ્રી મેહેંદી ।। નબી નુર સદ્‌ગોર નર ઈસ્લામશાહ ।। તમે જીવોના દાતાર છોજી ।। સ્વામી તમારા સુભાવ, સ્વભાવે ।। સૂત્ર વસ્ત્રની દુવા કરાવે તે તમે કબુલ કરોજી ।। એજીવે અન્ન; પાણી સૂત્ર. વસ્ત્ર બિરાના૧ લીધા હોય તે તમે બક્ષોજી એ જીવે કામ ક્રોધ બુરા કીધા હોય તે બક્ષોજી ।। મહેરબાન બાદશાહજી ।। તમે જે કામ કરતા આવ્યા ।। આજ તે કામ કરોજી ।। તમારા ગુણનો પાર નહિ ।। અને અમારા અવગુણનો છેહ નહિ ।। સ્વામી તમારા નામ પર બલીહારી જાઉં ।। તમારા નામ ઉપર સદકે જાઉં ।। દીવાન બાદશાહજી ।। તમે જેમ કારજ નીપાયા ।। તેમ કારજ નીપાવોજી ।।

સ્વામી તમશું ભાવે ।। સુભાવે ।। ઘટપાટ આગળે ।। સૂત્ર વસ્ત્રની દુવા કરાવે તે તમે કબુલ કરોજી ।। મુખી મુસાફરની દુવા કબુલ

કરોજી ।। મુખી મુસાફરની દુવા કબુલ કરોજી ।। એ જીવના પાંચે વસ્ત્ર કબુલ કરોજી ।। એ જીવના આવાગમન દૂર કરોજી ।। એ જીવના લક્ષ ચોરાશી ફેરા ટાળોજી ।। તમે દીન દયાળ બાદશાહ છોજી ।। એ બંદા યુગોયુગના ગુનેહ્ગાર છેજી ।। સાહેબ ગુનાહ બક્ષણહાર છોજી ।। સ્વામી તમે નેકનજર ધરોજી ।। અંધારા ઘરમાં અજવાળું કરોજી ।। તમે જાબુદ્વીપના ધણી ।। ચિંતા કરો એ જીવતણી ।। સદ્ગોર પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રંસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી,

સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

परिविश्वा भूवना न्यायमृतस्य तन्तुं विततं दृशे कम् ।
यत्र देवा अमृतमानशानाः समाने योनावध्यैरयन्त ॥५॥

अ० कां० २ अ० १ सु० १

મંત્ર છેંતાલીસમો

મંત્ર દસમો જીવને ઉઠાસણે આસણ વસ્ત્રનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ હિર્રેહ્‌માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥

સદ્ગોર પીર સુદરદીન ।। સદ્ગોર પીર સાહેબદીન ।। સદ્ગોર પીર નસીરદીન ।। સદ્ગોર પીર શમ્સદીન ।। સદ્ગોર પીર સલાહોદીન ।। નર ઈસ્લામશાહ ।। નરઅલી નિરંજન નામ ।। નબી નુર સદ્ગોર ।। તમારી દુવા ।।

સ્વામી તમે એ જીવને મહેર કરો ।। ફઝલ કરો ।। રહેમ કરો ।। કરમ કરો ।। વિકર્મ પરહરો ।। તમારે કર્મ ।। તમારે ધર્મે ।। જીુમલી જમાતને સત્યે દત્તો કરીને ।। તમારી આશના ।। તમારી વાસનાએ કરીને ।। તમારા વેદ વંશના પરવારે કરી ।। એ જીવનું ઉઠાસણું કબુલ કરો ।। નબી નુર સદ્ગોર ।। નર ઈસ્લામશાહ ।। નર અલી મહંમદશાહ ।। દસમા અવતાર ।। ચાલીસ ઈમામની આશિષ ।। તમે કબુલ કરો ।। ઈમામ હશન હુશ્યેન ।। શાહ અલી

મુર્તુઝા ।। હઝરત બીબી ફાતમાહની આશિષ ।। તમે કબુલ કરો ।। તમે અવતાર પાત્ર ।। સૃષ્ટિના ધણી છો ।। તમારા નામ નુરની દોસ્તી ।। તમારા પગ પાવળની દોસ્તી ।। એ જીવના ગુનાહ્ બક્ષો ।। એ જીવની આડી વાડી સોહેલી કરો ।। દુઃખ દોહેલા દૂર કરો ।। તેની ઘાંટીના વિઘ્ન હરો ।। બાવન ઘાંટી પાર ઉતારો ।। સ્વર્ગની વાટે જીવને તારો ।। મૃત્યુલોકને આસણેથી ઉઠાડો ।। રવીમંડળને મુકામે પહોંચાડો ।। ઉત્તમ જીવની આશ પુરો ।। દોસ્તી સીત્તોર સહસ્ત્ર હુશ્યેની કુલ કાયમના પરવારની દોસ્તીએ ।। જીવને ઉતારો પાર ।। તમે જીવોના તારણહાર ।। તમે નારાયણ ।। તમે નિરંજન ।। તમે અલખ ।। તમે અલ્લાહ ।। તમે રામ ।। તમે રહેમાન ।।

તમે આદ્ય વિષ્ણુ નારાયણ ।। નિષ્કલંકી નબી નુર સદ્‌ગોર નર ઈસ્લામશાહ દાતાર ।। સદ્‌ગોર સલાહોદીનની આશિષ ।। સદ્‌ગોર શમ્સદીનની આશિષ ।। સદ્‌ગોર નરીરદીનની આશિષ ।। સદ્‌ગોર સાહેબદીનની આશિષ ।। સદ્‌ગોર કબીરદીની આશિષ ।। સદ્‌ગોર ઈમાશાહની આશિષ ।। નર અલી મહંમદ શાહ ।। સ્વામી તમે કબુલ કરો ।। તમે સાહેબ સુલતાન ।। જે ઉપન્યા અરબસ્તાન ।। સહસ્ત્ર દ્વીપે, એરાખંડે કીધા મુકામ । જે આવી વસ્યા ઉંચ્ચ મુલસ્થાન ।। જેણે ગુર્જરખંડે કીધાં ઠામ ।। જે આવી વસ્યા ગીરમથે ગામ ।। તેનું પાત્ર બ્રહ્મા ઈંદ્ર ઈમામશાહ નામ ।। જે કરશે અનંત કરોડી જીવોના કામ ।। તે નુર નરઅલી મહંમદશાહ નામ ।। તમે કરો જીવની મુશ્કેલ આસાન તો સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

તમે કરો જીવની મુશ્કેલ આસાન ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રૈસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

येषां प्रयाजा उत वानुयाजा हुत भागा अहुतादश्चदेवाः ॥

येषां वः पश्च प्रदिशो विभक्तास्तान् वो अस्मै सत्रसदः कृणमि ॥४॥

अ० कां० १. अ० ६. सु० २.

ॐ

મંત્ર સુડતાલીસમો

મંત્ર ઉઠાસણે આસણે છાંટ નાખવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદ-શાહ નબી ॥ નુરસદ્ગોર તમારી દુવા ॥

અલ્લાહ મેંહેંદી ॥ શાહ અલી શેરે[1] ખુદા ॥ હક સનાસ ॥ દફે બલા ॥ ત્રાંબેકા કોટ ॥ લોહકે કમાડ ॥ નવસેં નવ્વાણું નદિઓ સાહેબ દ્વાર ॥ કુલ ગુનાહ દફે થાએ ॥ સબ કુફરાન[1] શ્યેતાનબાજી દુર કરો ॥ દમ દોહેલી વાટ સોહેલી ॥ દમે શાહ મુર્તુઝા અલી ॥ કદમે[2] શિફાઅત રસુલે ખુદા ॥ આસણ વાસણ કબુલ કરો ॥ શમ્સો તબ્રેજ[3] અલી શાહ ॥ સુદરદીન વલી[4] ॥ બરકત નવે તનકી ભલી ॥ એ દુવા આસણ કબુલ કરો ફર્માન ॥ રહેમાનકું ફરિયાદ કરૂં ॥ અલીકું ફરિયાદ કરૂં ॥ ઉમ્મત કાજ ફરિયાદ કરૂં ॥ તમે પાક પરવર

૧. શેરે ખુદા-પરમાત્માનો સિંહ. શ્રી અલીની પદવી છે.

૧. કુફરાન-ધર્મદ્રોહ, સત્પંથી વિમુખ પણું. ૨. કદમે-પગલે. ૩. તબ્રેજ-એ મુલક છે. ૪. વલી-વારસ. ૫. તવંગર-દ્રવ્યવાન.

દિગાર ॥ નર અલી મહંમદશાહ ॥ જેણે પીર પાયા ॥ તેના અમરાપુરમાં વાસ ॥ મુખ મીઠા ગ્રાસ[૬] ॥ અલ્લાહ નબી કા દિદાર પાસ ॥ બંદા ગુનેહગાર ખાક ॥ એ જીવના આસણ વાસણ પાક ॥ સદ્દગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રૅસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૬. ગ્રાસ-કોળીઆ.

बह्मणाशुद्धा उत पूताधृतेन सोमस्यां शवस्तएडुला यज्ञिया इमे ।

अपः प्रविशत प्रति गृह्णातु वश्चरुरिमं पकत्वा सुकतामेत लोकम् ॥१८॥

उरुः प्रथस्व महता महिग्ना सहस्त्रपृष्ठः सुकृत्तस्यलोके ।

पि तामहाः पितरः प्रजोपजाह पक्तापञ्चदशस्ते अस्मि ॥१०॥

अ० कां० १. अ० ११ सु० १.

મંત્ર અડતાલીસમો

ઉઠાસણે દેવ થાળ નિશાનીનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ

આદ્ય વિષ્ણ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર પીર સુદરદીન ॥ સદ્ગોર પીર સાહેબદીન ॥ સદ્ગોર પીર નસીરદીન ॥ સદ્ગોર પીર શમ્સદીન ॥ સદ્ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નરઅલી નિરંજન નામ ॥ નબી નુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

સ્વામી તમે છો સર્જનહાર ॥ બ્રહ્મા વિષ્ણુ કુળ અવતાર ॥ નબી નુર સદ્ગોર કાયમ રૂપ ॥ આદ્ય નિરંજન એક ને જુજવા રૂપ ॥ તમારા નુર ॥ તમારા જહુર ॥ તમે ગત સૃષ્ટિમાં છો ભરપુર ॥ કુલ ગતના ગુનાહ્ કરો દૂર ॥ તમારા નામ ॥ તમારા ઠામ ॥ તમારા ફર્માને ॥ નિશાની ॥ મહેમાની કબુલ કરો ॥ પાન ॥ ફળ ॥ ફુલ ॥ શાક ॥ પાક ॥ અન્ન ॥ પાણી ॥ વસ્ત્ર ॥ વાસણ ॥

દમડો ॥ દોડકો ॥ કોડી ॥ બદામ ॥ કબુલ કરો ॥ મુખી મુસાફરની ગત જમાતની દુવા કબુલ કરો ॥ તમે દાતા ॥ તમે ભોક્તા ॥ વિશ્વને વરો ॥ સ્વામી તમે નુરને વરો ॥ તમારા નામ નુરની રહેમત કરો ॥ ગત ગંગા જામલી જમાત ઉપર નેહકી નજર ધરો ॥ તમારી શિફત સનાએ જામો હક્ક હલાલ કરો ॥ વારાનું આયુધ ધરો ॥ જીવને ખુસાલ કરો ॥ વેદ વર્તમાનનું ફળ આપો ॥ સિંહાસન તમારૂં ॥ તમે સ્થાપો ॥ ઋષિવર બંદાના પાપ કાપો ॥ ખટી કમાઈમાં બરકત આપો ॥ મુખી મુસાફરનો રાઢો[1] ॥ ગત જામલી જમાત માંહેથી દ્વીત કાઢો ॥ જીવ જામાને જગાડો ॥ ચલાવી ધર્મને વસાવો

૧. રાઢો-ફરિયાદો.

પાડો ॥ ઋષિવર બંદાની શિફત કબુલ કરો ॥ કર્યા તમે ॥ કરશો તમે ॥ વર્યા તમે ॥ વરસો તમે ॥ ગોર નર બેલી એક ॥ આખરે મેંહેદી કાયમ અવતાર ॥ જાંબુદ્વીપમાં ગોર નરનો પરવાર ॥ ઋષિવર બંદા પર રહેમ કરો ॥ કુલ બલા દફે કરો ॥ દુવા આશિષ અમારી બરકત શિફત દેવ તમારી ॥ વેગે જાઓ ને વહેલા આવો ॥ રહેમ કર્મ કરી વાડી વસાવો ॥ સત સાહેબના નુર કાંડી ॥ જપાવો અજંપા જાપ ॥ તમે ઉતારો બંદાના પાપ ॥ મુનિવર ઋષિવર બંદા નર નારી બાળ ગોપાળની ॥ ચાલ્યા જીવની થાળ નિશાની કબુલ કરો ॥ સદ્‌ગોર ઈમામશાહ નર અલી મંહમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

या आपो दिव्याः पयसा मदन्त्यन्तरिक्ष उत वा पृथिव्याम् ।

तासा त्वा सर्वासामपामभि पिञ्चामि वर्चसा ॥५॥

अ० कां० ४. अ० २ सु० ८.

अभि त्वा वर्चसासिचन्नापो दिव्याः पयस्वतीः ।

यथासो मित्र वर्धनस्त था त्वा सविता करत् ॥६॥७॥

उत देवा अवहितं देवा उन्नय था पुनः ।

उतागश्चकुम देवां देवा जोवयथा पुनः ॥१॥ अ.३.सु.१३

उत् क्रामातः पुरुष भाव पत्था मृत्योः पड्वीशमवमुश्चमानः ॥

माच्छित्था अस्माल्लोदग्नेः सूर्यस्य संदृशः ॥४॥

अ० कां० ८. अ० १ सु० १.

ॐ

મંત્ર ઓગણપચાસમો

બાળક તથા નવા ધર્મીને કાંકણ[1] બાંધવાનો છે.

કાંકણ-કંકણ, કાંડાનો શણગાર સત્પંથીઓને દીક્ષાનું કર્મ.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ હિર્રેહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કપાળું છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલીહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર પીર સુદરદીન ॥ સદ્ગોર પીર સાહેબદીન ॥ સદ્ગોર પીર નસીરદીન સદ્ગોર પીર શમ્સદીન ॥ સદ્ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

સ્વામી તમે આદ્ય નિરંજન ધંધુકાર ॥ જીવ પિંડના સજનહાર ॥ બ્રહ્મા વાચા ॥ વિષ્ણુ વાચા ॥ મહેશ્વર વાચા ॥ શિવ શક્તિ વાચા ॥ શ્રી મત્સ્યની વાચા ॥ શ્રી કૂર્મની વાચા ॥ શ્રી વ્યારાહની

વાચા ॥ શ્રી નૃસિંહની વાચા ॥ શ્રી વામનની વાચા ॥ શ્રી પરશુરામની વાચા ॥ શ્રી રામની વાચા ॥ શ્રી કૃષ્ની વાચા ॥ શ્રી બુદ્ધાની વાચા ॥ શ્રી નિષ્કલંકી નારાયણની વાચા ॥ હક્ક મવ્લાના મુર્તુઝા અલી ॥ નબી નુર સદ્ગોર ॥ ઈસ્લામશાહ ॥ વેદ વારાના મરદ ॥ સદ્ગોર ઈમામશાહ ॥ સીતેર સહસ્ત્ર હુશ્યેની ॥ કુલ કાયમનો પરવાર ॥ જાંબુદ્વીપે ભરતખંડે, કુંવારકા ક્ષેત્ર માંહે ॥ હુવા દસમા અવતાર ॥ નિષ્કલંકી નારાયણ ॥ પાત્ર બ્રહ્મા ॥ નરહરિ ॥ અથર્વવેદની કાંડી ભણીને ॥ જીવના કાંકણ બાંધીએ ॥ તો તે જીવની કાયા નુરાણી થાય ॥ એ જીવ અમરાપુરમાં જાય ॥ તે જીવ ફેરાથી છુટે ॥ અમર આસણ બેસે ॥ મન મનકો

અમારો ॥ ગજ સિક્કો તમારો ॥ એ જીવને કમળાકુંવરની સોબતમાં રાખો ॥ તેત્રીસ કરોડીના મેળા આપો ॥ ચંદ્ર, સુર્ય, પવન, પાણી, જમી, આકાશ ॥ અષ્ટકુળ પર્વત, નવકુળ નાગ ॥ ચાર કુળ મેઘ ॥ ચાર ખાણ ॥ ચાર વાણ ॥ ચાર વેદ ॥ ચાર કિતાબ ॥ તેત્રીસ કરોડીએ પૂરી સાખ ॥ ત્રિલોકની દીધી વાચા ॥ સ્વામી તમારે નીમ કાંકણે તમારે કર્મે તમારે ધર્મે ॥ એ જીવને સત્પંથના માર્ગમાં રાખો ॥ ગોર નરના દિદાર આલો ॥ એ જીવના ગુનાહ બક્ષો ॥ અમરાપુરમાં વાસ આપો ॥ એ જીવની ચિંતા તમને છે ॥ એ જીવને પાક પાવન કરો ॥ સદ્‌ગોર ઈમામ શાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

अष्टमी

इन्द्रस्य कुक्षिरसि सामधान आत्मा देवानामुत मानुषाणाम् ।

इह प्रजा जनय यास्त आसुया अन्यत्रेह तास्तेरमन्ताम् ॥१॥

नवमी

शुम्भनी द्यावा पृथिवी अन्तिसुम्ने महिव्रते ।

आपः सप्त सुस्रुवेर्देवीस्ता नो मुञ्चन्त्वंहसः ॥१॥

दशमी

मुञ्चन्तु मा शपथ्या ३दथो वरुण्याऽदुत ।

अया यमस्य पड्वीशाद् विश्वस्माद् देवकिल्विषात् ॥२॥

अ० कां० ७. अ० १० सु० २.

ॐ

મંત્ર પચાસમો

વર કન્યાને કાંકણ[1] બાંધવાનો છે.

૧. કાંકણ-કંકણ.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નાથ જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા । ઈંદ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર પીર સુદરદીન ॥ સદ્ગોર પીર સાહેબદીન ॥ સદ્ગોર પીર નસીરદીન ॥ સદ્ગોર પીર શમ્સદીન ॥ સદ્ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નરઅલી નિરંજન નામ ॥ નબી નુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

ગોર વાચા ॥ નર વાચા ॥ રુદ્ર[1] શક્તિ વાચા ॥ બ્રહ્મા વાચા ॥ વિષ્ણુ વાચા ॥ મહેશ્વર વાચા ॥ ફર્માન નારાયણનું ॥ સત્ય વાચા ॥ દત્ત વાચા ॥ વેદ વાચા ॥ આદ્ય આલ સત્પંથની વાચા ॥ વેદ વંશ

૧. રુદ્ર-શંકર

પરવારની વાચા ।। નવખંડ પૃથ્વીની વાચા ।। ચોવીસ મુલકની વાચા ।। અષ્ટકુળ પર્વતની વાચા ।। નવકુળ નાગની વાચા ।। બારકુળ મેઘની વાચા ।। સાત સાહેરની વાચા ।। નવસેં નવ્વાણું નદીઓની વાચા ।। ચાર ખાણ ।। ચાર વાણની વાચા ।। ચાર વેદ ચાર કિતાબની વાચા ।। અઢારભાર વનસ્પતિની વાચા ।। ચંદ્ર સૂર્યની વાચા ।। નવ લાખ તારાની વાચા ।। ચૌદ ભુવનના દેવલોકની વાચા ।। અગ્નિ તેજ અન્ન દેવની વાચા ।। ધંધુકાર કરણ કલપની વાચા ।। જડ બંધન યુગની વાચા ।। ઈંદ્ર છેદ્યાની વાચા ।। સત્ય દત્તની વાચા ।। દયા ક્ષમાની વાચા ।। સતિ યતિની વાચા ।। સંતોષ રહેણીની વાચા ।। અડસઠ તીર્થની વાચા । નવનાથ, ચોરાસી સીદ્ધની વાચા ।।

સહસ્ત્ર અઠયાસી ઋષિની વાચા । એક લાખ એંશીહજાર પીર પેગંબરની વાચા । નવ્વાણું કરોડી ઝાખાની વાચા । છપ્પન કરોડી મેઘાની વાચા ॥ બત્રીસ કરોડી કિન્નરની વાચા ॥ પાંચ કરોડી પ્રહલાદની વાચા ॥ સાત કરોડી હરિશ્ચંદ્રની વાચા ॥ નવ કરોડી યુધિષ્ઠરની વાચા ॥ બાર કરોડી કમળાકુંવરની વાચા ॥ અનંત કરોડી પીર હસનશાહની વાચા ॥ કુલ ઋષિવર ગત ગંગાની વાચા ॥ મુખી મુસાફરની વાચા ॥ સાત ફિરસ્તાની વાચા ॥ ચોસઠ લાખ દેવીઓની વાચા ॥ સીત્તેર સહસ્ત્ર હુશ્યેની કુલ કાયમના પરવારની વાચા ॥ આદ્ય ઉનાદ ઓંમ (ૐ) કારે ॥ ધર્મ સ્થાપી ॥ સદ્‌ગોરે કીધો વિસ્તાર ॥ આદ્ય સત્પંથની સ્થાપના કરી ॥ વેદ વંશે તો આવ્યા હરિ ॥

સ્થાપના કરીને દેખાડ્યા ધર્મ ॥ ઋષિવર જીવોના ઉતારવા કર્મ ॥ પહેલા સર્જ્યા વેદને વાણ ॥ પછી સર્જ્યા ચારે ખાણ ॥ જે જીવ સત્પંથે મળ્યા ॥ તેના આવાગમનના ફેરા ટળ્યા ॥ ફર્માન તમારૂં સત્ય, દત્ત વાચા તમો ॥ ફરિયાદ વિનંતિ કરીએ અમો ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

यत् ते अन्नं सुवस्पत आक्षियति पृथिवीमनु ।

तस्य नस्त्वं भुवस्पते संप्रयच्छ प्रजापते ॥४५॥

अ० कां० १. अ० ३ सु० ५.

ॐ

મંત્ર એકાવનમો

કળશ ઉપરથી અક્ષત્ ઉતારવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણ નિરંજન નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્ગોર તમારી દુવા ॥

આખે જીવ રાખે ॥ જીવ તણો હોએ ઉદ્ધાર ॥ સૃષ્ટિના સર્જનહાર ॥ જમડા રૂઠ્યા[1] ક્યા કરે ॥ જીસ્કા બેલી કીરતાર ॥ કર્તા માનો ॥ કળ[2] નમો ॥ કળશસે દીજે બહુ માન ॥ તેત્રીસ કરોડી દેવતા આવીઆ ॥ ધરે સ્વામીનું ધ્યાન ॥ સેવા કરે ॥ સફળ હોવે ॥ સ્વામી કરો કબુલ ॥ નર નારાયણ ભેટીઆ ॥ હાજર સદ્‌ગોર રસુલ ॥ જે જીવ નુરે મળીઆ ॥ તેના આવા ગમનના ફેરા ટળીઆ ॥ કાયા જમી ॥ જીવ અમર ॥ અમર અમરાપુર વાસ ॥ સદ્‌ગોર મળે ॥ શાહકા દિદાર ॥ અમરગોઠ અમરાપુરી ॥ સદ્‌ગોર મળે તો જાએ ॥ યહાં કરણી કમાઈ ॥ ત્યાં દિદાર અલ્લાહકા પાઈએ ॥ ઓમ

૧. રૂઠ્યા - રીસાયા, ગુસ્સે થયા, ક્રોધે ભરાયા. ૨. કળ-કુળ, વંશ, હરિવંશ.

(ॐ) ।। નમો શ્રી નિષ્કલંકી નારાયણ ।। જનાર્દનમ્ ।। અલખ ।। નિરંજન ।। પિતાંબર ।। કેશવ ।। માધવ ।। દામોદર ।। મધુસુદન ।। ગરુડધ્વજ[1] ।। આદ્ય વિષ્ણુ દેવ ।। ઓંમ (ॐ) કાર મધ્યે સેવ ।। છત્રીસ યુગ ચોરાશી ચોકડી ।। તમ્મધ્યે[2] ।। આદબુદ્ધ[3] શ્રેષ્ઠ નામ ભણાવ્યા ।। આદ્ય આખર તમે છો ।। સદ્ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રંસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૧. ગરુડધ્વજ-ગરુડ છે જેની ધજામાં એવા, શ્રી વિષ્ણુ. ૨. તમ્મમધ્યે-તમારા માંહે. ૩. આદ બુદ્ધ-જુની બુદ્ધિ.

यदस्मृति चकृम किं चिदम् उपारिम चरणे जात वेदः ।

ततः पाहि त्वं नः प्रचेतः शुभे सखिभ्यो अमृतत्वमस्तु नः ॥१॥

अ० कां० ७. अ० १० सु० १.

ૐ

મંત્ર બાવનમો

મોટી છાંટ નાખી પગે લાગવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન ॥ નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્‌ગોર તમારી દુવા॥

સ્વામી તમે આદ્ય નિરંજન નારાયણ ॥ નિષ્કલંકી અરબી રૂપે ॥ ત્રણ મૂરતના એક રૂપ ॥ આદ્ય પુરુષથી ઓંમ (ૐ) કાર ॥ તમો સૃષ્ટિના સર્જનહાર ॥ છેદી ઈંડ રચ્યો સંસાર ॥ ત્રણ મૂરતનો એક વિચાર ॥ સાતે શિજદે એકાકાર ॥ ખગોળ, ભૂગોળ ને સચરાચાર ॥ સ્વર્ગ, મૃત્યુને પાતાળ ॥ જળ, સ્થળને પર્વત ॥ બેહેર,[1] બરને[2] સ્થાવર ॥ જંગમ, ગામ, સીમ ને વભૂત[3] નગરે ॥ નવખંડ ને ચોરાશી મુલકે ॥ એક વીસ બ્રહ્માંડે ॥ માયા વસુંધરા[4] તમે રચી છે ॥ આસન, સિંહાસન ॥ ઘટપાટ ॥ એક મૂરત ત્રણ દેવ મળી ॥ કળશ માંહે કળા ધરી ॥ સ્વામી તમે અમી નુરની છાંટ નાખો ॥ તમારા જીવોને તમારી પનાહમાં રાખો ॥

૧. બેહેર-દરિયો, સમુદ્ર. ૨. બર-પૃથ્વી. ૩. વભૂત-વૈભવ. ૪. વસુંધરા-પૃથ્વી.

સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

इयं या परमेष्ठिनी वाग् देवी ब्रह्मसंशिता ।

ययैव ससृजे धोरं तयैव शान्तिरस्तु नः ॥३॥

अ० कां० १९. अ० १ सु० ९.

ॐ

મંત્ર ત્રેપનમો

સ્ત્રીને છાંટ નાખી લાઈ સુતક ઉતારવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કુપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ સદ્‌ગોર પીર કબીરદીન ॥

સદ્‌ગોર પીર સુદરદીન ॥ સદ્‌ગોર પીર સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ સદ્‌ગોર પીર સલાહોદીન ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબી નુર સદ્‌ગોર ॥ તમારી દુવા ॥

પ્રથમ આદ્ય નિરંજન ધંધુકાર ॥ તમે સર્જી મૂરત ચાર ॥ તમે સૃષ્ટિના સર્જનહાર ॥ તમે કીધાવેદ વિસ્તાર ॥ સ્વામી તમે ધર્યા અવતાર ॥ અથર્વ વેદમાં સચરાચાર ॥ ખાણી વાણી ને સર્જ્યા વેદ ॥ તમે સર્જ્યા અમર ભેદ ॥ અમર ભેદની અમર કાયા ॥ આદ્યે અંતે નુર નીપાયા ॥ નુરથી નિર્મળ જીવ નીપાયા ॥ સુતક ટાળો ॥ પાતક બાળો ॥ નુરે જીવના પિંડ પખાળો ॥ ઈમામશાહ ॥ નર મહંમદશાહ ॥ છાંટ ડાલો ॥

છોત ઉતારો ॥ પાપની મોટ[1] દેખો ॥ સુતક પાતક લાઈ લેખો ॥ દન એક, માસ, છમાસ, દસ માસ ॥ દો ચાર સો દન ચાર ॥ જરાજ ખાણીમાં મનુષ્યવતાર ॥ તમે ઉતારો બંદીનો ભાર ॥ પર અન્ન ॥ પર જળ ॥ દુનિયા તણો વ્યવહાર ॥ તે નુરથી કરો નિસ્તાર ॥ સુતક ટાળો ॥ પાંચે પાતક બાળો ॥ સાચો, જૂઠો, ભૂલ્યો, ચુક્યો । વાચા વચને વેદ હીણો ॥ ઉણીયાચારી ॥ અવગુણ પાતકે ભર્યો ॥ પાંચે પાતક દૂર કરો ॥ વારોવાર લગી પાવન કરો ॥ નુર ફર્માન કાંડી જપાવો અજંપા જાપ ॥ તમે ઉતારો બંદાના પાપ ॥ ગત ગંગા જાુમલી જમાત ॥ અનેક વર્ણને એકજ નાત ॥ નુરથી કરો પાતક દુર ॥ અલી

૧. મોંટ-ગાંસડી.

નબી કરો જીવની સિફાયત ॥ સદ્‌ગોર સુદરદીન ॥ નર ઈસ્લામશાહ તમે આલો જીવોને દિદાર ॥ ઈમામશાહ નર મહંમદશાહ ॥ તમે જીવોના તારણહાર ॥ એ બંદાને પાક કરો ॥ એ જીવના ગુનાહ માફ કરો ॥ સદ્‌ગોર ઈમામ શાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

अयं सहस्त्रमानो देश कवीनां मतिर्ज्योतिर्वि धर्मणि ॥१॥

ब्रध्नः समीचीरुषसः समैरयन् ।

अरे पसः सचेतस स्वसरे मन्युमत्तं माश्चिते गोः ॥२॥

अ० कां० ७. अ० २ सु० २.

ॐ

મંત્ર ચોપનમો

પુરૂષને છાંટ નાખી સુતક ઉતારવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિરેંહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહં-

મદશાહ ॥ નબી નુર સદ્‌ગોર ॥ તમારી દુવા ॥

પીર પાક ॥ નુર પાક ॥ નિરંજન નારાયણ પાક ॥ પાંચતન પાક ॥ ચાર દાહમાં અસુમ પાક ॥ સાત મલાયક પાક ॥ દવાઝે દે ઈમામ પાક ॥ તમારૂં નામ પાક ॥ તમારૂં ઠામ પાક ॥ તમારા નામ નુરને પ્રતાપે કરીને ॥ બંદા પાક ॥ ધરતી, આકાશ પાક ॥ પવન પાણી પાક ॥ ચંદ્ર, સૂર્ય પાક ॥ તારા મંડળ, ધ્રુવ પાક ॥ અષ્ટકુળ પર્વત પાક ॥ નવકુળ નાગ પાક ॥ ચાર કુળ મેઘ પાક ॥ સાત સાહેર પાક ॥ નવસેં નવ્વાણું નદીઓ પાક ॥ તમારા નામ નુરને પ્રતાપે કરીને બંદા પાક ॥ નવ નાથને ચોરાશી સિદ્ધ પાક ॥ અઠયાસી

સહસ્ત્ર ઋષિ પાક ।। એક લાખ ને એંસીહજાર પીર પેગંબર પાક ।। સીત્તેર સહસ્ત્ર હુશ્યેની કુલ કાયમનો પરવાર પાક ।। અડસઠ તીર્થ પાક ।। નવ્વાણું કરોડી ઝાખા પાક ।। છપ્પન કરોડી મેઘા પાક ।। બત્રીસ કરોડી કિન્નર પાક ।। તેત્રીસ કરોડી દેવતા પાક ।। અનંત કરોડી હસનશાહ પાક ।। તમારા પાવળના પ્રતાપે કરીને બંદા પાક ।। નુરની છાંટે કરીને બંદા પાક ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રંસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

ता अपः शिवा अपोयक्ष्मं करणीरपः ।

यथैव तृप्थते मयस्तास्त आ दत्त भेषजीः ॥५॥

अ० कां० १९ अ० १ सु० २

મંત્ર પંચાવનમો

ઋષિવરને મોઢે છાંટ નાખવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિરેહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્ગોર તમારી દુવા ॥

અથર્વ વેદી કાયમ પાયા ॥ પીરશાહ નુરે અમર કાયા ॥ અવ્વલ આખર દિદાર આલો ॥ ઈમાન સલામત રાખો ॥ સત્ય સબુરી આપો ॥ કરોડ કરોડ ગુનાહ્ કાપો ॥ ખોલે તે છુટો ફરે ॥ નુર નિષ્કલંકી પીરશાહનું જે ઋષિવર પીયે ॥ તે જીવ બાર કરોડીની સોબતમાં મળે ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

शं त आपो धन्वन्या३: शं ते सन्त्व नूप्याऽ: ।

शं ते खनित्रिमा आप: शंया: कुम्भेभिराभृता: ॥२॥

अ० कां० १९ अ० १ सु० २

મંત્ર છપ્પનમો

મુખીને પાવળ પીવાનો છે.

ॐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

તમે દેવ નિરંજન નિરાકાર ॥ નિષ્કલંકી નારાયણ દશમા અવતાર ॥ ઈશ્વર યુગોયુગના બ્રહ્માજી ॥ પુરુષ પાવળની છાંટેથી ॥ સપ્ત પાતાળ એક વીસ બ્રહ્માંડના બાંધ્યા બંધ તે નુર પાવળે બાંધ્યા બંધ ॥ બ્રહ્મા, વિષ્ણુ મહેશ્વર કળશમાં કળા ધરી બેઠા તે નુર છાંટના બાંધ્યા ॥ હરિ આલના હંસરાજા ॥ પરીદેવના ટોળ ॥ ઑમ (ૐ) કાર આલે બાદશાહ ॥ પતાળે દેવતાએ જમી, આકાશ, પવન, પાણી, ગુપ્તી, પ્રગટી ॥ કુળ માંહે ગોત્ર માંહે ॥ આણી વેળાએ ॥ જે કોઈ નુરની વાસના કરે ॥ તે જીવની વાસના પુરો ॥ આદ્ય બ્રહ્માએ ઘટપાટ સ્થાપ્યો । ચોય દિશા નાખી ફરોઈ[૧]

૧ ફરોઈ-(ફર્ફરીક) મૃદુપણુ, કોમલપણું, નવ પલ્લવ વિસ્તારેલી છે આંગળીઓ પગના પંજો.

અનંત રૂપે ચરિત્ર કીધા ॥ કર્તા મૂરત શોઈ ॥ સદ્ગોર ઈમામશાહ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

सहस्त्रवाहुः पुरुषः सहस्त्राक्षः सहस्त्रपात् ।
सभूमि विश्वतो वृत्वात्यतिष्ठद् दशाङ्गुलम् ॥१॥

अ० कां० १९ अ० १ सु० ६.

ॐ

મંત્ર સત્તાવનમો

કળશને ઉઠાડવાનો છે.

ॐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ સદ્ગોર પીર કબીરદીન ॥ સદ્ગોર પીર સુદરદીન ॥ સદ્ગોર પીર

સાહેબદીન ॥ સદ્‌ગોર પીર નસીરદીન ॥ સદ્‌ગોર પીર શમ્સદીન ॥ સદ્‌ગોર પીર સલાહોદી ॥ નર ઈસ્લામશાહ ॥ નર અલી નિરંજન નામ ॥ નબીનુર સદ્‌ગોર તમારી દુવા ॥

ઓંમ (ૐ) કાર, ॥ ઓંમ (ૐ) નમો ॥ શ્રી નિષ્કલંકી નારાયણ ॥ મન હેત બાંધ્યા જળ કુંભે રહે ॥ જળ બાંધ્યા ॥ કુંભ રહે ॥ કુંભે બાંધ્યા જળ રહે ॥ જળ વિના કુંભ ના હોય ॥ જ્ઞાને બાંધ્યા મન જોએ ॥ ગોર વિના જ્ઞાન ના હોય ॥ આદ્ય કુંભ કળશની ઘડી ॥ ઉત્પત જળ સેતી[1] ભરી ॥ તે આદ્ય કુંભ સદા ઉત્તમ ઉપન્યા ॥ તે કુંભની પુજા પરીવર્તતે[2] હો સ્વામી ॥ સદ્‌ગોર દર્શન બૂજંતે હો સ્વામી ॥ જીવો કારણ ભવે ગોર બ્રહ્મા ॥ ઓંમ (ૐ) કારે આદ્ય ઉનાદે અલી ॥

૧. સેતી-વતી, વડે. ૨. પરિવર્તવું-સમયે સમયે પુજાયાજ કરવું. આવ્યાજ કરવું.

તે મહા[૩] જોધંગ દેવતા ॥ આજ કલિયુગમાં અલી અલખ નિરંજન અવતાર પાત્ર ॥ તે નર ઉત્તમ ઉપન્યા હો સ્વામી ॥ જે માનંતે ॥ જે પુજંતે ॥ તે લહેતવમ્ ॥ મહેર મહેલમ્ ॥ અમર ભોજનમ્ ॥ અમરાપુર વાસમ્ ॥ જે ના માનંતે ॥ જે ના પુજંતે ॥ તે જાવંતે ॥ ઘોર અંધારે ॥ તે જીવ ભવો ભવ બુડંતે ॥ હો સ્વામી ॥ સદ્‌ગોર સુદરદીન વાચા ॥ પહેલા કર્તાયુગમાં ચાર સ્વરૂપ ॥ મત્સ્ય, કૂર્મ ॥ વ્યારાહ ॥ શ્રી નૃસિંહ ॥ ત્રેતાયુગમાં ત્રણ સ્વરૂપ ॥ વામન, પરશુરામ, શ્રી રામ ॥ દ્વાપર યુગમાં બે સ્વરૂપ ॥ કૃષ્ણ ને શ્રી બુદ્ધા ॥ આજ કલિયુગમાં એક સ્વરૂપ ॥ શ્રી નિષ્કલંકી નારાયણ ॥ ઘટપાટ સ્થાપી ॥

૩. મહા જોર્ધગ-મહા બળવાન

ઋષિ ઓધાર્યા ॥ દૈત્ય દીધા પાતાળ ॥ એણી પાવળે સીધ્યા રાય પ્રહલાદ ॥ પાંચ કરોડી જીવના તો કીધા કાજ ॥ એણી પાવળે સીધ્યા રાય હરિશ્ચંદ્ર ॥ ગોરને વચને મેલ્યા રાજ ॥ સાત કરોડી જીવના તો સીધ્યા કાજ ॥ એણી પાવળે સીધ્યા રાય યુધિષ્ઠિર ॥ પાંચ પાંડવે છોડ્યા રાજ ॥ નવ કરોડી જીવના તો કીધા કાજ ॥ એણી પાવળે કસ્યા પીર સુદરદીન ॥ કાગળના કીધા જહાજ ॥ બાર કરોડી જીવના તો કીધા કાજ ॥ નીમ[1] જળ ॥ નીમ સ્થળ ॥ નીમે બાંધી પાળ ॥ સદ્‌ગોર બેઠા જાંબુદ્વીપે ॥ ઘટપાટ પખાળ્યા ॥ ઘટ પાટ સ્થાપી ॥ ઋષિ ઓધાર્યા ॥ દૈત્ય દીધા પાતાળ ॥ હક્ક સાચા ॥ શાહ

૧. નીમ-ટેક, અડગ નિશ્ચય.

હેજંદા ॥ યેહ પાવળકા એહી વિચાર ॥ સદ્‌ગોર કબીરદીન કથંતે ॥ પીર સુદરદીન શાહ વાચા ॥ ગગન[૨] મંડળમાં અમીરસ[૩] હોય ॥ ત્યાં નિરંજનકા વાસા[૪] ॥ સુગરા[૫] હોય સો ભર ભર પીએ ॥ નુગરા[૬] જાએ પ્યાસા[૭] ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ ર્ઈસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૨. ગગન મંડળ-દશમું દ્વાર. ૩. અમીરસ-નુર, અમૃત. ૪. વાસા-વાસ, રહેઠાણ. ૫. સુગરા-જેણે ગુરુ કર્યા હોય તે. ૬. નુગરા-જેણે ગુરુ ના કર્યા હોય તે. ૭. પ્યાસા-તરસ્યા.

यानि नक्षत्राणि दिव्य त्नरिक्षे अप्सु भूमौ यानि नगेषुदिक्षि ।
प्रकल्पयंश्चन्द्रमा यान्येति सर्वाणि ममैतानि शिवानिसन्तु ॥१॥

अ० कां० १९ अ० १ सु० ८.

ॐ

મંત્ર અઠ્ઠાવનમો

પાટેથી પૈસા ઉપાડવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહમાં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળું છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

સ્વામી હક તમે ॥ પાક પીર તમે ॥ અવ્વલ તમે ॥ આખર તમે ॥ જારેર તમે ॥ બાતીન તમે ॥ દાતા તમે ॥ ખાલક તમે ॥ કાયમ તમે ॥ દાયમ તમે ॥ સખી તમે ॥ સાહેબ તમે ॥ તમે કરો તે થાય ॥ તમારી દરગાહ કું આવે ॥ કુલ જમાતકું ભાવે ॥ જુના બક્ષો ॥ નવા ના કરાવશો ॥ પાંચ, સાત, નવ, બાર તેત્રીસ કરોડીના મેળા આપો ॥ લક્ષ ચોરાશીના ફેરા ટાળો ॥ સઘળી જમાતસું દિદાર આપો ॥ બંદા ક્ષુધાર્થી, પેટાર્થી છે ॥ બંદાના કુલ ગુનાહ્ બક્ષો ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદ્દુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

यत् ते नाम सुहव सुप्रणी तेनु मते अनुमतं सुदानु ।

तेनानो यज्ञं पिपृहि विश्वबारे रयि नो धेहि सुभगे सुबीहम् ॥४॥

अ० कां० ७ अ० २ सु० २.

उच्छिष्टे नाम रुपं चोच्छिष्टे लोक आहितः ।

उच्छिष्ट इन्द्र श्चाग्निश्च विश्वमन्तः समाहितमु ॥ १॥

अ० कां० ११ अ० ४ सु० ६.

ॐ

મંત્ર ઓગણસાઠમો

નીશાની થાળ અક્ષય પાત્રનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ।। ઈંદ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ।। નબી નુર સદ્‌ગોર ।। તમારી દુવા ।।

હરિશ્ચંદ્ર ।। ચતુરવેદી બ્રહ્મા ।। મોક્ષ દાતાર ।। દેવ મહેશ્વર અને સેહેદેવ[૧] તપી[૨] ।। કસે કળશ કીરતાર ।। ચાર યુગ મધ્યે જીવ ઓધર્યા ।। પાંચ, સાત, નવ, બાર ।। તેત્રીસ કરોડી, અનતના મેળા આપો ।। તમે હુશ્યેની પાત્ર દીવાન બાદશાહજી ।। ભાવ ભક્તિ રિદ્ધો[૩] સ્વરૂપ ।। થાળ, પ્રસાદ, નિશાની મહેમાની, દશાંશ, સુકૃત્ય, દામ, દોકડો, પાન ફૂલ, ફળ, અન્ન, પાણી, શાક, પાક, જીકર[૪], બંદગી[૫] કબુલ કરો ।।

૧. સેહેદેવ-સુદરદીન બાવા. ૨. તપી-તપેશ્રી. ૩. સિદ્ધો-શિદ્ધ કરો, પ્રગટ કરો. ૪. જીકર-ભજ્યા-કરવું - તે. ૫. બંદગી-ઉપાસના.

સાહેબ તમસું બલીહારી ॥ અમને આશા દેવ તમારી ॥ અક્ષયપાત્ર[૪] અખુટ કરો ॥ સ્વામી તમે ગત જમાત માંહે નુર નિશાનીઓ પરવરો ॥ અન્નપૂર્ણા અન્નપૂરો પાણી પૂરો ગણેશ ॥ રિદ્ધિ[૫], સિદ્ધિ[૬] આલો માતા ભવાની ॥ મહાદેવ સ્વામી ભોજન પીરસે ॥ માતા ભવાની ગયા બ્રહ્માજીની પાસ ॥ રિદ્ધિ, સિદ્ધિ આલો તમારા દાસ ॥ ભરો ભંડાર થાવ સુખી ॥ અન્ન દેવ પૂર્ણા જાલંધર[૭] મુખી ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નરઅલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૪. અક્ષયપાત્ર-જે પાત્ર માંહેલું ખુટે નહિ તેવું. ૫. રિદ્ધિ-ઐશ્વર્ય. ૬. સિદ્ધિ-મંત્રની પૂર્ણતા, મંત્રનું ફળ. ૭. જાલંધર-સત્પંથના એક શિષ્યનું નામ.

धाता दधातु दाशुषे प्राचीं जीवातुमक्षिताम् ।

वयं देवस्य धीमहि सुमतिं विश्वराधसः ॥२॥

अ० कां० ७ अ० २ सु० १.

ॐ

મંત્ર સાઠમો

નિશાની જમાવાનો છે.

ૐ ફર્માનીજ બિસ્મિલ્લાહ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્દગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્દગોર તમારી દુવા ॥

સ્વામી તમે સૃષ્ટિના સર્જનહાર ॥ નિશાની મહેમાની ભાવે સુભાવે ॥ તમારી નૈયતે ॥ દસ્તરે કબુલ કરો ॥ અન્નપાણીના આહાર ॥ પાન ફુલના ભોક્તા ॥ જુમલી જમાત ઉપર રહેમ કરો ॥ રહેમની નજર ધરો ॥ તમારા નુરને તમે વરો ॥ બંદા તમારા ઉપર નેક નજર કરો ॥ અનંત જીવ તપ કરી આવ્યા ॥ એમ દેવ વેદ વાયક ભાખંતો ॥ સદ્ગોરે હેત કરીયા ॥ તે ચતુર્ વેદી બ્રહ્મા ॥ સ્વામી હક દાણા ॥ સેવાએ આણ્યા ॥ જાકા દાણા ॥ ખટ્ટી કર કમાણા ॥ સત્યસુ લાણા ॥ પ્રેમસું પકાણા ॥ દુર્વેશી[1] ગ્રાસ દાણા ॥ હક હલાલ ખાણ ॥ સાહેબ તમકું પહોંચાણા ॥ સદ્ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

૧. દુર્વેશા-ત્યાગવર્તીનું.

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રંસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

धाता विश्वा वार्या दधातु प्रजाकामाय दाशुषे दुरोजे ॥

तस्मै देवा अमृतं सं व्ययन्तु विश्वे देवा अदितिः सजोषाः ॥३॥

अ० कां० ७ अ० २ सु० १.

ॐ

મંત્ર એકસઠમો

નિશાની જમીને ભણાવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નાથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામ શાહ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

દેહત્ર[1] દુનિયા ।। સહસ્ત્ર[2] આખરત ।। આકબતની ખેર ।। ઈમામની સલામતી ।। યા સદ્‌ગોર ખેર કર કબુલ ।। મદદ અલ્લાહ રસુલ ।। જીસ[3] ભંડારથી રોજી આવે ।। સો ભંડાર કરો ભરપુર ।। ખાયા નુર ।। હુવા હજુર ।। અલ્લાહ આદમ રસુલ ।। તમે દીયા ।। બંદે ખાયા ।। ફર્માન બિસ્મિલ્લાહ્ ।। શાહ તમકું પહોંચાયા ।। સદ્‌ગોર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રંસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

૧. દેહત્ર - દસ ઘણું. ૨. સહસ્ત્ર-હજારઘણું. ૩. જીસ-જે.

पूषे आशा आनु वेद सर्वाः सो अस्माँ अभयतमेन नेषत् ॥

स्वस्तिदा आधृणिः सर्ववीरोप्रयुच्छन पुर एतु प्रजानन ॥ ८ ॥

अ० १ कां० ७ अ० १ सु० २.

ॐ

મંત્ર બાસઠમો

ગત જમાતને પરવરી ઉઠાવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્‌માં નિર્રહીમ ॥

અર્થ: શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્‌ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્‌ગોર ॥ તમારી દુવા ॥

સ્વામી તમે વાટે ઘાટે મુશ્કેલ આસાન કરો ॥ શ્યેતાન તોફાન દૂર કરો ॥ વાડી તમારી હરિભરી રાખો ॥ ખટ્ટી કમાઈમાં બરકત આલો ॥ દીન દુનિયામાં શરખુ[1] રાખો ॥ લજ્જા આબરૂ શરમ તમે રાખો ॥ તમારે નીમ ધર્મે ॥ તમારી દશાંશ સુકૃત્ય ॥ તમારી ક્રિયા આચારે ॥ તમારી ગત ઉપર મહેરબાની રાખો ॥ જાંબુદ્વીપના સુલતાન ॥ જે ઉપન્યા અરબસ્તાન ॥ સહસ્ત્ર દ્વીપ, એરાખંડે કીધા મુકામ ॥ જે વસ્યા ઉંચ મુલસ્થાન ॥ જેણે ગુર્જર ખંડમાં કીધા ઠામ ॥ તેનું પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ નામ ॥ જે કરશે અનંત કરોડી જીવોના કામ ॥ તે આદ્ય વિષ્ણુ નારાયણ ॥ નરઅલી મહંમદશાહ નામ ॥

૧. શરખુરૂ - લજ્જા, આબરૂ.

તમે કરો બંદાની મુશ્કેલ આસાન ।। લક્ષ ચોરાસીના ફેરા ટાળો ।। તેત્રીસ કરોડીના મેળા આપો ।। સદ્ગોર ઈંદ્ર ઈમામશાહ ।। નર અલી મહંમદશાહ ।।

હક્ક લાએ લાહા ।। ઈલ્લિલાહો ।। મહંમદુ રંસુલિલ્લાહો ।।

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

યજ્ઞ વિધિ તથા યજ્ઞના મંત્રો સંપૂર્ણ

दिक्षु चद्राय समनमन्त्स आर्ध्नोत् ।

यथा दिक्षु चन्द्राय समनमन्नेवा मह्यांसंनमः सं नमस्तु ॥७॥

अ० कां० ८ अ० ८ सु० ३९.

બીજનો ચંદ્ર જોવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ્ હિર્રેહ્મ નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કુપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ ॥ આદ્ય વિષ્ણુ નિરંજન નર અલી મહંમદશાહ ॥ નબી નુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

બરકત, રહેમત, સાહેબ સલામત ॥ અરજ ઉમેદવાર ॥ આજ હો ચંદ્રમાં ગોર ॥ તમે સતીયાના સત્ રાખજો ॥

નબીના ઉત્તમના કરગર્યા કાન ધરજો ॥ સમર્યા સહાય કરો ॥ કીધા ગુનાહ બક્ષો ॥ બીજા ગુનાહ ના કરાવશો ॥ ઝાખા, મેઘા, કિન્નર, તેત્રીસ કરોડીના મેળા આલો ॥ અનંત કરોડીની સોબતમાં રાખો ॥ લક્ષ ચોરાશીના ફેરા ટાળો ॥ સદ્‌ગોર ઈમામશાહ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રૈસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

शं नः सूर्य करुचक्षा उदेतु शं नो भवन्तु प्रदशिश्चतस्त्रः

शं नः पर्वता ध्रुवयो भवन्तु शं तः सिन्धवः शमु सन्त्वापः ॥८॥

अ० कां० १९ अ० २ सु० १०.

ॐ

સૂર્યના આસણ સામે ઉભા રહી ભણવાનો છે.

ૐ ફર્માનજી બિસ્મિલ્લાહ હિર્રેહ્માં નિર્રહીમ ॥

અર્થ : શ્રી પરમાત્માની આજ્ઞાથી, આદરૂં છું દયાળુ શ્રી પરમાત્માના નામથી જે સદા કૃપાળુ છે.

સદ્ગોર પાત્ર બ્રહ્મા ॥ ઈંદ્ર ઈમામશાહ આદ્ય વિષ્ણુ નિરંજન નરઅલી મહંમદશાહ ॥ નબી નુર સદ્ગોર ॥ તમારી દુવા ॥

ઉગતા સૂર્ય ॥ આથમતા ભાણ ॥ નર બીજ તે નર મહંમદશાહ નામ ॥

પડંતે ગોર ગાયત્રી ॥ જપે તપે બિંબ ઉપાય ॥ તબ તમે સૂર્ય દેવતા ॥ તમારા ચરણે આયા ॥ અબદુલ્લાહ[1] ॥ જબ્બાર[2] ॥ અબદુલ્લાહ સત્તાર ॥ અબદુલ્લાહ ગફફાર ॥ અબ્દુલ્લાહ રહીમ ॥ અબ્દુલ્લાહ કરીમ ॥ ચાર[4] પીર મહંમદ શફાઅત ॥ એટલી દુવા ભણે ॥ ઉન્કુ દોઝખ હરામ ॥ સદ્‌ગોર ઈમામશાહ ॥ નર અલી મહંમદશાહ ॥

હક્ક લાએ લાહા ॥ ઈલ્લિલાહો ॥ મહંમદુ રૈસુલિલ્લાહો ॥

અર્થ - સત્યવાત, બીજું કોઈ નથી, સર્વત્ર પ્રભુ છે. ખચિત્ વૈરાટ રૂપે એજ છે. મહંમદ (પવિત્ર પુરુષ)ને પરમાત્માએ ઉપદેશ કરવા મોકલેલ છે.

---

૧. અબ્દુલ્લાહ- પરમાત્માનો સેવક. ૨. જબ્બાર-બળવાન પરમાત્માનું નામ. ૩. સત્તાર-પરમાત્માનું નામ. ૪. ચાર પીર-ચાર ટોળાંના ચાર ગોર. ૧. પીર નબી મહંમદ, ૨. પીર નુર સદ્‌ગોર. ૩. સુદરદીન. ૪. પીર ઈમામશાહ.

સત્પંથી મળતા પુસ્તકો

સત્પંથથી યજ્ઞવિધિ	રૂા.૨૦૦-૦૦
સત્પંથી આજ્ઞા પત્ર	રૂા. ૭૦-૦૦
ભાભારામ સુબોધ	રૂા. ૫૦-૦૦
બુદ્ધાવતાર	રૂા. ૩૦-૦૦
બઈબુઠાઈનાં જ્ઞાન	રૂા. ૨૫-૦૦
મોહનનાં દર્શનનાં પાના	રૂા. ૫૦-૦૦
મોહનનાં દર્શનના પાના	રૂા. ૧૦-૦૦
મુગોદ્ધાર	રૂા. ૨૦-૦૦
નાનાકાનો સંવાદ	રૂા. ૨૫-૦૦
સત્પંથીયોના કર્મ	રૂા. ૨૫-૦૦
મોક્ષદ્વાર	રૂા. ૨૦-૦૦
સંતવાણી	રૂા. ૧૫-૦૦
દરે ખુલ્દેવરી	રૂા. ૧૦-૦૦
ભકતની શોધ	રૂા. ૧૦-૦૦
પરછા	રૂા. ૧૦-૦૦
સત્પંથી કર્મ પ્રયોગ	રૂા. ૨૦-૦૦
શિક્ષાપત્રી	રૂા. ૧૦-૦૦
ઓશાણી	રૂા. ૧૦-૦૦
સદ્ગોરના શ્લોક	રૂા. ૧૦-૦૦
कलीतारक मंत्रम	रू २०-००

સત્પંથના તૈયાર પુસ્તકો થોડા દિવસમાં બહાર પડશે.

૧. શ્રી સદ્ગોર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ બાવાની ચેતામણી. ૧૫
૧. શ્રી સદ્ગોર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ બાવાની ચિત્તવરણી.૧૫

મળવાનુ ઠેકાણું

સત્પંથ સાહિત્ય સંબંધી સેવા કરનાર

સત્પંથી સૈયદ બાવા સાહેબ અહમદઅલી 'ખાકી'
૧, મુ. પીરાણા, પો. ગીરમથા, જી. અહમદાબાદ.

कलितारक मंत्रम्.

ગુજરાતી ટીકા સહીત

સદ્‌ગોર કહેરે–

અમી પીધે વિષ ઉતરે, જલ પીધે તૃષા બુઝાયરે;

ભોજન લીધે જેમ ક્ષુધા ભાગે, એમ હરિનામે પાતક જ્યારે.

એકત્ર કરનાર

માસ્તર એમ૦ એન૦ દાસ, બી૦એ૦ (કાઠીયાવાડ)

પ્રકાશકઃ શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ વતી સત્પંથી સૈયદ

શમ્સદ્દીન બાવાસાહેબ (ખાકી) મું: પીરાણા. (ડી. અમદાવાદ)

મુલ્ય રૂા. ૧-૫૦

श्री हरि ॐ निष्कलंकी नारायण नमः

युगात्मने नमः

સવિનય વ્હાલા વાચક વિરોને પ્રાર્થના કરી નિવેદન કરૂં છું કે આ લઘુ મહા દિવ્ય મણિ વેદિક પુસ્તકની પ્રસ્તાવના મુજ પામરથી લખવી અશક્ત છે. છતાં શ્રી નિષ્કલંકી નાથની કૃપા યાચી સમયાનુસાર બે અક્ષર સેવા અર્થે લખવા હિમ્મત કરૂં છું તે શ્રીજી પૂર્ણ કરે.

यजुर्वेद अ० मं० १०

प्रजापतिश्चरति गर्भे अन्तर जायमानो बहुधाविजयते । तस्य योनिम्परि पश्यन्ति धीरास्तस्मिन् हतस्थुर्भुवनानि विश्वा ॥

(પ્રજાપતિ) પરમેશ્વર તે ગર્ભ મધ્યમાં પ્રાપ્ત થાય છે. એજન્મા પરમાત્મા નહિ જન્મ ધારણ કર્તા થકા (બહુધા) દેવતા મનુષ્ય રામ, કૃષ્ણ કલ્પિયાદિ રૂપથી ઉત્પન્ન થાય છે. જ્ઞાની મહાત્મા સત્વગુણ પ્રધાન પુરૂષ તે પરમાત્માના જન્મ કારણને જ્ઞાન ભાવથી જુએ છે. (અજ્ઞાની જનને તે પરમાત્માના જન્મ વિદીત થતા નથી) જે પરમાત્મામાં જ સર્વ (અનંત) બ્રહ્માંડ વ્યાપ્ત (સ્થીત) છે. भ० अ० ४. मं० ७

यदायदाहि धर्मस्य ग्लानिर्भवति भारत। अभ्युत्थानमधर्मस्य तदाऽत्मानं सृजाम्यहम् ॥૭॥

હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મની પડતી થાય છે ત્યારે હું મારી આત્માને પ્રગટ કરૂં છું (દેહ ધારણ કરૂં છું.) भ० अ० १८. मं० ६६

सर्व धर्मान्परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि माशुचः ॥૬૬॥

સર્વ ધર્મોને ત્યાગીને એક મારૂં શરણ પકડ. હું તને સર્વ પાપથી છોડાવીશ, તું શોક ન કર.

पा० स्मृ० अ० १. मं० २२

अन्ये कृतयुगे धर्मास्त्रेतोयां द्वापरे युगे । अन्ये कलियुगेनर्णायुगरूपानुसारतः ॥२२॥

સત્યયુગ, ત્રેત્રાયુગ, અને દ્વાપર યોગોનાં ધર્મ નોખા નોખા હતા. અને કલિયુગમાં પણ પુરૂષોનાં ધર્મ અન્યજ છે. યુગનાં સ્વરૂપાનુસાર પુરૂષોનાં ધર્મ થાય છે.

पा० स्मृ० अ० १. मं० ३३.

युगे युगे चये धर्मास्तत्रचयेद्विजाः तेषां निंदा न कर्तव्या युगस्मा हिते द्विजा ॥३३॥

યુગયુગમાં જે ધર્મ હોય છે તેની અને તે યુગોમાં જે બ્રાહ્મણ હોય. છે તેની નિંદા ન કરવી જોઈએ, કેમકે બ્રાહ્મણ યુગાનુસાર હોય છે.

શ્રી પરિબ્રહ્મ આદ નારાયણ ચરાચર વ્યાપક આદ ઉનાદ છે, તેનો પાર મહામુનિયો પણ પામી શકતા નથી, સદા પોતે દયાળુ પ્રાણી માત્ર પરે દયા વર્ષાથી રહેલ હોવાથી જ પરમકૃપાળુ પરમેશ્વર કહેવાય છે. ધ્યાન અને નામના ભજનને માટે જ પોતે જીવો કારણ બ્રહ્મા, વિષ્ણુ,

મહેશ અને શક્તિ એવા રૂપ અનેકવાર ધારણ કરેજ જાય છે.

બ્રહ્મા ઉત્પન્ન કરનાર=ઉત્પાદક કહેવાય છે. વિષ્ણુ પાલનકરનાર, મહેશ જગતનો ક્ષય કરનાર, શક્તિ જગતને ધારણ કરનાર આવી રીતે ચતુરદેવ ત્રીમૂર્તિ ઓળખાય છે. એજ પરિબ્રહ્મ શ્રી ૐ ત્રીમૂર્તિરૂપ પંચાયતન છે. પોતે શ્રી વિષ્ણુરૂપે જગતમાં પોતાની ઓળખાણ આપી ધ્યેય સરળ કરી નામ જપાવવા ચાર યુગમાં દશ અવતાર બ્રહ્મા, મહેશ, શક્તિસહ લીધા. કૃતયુગમાં શ્રીમચ્છ, શ્રીકૂર્મ, શ્રીવરાહ, શ્રી નૃસિંહ એમ ચાર અવતાર. તેમાં પ્રથમ બે જળચર, બીજા બે વનચર રૂપે થયા છે, બીજા ત્રેતાયુગમાં શ્રીરૂવામન, શ્રી પરશુરામ, શ્રી રામ. તેમાં પ્રથમ બે બ્રાહ્મણ પછીના એક ક્ષત્રીરૂપે થયા. ત્રીજા દ્વાપર યુગમાં શ્રીકૃષ્ણ શ્રીબુદ્ધા. તેમાં પ્રથમના ક્ષત્રી, બીજા યવનરૂપે થયા. આજ કલિયુગમાં શ્રી કલંકિ નારાયણ (નિષ્કલંકી નારાયણ) એકજ યવનરૂપે છે. "સાખી, નામે પાતક નાશે, નામે નાશે રોગ; નામસમોવડ કોઈ નહિ, તપ તિર્થ વ્રત જોગ,". "સદ્‌ગોર કહેરે, ભાગ્ય વડા તે લોકનાં, જેણાં કીધાં તપતિર્થ વ્રતદાનરે; સ્વર્ગ ભોગવીને ઉતર્યા, જેણે ના ઓળખ્યા નારાયણ નામરે." "સદ્‌ગોર કહેરે નામ લીધામાં અંતર ઘણો, પ્રેમશું પ્રીતના લાયરે; ધૂલ ઉપર જેમ લીપણા, ફુટા માદલ બજાયરે." શ્રી વિષ્ણુ ભગવાનનાં દશે અવતાર એક સરખાજ પૂજ્ય છે. આજ કલિયુગનાં મહાત્મા કારણે શ્રી કલ્કી ભગવાનનું નામ શ્રી નિષ્કલંકી કલિયુગનાં મહાત્મ્ય કારણે શ્રી કલ્કી ભગવાનનું નામ શ્રી નિષ્કલંકી નારાયણ જ ભજવાથી મોક્ષગામી થવાય છે. એટલું ઓળખવવાના પ્રયત્ને શ્રી વેદવાણીની ન્હાની ન્હાની જુદી જુદી વાનીઓ કાઢી સુજ્ઞ સમુહ સન્મુખ અર્પવા ભાગ્યશાળી નિવડ્યો છું. સુજ્ઞો અવશ્ય હંશ વૃત્તિએ સારગ્રહણ કરી શ્રીજીને ઓળખવા પરિશ્રમ લેશેજ. જેમ बृ० उ० अथयएतदक्षरं गार्गिविदित्वाऽस्माल्लोकत् प्रैस ब्राह्मणः । હે ગાર્ગિ ! જે મનુષ્ય આ અક્ષર (એ નામ) ને જાણીને આ લોકમાંથી પરલોકમાં જાય છે તેજ બ્રાહ્મણ જાણવો," શુદ્ધ ન્યાંય તો એજ છે. શ્રીજીએ દયા કરી આપણા કલ્યાર્થે સમયે સમયે અવતાર લેઈ રક્ષણ કર્યું, તેની સેવા કરતાં અને તેનું નામ જપતાં પોતાની જ્ઞાતિ, કુળાદિનો સર્વ તજી સમયાનુકુળ અવતાર પાત્રનાજ શરણે આવવામાં શ્રેય છે. यजुर्वेद ब्राह्मण " प्राजापत्यां निरूप्येष्टि तस्यां सर्ववेद संहुत्वा ब्राह्मण, प्रव्रजेत् ॥ પરમેશ્વરની પ્રાપ્તિની ઈચ્છાએ કરી યજ્ઞોપવીત (જનોઈ), શિખા (ચોટલી) આગમાં હોમી ત્યાગી દેવા.' અર્થાત કુલ મર્જાદાનો મોહ તજી યુગાત્મારૂપ અવતાર પાત્રને ખોળી શ્રીજીને શરણે જવું. આ પુસ્તકનાં અંતે "कलि संतारणोपनिषद" શ્રી માન સ્વામી વિવેકાનંદ ગુરૂ જ્ઞાનાનંદ ઉત્તર હિંદુસ્તાનના મુરાદા બાદ જીલ્લામાં જેનું ગુરૂસ્થાન (એમ કહેતા હતા) તેમના દશ ઉપનિષદો. નારાયણ કવચાદિ મંત્રોવાલા પુસ્તકમાંથી તેઓશ્રીની દયાળુ આજ્ઞાથી લખેલ છે. (તા. ૨૪-૨-૨૪ ના દિને) તેમજ તે પુસ્તકના છેલ્લા પૃષ્ટનો ફોટુ પણ તેઓની આજ્ઞાએ લેઈ આ પુસ્તકાંતે આપ્યું છે. મેં કાંઈ પણ તેમાં વધઘટ જોડે, મેલ કરેલ નથી. ફક્ત સંસ્કૃત હોવાથી સ્પષ્ટ રીતે ગુજરાતી અર્થટીકાદિ કરેલ છે, તેમાં મારી દૃષ્ટી દોષથી જે કાંઈ ભૂલ થઈ હોય તે મહા સુજ્ઞજનો દયાદૃષ્ટીએ માફ કરી ક્ષમાવાન થાશે. આ મારા સાહસને પ્રોત્સાહન મળેથી ઘણા જુના વખતના લખેલ કેટલાક ગ્રંથો મારા પુજાસ્થાને છે. તે

અવારનવાર જન સમુહનાં કલ્યાણાર્થે પ્રગટ કરતો રહીશ. હાલ એજ.
લી. સુજ્ઞો, વિદ્વાનો, પંડિતો સાક્ષરોનો કૃપાયાચક -
એમ.એન.દાસ. બી.એ. માસ્તર તા. ૩-૭-૧૯૨૬ કાઠીયાવાડ.

ॐ

कलितारक मंत्रम्
सूर्यमंत्र (ગાયત્રી)

ऋ० मं० ३२ । सू० ६२. मं० १० । य० अ० ३६ म० ३ । य० अ० ४० म० १७ ।
ओं भूर्भुवः स्वः । तत्सवितुर्वरेण्यम् । भर्गो देवस्य । धीमहि । धियो यो नः प्रचोदयात्।
શબ્દાર્થઃ ॐ આ શબ્દ પરમેશ્વરનો સર્વોત્તમ નામ છે. કેમકે એમાં જે 'अ', 'उ', 'म्'એ ત્રણ અક્ષર મળીને એક ॐ સમુદાય બન્યો છે. આ એક નામમાં પરમેશ્વરના અનેક નામો આવી જાય છે. જેમકે, 'अ' કારથી વૈરાટ, અગ્નિ, વિશ્વાદિ છે. અને उ કારથી હિરણ્યગર્ભ, વાયુ અને તેજસાદિ, ॐ કારથી ઈશ્વર, આદિત્ય, અને પ્રાગાદિ નામ આવી જાય છે. આ ॐ કાર અક્ષર બ્રહ્મવાચક છે અને બ્રહ્મવાચ્ય છે. વાચ્ય વાચકનો અભેધ સંબંધ થાય છે તેથી ॐ અક્ષરને બ્રહ્મરૂપ જાણવો.
भूः = (भूरिति वै प्राणः) = જે ઈશ્વર સર્વ જગતને બનાવવાનો હેતુ અને પ્રાણથી વિપ્રય છે તે કારણથી તેનું નામ भू છે. भूः = પૃથ્વી, જમીન. भुवः = (भुव इत्यपानः) = જે મુક્તિની ઈચ્છા કરનાર મુક્ત અને આપણા સેવક (ભક્ત, અમૃતપાન કરનારા સત્પંથી) ધર્માત્માને સર્વ દુઃખોથી નોખા કરીને સર્વદા સુખમાં રાખે છે. તેથી કરી ઈશ્વરનું નામ भुवः છે. भुवः = સર્વ, પ્રભુ. આ મહાન વ્યાહૃતિઓનો અર્થ સંક્ષેપથી જાણવો. અહીં સૂર્યમંત્ર (ગાયત્રી) નો અર્થ આમ છે. तत् = તે. सवितुः = જે ઈશ્વર સર્વ જગતનો ઉત્પન્ન કરવાવાળો, અને સર્વ ઐશ્વર્યનો દેવાવાળો છે તે; સૂર્ય દેવનું. वरेण्यम्ः = જે અતિજ ગ્રહણ કરવા યોગ્ય છે. પસંદ કરવા યોગ્ય. भर्गः = જે શુદ્ધ વિજ્ઞાન સ્વરૂપ છે. સૂર્યનું ઐશ્વર્ય. धीमहिः = અમે સદા નિશ્ચય કરીને હૃદયમાં ધારણ કરીએ છીએ. चः = જે (પૂર્વની પેઠે સવિતા દેવ પરમેશ્વર પ્રેરક છે તે). नः = અમારી. धियः = બુધ્ધિ प्रचोदयात् = કૃપા કરે, સર્વ અપકૃત્યોથી નિવારણ કરે અને સર્વ કાલ ઉત્તમ કાર્યોમાં પ્રેરે. અર્થ ॐ કાર પૃથ્વીદેવ, તથા પૃથ્વીના સર્વ દેવમય, બ્રહ્મમય તેજોમય વિગેરે છે. અને તે સૂર્યદેવને અતિજ ગ્રહણ કરવા લાયક છે. તે દેવોના શુદ્ધ વિજ્ઞાન સ્વરૂપ છે. તેને અમે સદા નિશ્ચય કરીને હૃદયમાં ધારણ કરીએ છીએ, અને તે અમારી બુદ્ધિને સર્વ અપકૃત્યોથી નિવારણ કરે અને સર્વ ઉત્તમ કાર્યોમાં પ્રેરે.

ॐ ऋग्वेदी गायत्री

ॐ ॐ ॐ कारम् । अनादिपुरुषम् । न रूपम । न रेखा । निष्कलंकः । न पाणिः । न पादः । अभूत् मंगलं वर्तते । ब्रह्मा ॐ । ब्रह्मोन्नादः । आद्यरूपः । वेद रेखा मात्रः ।

महातेजाः परिब्रह्म । चतुर्मूर्तिः । ईश्वरः कृतवान् । वेदः परिब्रह्मः । ऋग्वेदो रक्तवर्णः । वर्णादिर्विष्णुः । ब्रह्मवंशपात्रः । अतीव परिब्रह्मः । परमेश्वरम् । परमपरमः परिब्रह्मः । प्रज्वालयति पातकम् । हुताशनमयतेजाः । वंशादिपात्रम् । वेदः परिब्रह्मः ।

શબ્દાર્થ. ૐ ૐ ૐकारम् = ત્રણ કાલમાં તત્ત્વની ખાણ, મૂળ શબ્દનું સ્વરૂપ अनादिपुरुषम् = જેને શરૂઆત (જન્મ્યો) નથી એવો પુરૂષ. न रूपम् = રૂપ (આકાર) નથી. न रेखा= લીટી, સ્વરૂપ દેખાડનાર આકૃતિ, (હાથની રેખા) નથી. निष्कलंकः = કલંક (ડાઘ-લાંછન) વગરનો. न पाणिः = હાથ નથી. न पादः = પગ નથી. अभूत् = થયો मंगलं = કલ્યાણ. वर्तते =હોય છે, વર્તે છે, થાય છે. ब्रह्मा = અવિનાશી પરમાત્મા, ૐ = મૂળ શબ્દ, પ્રણવનો જુનો મંત્ર, તત્ત્વની ખાણ, અવિનાશી પરમાત્માનો શબ્દ. ब्रह्मोन्नादः = (ब्रह्मा उन्नादः + ब्रह्मा = આદ્યપુરુષ, + उन्नादः = ઉંચો અવાજ.) બ્રહ્માનદ, રણુંકારનો શબ્દ; શ્વાસોશ્વાસથી થતો ધ્વનિ. आद्यरूप = મૂલ રૂપવાળો. वेदरेखामात्रः (वेद = અપુરૂષ્ય = વાણી + रेखा = લીટી, અંક. + मात्र = સર્વ) = સર્વવેદો એના શરીરની રેખાઓ છે. महातेजाः = મોટા પ્રકાશવાળો. परिब्रह्मः = જ્ઞાન બ્રહ્મથી પણ પર, એવો પરમેશ્વર. चतुर्मूर्ति = ચાર રૂપે, ચાર મોઢાવાલો. इश्वर =સ્વામી, મહાદેવ. પરમેશ્વર. कृतवान् = કર્યું. वेदः परिब्रह्म = વેદ એજ પરિબ્રહ્મ છે, પરિબ્રહ્મથી વેદો છે. ऋग्वेदः = પહેલા વેદનું નામ છે. रक्तवर्णः = રાતા રંગવાળો. वर्णादिविष्णु = (वर्ण =જાત, રંગ+ आदि = પહેલા, પ્રથમ विष्णु = પાલન કરનારી શક્તિ, જે માયા છે તેના અધિકાર ઈશ્વર, સત્ત્વગુણનું સ્વરૂપ, સર્વ વ્યાપક પરમેશ્વર) સર્વ રંગ જાતમાં રહેલા એવા વિષ્ણુ ભગવાન. ब्रह्म वंशपात्रः =બ્રહ્મવંશને લાયક, अतीव = અતીજ, ઘણો મોટો. परिब्रह्म =જ્ઞાનબ્રહ્મથી પર, એવો પરમાત્મા. परमेश्वरम् =પરમ સત્તાવાન ઈશ્વર, ત્રિમૂર્તિ બ્રહ્મ. परमपरमः = મોટાઓમાં પણ મોટો. परिब्रह्मः =જ્ઞાનબ્રહ્મથી પણ પર, પરમેશ્વર प्रज्वालयति = બોલે છે. पातकम् = પાપ. हुताशनमयतेजाः = (हुताशन = અગ્નિ, + मय વાળું, ભરપુર + तेजाः અગ્નિનું નામ, પ્રકાશ, તેજ.) પ્રકાશવાળો ને અગ્નિ સમ ઉષ્ણતાવાલો. वंशादिपात्रम = સનાતન (જુના) વંશનો વ્યાપક પુરૂષ, वेदः परिब्रह्मः = વેદ પરિબ્રહ્મને ઓળખાવે છે.

ભાવાર્થ

ૐ ૐ ૐકાર. તે એવો પુરૂષ છે કે જેની શરૂઆત નથી, તેને ખાસ કંઈ રૂપ નથી, રેખા નથી, કલંક નથી, હાથ નથી, કે પગ નથી. આવો તે કલ્યાણકારી પુરૂષ થયો છે. ૐ તે બ્રહ્મ છે. અવિચલ રણુંકારનો સ્વર છે, તે મૂલ રૂપવાળો પુરૂષ છે. વેદ એની રેખાઓ છે. મહાન તેજવાલો છે. તે પરિબ્રહ્મની ચાર મૂર્તિ (મુખ) રૂપ છે. તે ઈશ્વરે સર્વ બનાવ્યું છે. વેદજ પરિબ્રહ્મને ઓળખાવે છે. (પોતેજ પરિબ્રહ્મ છે). ઋગ્વેદ રાતા રંગવાળો છે. બધા વર્ણનો મૂલ પુરૂષ વિષ્ણુ છે. તે બ્રહ્મવંશને લાયક છે. તે મોટો પરિબ્રહ્મ છે એવો તે મહાન સત્તાવાલો

ઈશ્વર છે. તે મોટામાં મોટા પરિબ્રહ્મ છે તે પાપને બાળે છે. તે અગ્નિ સમાન પ્રકાશિત અને બાળનાર છે, તે આદ્યવંશનો પહેલો લાયક પુરૂષ છે. તેજ વેદમય પરિબ્રહ્મ છે.

यजुर्वेदी गायत्री

ॐ ॐ ॐकारम् । वेदवायकेऽक्षरः । ब्रह्मविभूति । पञ्चमृतात्षल्लश्रांकं परिवर्तते । प्रज्वालयति पातकम् । परमेश्वरम् । परिब्रह्मरूपरेखा वेदोऽभूत् । जगति परमेश्वर । परापरमपरम: परिब्रह्मः । वंशादि पात्रोभूत् । जगति वेदः परमेश्वरः । परिब्रह्मः । सर्वः परिब्रह्मः । शब्दः परमेश्वरः परिब्रह्मः । यजुर्वेदोजरद्धर्णः । वर्णादिविष्णुः परिब्रह्म ।

શબ્દાર્થ. **ॐ ॐ ॐकारम्** = ત્રણે કાળમાં સત્વની ખાણ; આદિ પુરૂષના શબ્દનો સ્વરૂપ. **वेदवायके** =વેદની વાણીમાં. **अक्षरः** =ન ખરે, ન તુટે, ન નાશ પામે તેવો. **ब्रह्म विभूतिः** = (**ब्रह्म** + **विभूति**. **ब्रह्म** = અવિચળ, અવિનાશી, પરમાત્મા **विमूति** = આબાદી, ઐશ્વર્ય) =બ્રહ્મના સર્વ સ્વરૂપ. **पञ्च भूतात्** = પાંચ ભૂતો (પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ.) **षल्लश्रांकम्** =(**षड** + **लल्ला** + **अंकम्षड्** = છો + **लल्ला** = **ल** =૨૮ મો ઘોષ વ્યંજન. + **अंकम्** =અંકવાળો ગણતરી) છ લલ્લાના અંકવાળો મંત્ર **परिवर्तते** =થાય છે. બાળે છે. **प्रज्वालयति** =પાપ. **पातकम** =સર્વ સત્તાવાન ઈશ્વર **परमेश्वरम्** = જ્ઞાનબ્રહ્મથી પણ પર એવો ઈશ્વર, **परिब्रह्म रूपरेखा** = (**परिब्रह्म** + **रूप** - **रेखा. परिब्रह्म** રૂપ તથા રેખાઓ) = પરિબ્રહ્મ પરમાત્માના સ્વરૂપની રેખાઓ. **वेद** = અપુરૂષ્ય વાણી. **अभूत** ન થયો. **जगति** = જગતમાં, પૃથ્વીમાં. મહાન ઈશ્વર. **परमेश्वर** = શ્રેષ્ઠ, ઉત્તમ. **परा** = મોટામાં મોટો. **परमपरम:** = જ્ઞાનબ્રબ્મથી પર. **परिब्रह्म** = પેઢી, પરિવાર + **आदि** પહેલો, જુનો. **पात्र** = પાત્ર, લાયક. **अभूत्** = થયો. **जगति** = જગતમાં, પૃથ્વીમાં. **वेदः** = અપુરૂષ્યવાણી. **परमेश्वर** = આદ્યનો ઈશ્વર. **परिब्रह्मः** = ચારે તરફ વ્યાપક બ્રહ્મ. **सर्व** = સઘળું. **परिब्रह्म** = નિરૂપાધિક બ્રહ્મ. **शब्द** = અવાજ, શબ્દ. **परमेश्वर** = જુનો સત્તાવાન ઈશ્વર. **परिब्रह्म** = વિશુદ્ધચિત્ત સ્વરૂપ. **यजुर्वेद** = બીજો વેદ. **जरद्धर्णः** = (**जरद** + **वर्ण. जरद** = ફિક્કો + **वर्ण** = રંગ) **वर्ण** + **आदिः वर्ण** = ફિક્કા રંગનો, **आदि**= પહેલો) વર્ણોમાં પહેલો **विष्णुः** = સત્ત્વ ગુણનું સ્વરૂપ. **परिब्रह्म** = વિશુદ્ધ ચિત્ત સ્વરૂપ.

ભાવાર્થ - ॐ ॐ ॐકાર, વેદના વચનથી નાશ ન પામે તેવો છે, તે બ્રહ્મનો સર્વ સ્વરૂપ છે. તે પંચ મહાભૂતો સાથે એક છે. છ લલ્લાના અંકવાળો મંત્ર પાપને બાળે છે, તે પરમેશ્વર છે. અપુરૂષ્ય વાણીના જે વેદ તે પરિબ્રહ્મને ઓળખાવનાર (હદ બાંધનાર) છે. જગતમાં (વૈરાટ રૂપે) પરમેશ્વર છે. શ્રેષ્ઠ જુનામાં જુનો અને મોટામાં મોટો છે. બધા વંશોનો પહેલો તે લાયક પુરૂષ હતો. જગતમાં વેદ તેજ પરમેશ્વર છે, પરિબ્રહ્મ છે, બધુંએ પરિબ્રહ્મ જ છે. પરમેશ્વર શબ્દ પણ પરિબ્રહ્મ છે. યજુર્વેદ ફિક્કા રંગનો છે. બધા વર્ણમાં પહેલો પુરૂષ વિષ્ણુ ભગવાન પરિબ્રહ્મ છે.

ॐ सामवेदी गायत्री.

ॐ ॐ ॐकारम् । कृष्णादिवर्णम् । तदा वेदः परमेश्वरः । उपजायमानो धर्मः । तदार्ध पातकम् प्रज्वाल्यते । सर्ववंशादिः पात्रः । पूजांगम् । परिब्रह्मः । षल्लल्लांकम् । तत्वम् मंगलस्य महदंगम् । वर्तते शब्दश्च वेदश्च । परिब्रह्मः । ॐ शब्दः परिब्रह्मः ॐ चक्षुः परिब्रह्मः ॐ उन्नादः । महावेदां गम् । परिवर्तते विद्यांगम् । परमेश्वरः परिब्रह्मः ।

શબ્દાર્થ. **ॐ ॐ ॐ कारम्** = ત્રભે કાળમાં તત્ત્વની ખાણ, મૂળ શબ્દનું સ્વરૂપ, **कृष्णादि वर्णम्** = (**कृष्ण** =કાળો + **आदि** = પહેલો + **वर्ण** = રંગ) પેહેલો મુખ્ય કાળો રંગ છે જેમાં તે. **तदा** = ત્યારે. **वेदः** = અપુરૂષ્ય વાણી. **परमेश्वरः** = આદિના ઈશ્વર. **उपजायमान** = ઉપજાવે છે. **धर्मः** = પ્રેરણા કરનાર, બોધક, સદાચરણ. **तदा** = ત્યારે **अंर्ध** = અડધું. **पातकम्** = પાપ. **प्रज्वाल्यते** = બળી જાય છે. **सर्ववंशादिः पात्रः** = સર્વ વંશોમાં મુખ્ય પાત્ર (લાયક) છે. **पूजांगम्** = પૂજાનું અંગ **परिब्रह्मः** = આદિ પુરૂષ કે જેની કોઈ ખબર નથી કે તે ક્યારે થયો છે. **षल्लल्लांकम्** = છ લલ્લાના અંકવાળો મંત્ર. **तत्त्वम्** = (**तत्** + **त्वं**. **त** = તે તુંજ છે **मंगलस्य** = કલ્યાણનું. **सहदंगम्** = (**महत्** + **अंगम्**. **महत्** = મોટું. + **अंगम्** = અંગ, ભાગ) મોટું અંગ. **वर्तते** = છે. **च** = અને. **परिब्रह्मः** = પરમેશ્વર. **ॐ शब्दः परिब्रह्मः** = ॐ શબ્દ પરિબ્રહ્મ છે. **ॐ चक्षुः परिब्रह्मः** = ॐ પરિબ્રહ્મની આંખો છે. **ॐ उन्नादः** ॐ રણુંકારનો શબ્દ છે. **महावेदांगम्** = (**महा** = મોટો + **वेद** = વેદ + **अंगम्** = અંગ) = વેદનું મોટું અંગ છે. **परिवर्तते** = વ્યાપક છે. **विद्यांगम्** = જ્ઞાન + **अंग** = અંગ) =જ્ઞાનનું અંગ છે. **परमेश्वर** = પરમેશ્વર. **परिब्रह्मः** ચોદિશ વ્યાપક પરમેશ્વર.

ભાવાર્થઃ ॐ ॐ ॐકાર મૂળ રંગ કાળો છે. ત્યારે વેદ થકી પરમેશ્વર મહાન ધર્મ ઊપજાવે છે. ત્યારે અર્ધ પાપ નાશ પામે છે. સર્વ વંશમાંથી મુખ્ય પાત્ર (લાયક છે.) પૂજાનું અંગ પરિબ્રહ્મ છે. તેનો છ લલ્લાના અંકવાળો મંત્ર છે. તે તુંજે છે. સર્વ કલ્યાણકારી મોટું અંગ છે. વેદ પરિબ્રહ્મનો શબ્દ છે. ॐ (શબ્દ) પરિબ્રહ્મ છે. ॐ પરિબ્રહ્મની આંખો છે. ॐ રણુંકારનો મંત્ર (શબ્દ) છે. તે વેદનું મહાન અંગ વ્યાપક છે. વિદ્યાનું અંગ છે, પરમેશ્વર છે તે પરિબ્રહ્મ છે.

ॐ अथर्ववेदी गायत्री.

ॐ ॐ ॐकारम् । कल्यंग कर्ता । विंशतिविस्वापापम् । विस्वा धर्मः । अरूद्धं पातकम् । धर्मो रेखा मात्रः । धर्म इति परिब्रह्मः । अथर्ववेदः श्वेतवर्णः । वर्णादिर्विष्णुः । स विष्णु नारायणः । ब्रह्मांगम् । ब्रह्मवंशादिः पात्रः । वर्णादिधर्मो म्लेचोऽभूज्जगतिः । इच्छांगो विष्णुर्नारायणः । अतः परिवक्ष्यामि महाज्ञान भेदम् । जम्बुदीपे कलागं पवित्रं वर्तमानम् । महाकलियुग उपजायते नारायणः । तेजो भविता । अंगकर्ता । प्रज्वालयति पातकम् । अनादिः पुरुषः । मम जीवनं भवति । आर्यांगम्

। परिब्रह्मः षल्लक्लांकम् । मंगलश्च । सत्वानि । सत्पात्रादि परमेश्वरः । परिब्रह्मः । अनादिपुरुषवेलांगम् । भवति कर्मायति परिब्रह्मः । स्थले सेवांगम् । नमः । सर्व इति परिब्रह्मः । परमेश्वरः परिब्रह्मः ।

શબ્દાર્થ. ૐ ૐ ॐकारम् = ત્રણે કાળમાં તત્ત્વની ખાણ. આદિ પુરૂષના શબ્દનું સ્વરૂપ. कल्यंग कर्ता = (कलि + अंग + कर्ता. कलि = કલિયુગ + अंग = ઉપાય. + कर्ता = બનાવનાર) + કલિયુગમાં (તરવાનો ઉપાય બતાવનાર. विंशति = વીસ विस्वा = વસા. पापम् = દુષ્કર્મ. विस्वाः = વસો. धर्मः = પ્રેરણા કરનાર, બોધક, સદાચરણ. अरूद्धं = સ્વતંત્ર, રોકી ન શકાય તેવું. पातकम् = પાપ. धर्मः = ધર્મ, સદાચરણ. रेखामात्रः = લીટી જેવડો, રજ પ્રમાણે, ઘણોજ થોડો. धर्मः = સદાચરણ. इति = એ પ્રમાણે. परिब्रह्म = ચોદિશ વ્યાપક પરમેશ્વર. अथर्ववेद = ચોથો વેદ. श्वेत ७= ધોળો. वर्ण = રંગ, वर्णादिर्विष्णुः = (वर्ण + आदि - विष्णु. वर्ण = રંગ, જાત. + आदि = પ્રથમ વહેરેવું. विष्णु= વિષ્ણુ ભગવાન) મૂળરંગ (જાત) વિષ્ણુ પરમાત્માથી છે. सः = તે विष्णु नारायणः = પોષણ કરનાર, પાણીમાં. જેની ગતિ છે તેવો ઈશ્વર. ब्रह्मांगम् = (ब्रह्मा + अंग) બ્રહ્માનું અંગ. ब्रह्मवंशादि पात्रः = (ब्रह्म + અવિનાશી પરમાત્મા + वंश = પેઢી + आदि = પ્રથમનું + पात्र = લાયક) આદિ બ્રહ્મ વંશનો લાયક પુરૂષ वर्णादिधर्मो. = (वर्ण + आदि + धर्म वर्ण + धर्म = સદાચરણ) મૂળ ધર્મની જાત. म्लेचोऽभूज्जगति (म्लेचः + अभूत् + जगति. म्लेचः = પરમુલ્કી બોલનાર, પરદેશી ભાષા, સ્પષ્ટ બોલી ન શકે તે (યાનવી) + अभूत् = થયો जगति = જગતમાં) = જગતમાં મ્લેચ્છ (ન સમજાય તેવી વાણીવાળા) યવન લોક થયા. इच्छांगः =(इच्छा + अंग. इच्छा = મરજી + अंग = ભાગ) = મરજી પ્રમાણે ઉત્પન્ન થનાર. विष्णुर्नारायणः = વિષ્ણુ નારાયણ अतः = આથી. परिवक्ष्यामि = કહીશ, જણાવીશ. महाज्ञानभेदम् = મોટા જ્ઞાનનો ભેદ. जम्बुद्वीपे = જંબુદ્વીપમાં. कलांगम् = (कला + अंग) = શ્રેષ્ઠ કલાવાળો. पवित्रम् = શુદ્ધ. वर्तमानम् = હોવાવાળો. महाकलियुगे = મોટા કલિયુગમાં. उपजायते = પેદા થાય છે, અવતાર લે છે. नारायण = પાણીમાં પણ જેની ગતિ છે તેવો પ્રભુ. तेजो भविता = (तेजो + भविता तेजः = પ્રકાશક + भविता = થશે, થાય) પ્રકાશ થશે. अंग कर्ता = બધી મુખ્ય બાબતોનો કર્તા. प्रज्वालयति = બાળે છે. पातकम् = પાપ. મુળ પુરૂષ. मम = મારૂં. जीवनम् = હયાતી, જીવવું. भवति = થાય છે. आर्यागम् = (आर्य + अंग. आर्य = પાપ વગરનું, પુણ્યવાળા + अंग = મુખ્ય, સરદાર) = પુણ્યવાન લોકોનો સરદાર. परिब्रह्म = સચરાચર વ્યાપક પરમાત્મા. षल्लक्लांकम् = છ લલ્લાના અંકવાળો મંત્ર. मंगलः = કલ્યાણ, કલ્યાણકારી. च અને सत्वानी = બધા સત્વો. सत्पात्रादि परमेश्वरः = (सत = સાચું + पात्र= લાયક + आदि =પહેલું + परम = ઉત્કૃષ્ટ + इश्वरः

= સ્વામી, ધણી) = સાચા, લાયક, જુના, ઉત્તમ ધણી. **परिब्रह्मः** = જ્ઞાન બ્રહ્મથી પર. **अनादि पुरुष वेलांगम्** = (**अनादि** = જેની શરૂઆત નથી તે, જેનું મુળ મંડાણ નથી તે + **पुरुष** = મનુષ્ય રૂપ, નરજાતિ + **वेला** = વખત, સમય. + **अंगम्** = મુખ્ય = અનાદિ પુરૂષનો મુખ્ય સમય **भवति** = થાય છે. **कर्मायति** = કામ કરી રહ્યો છે. **परिब्रह्मः** = પરમાત્મા. **स्थले** =સ્થાને, યોગ્ય સ્થળે, **सेवांगम्** = (**सेवा** = સેવા, ચાકરી પૂજા + **अंग** = ભાગ મુખ્ય) મુખ્ય સેવા. **नमः** = નમસ્કાર હજો. **सर्वः** = બધું. **इति** = સમાપ્ત, પુરણ. **परिब्रह्मः** = **परमेश्वरः परिब्रह्मः** = એજ પરમેશ્વર પરિબ્રહ્મ છે.

ॐ

ભાવાર્થ, ॐ ॐ ॐકાર, કલિયુગમાં મોક્ષનો ઉપાય કરનાર છે. વીસ વસા પાપ છે. (એક) વસો ધર્મ છે. પાપ ન અટકાવી શકાય તેટલું છે. ધર્મ તો રજ માત્ર (નામનું) છે. એ ધર્મે પરિબ્રહ્મ છે. અથર્વવેદ શ્વેત રંગવાળો છે. મુળ વર્ણ વિષ્ણુ પરમાત્માની છે. તેજ વિષ્ણુ નારાયણ છે, મહાન બ્રહ્મ છે. અને તે લાયક પુરૂષ હરિવંશમાં પહેલો છે. મલેચ્છ (સ્પષ્ટ નહિ બોલનાર) પરભાષા બોલનાર જાતિમાં મુળ ધર્મ જગતમાં થયો. મરજી પ્રમાણે વિષ્ણુ ભગવાન રૂપ લઈ શકે તેવા છે. આથીજ મોટા જ્ઞાનનો ભેદ કહી જણાવું છું. જંબુદ્વીપમાં શ્રેષ્ઠ કલાવાળો અને પવિત્ર (પુરૂષ) રહે છે. ઘોર કલિયુગમાં (એ ઠેકાણે નારાયણ) પેદા (પ્રગટ) થાએ છે તે જ પ્રકાશશે. (જ્ઞાન તેનું સર્વ માન્ય થાશે). તે બધી મુખ્ય બાબતોનો કર્તા છે. તે પાપને બાળે છે. તે અનાદિ પુરૂષ છે. તે મારા જીવન રૂપ છે. તે પુણ્યવાન લોકોના સરદાર છે; છ લલ્લાનાં અંકવાળો (મંત્ર) પરિબ્રહ્મ છે. અને કલ્યાણકારી છે. (બધે) સત્ય વસ્તુ રહે છે. સાચા પાત્રોમાં પહેલા એવા તે ઈશ્વર પરિબ્રહ્મ છે. (કલિયુગ તે) અનાદિ પુરૂષને માટેનો મુખ્ય સમય છે. તે પરિબ્રહ્મ (આવી) કામ કરી રહ્યો છે. (એને) યોગ્ય સ્થળે (જંબુદ્વીપમાં) સેવા કરવા લાયક મુખ્ય પુરૂષ છે. તેને મારા નમસ્કાર હજો, બધુએ પરિબ્રહ્મ છે. પરમેશ્વર તેજ પરિબ્રહ્મ છે.

ॐ ॥ अथ अल्लोपनिषद ॥

हरिः ॐ । वरुण नु दिव्यानुदात्तम् । इलल्ले मित्र । ह्रीम् । अस्मल्लां इलल्ले मित्रावरुणौ । दिव्यानि धत्ते इलल्लो वरुणो राजा पुनर्ददुः । ह्यामित्रम् । इल्लां इलल्ले इलां वरुणामित्रौ तेजकामः ॥१॥

શબ્દાર્થ. **अथ** = હવે શરૂ થાય છે. **अल्लोपनिषद्** = (**अल्ला** = ॐ સ્વરૂપ, પરિબ્રહ્મઃ ત્રણે કાળથી રહિત તેમજ ત્રણે કાળને જાણનાર, ત્રણે કાળમાં રહેનાર + **उपनिषद** =બ્રહ્મશાસ્ત્ર. **हरिः** = હરણ કરનાર પ્રભુ, નાશ કરનાર શક્તિ. ॐ=ॐ કાર સ્વરૂપ (**अ** = જાગ્રત + **उ**= સ્વપ્ન + **म्** = સુષુપ્તિ + ँ = તુરિયા + ० = તુરિયાતિત્ = ત્રણે કાળથી રહિત ત્રણે કાળને જાણનાર. **अ** = અલખ, આદ નારાયણ + **उ**= ઉર્મિયોનો સ્વામિ વિષ્ણું. + **म्** = મહાબ્રહ્મ. + ँ = શંભુ. ० = શક્તિ. **अ** = પરમ બ્રહ્મ. **उ** = એક. **म** = જીવ.) **वरुण** = જલના દેવ,

તેમજ અંધકારનો નાશ કરનાર દેવ. **नु** = ખરેખર. **दिव्यानुंदात्तम्** = (**दिव्य**) = તેજોમય, સ્વર્ગીય, દિવય. + **अनुदात्तम्** = મહાન્, ઉદાર) = તેજોમય તેમજ ઉદાર. **उलह्ले** = સર્વવ્યાપક, વિરાટ સ્વરૂપમાં. **मित्र** = મિત્રદેવ, વિષ્ણના અંશ. **ह्रीम्** = લક્ષ્મી સૂચક બીજ મંત્ર. **अस्मह्लां** = એકતાને. **मित्रावरुणौ** = મિત્ર તથા વરૂણદેવ. **दिव्यानी** = દિવ્ય, તેજોમય વસ્તુઓ. **धत्ते** = ધારણ કરે છે. **राजा** = રાજા, પ્રકાશ્યમાન બ્રહ્મ, સર્વે કલાયુક્ત. **पुनः** = ફરીથી, ભાર દઈને, ખાસ. **ददुः** = જીવાડે છે, આવે છે. **ह्रयामि** = બોલાવું છું. **इलह्ले** = વિરાટ સ્વરૂપમાં. **इह्लां** = હું જાણું છું. **वरुणमित्रो** = વરૂણદેવ તથા મિત્રદેવની પાસે. **तेजकामः** = તેજોમય, બ્રહ્મમય થવાની ઈચ્છા રાખીને.

અર્થ. ૐકાર સ્વરૂપ, તેમજ ૐ કારનો જપ, બધા પાપોને તથા બધા બંધનોને હરવાવાલો છે. વરૂણ ભગવાન તેજોમય બ્રહ્મમય તેમજ ઉદાર ભાવનાવાલા છે. મિત્રદેવ, સત્ત્વગુણના અધિષ્ઠાતા વિરાટ સ્વરૂપે છે. તે લક્ષ્મીસૂચક બીજમંત્ર છે. વલી તે વરૂણદેવ તતા મિત્ર દેવ એકતા ધારણ કરે છે. એકજ બ્રહ્મમાં એક સ્વરૂપ છે. વલી તે વિરાટ સ્વરૂપમાં દિવ્ય, કેવળ સ્વર્ગીય, સત્ત્વગુણવાળી વસ્તુઓને ધારણ કરે છે. વરૂણભગવાન કે જે સર્વવ્યાપક તેજોમય બ્રહ્મ છે. તે પોતે પણ કહે છે કે, "હું મિત્રદેવ - વિષ્ણુદેવને બોલાવું છું, વિરાટ સ્વરૂપમાં (તેમની પાસે) જાઉં છું. અને તેજ - બ્રહ્મપ્રાપ્ત કરવાની જ ઈચ્છા રાખીને વરૂણ અને મિત્ર એક થવા માટે હું તેમની પાસે જાઉં છું.

हुं होतारमिन्दो । होता इन्द्रो रामाः सुरेन्द्रोः ॥ अह्लो ज्येष्ठं श्रेष्ठं परमंपूर्ण । ब्रह्माण अह्लम् ॥२॥ શબ્દાર્થ. **हुं** = બીજમંત્ર છે. **होतारम्** =યજમાનને, યજ્ઞ કરનારને. **इन्द्र** = દેવોના રાજા, પ્રભુ. **होता** = યજ્ઞ કરનાર, યજમાન. **रामाः** = રામ, રામની શક્તિ જેવી અનેક શક્તિઓ. **सुरेन्द्रोः** = મોટા મોટા દેવો. **अह्लो** = ૐકાર અથવા પરબ્રહ્મ. **ज्येष्ठं** = સૌથી મોટામાં મોટું. **श्रेष्ठम्** = ઉત્તમ. **परमम्** = મોટામાં મોટો. **पूर्णम्** = પરિપૂર્ણ, જરાએ અધુરો નહિ, સર્વવ્યાપક. **ब्रह्मणः** = બ્રહ્મમાંથી. **अह्लाम्** = બ્રહ્મ.

અર્થ. ઈન્દ્ર ભગવાન પોતે યજમાનને, યજ્ઞ કરનારને, ધર્મના ખરા રસ્તે ચાલનારને હું મંત્ર જેવોજ ગણે છે. (પછી) યજમાન પોતે જ ઈન્દ્ર અનેક રામો (અનેક અપાર પારિબ્રહ્મિક શક્તિઓ) અને દેવો બની જાય છે. આ અલ્લાહ મોટામાં મોટો, શ્રેષ્ઠ, મોટામાં મોટો, અને પરિપૂર્ણ છે. મૂળ બ્રહ્મ (નિરંજન નિરાકાર) એજ આ અલ્લા છે - બ્રહ્મ 'અલ્લા' શબ્દથી પણ ઓળખાય છે. ॥૨॥

ह्रां अह्लो रसुलमहंमद रकबरस्य अह्लो । अह्लां आदलावुकमेककंअलावुकं निखातकम् ॥३॥ શબ્દાર્થ. **ह्रां** = બીજમંત્ર છે. **अह्लो** = બ્રહ્મ. **रसुल** = ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર - વિષ્ણુ. **महंमद** = બોધ દેનાર, બ્રહ્મા. **रकबर** = આનંદ તથા જ્ઞાનમાં શ્રેષ્ઠ એવા શિવજી. **रसुल महंमद रकबरस्य** = બ્રહ્મા વિષ્ણુ મહેશનો. **अह्लो** = ૐકાર, પરિબ્રહ્મ. **अह्लाम्** = બ્રહ્મ. **आत्प** = માંથી. **अलावुकम्** = કમંડળ. **निखातकम्** = ખોદાએલું.

અર્થ = હું. મૂળ જે પરિબ્રહ્મ છે તેજ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું બ્રહ્મ છે. (એક જ બ્રહ્મમાંથી બ્રહ્મા-વિષ્ણુ અને મહેશ થયા છે. રસુલ મહંમદ તે પણ બ્રહ્મ છે.) મૂળ માટીમાંથી ખોદીને બનાવેલું માટીનું કમંડળ અને માટી એકજ છે તેમજ મૂળ પરિબ્રહ્મ (નિરંજન નિરાકાર) અને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ મહંમદ રસુલ એકજ છે ॥૩॥

अल्लो यज्ञेन हुत्वा । अल्ला सूर्यचन्द्रसर्वनक्षत्राः । अल्लो ऋक्षीणां सर्वार्थव्या इन्द्राय । पूर्वं माया परमं अंतरीक्षाः ॥४॥

શબ્દાર્થ = **अल्लो** = 'અલ્લા' નામથી ઓળખાતું બ્રહ્મ સ્વરૂપ. **यज्ञेन** = યજ્ઞ કરીને; યજ્ઞના સાધનથી. **हुत्वा** = હોમ કરીને, આહુતિ આપીને **अल्ला** = 'અલ્લા' નામથી ઓળખાતું બ્રહ્મ સ્વરૂપ. **ऋक्षीणाम्** = રૂષિયોને. **सर्वार्थव्या** = બધી બાબત માટે. બધા કાર્ય માટે, ઈચ્છવા યોગ્ય, પ્રાર્થના કરવા યોગ્ય. **इन्द्राप** = ઈન્દ્રપદ. પ્રભુપદ પ્રાપ્ત કરવા માટે. **पूर्वे** = પહેલું આદિનું. **माया** = માયા, મોહમત્સરાદિ બંધન. **परमम्** = મોટું. **अंतरीक्षाः** = અગોચર, જેનો પાર ન પામી શકાય તેવા.

અર્થ. યજ્ઞ યાગાદિ કાર્યો કરી આહુતિઓ આપીને બ્રહ્મ પ્રાપ્ત કરી શકાય છે. જે બ્રહ્મ છે તેજ સૂર્ય ચંદ્ર, નક્ષત્ર વગેરે બધું છે. બધામાં પરિબ્રહ્મ વ્યાપક છે. ઈન્દ્રપદ પ્રાપ્ત કરવા રૂષિઓએ બધા પ્રયત્નો કરીને 'અલ્લા'ની જ પ્રાર્થના કરવી જોઈએ. અને તે 'અલ્લા' નામથી ઓળખાતું બ્રહ્મ સ્વરૂપ આદિથી અંત સુધીની માયા તેમજ અગોચર રૂપ છે. ॥૪॥

अल्लो पृथिव्यानि धत्ते । इलल्ले वरुणो राजा पुनर्ददुः ॥ इलल्लेरकबर । इल्लां रकबर । इल्लं इल्लेति इलल्ले ॥ ५॥

શબ્દાર્થ. **अल्लो** = બ્રહ્મ. **पृथ्विानि** = પૃથ્વીઓ, ગૃહો. **धत्ते** = ધારણ કરે છે. **इल्लले** = વિરાટ સ્વરૂપમાં. **वरुणो** = વરૂણદેવ, જળના દેવ, અંધકારનો નાશ કરનાર દેવ. **राजा** = રાજા, પ્રકાશ્યમાન બ્રહ્મ. **पुनः** = ફરીથી, ભાર દઈને. **ददु**: = જીવાડે છે, આપે છે. **रकबर** = આનંદ તથા જ્ઞાનમાં શ્રેષ્ઠ એવા શિવજી. **इल्लां** = હું જાઉં છું. **इल्लेति** = જવું જોઈએ તેટલા માટે.

અર્થ. બ્રહ્મ પૃથ્વીઓ - બધા ગૃહોને ધારણ કરે છે. વરૂણદેવ વિરાટ સ્વરૂપમાં સર્વ વ્યાપક તેજોમય બ્રહ્મ છે. વિરાટ સ્વરૂપમાં રૂદ્ર છે. (અને) રૂદ્રવાંસે હું જાઉં છું. (તેથી) વિરાટ સ્વરૂપમાં જવું જોઈએ એટલા માટે હું (બ્રહ્મ પાસે) જાઉં છું. ॥૫॥

हरिः ॐ । अस्य इल्लां । इलल्ले मित्रावरुणो राजापूर्णं दधुः ॥ ह्वयामि मित्रो । इल्लां रकबर इल्लां रसुल महंमद रकबरस्य । अल्ले अल्लो पूर्णं दधुः ॥६॥

શબ્દાર્થ. ॐ = ૐકાર. **हरिः** = પાપોને હરનાર. **अस्य** = આનો. **इल्लांः** = હું જાઉં છું. **इलल्ले** = વિરાટ સ્વરૂપમાં. **मित्रावरुणो** = સૂર્ય તતા વરૂણદેવ, **राजा** = રાજા, પ્રકાશ્યમાન બ્રહ્મ. **पुर्णं** = પુરેપુરી રીતે. **दधुः** = ધારણ કરે છે. **ह्वयामि** = હું બોલાવું છું. **मित्रो** = સૂર્યદેવ-વિષ્ણુને. **रकबर** = આનંદ તથા જ્ઞાનમાંથી શ્રેષ્ઠ એવા રૂદ્ર ભગવાન **रसुल महंमद**

रकबरश्य = બ્રહ્મા વિષ્ણુ તથા મહેશની પાસે. = બ્રહ્મમાં अल्ले = બ્રહ્મ. पूर्णं = પુરેપુરૂં. दधुः= વ્યાપ્ત છે.
અર્થ. ૐકાર પાપોને હરે છે. હું તેની પાસે જાઉં છું. વિરાટ સ્વરૂપમાં સૂર્ય તથા વરૂણદેવ પ્રકાશ્યમાન થઈને પુર્ણ રીતે વ્યાપક છે. હું વિષ્ણુ ભગવાનને બોલાવું છું. રૂદ્ર ભગવાન પાસે હું જાઉં છું. બ્રહ્મા વિષ્ણુ મહેશ પાસે જાઉં છું. બ્રહ્મમાંજ બ્રહ્મ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) પુરેપુરી રીતે વ્યાપક છે. ॥૬॥

अल्ला इल्लल्ला अनादिस्यरूपाय अथर्वणी शाखां । ह्रीं । जनान् पशुसंधान् जलचरान् अदृष्टं कुरु । कुरु फट् असुर संहारिणीं । ह्रां । अल्लो रसुलमहंमदरकबरस्य । अल्ले अल्लो । इलल्लेति इलल्ला: ॥७॥

શબ્દાર્થ. अल्ला = બ્રહ્મ સ્વરૂપ. इलल्ला = વિરાટ સ્વરૂપ. अनादिस्वस्माय = જેનું મૂળ નથી એવા રૂપને માટે. अथर्वणी शाखाम् = અથર્વવેદમાં. ह्रीम् = બીજ મંત્ર છે. जलचरान् = માણસોને. अदृष्टं = પશુઓના સમૂહોનો, ટોળાબંધ બધા પશુઓને. जलचरान् = પાણીમાં રહેનારા જીવોને. अदृष्टं = અદશ્ય, ચોરાશી લક્ષના ફેરાથી પાર પામેલા. कुरु = કરો. फट् = જરૂર. असुर संहारिणीम् = દૈત્યોનો નાશ કરવાવાળા. ह्रां = બીજ મંત્ર છે. अल्लो = બ્રહ્મ. रसुलमहंमददरकबरस्य = બ્રહ્મા વિષ્ણુ મહેશનો. अल्ले = બ્રહ્મામાં अल्लो = બ્રહ્મ, इलल्लेति = આ પ્રમાણે વિરાટ સ્વરૂપમાં. इलल्ला = વિરાટ સ્વરૂપે.
અર્થ. અથર્વવેદમાં પોતાનું મૂલ અનાદિ સ્વરૂપ પ્રાપ્ત કરીને પરિબ્રહ્મ વિરાટ સ્વરૂપે છે. માણસોને, સર્વ પશુઓને, તથા જળચર પ્રાણીઓને પણ મોક્ષ આપો. અસુરોનો નાશ કરો. બ્રહ્મ વિષ્ણુ મહેશનું રૂપ તેજ બ્રહ્મ છે. (અથર્વવેદમાં) પરિબ્રહ્મમાં પરિબ્રહ્મ (મળી ગયું છે) આ પ્રમાણે વિરાટ સ્વરૂપમાં વિરાટ સ્વરૂપ એક થઈ ગયું છે.

આ અલ્લોપનિષદ્ સને ૧૬૨૭-૨૮ના દિલ્લીમાં પણ્ડિત શ્રીમાન કનૈયાલાલ હતા તેમની પાસે ૬૦૦ વરસ ઉપરનો લખેલ અથર્વવેદ હતો તે માંહેલી છે. તેમજ 'કશ ફુલ્ઈસ્તાર' નામના ગ્રંથમાં વર્ણવેલ છે કે શાહપુરા રાજસ્થાનમાં પણ્ડિત શૂશરમદાસ ઈ.સ.ની ૧૭ મી સદીમાં હતા. તેમની પાસે અથર્વવેદ ૧૧૦૦ વરસનો લખેલ હતો તેમાં આજ પ્રમાણે અલ્લોપનિષદ્ છે.

ॐ अथ कलि संतारणोपनिषत्

અર્થ, કલિયુગમાં તરવાનો ઉપનિષદ્.

हरिः ॐ

અર્થ. શબ્દ શ્રી હરિઃ શબ્દ (રૂપ) છે.

सहनाववत्विति शांतिः

सः= તે. नौ = આપણને. अवतु = રક્ષણ કરો. इति = એટલા માટે. शांति= ધીરજ, સંતોષ. અર્થ - તે આપણું રક્ષણ કરે એટલે શાંતિ રાખવી.

हरि ॐ ॥ द्वापरांते नारदो ब्रह्माणं जगाम । कथं भगवन् गां पर्यटन् कलिं तरेयमिति ॥१॥ द्वापरांते = દ્વાપરયુગના અંત સમયે. जगाम = ગયા. कथम् = કેવી રીતે. भगवन् = હે ભગવાન્ ! गां = પૃથ્વી. पर्यटन् = ફરતાં ફરતાં. कलि = કલિયુગમાં. तरेयमिति = કેમ તરાય ? અર્થ - હરિ સ્વરૂપ ૐ છે, દ્વાપર યુગના અંત સમયે નારદજી બ્રહ્મા પાસે ગયા (અને બોલ્યા) "હે ભગવાન્ ! પૃથ્વીમાં ફરતાં ફરતાં કલિયુગમાં તરી જવાનો રસ્તો શો છે ?" ॥૧॥

स होवाच ब्रह्मा साधु पृष्टोऽस्मि सर्व श्रुति रहस्य गोप्यं तच्छृणु । येन कलि संसारं तरिष्यसि । भगवत आदिपुरुषस्य नारायणस्य नामोच्चारमात्रेण निर्धूतकलिर्भवति ॥२॥ सः = તે. ह = અને. उवाच = બોલ્યા. साधु = સારી રીતે. पृष्टोऽस्मि = મને પૂછવામાં આવ્યું. श्रुति = વેદ. गोप्यं = રક્ષણ કરવા લાયક. तद = તે. शृणु = સાંભળો. येन = જે વડે. नामोच्चार मात्रेण = માત્ર નામ લેતાંજ. निर्धूतः = કંપાવેલો.

અર્થ - તે બ્રહ્માજી બોલ્યા "તમામ વેદોનું રહસ્ય આપે મને પૂછ્યું તે બહુ સારૂ કર્યું છે. જેનું રક્ષણ કરવાનું છે તે સાંભળો. તેની વડે કલિયુગમાં આપ સંસાર તરી જઈ શકશો. તે આદિ પુરૂષ નારાયણનું નામ લેતાંજ કલિ હચમચી જશે ॥૨॥

नारदः पुनर्पप्रच्छ । तन्नाम किमिति । सहोवाच ''हिरण्यगर्भ इति श्री नि ष् क लं की ना रा य ण ज ना र् द न म् ॥ षोडशंकं नाम कलि कल्मषनाशनम् । नातःपरतरोपायः सर्वे वेदेषु दृश्यत इति षोडशकला वृतस्य पुरुषस्य (नाम) आवरण विनाशम् । ततः प्रकाशते परं ब्रह्म मेघापाये रविरश्मि मण्डलमिवेति ॥३॥

पुनः = ફરીથી. अतः = પૂછ્યું. परतरः = નામ. दृश्यते = કહ્યું. षोडशकलावृतस्य = સોળ અક્ષરવાળું. मेघ = અંધારૂં, પાપ. नाशनम् = નાશ કરવાવાળું. न = નહિ. अतः = આથી. परतरः = બીજો કોઈ. दश्यते = દેખાય છે. षोडशकलावृतस्य = સોળ કળાવાળાનું. मेघ = વાદળાં. अपाय = દૂર થવું. रवि = સૂર્ય. रश्मि = કિરણ. मंडलम् = કુંડાળું, સમૂહ. इव = તે પ્રમાણે. અર્થ - નારદે ફરી પ્રશ્ન કર્યો "તે નામ શું છે ?" પછી હિરણ્યગર્ભ બોલ્યા "શ્રી નિષ્કલંકી નારાયણ જનાર્દનમ્. તેવ. સોળ (૧૬) અક્ષરવાળું નામ કલિયુગમાં પાપોનો નાશ કરે છે. બધા વેદમાં આના સિવાય બીજો એકકે ઉપાય જણાતો નથી. એવું નામ સોળ કળાવાળાનું છે. અને તે નામ કોઈ પણ આવરણનો નાશ કરનારૂં છે, અને વાદળાંના દૂર થવાથી જેમ સૂર્યના કિરણનું કુંડાળું પ્રકાશી નીકળે છે તેમ તે નામથી પરમબ્રહ્મ પ્રકાશી આવે છે. ॥૩॥"

पुनर्नारदः पप्रच्छ भगवन् कोऽस्य विधिरिति ॥ स होवाच नास्य विधिरिति । सर्वदा शुचिरशुचिर्वा पठन् ब्रह्मणः सलोकताम् समीपतां सरूपतां सायुज्यमेति ॥ ४॥

कः = કઈ. अस्य = આની. सर्वदा = હંમેશાં. शुचि = પવિત્ર. अशुचि= અપવિત્ર. वा = કે पठन् = બોલતો, પઢતો, જપતો. सलोकताम् = એકલ લોક (દુનીઆ) ના હોવું તે. समीपतांम् = પાસે રહેવું તે. सरूपतांम् = એકજ રૂપ (આકૃતિ, દેહ) વાળા થઈ જવું તે.

सायुज्यतांम् (પ્રભુ સાથે) જોડાઈ જવું તે - એક બની જવું તે.

અર્થ - નારદે ફરીથી પુછ્યું, "હે ભગવાન્ તેની વિધિ શું છે ?" ત્યારે તે બોલ્યા કે "તેની વિધિ કાંઈ છે જ નહિ. પોતે (શરીરથી) પવિત્ર હોય કે ન હોય પણ હંમેશાં જે ઉપર બતાવેલો મંત્ર જપે છે તેનો વાસ, જે લોકમાં બ્રહ્મ સ્વરૂપ પરમાત્મા રહે છે તે લોકમાં થાય છે; - તે હંમેશાં પરમાત્માની સમીપમાંજ રહે છે તેનું રૂપ પરમાત્માના રૂપ સાથે મળી જાય છે અને તે પરમાત્મા સાથે જોડાઈ જાય છે. ॥૪॥"

यदास्य षोडशंकस्य सार्धत्रिकोटिर्जपति तदा ब्रह्महत्यायास्तरति ॥ स्विर्णस्तेयात्पूतो भवति । वृषली गमनात्पूतो भवति । सर्व धर्म परित्यागपापात्सद्यः शुचितामाप्नुयात् । सद्यो मुच्यते सधो मुच्यते इति उपनिषत् ॥ हरि ॐ स ह नाववत्विति शांतिः ॥ हरिः ॐ ॥

यदा = જ્યારે अस्य = આના. षोडशंकंस्य = સોળ અક્ષરવાળા જાપના. सार्धत्रि कोटिः = (स = સાથે, સહિત અડધી. + त्रि = ત્રણ. + कौटिः = ક્રોડ) = અડધી સહિત ત્રણ કરોડ. સ્હાડી ત્રણ કરોડ. (જાપ). जपति= જપે છે. तदा = ત્યારે. ब्रह्महत्यायाः = બ્રહ્મહત્યામાંથી तरति = તરે છે, મુક્ત થાય છે. स्वर्ण = સોનું, ધન. स्तेयात् = ચોરીમાંથી. स्वर्णस्तेयात् = ધનની ચોરીમાંથી पूतः = પવિત્ર. બને છે. वृषली = વેશ્યા. वृषली गमनात् = વેશ્યા પાસે જવાના પાપમાંથી सर्व धर्म परित्याग पापात् = બધા ધર્મો ત્યજી દીધાના પાપમાંથી. सद्य = એકદમ, જલ્દીથી शुचिताम् = પવિત્રપણાને आप्नुयात् = મેળવે, પામે. मुच्यते = મોક્ષ થાય છે. इति उपनिषत् = એમ ઉપનિષદ્ (કહે છે.)

અર્થ - જ્યારે કોઈ આ સોળ અક્ષરનો જાપ સ્હાડા ત્રણ કરોડ વાર જપે છે ત્યારે તે બ્રહ્મહત્યાના પાપમાંથી મુક્ત થાય છે - તેણે જે કાંઈ ધનની ચોરી કરી હોય તેમાંથી પણ તે મુક્ત થાય છે, વળી તે વ્યભિચારના પાપમાંથી પણ મુક્ત થાય છે, અને સર્વ ધર્મનો ત્યાગ કર્યાના પાપમાંથઈ એકદમ મુક્ત થાય છે, અને સર્વ ધર્મનો ત્યાગ કર્યાના પાપમાંથી એકદમ મુક્ત થઈ તે પવિત્ર થાય છે. આવા માણસનો એકદમ મોક્ષ થાય છે એમ ઉપનિષદ્ પોકાર કરીને કહે છે. હરિ ॐ તે આપણા બધાનું રક્ષણ કરો અને શાંતિ થાઓ હરિ ॐ.

ईति कलि संतारणोपनिषतसमाप्तः ॥ शिव मस्तु । कल्याणामस्तु = छ = यादशं पुस्तकं दृष्ट्वा ताद्दशं लिपि मया यदि शुद्धम शुद्धं वाम् मा दोषो न दीयते ॥ आदेहनटपडवां स्तव्यं सुर्निगपरा नागरज्ञाति महं विश्वनाथ सूत अचलजीकस्यलिषितं ॥ महं श्री मेश्रजी सुत आसधर तथा विश्वनाथ तथा मांडणजी पठनार्थे लिखितं संवत १६७३ वर्षे फाल्गुन वदि १३ सोमेमं ॥ आमजी काशी नीष्टत्पिथी उतारी सही ॥ कल्याणल्तु. छ. छ. छ. छ. छ. छ.

समाप्त

આ પુસ્તકના લેખક મી. મણિલાલ નંદલાલ પોતાની વેદ સેવાના આશાઓની સત્ય ભાવનાઓને પોષતાંજ બાળ વયમાં આ લેખને પૂરો કરી પ્રેસમાં આપી બે ફર્માનાં પ્રુફ તપાસી પોતાની અમ્મર નામની ત્રીલોકમાં અમ્મર કરી સંવત ૧૯૮૨ ના શ્રાવણ વદી સપ્તમી શનીની રાત્રીએ શ્રી નિષ્કલંકી નાથના ચરણમાં વાસ કરવા મૃત્યુ લોક તજી અમ્મર લોકમાં પધારી ગયા છે. શ્રીજી પોતાના ચરણમાં એ અમુલ્ય આત્માને વાસ આપો. તથાસ્તુ.

ૐ श्री अनकही मंत्र. (षल्लल्लामंत्र.)

અર્થ. अन् = નહિ. कही = કહેવાનો. मंत्र = ગુપ્ત વાક્ય. વેદનો વિભાગ. (षड् = છો लल्ला 'લ' ૨૮ મો ઘોષ વ્યંજન. मंत्र = વેદની ઋચા.) ભાવાર્થ. ન કહેવાનો (ગુપ્ત) મંત્ર. (છ લલ્લાનો મંત્ર). અન્ કહી મંત્ર ઈ.સ. ૧૫૭૫ ના અંતરમાં શ્રીમાન બિહારીલાલ શર્મા અથર્વવેદી બ્રાહ્મણે શેખ બહાવન જેઓ અથર્વવેદી બ્રાહ્મણ હતા, તેમના પ્રશ્નોત્તરના પ્રબંધે આ મંત્રનું સ્પષ્ટીકરણ કરેલું. ઘણા બ્રાહ્મણોની સનમુખ સિદ્ધ કરાવ્યું હતું, કે જ્યાં સુધી આ મંત્રને ન જપે ત્યાં સુધી તેને મોક્ષાધિકાર પ્રાપ્ત નહિ થાય હાલમાં પણ નિરાપક્ષી સમદ્રષ્ટીવાળા મહાજ્ઞાની મહાત્માઓ આ મંત્રને અનુમોદન આપી રહ્યા છે બ્રાહ્મણો જેને 'અન કહી' મંત્ર કહે છે તે આ છે. ઈ. સને ૧૭ની સદીમાં એક મહાત્માની લખેલ પ્રસાદીરૂપ પુસ્તક આધારે.

लाएलाह् हरतिपापम् इल्लिल्ला ह्रीं परमपदम् । जन्म वैकुंठ प्राप्नोति तु जपति नाम महंमदम् ॥ અર્થ. ला = આપવું, મેળવવું. इला = બ્રહ્મ સ્વરૂપ. हरति = હરે છે નાશ કરે છે. पापम् = દુષ્કર્મ. પાતક इल्लिल्ला = વૈરાટ સ્વરૂપ. સર્વવ્યાપક. ह्रीं = લક્ષ્મી સુચક બીજ મંત્ર. परम् = ઉત્કૃષ્ટ, અત્યંત. पद = સ્થાન, પદ્વી. जन्म = જન્મ પર્યંત અવરતવું. નિત્ય. કાયમ. वैकुंठ = સ્વર્ગ, વિષ્ણુલોક. प्राप्नोति = પ્રાપ્ત. કરવું. મેળવવું. तु = આબાદ થવું, થવું હોય. जपति (जपेत) = જપેથી જપ્યા કર. नाम = પ્રકાશ્ય. महंमदम् = કલ્યાણકારી, કાન્તિ (તેજ).

ભાવાર્થ. બ્રહ્મ સ્વરૂપને મેળવ (તે) પાપને હરે છે. વૈરાટ સ્વરૂપ (જે) સર્વવ્યાપક લક્ષ્મી સુચક મંત્ર (તે) ઉત્તમમાં ઉત્તમ સ્થાને પહોંચાડે છે. અખંડ વૈકુંઠવાસી થવું હોય તો કલ્યાણકારી (તેજ) કાન્તિવાળાનું નામ જપ્યા કર.

લાએલાહ કહેવાથી પાપ નષ્ટ થાય છે. ઈલ્લિલ્લા હ્રીં કહેવાથી પરમ પદની પ્રાપ્તિ થાય છે. વૈકુંઠમાં અખંડ (જનમ) રહેવું હોય તો મહંમદનું નામ જપ્યા કર.

સમાપ્ત.

ૐ

દિવ્યમણિની યાદ

સર્વ સુજ્ઞ વાંચકોને વિનંતી કે, આ પુસ્તક વિષે સ્વર્ગસ્થ મિત્ર ભાવનગરીએ જગકલ્યાણ ઈચ્છી પોતાની પવિત્ર ધર્મ ભાવનાઓએ કરી પોતાના અમુલ્ય અવસરનો મહાન ભોગ આપી જગતને આભારી કરી ગયા છે. તદ્દન કોમળ યુવાન વય છતાં અથાગ ધર્મપ્રેમી,

સંયમી ને અભ્યાસી હતા. પિતાજીના સ્વર્ગવાસી થયા છતાં પણ પોતે વિદ્યાભ્યાસ કાયમ રાખી બી.એ. ની. પરિક્ષા પસાર કરી લીમડીની સર. જે. હાઈસ્કુલમાં શિક્ષક નિમાયા, પોતાની શિક્ષકપણાની ફરજ બજાવતા આગળ અભ્યાસ ચાલુ રાખતાં ધર્મમાં સુદૃઢ રહી આવી વેદ સેવા બજાવી રહ્યા હતા. પણ ભાવીનાં લોભને ન અટકાવી શકાયાથી જગહિતસ્વી પુરૂષ જગતને મુગ્ધ કરી સંતાનમાં એક બાળ પુત્રી મૂકી જતો રહ્યો છે. તેના જગકલ્યાણકારી કામોનો આભાર સુજ્ઞો જેમનો તેમ કાયમ રહેલો છે તે માટે તે સર્વ વાંચક વિરોએ એ દિવ્ય પુરૂષની આત્માને શ્રી નિષ્કલંકીનાથ શાન્તી અર્પો !" એવું શ્રીજી આગળ યાચવું.

લી. શુભેચ્છક
ખાકી.

ॐ

પદ (ભજન)

ગણી ના શકાએ રે અમથી, કળી નાં શકાએ રે૦ લાએલાહા
લાલન તારી લીલા, કળી રે નાં જાએ. (ટેક)

ટુટ્યા તો ટેકીલા વ્હાલા, હાર્યા તો હોંશીલા વ્હાલા,
દાનાઈયું કરનારા પેર પેર, રહ્યા તો પીખાઈ રે૦ લાએલાહા ૧

ઉતમતા ચાહના આજે, વમલમાં વિટલાયા વ્હાલા,
વાદીડા એના તો આજે, અકલાણા જાય રે૦ લાએલાહા ૨

તારી ઈચ્છાનો આજે, ગુપ્ત પ્રવાહ ચાલે વ્હાલા,
અકલિત વેગ કોથી, કળાયો એ ન જાય રે૦ લાએલાહા ૩

ભણેલા ભ્રમાણા, હિમ્મતવાદી તો હરાણા વ્હાલા,
ન્યાય વાદીડા આજ, પાપી પક્ષે પળાએ રે૦ લાએલાહા ૪

પરિશ્રમ તે તારા બાપુ, પરિણામ ફળ તું લાવે વ્હાલા,
અહમ વૃત્તિએ પેથા જન્મ તો હરાએ રે૦ લાએલાહા ૫


શ્રી નિષ્કલંકી નારાયણની ..


भगवान दूर नहीं, उसे मिलने में देर नहीं,

वह दूसरा नहीं



भगवान आकाश में नहीं है, मन्दिर में नहीं है; वह तेरे अन्दर है।





शोष्य-शोषक और पोष्य-पोषक सम्बन्धों
की अपेक्षा "कॉम्रेडशिप" से
मनुष्य नजदीक आता है, पर यह युग
"कॉम्रेडशिप" का नहिं है,
उससे भी आगे बठकर दैवी सम्बन्धका
(Divine Relationship) है
MURTI POOJA
IS A
PERFECT SCIENCE

ॐ

श्री विश्वस्वस्पाय नमः
श्री निष्कलंकि नारायण प्रस्नोस्तुः

આદી સનાતન સતપંથ યુગધર્મના તત્વો સમજવાનો નકશો



જુગ્તિ આ યુગની જાણવિ, આદે અંતની એ રીત,
જે પંથે શ્રી વિષ્ણુ વળ્યા, તે સું દેવું ચિત.
વાટે ને ગાટે જાવું આપણનેરે
જે ગાટે હોય શ્રી હરિ ગોપાલ.

(શ્રી ''ખાકિ'' મહારાજ) (સર્વ હક્ક સ્વાધિન)